# એકલા હોવું

('તરસી માટી' – આત્મકથાનું અનુસંધાન)

મણિલાલ હ. પટેલ

પાર્શ્વ પબ્લિકેશન્સ
અમદાવાદ-૬

EKALAA HOVU(Autobiography)
by : MANILAL H. PATEL
(2018 : Parshva Publication)

© સૌ૰ ગોપી પટેલ

કિંમત : રૂા.

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮

પ્રત : ૫૦૦

**આવરણ :** કનુ પટેલ

**ટાઇપ સેટિંગ્સ/લે-આઉટ :** મહેશ ચાવડા
દિયા અક્ષરાંકન, ચાવડા નિવાસ, વાસણા(બો), તા. બોરસદ, જિ. આણંદ
મો. ૯૯૦૯૧ ૦૦૧૨૭

**પ્રકાશક :**
શ્રી બાબુલાલ શાહ
પાર્શ્વ પબ્લિકેશન્સ
૧૦૨–૩ નંદન કોમ્પ્લેક્સ, મીઠાખળી ગામ, રેલવે ફાટક સામે, એલિસબ્રીજ,
અમદાવાદ-૬

**મુદ્રક :**

## અર્પણ

**મારાં પરિવારજનો –**
**ચિ૰ સૌ૰ ડૉ૰ પારુલ – પ્રસાદ – સંયમ પ્રધાન**
**ચિ૰ ડૉ૰ વિસ્મય – પ્રાપ્તિ – અનન્યા – વિહાન**
**ચિ૰ ડૉ૰ મલય – હેમલતા – અરવ – અક્ષત**
**અને**
**સૌ૰ ગોપીને**

## નિવેદન

'તરસી માટી' (આત્મકથન) – ને વ્યાપક આવકાર મળ્યો, એટલું જ નહીં, પરંતુ એની અનુસંધિત બાકી 'જીવનકથની હવે ક્યારો આપો છો?' – એવી પૃચ્છા અનેક વાચકો તરફથી થતી રહી હતી. પણ 'આત્મકથા' લખવાનું કાર્ય જરા પણ સહેલું નથી એ વાત મને 'એકલા હોવું' – ના લેખને પદે પદે સમજાવી છે. આટલી નાનકડી કથા આલેખતાં ત્રણ વર્ષ વીતી ગયાં છે.

સમાજ, શિક્ષણ અને સાહિત્ય : આ ત્રણે ઘટકોને કેન્દ્રમાં રાખીને છેલ્લાં (૧૯૮૭થી ૨૦૧૭) ત્રીસ વર્ષોના જીવનપ્રવાહને બને એટલાં તાટસ્થ્ય અને સચ્ચાઈથી નિરૂપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. હું તો માત્ર નિમિત્તરૂપ રહ્યો છું. મારે વધારે વાતો તો સમાજ, શિક્ષણ અને સાહિત્ય વિશે કહેવી હતી. આ વર્ષોમાં બધાં જ ક્ષેત્રોમાં ઝડપથી બદલાવો આવ્યા છે, મારે એની વાતો કરવી હતી. એ થઈ શક્યાનો સંતોષ છે. બાકી તો બધું વાચકો પર છોડી દેવાનું ગમ્યું છે. લખાયું છે તે જરૂર બોલશે.

અનેક મિત્રોએ 'એકલા હોવું'ના પ્રકાશનમાં રસ લીધો છે. આના કેટલાક અંશો પ્રગટ કરનાર સામયિકો (શબ્દસર, શબ્દસૃષ્ટિ, તથાપિ)નો આભાર માનું છું. આવરણચિત્ર કરી આપવા બદલ કનુ પટેલ, લજ્જા કોમ્યુનિકેશનનો તથા પ્રેમપૂર્વક પ્રકાશન કરી આપવા સદા તત્પર શ્રી બાબુભાઈ શાહ તથા રાજ્ઞેશ અને વિરલ શાહનો પણ આભાર માનું છું.

**મણિલાલ હ૰ પટેલ**

તા. ૧૪.૧.૨૦૧૮

(ઉત્તરાયણ : ૨૦૭૪)



## અનુક્રમણિકા


૧. વલ્લભવિદ્યાનગરઃ એક શમણું હતું ૦૧

૨. વિદ્યાનગર ડાયરી ૦૬

૩. વિદ્યાનગર સાંભળેલું તથા જોયેલું... ૧૨

૪. વિદ્યાનગરની ઓળખ ૧૭

૫. વિદ્યાનગરીનો અસલ ચહેરો ૨૧

૬. સૌના મિત્ર આદમ ઘોડીવાલા... ૨૬

૭. વિદ્યાનગર અને હું... ૩૧

૮. ચહેરા પાછળ છૂપાયેલા ચહેરા ૩૫

૯. આપણા વિદ્યાનગરનું આપણે શું કર્યું?! ૪૧

૧૦. સત્તા માટેની સાઠમારી ૪૬

૧૧. વિદ્યાના દીવા ઝાંખા બળે છે ૫૧

૧૨. સાહિત્યની દુનિયામાં ડોકિયું ૫૫

૧૩. મારા જીવનનો વસમો દાયકો ૫૯

૧૪. ન્યાતબ્હાર ૬૫

૧૫. દીકરીનું લગ્નઃ મૂળ વાત ૭૦

૧૬. ન્યાતબ્હાર હોવું એટલે શું? ૭૬

૧૭. કોઈ મારી કાળજી લે છે ૮૨

૧૮. અધ્યક્ષપદે... ૮૯

૧૯. શિક્ષણનું મિશન ૯૫

૨૦. પોતપોતાની પીડાઓ ૧૦૫

૨૧. દીકરાનું લગ્ન ૧૧૩

૨૨. ભીતરના વાવંટોળ ૧૧૭

૨૩. વિસ્મયનું વિદેશગમન ૧૨૨

૨૪. ન્યાતબ્હાર : પીડા અને પ્રાપ્તિ ૧૨૮

૨૫. ક્યાં વીતી ગયાં વર્ષો?! ૧૩૪

૨૬. વ્યતીતની વાતો ૧૩૮

૨૭. ગઈકાલ અને આજ ૧૪૪

૨૮. વ્યથાપૂર્ણ વર્તમાન અને મા-માટીનો ખોળો ૧૪૯

• **પરિશિષ્ટ :**

૧. મારું શ્હેર : ગ્લોબલ વીલેજ : વિદ્યાનગર ૧૫૫

૨. લેખકનાં પુસ્તકો ૧૬૦




**પિતાજી સ્વ. હરિદાસ પટેલ**



**૧**

## વલ્લભવિદ્યાનગર : એક શમણું હતું

જીવન કોઈપણ પડાવે ક્યાંય પણ અટકતું નથી. જે વ્હાલું હોય છે એ અને જે વસમું હતું એ પણ વીતી જાય છે. હૈયા-ડાબલીમાં બધું હેત બનીને સચવાઈ રહે છે. સ્મરણો સાંકળ ખખડાવે છે, વખતે બારણું ખૂલે છે પણ વ્યતીત પાછો પોતાની છીપમાં પાકો થવા ચાલ્યો જાય છે. એ છીપ ખોલી શકીએ ત્યારે એનાં ભીતરી અજવાળે, વીતેલી વેળાઓ વાંચવા મળે છે... એમાં ખુશીઓની સાથે વેઠેલી વેદના-વ્યથાઓ પણ માધુરી બનીને પ્રગટવા ચાહે છે.

કાળ, કાળનો પણ ‘કાળ’ છે. વખત વખતને ભૂંસવા મથતો રહે છે. એ એની પગલીઓને ઝાંખી કરવામાં થોડો સફળ થાય છે ખરો પણ કાળની નિશાનીઓને ખુદ કાળ પણ મિટાવી શકતો નથી. એ ભેખડોમાં – પ્હાડ – ઝાડ – જંગલ કંદરા – કોતરોમાં, નદી-દરિયા અને નક્ષત્રોમાં પોતાની એંધાણીઓ સાચવી રાખે છે. કાળવો હોય કે વિકરાળ બિકાળવો હોય, કાળ એની ગતમાં અને રતમાં રમમાણ રહે છે. એની કઠોરતા ક્રૂરતા પણ કૂંપળ કળી ફૂલ-ફળમાં પોતાની હયાતીમાં વિવિધ રૂપો પ્રત્યક્ષ કરતી રહે છે. આવા કાળનું આલેખન પણ સર્જકને લોભાવે છે – પડકારે છે – ને વખતની વાત પાછી આગળ વધે છે.

સ્થળ-સંક્રાન્તિના એ દિવસો પીડા અને રોમાંચનો, ઉદાસી અને ઉત્સાહનો મને વિચિત્ર અનુભવ કરાવતા હતા. મન(બુદ્ધિ) હૈયાને વ્યવહારની વાતો સમજાવ્યા કરતું, લાભ અને સંતાનોના ભાવિ-ઘડતરને સામે ધર્યા કરતું હતું. ...ને હૃદય જેનું નામ! એને તો સ્થળની, જનપ્રિયજનની, વનની અને એ સદ્ય સંવેદ્ય પરિસરની એવી તો માયા લાગેલી કે ના પૂછો વાત! હાસ્તો, લાગણીઓને એટલી આકરી અને આખરી સમજણ તો હોય છે કે સમય બધું ભૂલાવી દે છે; સઘળું સમયની સોડમાં ઓઝલ થઈ જાય છે. જિન્દગીભર દાઝવા સારુ સાચવેલી પોતીકી પીડાઓને ય સમય છીનવી લે છે. વેઠેલું તો મૂડી હોય છે એ ગુમાવવું પાલવે નહીં... પણ આપણું છેવટે ખાસ વટતું

નથી. ને સમય કાનમાં, સાનમાં કહેતો – સમજાવતો રહે છે કેઃ – ચિંતા ન કર, વેઠવાનું હજી તો હવે આવવાનું છે. પીડાના પ્રદેશો પૃથ્વીની જેમ વિશાળ અને વૈવિધ્યસભર છે – તારી જીવનયાત્રા એ બિહડ પ્રદેશોમાં અને એકલા એકલા ચાલવાની છે... સાબદો થઈ જા; સાવધાન થઈ જા; વાવાઝોડાં તારી વાટ જુવે છે, તારા કોડિયામાં તેલ પૂરતો રહે... ને હા, તારી હથેળીઓના સમ્પુટ વચ્ચે તારા દીવાની જ્યોતને તારે જ જાળવવાની છે... લોકો ફૂંક મારીને તારો દીવો ઓલવી નાખવા ઊભા જ છે... બી કેરફૂલ!

– આવી માનસિકતા અને અગમચેતી સાથે મેં તા. ૪.૩.૧૯૮૭ની બપોરે – (ઘર, કુટુમ્બને ત્યાં જ મૂકીને) – ઈડર છોડ્યું... ને મક્કમતા સાથે તા. ૫.૩.૧૯૮૭ની સવારે વલ્લભવિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં અધ્યાપક તરીકે હાજરી પૂરાવી અને વર્ગ લેવા ગયો. ૧૯૫૮ની આસપાસ શરૂ થયેલા આ વિભાગમાં જોડાનાર હું સાતમો અધ્યાપક હતો. ૧૯૫૬માં યુનિવર્સિટી (વિદ્યાપીઠ)નો દરજ્જો પામેલા આ સુખ્યાત વિશ્વવિદ્યાલયમાં હું ૫૬૦-મો અધ્યાપક બન્યો. જ્યાં ભણવા આવવાનું, આર્થિક કારણોસર શક્ય નહોતું બન્યું ત્યાં હવે ભણાવવા સારુ મારી પસંદગી થઈ હતી. કાળની ગતિવિધિને ખુદ કાળ પણ નહિ જાણતો હોય?! યુનિવર્સિટીમાં – અનુસ્નાતક કક્ષાએ – અધ્યાપક હોવું એ એ સમયમાં ખાસ્સું ગૌરવપાત્ર લેખાતું. ઈડર છોડતાં પૂર્વે મેં ઉમાશંકર જોશીને જાણ કરતો અને વિદ્યાનગર જવાની રજા – બલકે આશીર્વાદ માગતો પત્ર લખેલો. એના જવાબમાં એમણે 'શિવાસ્તે પન્થાન્'ની સુભાશિષો સાથે લખેલું કેઃ "વાચન-લેખન તથા અભ્યાસ-સંશોધનક્ષેત્રે કામ કરનાર માટે યુનિવર્સિટીમાં હોવું એ વધુ ઉત્તમ ગણાય... તમને એ લાભ મળશે અને ઈડર છૂટ્યા પછી ય નહિ છૂટે બલકે એ બંધન દઢ બનશે..." કવિવરનાં આ આશીર્વચનો હંમેશાં પ્રેરતાં રહ્યાં છે.

❍

મેટ્રિક પછી કૉલેજમાં ભણવા જવાની વાત ચાલી ત્યારે વલ્લભવિદ્યાનગર વિશે પણ માહિતી મેળવેલી. ત્યારે જાણવા મળેલું – બલકે કહેવાતું હતું કેઃ વિદ્યાનગરમાં તો બહુ હોશિયાર હોય, જેની પાસે વધારે પૈસા હોય એને જ પ્રવેશ મળે છે. હોસ્ટેલો ઘણી મોંઘી છે. વળી વિદ્યાર્થીઓનાં જૂથોઃ કરમસદ-બાકરોલ-તારાપુર-સોજિત્રા-ધર્મજ-આણંદઃ પરસ્પર લડતાં અને મારામારી કરતાં રહે છે. વખતે ખૂન પણ થઈ જાય! છોકરાઓ વ્યસની બની ખોટે માર્ગે જાય છે... છોકરીઓ પણ ''બહુ બોલ્ડ' બનીને મુક્ત રીતે વર્તે છે. ભણનારાંને વ્યાખ્યાનો અઘરાં લાગે એવા મોટાસાહેબો ભણાવે છે,



નાપાસ થનારા વધારે હોય છે. હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં ભણવું પડે છેઃ આ બધી વાતો (જેમાં ત્યારે કૈંક તથ્ય હતું/હશે પરંતુ–) હું જોડાયો એ વર્ષોમાં અફવાઓ જ લાગેલી. બલકે પેલી વિદ્વાનોની અને મોંઘવારીની વાતો તો સાવ વિપરીત લાગી હતી. હજી 'મેસ'-માં જમવાનું થોડું મોઘું જરૂર લાગતું પણ ભોજનની ગુણવત્તા તથા એનો સ્વાદ ગુજરાતમાં વખણાતાં હતાં... ને વિદ્વાનો – ભાઈકાકા જેમને ખાસ લઈ આવેલા ને સાચવી જાણેલા તે તો ગણ્યાગાંઠ્યા જ હતા – ઘણા ચાલ્યા ગયેલા/નિવૃત્ત થયેલા : તેમની વાતો જરૂર પ્રેરક હોવા સાથે આશ્વાસનરૂપ બની રહેલી.

'સાંભળેલું વિદ્યાનગર' અમારા જેવાં ગામડિયાં છાત્રો માટે ત્યારે તો શમણું હતું. અમારી નજીક ગોધરા તથા મોડાસાની કૉલેજો ત્યારે વધુ સારી ગણાતી હતી.... ને અમને એ પરિચિત વાતાવરણથી તથા આર્થિક રીતે પોસાતી હતી. એટલે હું પણ એક વર્ષ લુણાવાડા કૉલેજમાં રહીને – થાકીને તરત મોડાસા ઉપડી ગયેલો... જોકે એનો ખર્ચ પણ હંફાવતો હતો. આજે તો સમગ્ર ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ રડાવી દે – હચમચાવી દે એટલી હદે પતનશીલ છે. થોડાંક કેન્દ્રોમાં એકલદોકલ સંસ્થાઓ સંઘર્ષ કરી રહી છે એને જોઈ જાણીને રાજી થઈએ તો... બાકી તો સાપ ગયા – ના લિસોટા પણ નથી રહ્યા. કાળા કાગડા ય ઊડી ગયા છે. છે માત્ર કાગારોળ!

વલ્લભવિદ્યાનગર જોવાનું આંખે સપનું પાળેલું. અંદરથી આકર્ષણ તો છેકથી હતું – મોડાસામાં ભણતા અને વિદ્યાનગરની 'વાતો' સાંભળીને રોમાંચિત થતા. જીવ એ વિદ્યાધામ જોવા ઝાવાં નાખતો. પણ જવું કેમ કરીને? ને રહેવાનું ક્યાં? બધું દેખાડે કોણ? પૈસા ક્યાંથી લાવવા એટલા...? વિદ્યાનગરની રંગીન વાતો છેક અમારાં ગામો સુધી આવતી – કોઈક વળી ત્યાં ભણવા જનાર વિશે જાણી લાવતા. મારા ગામ પાસે વાડી નામે ગામ છે. ત્યાંનો મોતીભાઈ – એમ૦ એન૦ પટેલ નામનો યુવાન. વિદ્યાનગરની વી. પી. સાયંસમાં ભણે છે એ વાત જાણી હતી એટલે રજાઓમાં હુ મિત્ર સાથે એ ભાઈને 'જોવા' વાડી ગયેલો! ખાસ. અમે એમને ઘરે સવારે દશ વાગ્યે પહોંચ્યા ત્યારે એ હજી તો ઊઠીને બ્રશ કરતા હતા. ગોરો વાન, સરસ વાળ, સફેદ લેંઘો-ઝભ્ભો પહેરેલાં. ડિલ તડકામાં વધુ ઊજળું ઊજળું લાગતું હતું. વિદ્યાનગરની કૉલેજો, મકાનો, બાગ-બગીચા, વૃક્ષો, છોકરા-છોકરીઓની રંગબેરંગી દુનિયા પેન્ટકોટ ટાઈમાં સજ્જ સાહેબોઃ બધુ એ ભાઈએ અમને એમની કૉલેજનાં બે વાર્ષિક અંકો ખોલીને બતાવ્યું. એમણે સિગારેટ પીતાં પીતાં બીજી વાતોથી પણ અમને આંજી દીધેલા! વળતી વાટે અમને અમારી જાત માટે ભારે નિરાશા થયેલી... થયેલું કે ખરો કૉલેજિયન તો મોતીભાઈ જ ગણાય...! આપણે શું ખાક ભણ્યા?! જોકે મોતીભાઈ પછી બી૦ એસસી૦માં નાપાસ

થયેલા. પુનઃ પરીક્ષા આપેલી. બી૦એડ૦ થઈને અમારા વિસ્તારની કોઈ નવીસવી હાઈસ્કૂલમાં જોડાયા હતા. બેચાર વાર મળેલા ત્યારે હું ઈડર કૉલેજમાં અધ્યાપક થયેલો. મોતીભાઈ મને માનથી જોતા હતા. થોડાંક જ વર્ષોમાં હાર્ટએટેકમાં મોતી પટેલનું અવસાન થયેલું. એમની દેહછબી આજે ય મારી આંખ સામે તરવરી જાય છે.

❍

આખરે ૧૯૭૭માં વિદ્યાનગર-દર્શનનો સંયોગ રચાયો. મધવાસ સ્કૂલમાં મારી પાસે ભણેલા મારા ગામ-સમાજના વિદ્યાર્થીઓ આણંદની કૃષિ યુનિવર્સિટીમાં ભણતા હતા. હું ઈડરથી આણંદ ગયો. ભાઈ એન૦ એસ૦ પટેલ તથા આર૦ આર૦ પટેલે મને બધાં કૅમ્પસ બતાવ્યાં. ખેતીવાડી કૉલેજનો પરિસર બહુ ગમેલો. હું આજે પણ કૃષિ યુનિવર્સિટીના એ વિશાળ અને વૃક્ષો-ખેતરો-મૉલ-ફૂલફળથી શોભતા કૅમ્પસમાં દર મહિને ફરવા જાઉં છું. સરદાર પટેલ ભવન – બોટની વિભાગમાં – કૃષિ પાકોની માવજતના સેક્શનમાં, કાચ પેટીઓમાં રાખેલાં સેંકડો જાતનાં કીટ-પતંગિયાં-ઇયળ-કૉશેટા જોઈને બહુ તાજુબી થઈ હતી. ઓહ! આવું બધું ને કેટકેટલું ભણવાનું હોય છે – નવું જાણવાની ઋતુ કદી પૂરી થતી નથી. અમૂલ ડેરી અને એન.ડી.ડી.બી. હજી વિકસતાં હતાં. એ બધું તો હજી જોવાની ય તલબ જાગી ન્હોતી. બીજે દિવસે મિત્રો મને વલ્લભવિદ્યાનગર છોડી ગયેલા. મોડાસાના મારા સહાધ્યાયી મિત્ર મણિલાલ શામળદાસ પટેલનો નાનોભાઈ કેશુ પટેલ અહીં એલિકૉન કંપનીમાં નવોસવો જોડાયેલો. એ મોટા બજારના ચોરાહા પર મધ્યમાં આવેલા 'રાજભવન' મકાનમાં મેડા ઉપર ભાડે રહેતો હતો. બસ! વિદ્યાનગરમાં મારો પ્રથમ નિવાસ 'રાજમહલ'-માં હતો. કેશુ નોકરીએ જાય અને હું વિદ્યાનગરમાં ફરતો રહું. ચારે બાજુ – રસ્તાઓની ધારે ધારે, બગીચે, કૅમ્પસમાં – બધે જ વૃક્ષો વૃક્ષો અને વૃક્ષો જ વિલસતાં હતાં. ઊંચાં, તોતિંગ, નીચે સુધી શાખાઓ ઝુલાવતાં, ફૂલોખચિત તરુવરો જોઈને હું દંગ રહી ગયેલો...! આ બધાં વૃક્ષોને તો હું કદી મળ્યો નથી, જાણતો – ઓળખતો નથી... ને એ બધાં તો જાણે આપણા માટે જ શીતળ છાયાઓ–સુગંધો લઈને ઊભાં હતાં – નમ્ર! કોક વળી ઠસ્સામાં; કોઈ બેખબર!

વૃક્ષોની આડમાં વિદ્યાલયોના મકાનો ય ઢંકાયેલાં હતાં – ત્યારે તો! બી.વી.એમ. ઍન્જિનિયરીંગ કૉલેજ તથા વી. પી. મહાવિદ્યાલય જોવા છેક અંદર ગયેલો. મોટી ઊંચી બારીઓ, ઊંચાં રુફ અને વિશાળ ઓરડા, પહોળી દીર્ઘાઓ અને વચ્ચેના સ્ક્વેર ગાર્ડનઃ બધુ સરસ. કોઈ સ્થાપત્યના નમૂના જોતો હોઉં એવું અનુભવેલું. ભાઈકાકા જેવા કુશળ ઇજનેરનું એ ભાવસ્વપ્ન અહીં મૂર્તિમંત હતું! એનો કલાત્મક પ્રભાવ હતો. ખુલ્લા રસ્તા,



શાંત ચોરાહા, તડકો ભરેલું શાસ્ત્રી મેદાન, ભાઈકાકા લાઇબ્રેરી... હું જાણે બીજા દેશમાં હતો કે શું! કેમ્બ્રીજ, પ્રિન્સ્ટન, ઑક્સફર્ડ, કોલંબિયા, હાવર્ડ વિશ્વવિદ્યાલયો કેવાં તો ભવ્ય હશે?! એની કલ્પના આ પરિસરમાંથી કરીએ તો થોડાક વાસ્તવની નજીક પહોંચીએ – કદાચ! જોકે મન મારું તો અહીં ભણાવનારાં અને ભણનારાંને મળવા ઉત્સુક હતું. શું એ બધાં સાચ્ચે જ સજ્જ, ઉત્તમ અને જુદાં હશે? – અમારાથી?... તો મારાથી, યોગ્યતા કેળવીને શું અહીં ન આવી શકાય?! મન કહેતું હતુંઃ આવી જ શકાય... શા માટે નહિ? હું જરૂર યોગ્યતા કેળવીશ... હા, ખસૂસ આ કૅમ્પસ પર હું શિક્ષક બનીને જરૂર આવીશ.

❑

## ૨

# વિદ્યાનગર ડાયરી

માણસનું કાર્ય એની ઓળખ બની રહે છે. સારું કામ સાચું નામ. આવી વ્યક્તિઓની આપણને હંમેશાં તલાશ હોય છે – આપણા પોતાના સન્દર્ભે પણ એવી આશા હોવી જોઈએ. મારા જેવા સતત શીખવા ઉત્સુક અને કાર્ય/આયોજન બાબતે નિયમિત માણસને પણ એવાં કાર્યો અને એવાં પરિણામોની અપેક્ષા રહેતી. આજે પણ એ જ ગતમાં ચાલું છું.

કદાચ ૧૯૮૧-નું જ એ વર્ષ હતું. તા. ૬-૭ નવેમ્બર હતી. વલ્લભવિદ્યાનગરની સુખ્યાત નલિની-અરવિંદ આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીનો અધ્યાપક સંઘનું અધિવેશન હતું. દિવાળી પછીના નવા જ દિવસો હતા. ને અમે સૌ ઉત્સાહપૂર્વક સંમેલનમાં સામેલ હતા. જયદેવ શુક્લ, વિનોદ જોશી, જયેન્દ્ર અને હું! અધ્યાપક થયા પછી ચૌદ-પંદર વર્ષ તો, સતત થતી ગુજરાતી અધ્યાપક સંઘની પ્રવૃત્તિઓમાં હું દર વર્ષે નિયમિત અને બધે જ – છેક મુંબાઈ સુધી – જતો. આગળ બેસતો નોંધો કરતો. અહેવાલ તૈયાર કરતો. કેટલાક અહેવાલો અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે ‘સંદેશ’-ના એમના કૉલમમાં પ્રગટ કરાવેલા. આ પણ લેખન-સંકલનની તાલીમ છે એવું લાગતું.

આવાં સંમેલન-સેમિનારમાં હું લેખકો-વિવેચકો તથા અભ્યાસી અધ્યાપકોને ખાસ ધ્યાનથી સાંભળતો. એનું એવું નિરીક્ષણ કરતો કે એ બધા કેવી રીતે ભાતે પોતાની વાતને મૂકે છે, કયા મુદ્દા લે છે ને કોણ વધુ પ્રભાવક કેમ બને છે? જયંત કોઠારી – (મંત્રી હતા) – ના નેતૃત્વમાં આયોજનો મૂલ્યલક્ષી, અભ્યાસને આહ્વાન આપનારાં તથા ઘણું સંપડાવનારાં રહેતાં. અનેક નવા વિષયો અને એવા જ વક્તાઓઃ ખરેખર મજા પડતી. ઉમાશંકર જોશી – સુરેશ જોષી, રમણલાલ જોશી, અનિરુદ્ધભાઈ, યશવંત શુક્લ, ધીરુભાઈ ઠાકર, દિગીશ મહેતા, ભોળાભાઈ પટેલ, રઘુવીર ચૌધરી, પ્રમોદકુમાર, જયંત ગાડીત, સુમન શાહ, ચન્દ્રકાન્ત શેઠ, ચંદ્રકાન્ત ટોપીવાળા, સિતાંશુ યશશ્ચન્દ્ર, નીતિન મહેતા, શિરીષ પંચાલ, હિરાબેન પાઠક, વિજય શાસ્ત્રી, મોહનભાઈ પટેલ,



ભાનુપ્રસાદ પંડ્યા, લાભશંકર પુરોહિત, ચિનુ મોદી, અરુણ અડાલજા, રસિક શાહ, જયંત પારેખ, ઉશનસ્, જયંત પાઠક, રાજેન્દ્ર નાણાવટી, વિજય પંડ્યા, પ્રાસન્નેય, સુભાષ દવે, નટવરસિંહ પરમાર અને કાન્તિ પટેલ – જેવા વિદ્વાનો તથા નવીનોમાં અમારા સમકાલીનો પણ સજ્જતા કેળવીને વક્તવ્યો આપતા હતા. ‘બહુશ્રુત’ થનારને નક્કર દાણા મળે એવાં એ બધાંના વ્યાખ્યાનો રહેતાં. આવા બધાને સાંભળીને વધુ તૈયાર થનારને આજે – (૨૦૧૫ના ગાળામાં) – ચારે બાજુ જે, થોડા અપવાદો સિવાયના અભ્યાસહીન બકવાસો તથા અભદ્ર ગોઠવણો જોઈને પારાવાર પીડા થાય તે સહજ છે. ત્યારે તો ઉગ્ર – ગરમાગરમ – પણ મૂળગામી ચર્ચાઓ થતી અને સામેનાના મતનો આદર થતો. અરે અરે... એ દિવસો જાણે કપૂરની જેમ ઊડી ગયા...!

ઈ૦સ૦ ૧૯૮૧ની, અધિવેશન નિમિત્તે, વિદ્યાનગરની મારી એ બીજી મુલાકાત વધારે સભાન કરનારી તથા દિશા ચીંધનારી હતી. વિદ્યાનગરને હું વધુ ધ્યાનથી બલકે નજીકથી જોતો હતો. અધિવેશનના ઉદ્‌ઘાટક હતા શ્રી એચ૦ એમ૦ પટેલ આપણા દેશના પૂર્વ નાણાંમંત્રી તથા કેળવણી અને સમાજ માટે સતત કાર્ય કરનારા મૂલ્યસેવી વડીલ. ખરા અર્થમાં પ્રહરી! એમણે ભાષા અને સાહિત્યની, શિક્ષણ અને સાંપ્રત સમાજ સન્દર્ભે ચિંતા કરતાં, વધારે નિસબત કેળવવા પર ભાર મૂકેલો. પ્રિ૦ દિલાવરસિંહ જાડેજાએ સ્વાગત પ્રવચનમાં પણ અધ્યાપકની જવાબદારીઓ દર્શાવી હતી. હરિવલ્લભ ભાયાણી તથા નરોત્તમ પલાણનાં મુક્ત હાસ્યોના ફુવારા ઊડતા હતા અને ચર્ચાઓ તલવારબાજી જેવી ચાલતી રહેલી. મેં કોઈ મુદ્દા પર ‘અર્ધ્ય’માં વક્તવ્ય આપેલું – પગ ધ્રૂજે એવા દિગ્ગજો સામે ટગર ટગર જોતાં-માપતા બેઠેલા હતા.

અમે – કવિતા લખનારા – પાછળ બેસીને, બપોરની બેઠકમાં, પચ્ચીસ શબ્દો કૉઈન કરીને કવિતા લખવાનો – ગમ્મતમાં પણ ગંભીર – પ્રયોગ કરવાના છંદે ચઢેલા. અમારી ચારેય મિત્રોની કવિતાનાં બે ગુચ્છ મેં પછી ‘કવિલોક’માં મોકલેલાં તે પ્રગટ થયેલાં – રચનાપ્રયોગની નોંધ સાથે! ચકલીવાળાં કાવ્યો વધારે સારાં થયેલાં. જોકે નોંધવું જોઈએ કે પછી થયેલા અમારા કાવ્યસંચયોમાં એકેય મિત્રના સંચયમાં એ રચનાઓ ન્હોતી. કવિતાની ગુણવત્તાને ચાહવાના એ દિવસો હજી આથમ્યા નથી. નલિની કૉલેજના પ્રા૦ રમેશ ત્રિવેદીના આયોજનમાં રાતે કવિસંમેલન યોજાયેલું. અદમ ટંકારવી તથા પ્રા૦ ફકીરમહમ્મદ મન્સૂરીનો કવિમંચ પર પરિચય થયેલો. કવિસંમેલન પત્યા પછી પણ જયદેવ-જયેન્દ્ર-વિનોદ અને હું કૉલેજને પગથિયે બેસીને પરસ્પરને કવિતા સંભળાવતા હતા. પટાવાળો જાળી બન્ધ કરવા માગતો હતો. અમે બે પગથિયાં નીચે ઊતર્યા... કારતકના શુક્લ પક્ષનો ચન્દ્ર ચમકતો હતો, પ્રકૃતિમાં મહેક હતી... ને અમે

આધુનિક કવિતા-કવિઓની તથા અમારી પોતાની આવતીકાલની ભૂમિકાની વાતો કરતા રહ્યા – સવારના પાંચ વાગ્યા અને અમે ચા-ની કીટલીએ ગયા, ત્યાંથી હોસ્ટેલમાં ઉતારે જઈને પાછા તૈયાર થવામાં લાગ્યા હતા. અમે બધા રોમાંચક રાતનો કેફ અને ઉજાગરે રાતી આંખો લઈને પાછા બેઠકમાં ગયેલા. જમાવટ હતી. સંઘના ઇતિહાસમાં પહેલીવાર, પ્રમુખની વરણી થવાને બદલે-નવયુવાનોના ધમપછાડાને લીધે-ચૂંટણી થઈ! બંને ગેરહાજર મહાનુભાવો – રમણલાલ જોશી તથા ચન્દ્રકાન્ત ટોપીવાળા વચ્ચે બીજા લોકો ચૂંટણીએ ચઢેલા! વડીલો નારાજ હતા પણ મંત્રી જયંત કોઠારીએ લોકશાહી વલણનો પક્ષ સ્વીકારેલો. ચૂંટણીમાં પ્રા૦ ટોપીવાળાનો વિજય થયેલો. યુવાનો 'વયોવૃદ્ધ જ પ્રમુખ બને – એવો શિરસ્તો તોડવા માગતા હતા. આમ પછી નવી દિશા ખૂલેલી ખરી.

અમે જાગરણ કર્યું એ ભલે આકસ્મિક હતું. પણ એ રાતે થયેલી વાતો–ચર્ચાઓ તથા અમે કરેલા અમારા નિર્ણયોની દિશામાં અમારું ચાલવા માંડવું: એ બધું જાણે વિધિ નિર્મિત હતું. ઘટના લેખે મહત્ત્વનું હતું. કેમકે અમે અમારી ભાતે ઉચ્ચારેલું – "કે, ના હવે આપણે આધુનિકતાની 'પોલી' ટેકનિકો અને કૃતક સંવેદનાઓને નહિ અપનાવીએ. આપણે આપણાં મૂળમાં પાછા જવું ઘટે." ... આ વિચારની પાછળ અમે ઈડર કૉલેજમાં કરેલા પરિસંવાદો પણ હતા. હા, ત્યાં વિનોદ-જયદેવ પણ વક્તા તરીકે વિચારો મૂકવા હાજર હતા. ત્યાં પણ આધુનિક સાહિત્યમાં વિપથગામી વલણો અને પ્રત્યાયનની સમસ્યાઓની ચર્ચાઓ થયેલી. ૧૯૮૪માં જોસેફ મેકવાન *વ્યથાનાં વીતક*નાં રેખાચિત્રોમાં ધગધગતી વેદનાઓ, ક્રૂર શોષણ અને સિસકતું ગામડું લઈ આવે છે. હજી હીબકાં ખાતાં લોકો સાહિત્યમાં હવે પ્રવેશતાં હતાં. એ તળ બોલી અને જનપદનો પરિવેશ – એમાંથી જ કલ્પનો તથા પ્રતીકો રચતું સાહિત્ય બોલવા લાગ્યું.

*સાત પગલાં આકાશમાં* – કુન્દનિકા કાપડિયા શિક્ષિત નારીની, પુરુષ પ્રધાન સમાજમાં કેવી વિકટ સ્થિતિ છે – એ વાત લઈને વિદ્રોહનો સ્વર પ્રગટાવે છે. *ગુજરાતી દલિત વાર્તા* પ્રગટે છે. હિમાંશી શેલત *અંતરાલ* (૧૯૮૬)માં નારીવાદી વાર્તાઓ લઈને આવે છે. આધુનિકતાનો દાબ ઘટે છે. ૧૯૮૬માં સુરેશ જોષીનું અને ૧૯૮૮માં ઉમાશંકરનું અવસાન સૌને આઘાત આપે છે... ને એ જ વર્ષોમાં – ૧૯૮૮-૯૦માં વિદ્યાનગર ખાતે મિત્રો મળે છે ને રોજેરોજ નવી દિશા, નવાં વલણો, નવો વિચાર, નવી રચનાઓ-ની ચર્ચાઓ જોર પકડે છે – 'પરિષ્કૃતિ આંદોલન' નામે આ ઘટના પણ પેલા અમારા રાત્રિ જાગરણ સુધી પાછા પગલે જાય છે. ને ૧૯૮૭માં મારા વલ્લભવિદ્યાનગર મુકામ સાથે પણ સન્દર્ભિત થાય છે – અદમ તથા અજિત સાથે પ્રારંભની બેઠકો મારે ત્યાં ને અદમને ત્યાં અમે ત્રણે મિત્રો કરતા હતા. પછી એમાં



હરીશ મીનાશ્રુ, હરબન્સ તથા જયેન્દ્ર જોડાતાં, પ્રમોદકુમારની ચર્ચાનો લાભ મળતાં બેઠકો યુનિવર્સિટીની લૉનમાં થવા માંડે છે. પરંપરાની ઉત્તમ કૃતિઓનું સેવન, આધુનિકોની કૃતક રચનાઓની ચર્ચા સાથે નવી દિશાનું સર્જન વંચાવા માંડે છે. સામૂહિક રીતે/ચર્ચાઓમાંથી નવાં વલણો તારવવાનું ને લખવાનું ચાલે છે. ચિત્રપ્રદર્શનો તથા સંગીતની પણ ચર્ચાનો લાભ હરીશ મીનાશ્રુ પાસેથી મળે છે. કવિતાપાઠ વધતો રહે છે. 'વિદ્યાનગર' માસિક કાયાકલ્પ પામીને ॥ વિ ॥ બને છે. એમાં V – એટલે આપણે, વિદ્યાનગર, વિશેષ, વિકલ્પ – ઇત્યાદિ સંકેતો સૂચવાયા હતા. આ માસિક હરીશ મીનાશ્રુની સૂઝબૂઝ અને સમ્પૂર્ણ જવાબદારીથી નૂતન સાહિત્યને ઉત્તમ ભાતે પ્રકાશિત કરે છે. આ આંદોલનનું નામકરણ પણ એક સાંજે વિહાર વખતે અદમ-અજિત અને હું સાથે હતા ત્યારે વિચારતાં વિચારતાં નક્કી થાય છે. એમાં ઉમાશંકરનું 'સંસ્કૃતિ' માસિક કહેતાં પરંપરાના સાહિત્યનો સંદર્ભ બળવાન છે. એની સામે 'આધુનિકો'-નું તોફાની 'કૃતિ' સામયિક કૃતિને નામે સમાજ-સંસ્કૃતિ અને કર્તાથી પણ વિચ્છેદની ભૂમિકાને માથે ચઢાવે છે. અમે વિચારતા હતા કે એકલી 'સંસ્કૃતિ' પણ નહીં, એકલી 'કૃતિ' પણ નહીં... પરંતુ બંનેના સ્વીકાર સન્દર્ભે સાહિત્યકલા માટે જે અનિવાર્ય તત્ત્વ છે તેને લાવવું – સંમાર્જિત કરવું – નવું સર્જવું! આમ 'સંસ્કૃતિ-કૃતિ' – ના લયમાં 'પરિષ્કૃતિ' શબ્દ અદમે ઉચ્ચાર્યો – અદમને એ હરીશ સાથેની ચર્ચામાંથી સૂઝેલો... તે અમે સ્વીકાર્યો. 'પરિષ્કૃતિ'નાં લક્ષણો અમે નવા સાહિત્યનાં વલણોમાંથી કૃતિ આધારે અદમ-અજતિ અને મેં સાથે બેસીને તારવ્યાં – મેં કાચી નોંધો કરી. એના આધારે અજિતે લેખ તૈયાર કર્યો અને 'કોઈ એકને નામે ભલે આવે' – એવી સમ્મતિથી ॥ વિ ॥-ના પરિષ્કૃતિ વાર્તા વિશેષાંકમાં એ લેખ અજિત ઠાકોરને નામે પ્રકાશિત થયો હતો. મેં એ અંકની પ્રત્યેક વાર્તા વિશે નવા વિચાર સન્દર્ભે લેખ કરેલો – એ પણ એ જ અંકમાં પ્રકાશિત થયેલો. પછી તો વિશેષાંકો અને રચનાઓ પ્રગટતાં જાય છે. 'ગદ્યપર્વ' સામયિક આ જ ગાળામાં ('ખેવના' પણ) આવે છે. એમાં પણ પરિષ્કૃતિની ભૂમિકાને દઢાવતી રચનાઓ પ્રકાશિત થતી રહે છે. 'પરિષ્કૃતિ' વિશેની દંતકથાઓ ભલે ચાલતી રહે પણ એની હકીકતો ઉપર આલેખી છે એ છેવટની છે.

ત્યારે હું 'સાહચર્ય'-ની બેઠકોમાં (ઈડર અને વિદ્યાનગરથી) ખંડાલા (અને સાપુતારા વગેરે સ્થળો) સુધી જતો. ભરત-ગીતા નાયકનું આયોજન ખાસ્સું ધ્યાનપાત્ર રહેતું. વળી 'પરિષ્કૃતિ'-ની વિચાર-સર્જનધારાને પણ એ પોષક હતું. ગુલામમોહમ્મદ શેખ તથા ભૂપેન ખખ્ખર જેવા ચિત્રકાર-સર્જકોનું સાંનિધ્ય મૂલ્યવાન રહેતું. જોકે ભરત-ગીતાના હઠાગ્રહો ક્યારેક વાગતા. એમની જિદ્દ કલા પદાર્થ કરતાં એમના નિજી સન્દર્ભે

વધુ હોવાથી કઠતી. અમારા ઘણા બધા સમકાલીનો એ બેઠકોમાં આવતા. કવિતા/વાર્તાનું પઠન તથા એની આકરી ચર્ચાઓ થતી. છેવટે એક મર્યાદિત વર્તુળમાં સમેટાઈને પણ એ ઉપકારક પ્રવૃત્તિ આજે પણ ચાલે છે. મૂળ મુદ્દો સાહિત્ય-પદાર્થનો છે. આપણા આગ્રહો કલાપરક હોવા જોઈએ. પક્ષાપક્ષીભર્યા પૂર્વગ્રહો કે હઠાગ્રહો સર્જનને ઓળખવામાં બાધા બની રહે છે.

॥ વિ ॥-ના એ ગાળાના (૧૯૮૬-૧૯૯૨) અંકો સાચ્ચે જ ખૂબ ધ્યાનપાત્ર હતા. સમ્પાદકો તરીકે ત્રણ નામો તો બીજા મિત્રોનાં છપાતાં પણ – એમની લાગણી-માગણીથી – સમ્પૂર્ણ હવાલો તો હરીશ મીનાશ્રુ સંભાળતા. કૃતિઓની પસંદગી કરવી, લે-આઉટ, કવર-પેજ, પ્રૂફ સમેતનું બધું જ કાર્ય હરીશ ભારે નિસબતથી કરતા. 'પ્રાથમ્ય' એ શબ્દ સમ્પાદકીય માટે સૌ પ્રથમ હરીશ જ લઈ આવેલા. આ નિમિત્તે એમણે લલિત ગદ્યના કેટલાક ઉત્તમ ખંડો રચીને રજૂ કરેલા. બેઠકોમાં વંચાતી નવી કૃતિઓ લેવી – નહિ લેવી એ ય હરીશને હસ્તક હતું... ને એમાં એમની ઊંચી રસરુચિનો લાભ સામયિકને મળતો હતો. સવારે બૅંકમાં નોકરી જતાં પહેલા હરીશ મીનાશ્રુ ગ્રામોદ્ધાર પ્રેસ ઉપર નવ વાગતાં પહોંચી જાય. ત્યારે તો બધું કામ અક્ષરનાં બીબાં ગોઠવીને – મૅન્યૂઅલી – થતું. સાંજે પણ બૅંકથી વળતાં એ પ્રેસ ઉપર આવતા. ઝીણામાં ઝીણી કાળજી લેતા. ડિઝાઇન્સ તૈયાર કરતા. હું પણ સાંજે ત્યાં જતો. એમનું ધૈર્ય, એમની સૂઝ હું અનુભવતો. ૧૯૮૭માં એપ્રિલથી જ એમણે મને નવાં પુસ્તકોની ટૂંકી સમીક્ષાનોંધોનું કામ સોંપેલું. અદમ ટંકારવી દ્વારા મને મારી લેખનનિષ્ઠા તથા નિયમિતતા વિશે એમના હકારાત્મક પ્રતિભાવો જાણવા મળતા. અમે ઈડર કૉલેજમાં 'અરવલ્લી' વાર્ષિક કાઢતા. અહીં ॥ વિ ॥ નિમિત્તે વધુ શીખવાનું હતું. પ્રેસ મૅનેજરશ્રી ભદ્રેશ સરૈયા તથા એમના કર્મચારીઓ થાક્યા વિના કામ આપતા. આ અનુભવ મને 'દસમો દાયકો' ત્રૈમાસિક કાઢતાં કામે લાગવાનો હતો. પણ હું પ્રસન્નતાપૂર્વક હરીશ મીનાશ્રુના આવા નિર્મમ સમ્પાદન કાર્યને બલકે યજ્ઞને જોયા કરતો. નામની પરવા વિનાનું એમનું કામ! ખરી સાહિત્યપ્રીતિ કે ખરું પ્રદાન તે આ! બાકી ॥ વિ ॥-ના સમ્પાદકો તો બીજા ત્રણ મિત્રો હતા. એ પણ કામ કરતા. આજે તો ॥ વિ ॥ પાછું એના સાંકડા દરમાં જઈને ઠરી ગયું છે. અફસોસ!

દરેક આંદોલનની ટીકા થાય છે. 'પરિષ્કૃતિ'-ને વિશે પણ એ ન થાય તો કેમ ચાલે?! એ થઈને જ રહે છે. કોઈએ કહ્યું કે 'પાછો ગામને ગોંદરે ધૂળિયો ડમ્મર ઊઠ્યો છે.' તો કોઈએ 'આ તો દેડકાંનું ડ્રાઉં ડ્રાઉં છે' – એમ કહ્યું. કેટલાકે તો 'પોતાની જાતને સ્થાપવાના આ બધા ઉધામા છે' – એવું અભદ્ર હેત્વારોપણ કર્યું!



ભાગ્યે જ કોઈએ નિરાંતે વસ્તુને મુદ્દાસર ચકાસીને સમજવાની કોશિશ કરી. ખેર! આજે હવે 'પરિષ્કૃતિ' – આંદોલનની મહત્ત્વની ચપટીક ભૂમિકાનો ઉલ્લેખ કરનારા વધ્યા છે. ૧૯૯૦-૨ના ગાળા સુધીમાં તો અમારા આ આંદોલનને હોંકારો દેનારા ઘણા નવલોહિયા લેખકો આગળ આવ્યા હતા. ત્રણ-ચાર રજાઓના ગાળામાં, અમે વિદ્યાનગર ખાતે, 'પરિષ્કૃતિ'ના પુરસ્કર્તા મિત્રોને બોલાવી બેઠકો કરી હતી. મારી પાસે એ વખતની સમૂહછબિ છે. જેમાં નીતિન મહેતા, કમલ વોરા, પ્રાણજીવન મહેતા, કિરીટ દૂધાત, વિનોદ જોશી, જયેન્દ્ર શેખડીવાળા, અશોકપુરી, અજિત ઠાકોર, કાનજી પટેલ, ચતુર પટેલ, બકુલ ટેલર ઇત્યાદિ હાજર છે. સાહિત્યનો આ સંક્રાન્તિકાળ હતો અને વાતાવરણમાં ચારેબાજુ 'તનાતની' સંભળાતી હતી. સાહિત્યનો બુખાર ઊતરવાનું નામ ન્હોતો લેતો!

મેં અને અજિતે ટૂંકીવાર્તાઓ લખવા માંડી હતી. ગ્રામચેતના તથા તળબોલીની એ વાર્તાઓ ધ્યાન ખેંચતી હતી. કિરીટ દૂધાત, મોહન પરમાર, દલપત ચૌહાણ, બિપિન પટેલ, અનિલ વ્યાસ, હર્ષદ ત્રિવેદી, માય ડિયર જયુ, રમેશ દવે, પ્રવીણસિંહ ચાવડા, મનોહર ત્રિવેદી – વગેરેનું સર્જનકાર્ય નિખારથી ધ્યાનપાત્ર બની રહેલું. ઘણા કવિઓ/વાર્તાકારો આ સમયમાં સક્રિય થયેલા. ઈડર વનપરિસરના મારા નિબંધો ગ્રંથસ્થ થયા બાદના, નવા તબક્કાના, નિબંધોમાં ચરોતર પ્રદેશ પ્રવેશી રહ્યો હતો. મારો તળમલક *અંધારું* નવલકથામાં મેં આણેલો. નાયકાઓનું થતું શોષણ તથા પટેલોનું કૃષિજીવન એમાં કેન્દ્રસ્થ છે. જેમણે આદિવાસી વિસ્તાર કે નાયકાઓને જોયાં કે જાણ્યાં પણ નથી એવાં મિત્રો *અંધારું*-ને પશ્ચિમી કલાવાદનાં ચશ્માંથી જોતાં અને ખૂબ ભાંડતાં હતાં. એથી રાજી થનારા મારી નજીકમાં પણ ગૂસપૂસ કરતા હતા. પોતાના જ વિચાર અને કાર્યોને સાચાં અને છેવટનાં માનનારા નવા નિશાળિયાઓ દરેક સ્થળે ને સમયે પ્રગટતા જ રહે છે. એમાંથી કેટલાક નીપજી આવે છે તો કેટલાકનાં તેલ વગરનાં કોડિયાં આપણા પગમાં અટવાતાં રહે છે.

❑

## ૩

# વિદ્યાનગર સાંભળેલું તથા જોયેલું...

વલ્લભવિદ્યાનગરમાં જોડાયાના એ દિવસો મૂંઝવણ અને મથામણના હતા. પ્રારંભના ત્રણેક મહિના તો હું બે ગામ વચ્ચે વહેંચાયેલો હતો. ઘર-પરિવાર ઈડરમાં હતાં અને બાળકોની પરીક્ષાઓ થઈ જાય પછી સૌને અહીં લાવતાં પહેલાં અહીં ભાડે ઘર શોધવાનું હતું. યુનિવર્સિટીની સ્ટાફ કોલોનીમાં ક્વાર્ટર્સ ખાલી ન્હોતાં થયાં. ટી ટાઇપ સાવ નાનાં-સાંકડાં હતાં. મારે કામચલાઉ રહેવા સારુ પણ રૂમ જોઈતો હતો. જે પોતાનો હોય ને શાતાદાયી પણ ખરો. યુનિવર્સિટીનું ફૅકલ્ટી ગેસ્ટ હાઉસ સારું તથા ખાલી હતું. કોઈએ કહ્યું કે એમાં ઘણાંને એક-બે માસ માટે રહેવા આપે છે – ચાર્જ લઈને. માર્ચમાં હવે સેમિનાર્સ વગેરે ન્હોતા. પરીક્ષાઓ આવતી હતી. એટલે ગેસ્ટ હાઉસનો એક રૂમ જરૂર આપશે એવી શ્રદ્ધા તો મને ય હતી. મેં કુલસચિવને, વિભાગના અધ્યક્ષની ભલામણ સાથેનો પત્ર લખી મોકલ્યો.

યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગે મને નવા ફૅકલ્ટી ગેસ્ટ હાઉસમાં રૂમ આપવાને બદલે, યુનિવર્સિટીના કાર્યાલય ઉપર ત્રીજે માળે રૂમ ફાળવ્યો... જે વર્ષોથી અવાવરુ મોટી જગ્યા હતી. જેમાં તૂટેલું ફર્નિચર ભરેલું હતું... એક બાજુમાં બે પલંગ હતા... અહીં રાતે તો કોઈ માણસ પણ ન ફરકે! કોઈપણ સંજોગોમાં અહીં રહી શકાય એમ ન્હોતું. બપોરે જ, જોતાંવેંત મેં સેવકને ના પાડી ને ચાવી લીધી પણ નહીં. પણ મને બહુ આઘાત લાગ્યો કે યુનિવર્સિટીનો જવાબદાર કર્મચારી આવું કેમ કરી શકે? પોતાને ત્યાં નવા જોડાનાર અધ્યાપક સાથે આવું સંવેદનહીન વર્તન શા માટે કરવાનું? ફૅકલ્ટી ગેસ્ટ હાઉસ જો ફૅકલ્ટી મૅમ્બરને કામ ન લાગે તો યુ.જી.સી.એ ખર્ચેલા નાણાંનું શું?! હું નવોસવો આવેલો એટલે કોને કહું? વિભાગમાંથી પણ કશી મદદ મળે એવો સંકેત ન્હોતો. 'નિવાસ' વગેરેનું શું થયું – એવું પૂછાય તો આપણે બોલીએ – કહીએને?! અમારે ઈડરમાં તો આચાર્ય નવા કર્મચારીની ખાસ્સી કાળજી લેતા. ભરીભાદરી પ્રકૃતિ વચ્ચે લીલુછમ લાગતું જીવન સંવેદનશીલતાની બાબતે મારી ભીતર પ્રશ્નો જગવતું હતું. ફૅકલ્ટી ગેસ્ટ હાઉસના અન્ય ઉપયોગો(!) વિશે, પછી તો હું, ઘણું જોતો-જાણતો થયેલો!



વસ્તુ સડી જાય, પણ બીજા હકદારને પણ વહીવટકર્તા ન આપીને ઉપરથી રાજી થાય! ભણેલા લોકોની આવી વિકૃત માનસિકતા લગભગ બધે જ છે. અમે એક બાળવારતા ભણેલા, જેમાં ઘાસની ગંજી ઉપર બેઠેલો કૂતરો ગાયને ઘાસ ખાવા દેતો નથી – જે એ ઘાસ ખાતો નથી તો પણ! પછી તો આવા અધ્યાપકો-અધ્યક્ષો પણ જોવા પડ્યા!

પ્રારંભના થોડા દિવસો તો, ઈડરથી જ ગયે વર્ષે (૧૯૮૬માં) અહીં કૉમર્સ વિભાગમાં જોડાયલા નિકટના મિત્ર મંગળદાસને ત્યાં રહેવા જમવાનું ચાલેલું. દરમ્યાન સામેના મેડે રહેતા પ્રા. હરબંસ પટેલ સાથે – ખાલી રૂમ હતો એમાં – રહેવાની વ્યવસ્થા થઈ ગયેલી. સવારે વર્ગો લઈને લંચ લેવા 'સેન્ટૂર' 'મેસ'-માં જતો. થોડો સમય પેઇંગ ગેસ્ટ તરીકે બપોરે મકાનમાલિકને ત્યાં જ જમતો. સાંજે વિદ્યાનગરને અનુભવવા જોવા જાણવા નીકળી જતો. રોજ જુદી દિશા લેતો ને જુદી જગ્યાઓ જોતા. હૉટેલ, મૅસ કે રસ્તા પરની લારીઓ પર જે મળે તે જાતભાતનું ખાઈ લેતો. શાળાઓ-કૉલેજો-હોસ્ટેલો-કોલોની-સોસાયટીઓ-મેદાન-બૅંકો-ચારરસ્તાઓ-નાના બજાર/મોટા બજારની દિવસરાતની દુનિયા-કીટલી/ચાની લારીઓ અને સિનેમા નિમિત્તે જતાંવળતાં છાત્રો-વૃક્ષો-બગીચા તથા શાંત લાગતા વાસ – આવાસઃ બધું જ નિરાંત જોતો-જાણતો વિહરતો રહેલો. ઈડરથી આ જગ્યા જુદી રીતેભાતે રોમાંચક તો જરૂર હતી. શરૂઆતમાં એકલું ને અતડાપણું ખૂબ લાગતું. છતાં માણસોને બદલે સ્થળને, મેદાનને, વૃક્ષોને, પુસ્તકોને પોતાનાં કરતો રહેલો... જે કદી છોડી જશે નહિ એવી પ્રતીતિ સાથે પ્રકૃતિ અને પરિસરને મારામાં ઊતારતો રહેલો. હા, આજે એ ઘરોબો અને અકાટ્ય નાતો મારો જીવનાધાર છે.

શનિ-રવિવારે ઈડર જતો – પરિવાર પાસે. ચિ. પારુલ ન્યુ એસ.એસ.સી. (ધો.૧૦)ની પરીક્ષામાં બેસવાની હતી. સાથે સૌ. ગોપીએ પણ (એક્સ સ્ટૂડન્ટ તરીકે) ફોર્મ ભરેલું. મમ્મી-દીકરીની પરીક્ષા સારી ગઈ હતી. ચિ. વિસ્મયે સાતમા અને ચિ. મલયે ચોથા ધોરણની પરીક્ષા આપેલી. પછી એ સૌને વતન ગામ પાલ્લા મૂકીને હું વિદ્યાનગરમાં ભાડાનું મકાન શોધતો હતો. ઈડરમાં પ્રારંભનાં બે-ત્રણ વર્ષો બાદ કરતાં મને હંમેશાં નવાં જ ઘર ભાડે રહેવા મળેલાં. પછી તો પોતાના પણ એકાધિક નવાં મકાનો 'ઘર' બન્યાં હતાં. અહીં પણ એવું જ થયું. રાજ્યનીતિશાસ્ત્રના વડા પ્રો. બી૰ સી૰ શાહે મને એમના મકાન ઉપર બનતા નવા માળ વિશે વાત કરી. જલારામ સોસાયટીમાં હું બનતું મકાન જોઈ આવ્યો ને મેં હા પાડી. શાહસાહેબે બારીબારણાં તથા રંગકામ વિશે ઉતાવળ કરાવીને – એમને મળેલી ઑફર બાજુ પર મૂકીને મને ઓછા ભાડે, મે-ના મધ્યમાં મકાનની ચાવી આપતાં આનંદ વ્યક્ત કરેલો. કહેતા હતા

કેઃ 'હું સાઠંબા (બાલાસિનોર)નો વતની છું. લુણાવાડા તો પાડોશ કહેવાય, મણિભાઈ! મેં તમારા લેખો/કાવ્યો 'નિરીક્ષક'માં વાંચ્યાં છે. મને એ ગમ્યાં છે...' કૉંગ્રેસના નેતા અને દક્ષિણમાં ગવર્નર રહેલા એવા શ્રી કે૰ કે૰ શાહની બેનના દીકરા તે આ વિનમ્ર વિદ્વાન પ્રા. બી૰ સી૰ શાહ. સાથેનો પ્રેમાદર ઋણાનુબંધ છેક સુધી સચવાયો હતો. આપણું લેખન પણ થોડુંક કામ કરી આપે છે. શબ્દનું સાહચર્ય આપણને આગળ લઈ જાય છે એ નક્કી!

મેં જેનો વારેવાર ઉલ્લેખ કર્યા કર્યો છે એ એક નહીં ભૂલી શકાતું શલ્ય પુનઃ સામે આવે છે. પહેલીવાર ઈડર નોકરી જવા નીકળ્યો ત્યારે ઘરેથી કોઈ મૂકવા નહીં આવેલું એ શલ્ય! આ વખતે પણ કોઈએ એવું પણ પૂછેલું નહીં કે 'તું ઈડર શા માટે છોડે છે? વિદ્યાનગરમાં ઘર મળ્યું કે નહીં?! સામાન ફેરવવા માટે મદદ જોઈશેને?!' – પૂછશે એવી અને મદદ કરશે એવી અપેક્ષા હતી. પણ અપેક્ષાઓ આપણને વ્યથા જ પહોંચાડે છે. પગારના ભાગીદારો ચૂપ હતા. હવે મિલકતો વહેંચાઈ હતી. કમાતો ગણીને દેવું વધારે ભાગમાં આપેલું. વતનમાં બંને દીકરાઓને ટાઇફૉઇડ થયેલો. ગોપી સેવાચાકરીમાં અને ઘર ભત્રીજાના લગ્નમાં વ્યસ્ત. બધે હાજરી પૂરાવતાં રહીને મેં અને પારુલે 'ઈડરનું ઘર' વિદ્યાનગરમાં ખસેડેલું. બધું ગોઠવીને સવેળા સૌને વિદ્યાનગર લઈ આવેલો. ત્રણેના એડમિશન જુદી જુદી સ્કૂલોમાં લેવાનાં હતાં... વરસાદ સાથે બધું થાળે તો પડેલું પણ ઉત્તમ પરિણામો છતાં શાળા પ્રવેશો – આચાર્યોની મનમાનીને કારણે – અઘરા પડેલાં. તમે નવા અને અજાણ્યા છો? – તો વળી વધારે ધક્કા ખાતા રહો! બધું જાણ્યા પછી કહેઃ 'અરે! સાહેબ વહેલાં બોલતા હો તો મુશ્કેલી ન થાય ને!' થાય છે કે આપણે આવું આવું તો ડગલેપગલે વેઠતા રહેવાનું લલાટે લખાવીને આ મહાન દેશમાં જન્મવાનું સૌભાગ્ય પામ્યા છીએ...!

'ગોઠવાઈ જવાનું' તો સરળ હોય છે, કદાચ! પરંતુ આપણા 'લાઇફ મિશન'-ને પ્ર-ગતિશીલ રાખવા વધારે સજાગ અને સક્રિય રહેવું પડે. જગ્યાઓ, પદો, લાભો, ગણતરીઓ માણસને લલચાવતાં રહે છે. પણ હું બહુ સ્પષ્ટ હતો અને છેક સુધી રહ્યો; સક્રિય અને ધ્યેય વિશે અડગ. ઈડરમાં જોડાયો ત્યારે કોઈએ કહેલું કે – 'ઈડરનો વાણિયો ભીંતે ચીતરેલો ય ભારે પડે...' ઈડરના ધૂળા વાણિયાની ચાલાકી તથા વીરતાનું કાવ્ય (રમણલાલ સોની) વાંચેલું તો હતું જ. પણ ઈડરના અનુભવો સારા રહેલા, અહીં વિદ્યાનગરમાં આવ્યો ત્યારેય ચેતવનારા હતા... "છોકરીઓથી સાચવજે, ને યાદ રાખજે કે ચરોતરનો માણસ સ્વાર્થ વગર તાળી પણ નથી આપતો..." વાતોમાં તથ્ય પણ લાગવા માંડેલું. પણ મારું 'મિશન' હતું... ૧. ખૂબ વાંચવું, ૨. સાહિત્ય લેખનમાં આગળ વધવું,



૩. ઉત્તમ શિક્ષક થવું અને ૪. સારા વક્તા થવા મથતા રહેવું! મારા આ મિશનનાં થોડાંઘણાં સારાં પરિણામો મળ્યાં છે પણ હજી આ મિશન તો ચાલું જ છે. વાચન અને વક્તવ્યો પર હજી વધુ ભાર મૂકું છું. અધ્યાપન કરાવવાનો આનંદ સર્જન જેટલો અને જેવો જ રહ્યો છે. સારા શિક્ષક થવાનું સદ્ભાગ્ય મફતમાં નથી મળતું.

આપણે જે પ્રદેશમાં હોઈએ એ પ્રદેશને ભીતર બહાર સારી રીતે જાણી લેવો જોઈએ. આપણાં કાર્યોની દિશા માટે પણ એવી જાણકારી જરૂરી એટલે કે મદદકર્તા બની રહે છે. સરદાર પટેલની પ્રેરણાથી ભાઈકાકા તથા ભીખાભાઈએ વિદ્યાનગર વસાવ્યું તથા વિકસાવ્યું હતું. એટલે વિદ્યાનગરમાં ગોઠવાતાંની સાથે વી. પી. મહાવિદ્યાલય તથા એની સામે આંબાના ઝાડ નીચે વિશ્વકર્માની મૂર્તિ, બાજુમાં જ ચારુતર વિદ્યામંડળની શાંત ઑફિસ, બાજુમાં ગ્રામોદ્ધાર મંડળનું કાર્યાલય અને પ્રેસ! – બધું નિરાંતે વારંવાર જઈ જઈને જોયું – અનુભવ્યું હતું. ભાઈકાકા-ભીખાભાઈની એ કુટિર તો ન્હોતી... જ્યાં બેસીને આ બંધુ બેલડીએ આ નગરની પરિકલ્પના કરી, રચના માટે સક્રિય થઈને એને સાકાર કરી ત્યાં સુધી ઠરીને બેઠા નહિ. એ ખાટલો, પાણીની માટલી, આમ્રતરુ છાયાની શીતળતા અને હુક્કાના અવાજ સાથે મનમાં રચાતી એ બેલડીની મૂર્તિ/છબી! આજે પણ મારા પગ અહીં થંભે છે. સાંજે અહીં બેસવાનું ગમે છે. વિદ્યાર્થીઓને પણ આ જગ્યા હું હંમેશાં ચીંધતો રહ્યો છું.

પછી તો મારો પ્રવાસ જ થવા માંડેલો. પ્રત્યેક રવિવાર કે રજાને દિવસે હું અને એક મિત્ર મોટર બાઇક લઈને નીકળી પડતા. સરદાર પટેલનું કરમસદનું વતન ઘર, ત્યાંની સ્કૂલ; નડિયાદનું એમનું જન્મસ્થળ, ગોવર્ધનરામ ત્રિપાઠીનું ઘર તથા અન્ય સાક્ષરોની શેરીઓ, ડાહીલક્ષ્મી લાઇબ્રેરી અને સંતરામની પાવન જગ્યા તથા પાસેના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનું વિશાળ સુંદર કૅમ્પસ જોયાં. ભાઈકાકાનું વતનગામ સોજિત્રા તથા ઘર જોવા ગયો... ત્યાં બેઠો! ત્યાંથી ઈશ્વર પેટલીકરનું પેટલી ગામ અને ઘર (જે હવે નથી રહ્યું) જોવા ગયો. બાબરકાકાની એ મેડી તથા પટેલનું નળિયાંવાળું મોટું ઘર! જોકે પેટલીકરની કોઈ નિશાની ત્યાં ન્હોતી સચવાઈ... થોડી વેદના પણ થાય જ. વસોમાં દરબાર ગોપાળદાસની લાકડાંની બેનમૂન કોતરણવાળી વિશાળ હવેલી જોતાં તો મન અવાક્ બની ગયેલું.

કવિ રાવજી પટેલનું વલ્લવપુરા ગામ જોવા વારંવાર જતો હતો. ત્યાંથી શામળ વારતાકથન કરતા હતા તે સિંહૂજ ગામ અને એ મંદિર તથા વટવૃક્ષ જોવા નીકળેલો. એ જગ્યાએ વિસામો કરીને વળતી વાટે મહોર નદી તટે પૂજ્ય મોટાનો આશ્રમ – હરિ ઓમ આશ્રમ– પણ નજરમાં ભરતો આવેલો. મધ્યકાલીન સંતકવિ પ્રીતમની

સમાધિ સંદેસરમાં છે – એની વંદના કરીને સીધા અગાસ ખાતે શ્રીમદ્ રાજચંદ્રનો આશ્રમ પરિસર જોવા રોકાયેલા. એક વખત વધારે સમય લઈને પૂર્વ નાણાંમંત્રી એચ૦ એમ૦ પટેલનું (તથા લેખિકા ધીરુબેન પટેલનું) વતન ગામ ધર્મજ જોવા ગયેલા. ધર્મજ ઘણી રીતે સમૃદ્ધ અને સુખ્યાત ગામ છે. બાજુમાં બોચાસણ ગામે પૂજ્ય રવિશંકર મહારાજની આશ્રમશાળા તથા સ્વામીનારાયણ સંપ્રદાયની જગ્યા પણ નિહાળેલાં, અભ્યાસ હેતુ વડતાલ મહાતીર્થ ખાતે સ્વામીનારાયણનાં મંદિરો, જ્ઞાનબાગ, મ્યુઝિયમ તથા તળાવો જોવા ગયા હતા... આ સમૃદ્ધ અને રમણીય પ્રદેશમાં હજી ઘણું જોવા-માણવાનું અને વિહરવાનું નિત્યનું નિમંત્રણ તો ખરું જ... જે આજે પણ આનંદ આપે છે.

❑



૪

## વિદ્યાનગરની ઓળખ

ઈ૦સ૦ ૧૯૮૦-નાં એ વર્ષોમાં વલ્લભવિદ્યાનગર વધારે મોકળાશભર્યું અને વૃક્ષો-બગીચાઓ-મેદાન તથા યુવાનોની છલકાતી રંગબેરંગી હાજરીથી વધારે રમણીય તથા મનભાવન લાગતું હતું. દિવસમાં બે-ત્રણવાર ઘરબહાર ફરવા નીકળી જવાનું મન થતું... આસપાસનાં સમૃદ્ધ ગામડાં અને દરેક ઋતુમાં મૉલથી શોભતાં હરિયાળાં ખેતરોની આ ચારુતરભૂમિ બ્હારથી આવનારાંને પણ અહીંનાં બનીને રહી જવા પ્રેરતી બલકે બોલાવતી હતી જાણે!

ભાઈકાકાની ઇજનેરી દૃષ્ટિ તથા એમની વ્યવહાર દક્ષતાને લીધે ચારુતર પ્રદેશમાં મોતી મઢ્યું હોય એવું આ વિદ્યાનગર વિલસતું હતું. ત્યારે ખરેખરી 'વિદ્યાનગરી'-નો અનુભવ કરાવતું...! વિદ્યાકીય પ્રવૃત્તિઓ અને કિલ્લોલ કરતાં પંખીઓ તથા એવાં જ છાત્રોની હસતી-રમતી આવનજાવનથી આ સ્થળ ધમધમતું હતું. મને તો એ સદા યુવાનીને ઉંબરે આંખોમાં સપનાં આંજીને ઊભેલું તથા મોજમસ્તી કરતું અનુભવાતું હતું. ત્યારે તરુખચિત રસ્તાઓ તથા વૃક્ષાચ્છાદિત ઇમારતો-મકાનો અને બાંધકામ કર્યા વિનાના ખાલી એરિયાઝને લીધે ખુલ્લાશ હતી. વિદ્યાનગર એટલે ભણનારાં અને એમને ભણાવનારાઓનું નગર. એમની જરૂરિયાતો પૂરતાં નિવાસો-છાત્રાલયો-મૅસ તથા ક્લબ અને નાનામોટા બજારની થોડીક હાટડીઓ. બહુ સરસ દૃશ્યો હતાં એ! વર્ગમાં, મેદાનમાં તથા વૃક્ષો નીચે ભણનારાંની ગોષ્ઠીઓ તથા મૈત્રીની મસ્તી દેખાતાં હતાં. એના રચનાકાર આવાં દૃશ્યો જોવા જેટલું સુદીર્ઘ જીવ્યા ન્હોતા! નહિતર એ વિદ્યાનગરના વિશ્વકર્મા કેટલા તો રાજી રાજી થાત... સાચ્ચે જ ભાઈકાકાએ જંગલમાં મંગલ રચ્યું હતું. પછી તો વર્ષો જતાં ગયાં એમ 'વિદ્યાનગરી' પણ વ્યવસાયની નગરી બનવા ભણી ઢળતી રહી... દોડતી રહી... ને આજે જાણે હવે હાંફીને, થાકીને ઊભી છે. એને ય એનો અસલ ઉદ્દેશ તથા ખરો ચહેરો જોવાની ઝંખના કહેતાં તરસ છે. પરંતુ હવે અહીં વીતેલાં ઉત્તમ વર્ષોને પુનઃ આકારિત કે જીવંત કરવાની ઇચ્છાશક્તિ અને કાર્યશક્તિ ધરાવનારાઓ એક પછી એક 'નિવૃત્ત' અને 'વિદાય' થતા જાય છે!

આ વિદ્યાધામ પર ત્યારે આટલો ભાર ન્હોતો. વાહનો, મકાનો, બજારો અને વસતિનો આજે અહીં જબરો વિસ્ફોટ છે. ત્યારે તો સાઇકલો અને પગપાળાં ફરવાનો મહિમા હતો. રસ્તાઓ તથા ખાલીજગ્યાઓ સદા ખુલ્લાં અને રૂપાળાં, ચોખ્ખાં તથા શાંત લાગતાં હતાં. આજે તો જે અહીં આવ્યાં ને નોકરી કરી નિવૃત્ત થયાં તે પણ 'ઘર બાંધી'ને અહીં વસી ગયાં છે. ખેડા-આણંદ જિલ્લાનાં સ્થાનિક તથા દૂરનાં લોકો, એન.આર.આઈ. નાગરિકો, ધંધો વ્યવસાય કરવા આવેલા ગુજરાતીઓ અને દેશના બધા પ્રાંતોમાંથી આવેલા શિક્ષકો-અધ્યાપકો-વિજ્ઞાનીઓ-વિદ્વાનો, ઇજનેરો, દાક્તરો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ બધાં જ અહીં 'અઢે દ્વારિકા' કરીને રહ્યાં છે. વિદ્યાનગર નાનકડું પણ 'ગ્લોબલ' નગર છે. હજી રહેવું ગમે તેવું વાતાવરણ છે.

આ નગરમાં અહીંના મૂળ રહેવાસીઓ એટલા માટે નથી કે આ જગ્યા તો આણંદ-કરમસદ-મોગરી-બાકરોલ ગામોની સરહદી પડતર ચરો હતો. ટેકરાળ અને ઝાડી-ઝાંખરાથી બિહડ ડરાવનારું આ સ્થળ હતું. કહે છે કે કોઈ ધોળે દિવસે ય અહીં ન્હોતું અવાતું. ચોરડફેર લોકો અહીં જ ચોરીનો માલ વહેંચવા/ભાગ પાડવા નિરાંતે આવતા. ભાઈકાકાને આ પડતર ચરો તથા પેલાં ચારેગામની ખેતરાઉ જમીન પણ વિનંતી અને થોડા પૈસા આપવાથી મળેલી. લોકો વિદ્યા અને વિદ્યાલયો માટે રાજી હતા. પણ કહેવું જોઈએ કે આ જગ્યા ક્યારેક તપોવન હશે. ઋષિ-મુનિઓ/વિદ્યાધરોનો વાસ હશે. કેટલીક ભૂમિને પોતાનું તપોબળ હોય છે... આ જગ્યા એમાંની એક સાક્ષીરૂપ ભૂમિ છે. જ્યાં આજે અમૂલ ડેરી, ઈરમા સંસ્થા, કૃષિ યુનિવર્સિટી, નૅશનલ ડેરી ડેવપલમેન્ટ બોર્ડ (NDDB) સરદારનું ગામ કરમસદ તથા વલ્લભભાઈ – વિઠ્ઠલભાઈનું મેમોરિયલ પણ અહીં ઊભાં છે. પૂર્વજોનાં પુણ્ય અહીં પુનઃ પ્રગટેલાં દેખાયાં છે... આજે સવાલ આપણી ખૉરી દાનત અને સંકુચિત 'વહીવટ'નો આવી ઊભો છે. આપણાં કાર્યોમાં સચ્ચાઈ અને પાવિત્ર્ય ન હોયતો પુણ્યને પરવારી જતાં વાર નથી લાગતી...

અહીં આમ તો બધા જ બ્હારથી આવીને વસેલા છે. છતાં આસપાસનાં પોતાના ચાર-ચોવીસ ગામોના લોકો, ચરોતર-બૃહદ્ ખેડાનાં ગામ-નગરવાસીઓ વિદ્યાનગરને 'પોતાનું' માને છે. સંસ્થાઓ સ્થાપે છે અને 'વહીવટ' પણ કરે છે. સરદાર અને ભાઈકાકા પટેલ હતા... એટલે અહીંના (જે પરદેશ નથી ગયા તે બધા) આ બધા વિસ્તારને, સંસ્થાઓને 'પોતાની' માને છે... 'પોતાની' માનીને નિસ્વાર્થ ભાવે એનો વિકાસ કરનારા ઓછા તથા સ્વાર્થના સોદા કરનારા – દુનિયામાં છે તેમ – અહીં પણ વધુ છે. સ્વનિર્ભર ખાનગી સંસ્થાઓ એનાં દૃષ્ટાંતો છે. બહુ થોડી સંસ્થાઓ વિદ્યાપ્રીતિને વરેલી જણાય છે. છતાં સમગ્ર ગુજરાતમાં વિદ્યાનગરનું શિક્ષણક્ષેત્રે હજી



આજે પણ ઊજળું નામ તો છે – અને એવાં ઊજળાં કામ કરનારાઓ, સ્થાનિક ખટપટોમાં પડ્યા વિના, પોતાનું વિદ્યાકાર્ય તથા સર્જનતપ કરી રહ્યા છે. 'જગ્યાઓ' એનાં અસલ કાર્યોથી સુખ્યાત થાય છે.

ભાઈકાકાએ શિક્ષણયજ્ઞ આરંભ્યો ત્યારે તો એમણે આ યજ્ઞના પુરોહિતો બ્હારથી જ લાવવા પડ્યા હોય એ સહજ વાત છે. ને એમણે તો ટકોરાબદ્ધ રણકતા વિષય-નિષ્ણાતો દેશભરમાંથી શોધીને ભેગા કરેલા... ગણિત, વિજ્ઞાન, ઇજનેરી વિદ્યાના ઉત્તમ વિદ્વાનોને એ લઈ આવેલા ને એ પ્રતિભાશાળી લોકો ત્યારની સાવ નહિવત્ સગવડો વચ્ચે, અગવડોને ગણકાર્યા વિના, રહેલા અને આ ભૂમિને તપોભૂમિ બનાવેલી. આજે પણ એમને યાદ કરનારા મળે છે. ગુજરાતીમાં ડોલરરાય માંકડ તથા સુરેશ હ○ જોષી જેવા વિદ્વાન વિવેચકોની કારકિર્દી અહીંથી આરંભાઈ હતી. પછી આપણે એમને સાચવી ન શક્યા એ અફસોસની વાત છે. કુશળ ઇજનેર તથા વિદ્યાપતિ જુન્નરકર, ગણિતના ઉત્તમ પ્રોફેસર ન○ મૂ○ શાહ, પી○ સી○ વૈદ્ય અહીં જ હતા... ને દશ-બાર ભાષાઓ જાણનારા સાહિત્ય સ્વામીઓ પણ આપણને મળેલા!

ઈ○સ○ ૧૯૮૭માં હું અહીં જોડાયો ત્યારે સ્થિતિઓ બદલવા માંડેલી. અલબત્ત યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં – દરેક વિભાગમાં કહીએ તો પણ ચાલે – એક-બે, એક-બે વિદ્વાન અધ્યાપકો નિષ્ઠાનિસબતથી વિદ્યાકાર્ય અને વિદ્યા ઉપાસના કરનારા હતા જ. વિજ્ઞાન-ગણિતમાં થોડા વધારે સંનિષ્ઠો ત્યારે તો હતા જ. ભાષાના વિભાગોમાં જોઈએ તો હિન્દીમાં પ્રો○ શિવકુમાર મિશ્ર પછી પ્રો○ મહાવીરસિંહ ચૌહાન આવેલા. અંગ્રેજી પ્રો○ કુર્તકોટિ, પ્રો○ ઠક્કર, પ્રો○ રમેશ દવે હતા. ગુજરાતીમાં પ્રો○ પ્રમોદકુમાર પટેલ તથા પ્રો○ જશવંત શેખડીવાળા ઉત્તમ અધ્યાપકો ને વિદ્વાન વિવેચકો હતા – મને એમના વિદ્યાવ્યાસંગનો લાભ મળેલો. પ્રમોદકુમાર પટેલ જેવા વિદ્યાવ્યાસંગી મેં બહુ ઓછા જ જોયા હશે. પ્રો○ જશવંતભાઈ પણ સંનિષ્ઠ અધ્યાપક, અઠંગ વાચક તથા માર્મિક અભ્યાસી, વિવેચક, સંગોષ્ઠીનો બહુ રસિયો જીવ! પણ એમને યુનિવર્સિટીના સત્તામંડળોના રાજકારણમાં પણ રસ પડે. એ ગોઠવણો કરાવે. સિન્ડીકેટમાં ને ડીન પદે પણ એકાધિકવાર એ જ રહેતા હોય... ને 'એમના માણસોને' બધા લાભ મળે તે જોતા હોય. આમ કડક લખનારા પણ અંગત વર્તુળને સાચવે. પોતાના જૂથના માણસોને આગળ કરે ત્યારે ગુણવત્તા વિશે આંખ આડા કાન કરે. આ કૅમ્પસ પર આવી રીતે 'વ્હાલા વળનારા'ની બોલબોલા આજે પણ ખૂબ છે. કેટલીક કૉલેજોમાં પણ સારા અધ્યાપકો હતા. એમાં ત્યારે નલિની અરવિંદ કૉલેજ અગ્રેસર હતી. આજે એ દિવસોને યાદ કરનારા પણ કોઈ નથી. છેવટે તો ખુશામદખોરો તથા એમને

પોષનારાઓ વડે જ સંસ્થાઓનું પતન થાય છે.

વચગાળામાં વિદ્યાનગરની 'સરદાર પટેલ યુનિવર્સિટી' 'એસ. પી. યુનિવર્સિટી' માટે કહેવાતું હતું કેઃ 'એસ.પી.' એટલે 'સગાંવ્હાલાં પહેલાં (લેવાનાં)' – યુનિવર્સિટી. હા, જ્યાં પોતાનાં સગાંવ્હાલાં – યોગ્ય હોય કે ન હોય તોય – ને પહેલી પસંદગી આપવાની. 'પટેલ' અને 'ચરોતરનો હોય' તેને પણ પસંદ કરવાનો... બાકી બીજા યોગ્ય/વધુ યોગ્ય હોય તો પણ પછીના ક્રમે લેવાના. એક રીતે તો આ ખોટું આળ છે. આજે તો બધે જ આવી પ્રવૃત્તિ ચાલે છે એ પણ ખરું છે. છતાં હું કહી શકું કે વિદ્યાનગરમાં સારા તથા અભ્યાસી વિદ્વાનોને બોલાવવામાં/સ્વીકારવામાં આવ્યા જ છે... તો અહીં જોડાયા પછી એમની ઉપેક્ષા કર્યાના કે એમને એમના હકના લાભો આપવામાં ઢીલ થયાના તો ઘણા દાખલાઓ છે.

પોતાનાં–મિત્રોનાં – પદાધિકારીઓ – કર્મચારીઓનાં સગાંવ્હાલાંની યોગ્યતા વિશે ચિંતા કર્યા વિના એમને નોકરીએ લેવાનો એક વણલખ્યો શિરસ્તો ત્યારે ય હતો અને આજે ય છે... કદાચ આ વલણ દેશવ્યાપી છે. પણ તમે અભ્યાસ કરો તો આઘાત લાગે કે 'આવા મામકાઃ' કંઈ કામ કર્યા વિના પગાર લે છે ને દાદાગીરી પણ કરે છે. આપણી યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયેલા ૯૦% અધિકારીઓ પોતાની વગથી યુનિવર્સિટીમાં જ પોતાનાં સંતાનોને 'ગોઠવતા' ગયા છે. આજે એ બધા 'વહીવટ' કરે છે. આ બધી ઝીણી તથા ઝખમ કરતી વાતો વચ્ચે એક વાત નોંધવી જોઈએ કે અહીં ઘણા બધા નોનગુજરાતીઓને તથા યોગ્ય ઉમેદવારોને સમાવવામાં આવ્યા છે.

❑



# ૫

## વિદ્યાનગરીનો અસલ ચહેરો

કેટલાક માણસો મન કળાવા દેતા નથી. એમનું તથા એમની ગતિવિધિઓનું સતત નિરીક્ષણ કરીએ ત્યારે એમનાં વલણો ને એમની મુત્સદ્દીગીરી પરખાય ખરાં. જોકે આવા માણસો – અપવાદ સિવાય – જોખમી હોવાના. નગરો પણ 'પોતાનું પેટ' ઝટ કળાવા દેતાં નથી. તમારે એનાં રસ્તા, મકાનો, ગલીઓ–શેરીઓ, સંસ્થાઓ, બજારો તથા લોકજીવનની નીતિરીતિઓને નિત્ય નીરખતાં રહીને એમાં મળતાં ભળતાં રહેવું પડે. જે તે નગરનો નોખો પરિસર તથા એનું વાતાવરણ પણ પરખતાં રહીએ ત્યારે નગરનો ચહેરો આપણા મનમાં બરાબર આકાર પામીને સ્થિર થાય છે – પછી એ નગર આપણને આપણું લાગવા માંડે... કોઈ નગર બહુ ન ગમે તો પણ એના થઈને આપણે રહેવું પડે છે. કેમકે એની સાથે આપણું 'અંજળ' હોય છે.

વિદ્યાનગર તો સૌને ગમી જાય એવું હતું અને હજીય ઘણે અંશે ગમે એવું તો છે જ. જોકે વિદ્યાનગર પણ તરત 'સમજાઈ' જાય એવું નથી... ભણેલાઓના આટાપાટા જુદા જ હોય છે. છતાં વિદ્યાનગર ધીમેધીમે આપણી સામે ઊઘડે છે. એના પરિસરમાં રોજેરોજ ફરતાં રહેવાથી તથા ઝીણાં નિરીક્ષણો કરવાથી વિદ્યાનગરને વાંચી-ઊકેલી-અભ્યાસી શકાય છે. એકલાં વૃક્ષો અને પુસ્તકોથી ભરપૂર જીવી શકાય એવા આ રમણીય નગરમાં ચાહવા જેવા ચહેરા તથા સંગોષ્ઠીઓ કરી શકાય એવા ઉમદા જ્ઞાની મિત્રો માણસો પણ પૂરતા મળી રહે છે. શરૂના ત્રણ-ચાર વર્ષોમાં હું આવી આવી રોમાંચક ગતિસ્થિતિઓ વચ્ચે વિદ્યાનગરને ઓળખી ઓળખીને ચાહતો અને ઉકેલતો હતો. ભણવાનું તો આ પણ કહેવાય ને!

એ તો ખરું જ કે આ વિદ્યાનગરી ભણનારાં-ભણાવનારાંની છે. પણ ભણાવનારાઓની દુનિયા વળી જુદી હોય એવું ય પમાઈ જાય છે. આ જગ્યાનું ચિત્ર કાંઈક આ પ્રકારનું છેઃ

- આ વિસ્તાર (ચરોતર) સ્વામીનારાયણ સંપ્રદાયનું જાગતું કેન્દ્ર છે – જાણે

કે 'એપી સેન્ટર' છે. એનો તમામ રીતે 'લાભ' લેનારા અહીં બહુ સક્રિય છે.

- યુનિવર્સિટીનાં સત્તામંડળોમાં જવું, એવા 'સત્તાધીશો'ની નજીક 'ગુડબુક'માં રહેવું અને છૂટછાટો લઈને ઓછું–નહિવત્ અધ્યાપન કરાવીને ટકી રહેવું તથા સંચાલકો તથા માનેલા મોવડીઓનાં નિત્ય નિત્ય દર્શન કરવાં અને ખુશામત કરતાં શરમાવું નહિ! આમ તરી જનારો પણ મોટો વર્ગ અહીં છે...
- નિષ્ઠાથી અધ્યયન અને નિસબતથી અધ્યાપન કરાવતા શિક્ષકો-અધ્યાપકોનો એક નાનકડો વર્ગ પણ છે જે બહુધા છાનોમાનો પોતાનું કાર્ય કરે છે. વાંચ્યા અને ભણાવ્યા વિના જેને ચાલતું નથી એવા થોડાક લોકો અપેક્ષા વિના તથા ઉપેક્ષાની પરવા કર્યા વિના મોજથી 'મંથન' કરતા રહે છે. ને આમ અહીં તથા બ્હાર એમની મોટી શાખ છે.
- ઉદ્યોગ-ધંધા વેપાર કરનારા પૂરતું કમાઈ લે પછી રાજકાજની ખટપટોમાં દોડતા રહે છે.
- NRI ખૂબ આવે જાય છે. અવસરો ને ઉત્સવો જામે છે.
- નગર તરુખચિત છે, ચોખ્ખાઈ છે. દેશભરમાંથી આવીને વસેલાં જાતભાતનાં લોકોની આ મનગમતી જગ્યા 'મલ્ટી કલ્ચરલ', બહુભાષી તથા ઉત્સવરત લાગે છે.

આવા વલ્લભવિદ્યાનગરમાં આવી, વસતાંની સાથે કેટલાક ઉમદા માણસોની સંગત મળી અને સંગોષ્ઠીઓ શરૂ થઈ ગઈ.

- કવિ અદમ ટંકારવી. મૂળ નામ આદમ મૂસા પટેલ. ને દફતરનું નામ આદમ ઘોડીવાળા. એચ૰ એમ૰ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ઇંગ્લિશમાં અધ્યાપક! ખરો અભ્યાસી, સાદો સરળ પ્રેમાળ અને ફરંદો, માર્મિક વાતોનો માણસ! અમારા બંનેની રોજની બેઠકો તથા રખડપટ્ટી ચાલે...! બહુ બહુ જમાવટો થતી હતી.
- કવિ હરીશ મીનાશ્રુ. બૅંકર પણ માણસ કલાપ્રિય કલાવિદ્. સૌમ્ય, ઉત્તમ ભાવક સહૃદય વાચક. સંતવાણી તથા મર્મવાણીના જાણતલ જીવ. તત્ત્વના ઉપાસક કવિ. જીવન અને અધ્યાત્મની સંવાદિતાના શોધક તથા સાધક. ॥ વિ ॥ સામયિકની સંભાળ લેતા જોઈ રહું. રવિવારે હું ને અદમ સાંજે આણંદ 'હરીશ'ને ત્યાં જઈએ. સાહિત્ય-કલા-સંપ્રદાય બધાંની વાતો જામે. એમાં



રાજેન્દ્રસિંહ જાડેજા પણ હોય. બહુ ઉમદા માણસ.

- ખુમારી-ખુદ્દારીના મોટા માણસ અને દલિત સાહિત્યના 'ખાંસાહેબ' જોસેફ મેકવાન સાથેની મૈત્રી-બેઠકો-ચર્ચા-વાતો-પછી તો અતિ પ્રિય સુખદુઃખની દુનિયામાં લઈ ગયેલી. દિવાળી નાતાલ એકબીજાને ઘેર ઉજવનારા અમે સ્વજનો બની ગયેલા. અનુભવના ભંડારો ખોલતો આ માણસ કથા કથન કરે અને કલાકો નીકળી જાય. સાંભળનારાં અવાક્!
- વિદ્વાન અને અતિ વિનમ્ર સૌમ્ય ઋજુ વ્યક્તિત્વના ધની એ તો ડૉ૰ પ્રમોદકુમાર પટેલ. ગુજરાતી વિભાગમાં તો સાથે જ હોઈએ પરંતુ ત્રણ-ચાર દિવસને આંતરે એમના ઘરે સાંજની બેઠકો થાય. બે લીટીમાં બધાંની બધી ખબર પૂછીને તરત વાત મંડાય વિવેચનના કોઈને કોઈ મુદ્દાની. બહુ વિગતે તથા ઊંડાણથી વિશદ કરી આપે બધું. મેં કદી એમની પાસેથી કોઈની પણ ટીકા અથવા નબળી કે અન્ય આલતુંફાલતું વાત સાંભળી નથી! નખશિખ સાહિત્ય તત્ત્વના સાધક પ્રમોદકુમારે આઘાતો ને અન્યાયો મૂંગે મોઢે વેઠી લીધેલા. એમની સાહિત્ય ચર્ચાઓનો ઘણો લાભ મને મળ્યો છે.

મારા એ દિવસો ઉત્સાહ-ઉમંગથી ભરેલા! નવું નવું વાંચવાનું-લખવાનું જાણે કે શૂર ચડતું... ને એ કામ એક જાતના સ્વસ્થ તથા નવા જ સૂર-તાલમાં થતું. વર્ગો લેવાનો તથા વ્યાખ્યાનો સાંભળવાનો પણ કેફ ચઢતો. લાઇબ્રેરીઓ ફેંદી વળતો, નવી નવી વ્યક્તિઓ મળે, નવી ઓળખ ને નવા અનુભવો... ઈડર માટેનો ઝુરાપો ને પેલાં દૂરનાં વનોપહાડોનું ખેંચાણ! જાણે કે મનના મલકમાં નિત્ય નવા વંટોળ ઊઠતા રહેતા. તન અને મન બેઉ થાકતાં ન્હોતાં. આ પ્રદેશની આબોહવા તથા ત્યારનું વિદ્યાકીય વાતાવરણ સ્ફૂર્તિ ભરી દેતાં.

રવિવારે વાચન તથા ચર્ચાની બેઠકો થતી. એમાં હરીશ મીનાશ્રુ પણ આવતા. હરબન્સ પટેલ, અદમ ટંકારવી, જયેન્દ્ર તથા ચતુર પટેલ પણ આવે. મારી જેમ નવાસવા, અહીં સંસ્કૃત વિભાગમાં જોડાયલા કવિ અજિત ઠાકોર પણ ઉત્સાહથી ભરેલા હતા. ચિત્રકાર અજિત પટેલ તથા બીજા ઉત્સુક મિત્રો પણ હતા. બ્હારથી કવિઓ લેખકો આવે. કવિસંમેલનો, વ્યાખ્યાનો, સંગોષ્ઠીઓ ચાલતાં રહે. ચિત્ર પ્રદર્શનો તથા રંગમંચની પ્રવૃત્તિઓ ચાલે... બે ત્રણ વર્ષમાં સારું કામ થવા માંડેલું... પણ પછી આ બધાનું મળવાનું ધીમું પડેલું... સૌને પોતપોતાની મરજી-નામરજી તથા ગમતી વલૂર, ને ગુપ્ત ફરિયાદો હતી. પણ વિદ્યાના આ નગરમાં ત્યારે તો બારેમાસ મેં તો કાર્યક્રમોની વસંત

જોઈ-જાણી-માણી હતી. હું એની વચ્ચે હતો.

મારું તથા અદમનું મળવાનું અવિરામ ચાલતું જ રહેલું. અદમ પાકો નમાજી ઇન્સાન, સારા શાયર, અંગ્રેજી ભાષાના ઉત્તમ શિક્ષક, સાહિત્યના અભ્યાસી પણ ખરા. વિષય વસ્તુના મૂળમાં જાય, વાતને એના સર્વ સંદર્ભોમાં જુવે પણ વાસ્તવ સાથે જોડીને મૂલવે. ટૂંકું તથા અર્થપૂર્ણ બોલે ને વચ્ચે વ્યંગનાં છાંટણાં કરે. એમના બે શેર (ને આમ તો ઘણા બધા) ત્યારે ને આજે ય બધાંને યાદ હતા/છે. એ નોંધીએ:

*કેવળ દવાથી દર્દ અમારું નહિ મટેઃ*

*થોડો સમ્બન્ધ પણ ઉમેરો સારવારમાં!*

o

*યાદોનાં પરફ્યુમ્સ ઊડે છે/ડનલોપી સપનાં આવે છે*

*તારી ગલીના લૅમ્પ-પોસ્ટ પર/સાંઠ વૉલ્ટનું ફૂલ ખીલે છે.*

અદમ અને હું વ્યાખ્યાન પ્રવાસો કરીએ. કવિ સંમેલનોમાં જઈએ. ઘણીવાર અશોકપુરી પણ જોડાયા હોય. ભરૂચ જિલ્લામાં, અદમનાં વતન ગામોમાં – ટંકારિયા, દયાદરા, પાલેજ, ઈખર, કોઠી, નબીપુરમાં કાવ્યપાઠ અને સ્કૂલોમાં કવિતા શિક્ષણ કરીએ. NRI પણ આવ્યા હોય ને મુશાયરા મધરાતે ય જામતા હોય. ચીખલી, ઈડર, મોડાસા, વડોદરા, અમરેલી, બગસરા, ભાવનગર – અમારી કવિતા/શિક્ષણની યાત્રાઓ ચાલતી રહેતી. શુક્રવારની બપોર હોય ને પ્રવાસમાં હોઈએ તો અદમની ખાસ નમાજ માટે ગામ તથા મસ્જિદ પણ શોધીએ... એવી રઝળપાટનો આનંદ લૂંટવા મન આજેય તડપે છે.

અદમ, ઇન્સ્ટિટ્યૂટથી છૂટીને રોજ ચાર વાગ્યે મારી ચૅમ્બરમાં – માનવવિદ્યાભવન પર – આવે જ આવે. નવા લેખન/વાચનની વાતો કરતા બેસીએ. ત્યારે અમે સાહિત્ય શિક્ષણ – કવિતા, વાર્તા, નિબંધ અસરકારક રીતે ભણાવવા શું કરી શકાય-ની ધૂનમાં હતા. દક્ષેશ, શીલા, સંગીતા જેવા એમ.એ.નાં વિદ્યાર્થીઓને બેસાડી, વંચાવી, પ્રશ્નો પૂછીને કૃતિ શિક્ષણના પ્રત્યક્ષ નમૂના કરતા હતા. આ લેખોનું પુસ્તક થયેલું તે *સાહિત્યનો સ્વાધ્યાય.*

અદમ પાસે વાતોનો ભંડાર. ખૂટે જ નહિ. અજંપ કરી દે ને કાર્ય કરવા દોડાવે એવી ય વાતો એમની પાસેથી સાંભળતો. પાંચ વાગ્યે અમે બંને મારી ચૅમ્બરમાંથી નીકળીએ. વિદ્યાનગરના વૃક્ષછાયા માર્ગો પર ચાલીએ. ચાની કીટલીએ ઝાડ નીચે, ચાર



રસ્તે બેસીએ... બીજાં આયોજનો સાથે વ્યતીતની વાતો થાય. અદમને ત્યાં કે મારે ત્યાં જઈને પણ બેસીએ. ચણાદાણા ફાકતાં પાછા શાસ્ત્રી મેદાને કે કોઈ મળવા જેવી વ્યક્તિને ત્યાં જઈ બેસીએ. આ દરમ્યાન 'ગુજરાતી ગઝલ' વિશે ચોપડી કરવાનો વિચાર અદમને આવ્યો. એટલે કોઈ કોઈ સાંજે અદમને ઘરે બેસીએ. અદમ બોલે ને હું લખું. હું પણ દૃષ્ટાંતો બોલું. કામ ઠીક ચાલ્યું ને પાર્શ્વ પ્રકાશને સરસ પુસ્તક કરી આપેલું. બે-ત્રણ વર્ષમાં અદમને – મને આમ પરિણામલક્ષી કામ કરતા જોઈને કેટલાક મિત્રો નારાજ થયેલા ને કટાક્ષો પણ કરતા. મારી *અંધારું* નવલકથા, નવાં નિબંધો-વાર્તા-કાવ્યો પણ આ વર્ષોમાં લખાતાં – પ્રકાશિત થતાં હતાં. અદમ સાથે વાર્તાના વિષયો ચર્ચાતા. *જાંબુ* તથા *નિશા* વાર્તા એનાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો છે. અહીં કામ નહીં કરનારો અને તમે કામ ના કરો એવું ઇચ્છનારો વર્ગ આજે પણ બહુમતીમાં છે. એટલે અમારું કામ તથા પરિણામ જોનારા પછી જુદી જુદી રીતે લંગર નાખતા... પણ અમને તો કાર્ય કરવાની ધૂન લાગેલી. અમે 'વર્કોહોલિક' હતા અને છીએ એનો સંતોષ છે.

અદમને યુ.કે.ની એશિયન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલમાં જોડાવાની, ત્યાંના એમના સમાજની, ઑફર આવી. ઘણાં કારણોસર એ પણ અહીંથી ખસવા ચાહતા હતા. ૧૯૯૧માં એ ગયા અને હું પાછો એકલો પડેલો. પેલા હિતશત્રુઓ જોશમાં આવી ગયેલા. પણ મારું સુકાન તો મારી પાસે હતું. મેં 'દસમો દાયકો' સામયિક એકલે હાથે ચાલુ કર્યું. વિભાગમાં પ્રમોદકુમાર અધ્યક્ષ બન્યા અને કુલપતિ તરીકે દિલાવરસિંહજી જાડેજા જોડાતાં જ્ઞાનસત્રો, સર્જનાત્મકલેખન શિબિરો, પરિસંવાદો શરૂ થયાં. 'શીલશ્રુતમ્' મુખપત્ર શરૂ થયું ને હું એમાં ય જોડાયો. સુમન શાહના વડપણમાં 'સન્નિધાન' ભાષાસાહિત્ય અધ્યાપનનું એકમ તથા 'સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમ' શરૂ થતાં ત્યાં ય મારી સક્રિયતા વધુ જરૂરી બનેલી. કામ કરનારને કામ કદી ખૂટતું જ નથી.

❑

# ૬

## સૌના મિત્ર આદમ ઘોડીવાલા...

અદમ ટંકારવી યુ.કે. જાય એ પહેલાંના છ-આઠ માસમાં અમે અમારાં કાર્ય, આયોજનો, ચર્ચા તથા સાહિત્યિક પ્રવાસોમાં વ્યસ્ત હતા. 'દસમો દાયકો' એવા સામયિકના નામ સબબ અદમનું કહેવું હતું કે 'વિકલ્પ' કે 'સંકલ્પ' – એવું નામ રાખીએ તો...? મેં કહેલું: "મારે કશાયનો/કોઈનો ય 'વિકલ્પ' બનવું નથી. કશો દાવો રજૂ કરવો નથી. મારો કોઈ ચુસ્ત 'સંકલ્પ' પણ નથી કે હું આમ કે તેમ કરી નાખું. મારી વાત તો એટલી જ છે કે મારે મારા સમયના સાહિત્યને જાણવું-નાણવું છે. એવા સાહિત્યના વાહક ને ચાહક બનવું છે કે જે સમાજની, જીવનની તળગામી વાત કરતું હોય તથા કલાતત્ત્વની ખેવના પણ કરતું હોય. નવાં – પરિષ્કૃત – વલણો પ્રગટાવતી કૃતિઓ પ્રગટ થાય. જે સાહિત્યવાચકે/ભાવકે/લેખકે પોતાની વાત કહેવા સાથે સમાજ અને સાહિત્ય વિશે પણ કૈંક ને કૈંક કહેવાનું હોય એની પાસે એનાં પોતાનાં પાનાં-થોડાં કોરાં પાનાં હોવા જોઈએ...'

અદમ મારી વાત સાથે સંમત થયા. યુ.કે.થી મને કવિતા લેખો(પત્ર રૂપે) મોકલતા રહેવાની મારી વિનંતી એમણે સ્વીકારી અને સામગ્રી નિયમિતપણે મોકલી હતી. 'મિત્રો તમને અઘરું પાડશે... પણ તમે પહોંચી વળશો/હારશો નહી એની મને ખાતરી છે.' – અદમની આ વાત 'દસમો દાયકો' તથા મારા લેખન સન્દર્ભે હતી... ને સાચી પડી હતી. મિત્રો-માણસો ચહેરા બદલે એનાથી ય વધારે ખતરનાક રીતે લેખકો-વિવેચકો ચહેરા જ નહિ મહોરાં પણ બદલે છે... આપણે માની ના શકીએ કે સર્જક 'સર્જન'– વિરોધી પણ બની શકે છે. કૉલર પકડીને ધમકી આપનારા ય પ્રગટ થયા હતા. સાથે માનેલા તે પણ સામે પડ્યા હતા... આજે પણ ફેર પડ્યો નથી. લેખન-વાચન તથા અધ્યયન-અધ્યાપનના મારા એકમાત્ર લાઇફ-મિશનને મેં જાળવી રાખેલું... વિપરીત પવનો સામે મારી હથેલીઓની આડશ કરીને ય મેં મારા કોડિયાને જગતું રાખ્યું છે – રામીમાએ દીવેલ-તેલ પૂરતા રહેવાની શીખ આપેલી તે પાળું છું... ને ઉમાશંકર – સુરેશ જોષીને મારી આંખ સામે રાખીને મથું છું, હજી ય.



'મનનું મેલું અને લાકડાનું પોલું' – ખબર નથી પડતી. એમાં છેક પ્રવેશવું પડે છે. નમાજી ને પછી તો હાજી બનેલા અદમ નેક તથા કર્મઠ ઇન્સાન ખરા. મને આજેય ગમતો માણસ. સફેદ જ કપડાં પહેરે – અપવાદે કદીક જ વાદળી શર્ટ હોય. બાકી બગલ થેલો તથા વાળ-મૂછદાઢી પણ સફેદ. ચહેરા પર રહી રહીને હથેળી ફેરવ્યા કરે. ને ડાબે હાથે દાઢીના વાળને ખેંચતો – સહેલાવતો જાય અને ગંભીર ચર્ચામાં પરોવાઈ જાય... વળી થોડીવારમાં મુક્ત મને હસી પડે... એ સાંપ્રદાયિક નહીં પણ પાક્કા મુસ્લિમ અને સમભાવી, માનવતાવાદી પણ ખરા. શિક્ષણ-સમાજ-ધર્મ-રાજકારણની ય ખાસ્સી સૂઝબૂઝ. એમનો સાથ આપણામાં કૈંક નવું ને નવું ઉમેરતો રહે. નેવુંના વર્ષમાં સલમાન રશદીની *સેતાનિક વર્સિસ* નવલકથા વિવાદમાં આવી અને ભારતમાં પ્રતિબંધિત થઈ ત્યારે અદમ પ્રતિબંધના પક્ષમાં હતા... ને સત્ય જાણવા માટે નવલકથા ગુપ્ત રાહે વાંચી ગયા હોય એવી રીતેભાતે મારી સાથે ચર્ચાઓ કરેલી. ગોધરાકાંડ (૨૦૦૨) તથા પછીનાં તોફાનો વિશે જુદી રીતે રજૂઆત કરતો *ઓથાર* કાવ્યસંગ્રહ અદમ દ્વારા લખાયો ત્યારે પહેલીવાર આઘાત લાગ્યો – 'આદમભાઈ;' 'અદમ ટંકારવી'-ને મ્હાત કરીને પ્રગટ થતા હતા. કૈંક સાંપ્રદાયિક તથા ફન્ડામેન્ટાલિસ્ટની માનસિકતા ધરાવતી એ કૃતક કાવ્યરચનાઓ અજંપ કરી દેતી હતી.

અદમે *ઓથાર*ની હસ્તપ્રત પ્રસ્તાવના લખવા માટે થઈને જોસેફ મેકવાનને મોકલાવેલી. જોસેફે – 'હું કવિતાનો માણસ નહીં –' કહીને મારી મદદ માગેલી. હું હસ્તપ્રત વાંચી ગયો. પ્રસ્તાવના માટે થોડાક માર્ગદર્શક મુદ્દાઓ ટાંકીને હસ્તપ્રત પરત કરેલી. જોસેફે મારો પ્રતિભાવ માગ્યો. મેં કહ્યું કે રચનાઓ પક્ષપાતથી અને સાહિત્યેતર ઉદ્દેશથી થયેલી લાગે છે. એમાં ગોધરા સ્ટેશને બાળવામાં આવેલા ટ્રેનના ડબ્બામાં ભડથું થઈ ગયેલા તથા એ પછી પણ બેરહેમીથી મરાયેલા બિનમુસ્લિમોને વિશે એક પણ હરફ નથી. માનવતાવાદી કવિતા માત્ર એક જ ધર્મના લોકોની વાત કરતી હોય તો એમાં સાહિત્ય સિવાયનો 'મતલબ' હોઈ શકે છે. હા, જે હત્યાઓ અને નિર્દય નરાધમોની કવિતા વાત કરે છે તે થોડીક સ્થૂળ-સપાટ રહીને પણ સંવેદના જગવે છે – 'પણ બધાં જ લોહીનો રંગ લાલ છે –' એ વાત નથી થઈ; કદાચ જાણી જોઈને નથી કરાઈ. એકપક્ષીય સંવેદનાની સાથે ઊભા રહેવું એ પણ અપરાધ છે. જોસેફે પ્રસ્તાવના ના લખી. એમને તથા અદમને શી વાત થઈ તે હું નથી જાણતો. અદમની લાગણીઓ એમનાં માણસો માટે હોય જ એ સમજી શકાય છે... પણ કવિતા માણસ માત્ર માટે હોય છે. જોસેફ મેકવાનના ગુજરી ગયા પછી હશે... મને *ઓથાર*ની છાપેલી નકલ મળી. મને તો ત્યારે જ ખબર પડી કે પ્રસ્તાવના જોસેફે નહીં કર્મશીલ ડંકેશ

ઓઝાએ લખી છે. વિદ્યાનગર ખાતે અમારા વિભાગના કોઈ કાર્યક્રમમાં ડંકેશભાઈ, રઘુવીરભાઈ સાથે આવેલા. ડિવાઈનમાં જમતાં ડંકેશભાઈએ *ઓથાર*ની વાત કાઢી ત્યારે મેં ઉપરોક્ત – જોસેફવાળી – વાત કહી...! ડંકેશે કહેલું કે મારું ધ્યાન ટ્રેનના ડબ્બાના મૃતકો (૬૦) વિશેની કવિતા નથી એ તરફ નથી ગયું... હું હવે પુનઃ જોઈ જઈશ.

અદમનું જ એક મુક્તક અહીં યાદ આવે છેઃ

*કેડી કેડી છે પાંગળી અહીંયાં*
*બત્તી બત્તી છે આંધળી અહીંયાં*
*સૌના કાંડાં કપાયેલાં દીઠાં*
*કોની પકડીશું આંગળી અહીંયાં?!*

પણ અદમ ઉમદા માણસ છે એ વાત – *ઓથાર* પછી ય – સબળ રીતે ઊભી રહે એવી મજબૂત ને મૂળગામી છે. એમની શિક્ષણની ખેવના કરવામાં તથા માનવતાની/લોહીમાં જાગતાં સંવેદનોની ૭૮૬ ગઝલોમાં, અદમની સચ્ચાઈ અનુભવાય છે. ઘોડો ક્યારેક ઠોકર ખાઈ જાય છે... ને તરત એની નિજી ચાલમાં આગળ વધે છે. *ઓથાર* વિશે ડૉ૦ દાઉદભાઈ ઘાંચીસાહેબનું એક વસ્તુલક્ષી અવલોકન વાંચવા મળેલું... બસ. પછી એ વિશે કશા વાવડ નથી. એ જ દિવસોમાં અદમની (જે એ નથી લખતા) *લોહીનું ખેતર* લઘુનવલ વાંચેલી... અલબત્ત, એમાં ય હિન્દુ ધર્મ/શ્રદ્ધા વિશે વિવાદાસ્પદ ઘણું હતું... જોકે કથાસાહિત્ય એમનું ક્ષેત્ર નથી રહ્યું.

આદમ ઘોડીવાળા 'ઇન્સ્ટિટ્યૂટ છોડીને યુ.કે. ના જાય તો સારું' એવું શ્રી એચ૦ એમ૦ પટેલનું માનવું હતું... બલકે એમણે ઘોડીવાળાને બોલાવી – બેસાડીને આગ્રહ કરેલો... ને કહેલું કે કૈં વધુ સગવડ જોઈએ તો કહો. આદમ પોતાના સંતાનો – ખાસ તો બે દીકરીઓ-ના ભવિષ્ય માટે થઈને યુ.કે. જવા ચાહતા હતા. મોટો દીકરો તથા દીકરી ત્યાં પરદેશ હતા. અન્ય સગાંનો પણ આગ્રહ હતો. ત્યાં કામ તથા કમાણી બંને હાથવગાં (૧૯૯૦માં તો ખાસ) હતાં. શિક્ષણ, સલામતી અને શાંતિનું જીવન અહીં કરતાં ત્યાં વધુ માણી શકવાની ખાતરી હતી. આદમને છેક ઊંડે ઊંડે, પોતાની ભાવિ પેઢી માટે અહીં અસલામતીનો તથા ઓછી તકોનો અને અશાંતિનો ડર હતો. ભારતીય રાજકારણમાં નીતિમૂલ્યો તથા માનવીય અભિગમનું ઝડપી ધોવાણ એમને પજવતું હતું. વિશ્વાસની કટોકટી તો આજે પણ ક્યાં નથી?! ને યુ.કે.માં પણ ક્યાં નથી?!

પણ બીજી પણ બે-ત્રણ બાબતો હતી. અહીં એ જ્યાં સર્વિસ કરતા હતા – 'એચ૦ એમ૦ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ઇંગ્લિશ ટ્રેનીંગ ઍન્ડ રીસર્ચ'-માં ડાઇરેક્ટર શ્રી સુભાષ



જૈનની કાર્યપદ્ધતિમાં પારદર્શકતા ઓછી થતી જતી. શ્રી જૈન દ્વારા થતી 'ઘાલમેલ' – વિશે એ જાણતા હતા. પણ પટેલ સાહેબને એ કહી શકે એમ હોવા છતાં, કહેતા ન્હોતા અને વિષાદ અનુભવતા હતા. શ્રી જૈન, એચ૦ એમ૦ પટેલની અતિ વિશ્વાસુ વ્યક્તિ હતી... અને શ્રી જૈન એ વિશ્વાસનો ગેરલાભ લઈ રહેલા હોવાની વાત આદમને કઠતી હતી. આ મુદ્દો આદમ માટે નાજુક હતો... સંચાલક મંડળના – ચારુતર વિદ્યામંડળઃ CVM-ના અધ્યક્ષ શ્રી એચ૦ એમ૦ હતા. એમને આવી વાત – હીન કક્ષાની વાત કરવી ઠીક નહીં, ને બીજી તરફ એમને તકલીફ થતી હતી. વળી સુભાષ જૈનનું નામ વેસ્ટ ઝોનમાં 'ઇંગ્લિશના બેસ્ટ ટીચર' તરીકે ખ્યાત હતું. આદમ પણ નિષ્ઠાથી કામ કર્યે જતા...

આપણે એ સમયનાં શિક્ષણ સમાજનાં વલણો સન્દર્ભે ઇન્સ્ટિટ્યૂટની વાતને જોઈએ. થોડી વાત સી.વી.એમ. તથા અધ્યક્ષશ્રી એચ૦ એમ૦ પટેલની પણ જોઈશું. ભાઈકાકા સ્વતંત્ર પક્ષની રચના કરી અને સક્રિય રાજકારણમાં જોડાઈ રહ્યા હતા (૧૯૫૯) ત્યારે એમને ચા૦ વિ૦ મંડળ માટે ઉત્તમ અને સક્ષમ પુરોગામીની જરૂર હતી. એમની નજર શ્રી એચ૦ એમ૦ પટેલ ઉપર ઠરેલી. એચ૦ એમ૦ એટલે કે હીરુભાઈ મૂળજીભાઈ પટેલ. બધા એચ૦ એમ૦ થી સંબોધે. એ એ જમાનામાં વિલાયત ભણીને આઈ.સી.એસ (આજના IAS) થયેલા. સરદાર પટેલ પાસે દિલ્હીમાં ઘડાયેલા. એચ૦ એમ૦ તેજસ્વી, નીતિનિષ્ઠ, કડક, કાર્ય અને પરિણામના આગ્રહી હતા. એમને સાહિત્ય તથા કળાઓમાં વિશેષ રુચિ હતી. વિજ્ઞાન અને સમાજશાસ્ત્રોના મહત્ત્વને પણ એ પ્રમાણતા. સમાજ અને રાજ્ય વિશે પણ એમને ઘણી રુચિ હતી. આ બધાં વાનાંની શિક્ષણમાં તો જરૂર છે જ. ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે સરદાર પટેલે, એચ૦ એમ૦ પટેલ (મૂળ ધર્મજ ગામના વતની – પોતાના સમાજના પટેલ, વિશ્વાસુ અને બાહોશ ICS)-ને મિલકતોના ભાગલાની કપરી જવાબદારી સોંપેલી. એક જ બીજા સાથીની મદદથી વીસ-ત્રીસ દિવસમાં એમણે એ કાર્ય એવી રીતે સમ્પન્ન કરેલું કે કોઈ પક્ષને કશી ફરિયાદ ન્હોતી. પછી એ કેન્દ્રમાં નાણાં ખાતાના સચિવપદે હતા. કોઈ રાજકીય કારણે એમણે એ પદ છોડવાનું થયું ત્યારે (૧૯૫૯ આસપાસ) ભાઈકાકાએ એમને C.V.M. વિદ્યાનગરનું સુકાન સોંપેલું. એ ઉત્તમ કેળવણીકાર, સફળ વહીવટકાર અને દૃષ્ટિવંત સંયોજક બની રહેલા. પછી તો મોરારજી દેસાઈની સરકારમાં (૧૯૭૭-૮૦) એ કેન્દ્રીય નાણાંમંત્રી રહેલા... પણ અંતિમ શ્વાસ સુધી એમણે ભાઈકાકાની આ સ્વપ્નનગરી – વિદ્યાનગરી/યુનિવર્સિટીને સુખ્યાત બનાવવામાં જીવન ખર્ચી નાખેલું. એમણે કરસમદમાં મેડિકલ કૉલેજ તથા હૉસ્પિટલનું સ્વપ્નું પણ સાકાર કર્યું. આજે

એમનાં દીકરી કુ. અમૃતા પટેલ એ સંભાળીને વિકસાવી રહ્યાં છે. હજારો ગરીબોને એનો લાભ મળે છે.

એચ૰ એમ૰ પટેલને સાઠ વર્ષ થયાં ત્યારે એમનું શુભેચ્છા-સન્માન થયેલું. એમને ભેટમાં જે નાણાંની થેલી અપાઈ હતી એમાં બીજા એટલા રૂપિયા ઉમેરીને, એમણે અંગ્રેજીના ઉત્તમ અધ્યાપકો લાવીને – ઉત્તમ અંગ્રેજી શિક્ષકો તૈયાર કરવાના હેતુથી 'શ્રી એચ૰ એમ૰ પટેલ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી અને ખૂબ વિકસાવી. આ સંસ્થાને યુ.જી.સી.એ મોટું અનુદાન આપીને એને વેસ્ટ ઝોનની ટ્રેનીંગ સંસ્થા તરીકે માન્ય કરી. રાજસ્થાન-ગુજરાત-મહારાષ્ટ્ર અને ગોવામાં આ સંસ્થા પોતાની એક્સ્ટેન્શન સેવાઓ આપે, વર્કશૉપ, ટ્રેનીંગ કૅમ્પ, સેમિનાર કરે અને ઇનસર્વિસ ટ્રેનીંગ કાર્યક્રમો ચલાવે. સાથે બી. એડ.-ની તાલીમ તો આપે જ. આમ આ સંસ્થાએ ગુજરાત અને ગુજરાત બહાર – વેસ્ટ ઝોનમાં ખૂબ કામ કર્યું. આથી અંગ્રેજી શિક્ષણ તથા ગુણવત્તા ખૂબ વધ્યાં હતાં. શ્રી સુભાષ જૈન પોતે જ આના કેન્દ્રમાં રહેતા... અધ્યાપકોની શક્તિઓનો ઓછો લાભ લેતા. અન્ડર પેમેન્ટ કરતા અને ટાઇપરાઇટર પર જાતે જ હિસાબો લખતા. વર્ષે દહાડે રૂ. લાખેકની બચત કરી મંડળને ખુશ કરી દેતા... ને આમ એમની 'ઘાલમેલ' ઉપર રેશમી પડદો પડી રહેતો. આદમ પણ એ પડદાને દૂરથી જોઈ રહેતા... છેવટે ઉદાસી ખંખેરી કાર્યમાં ખૂંપી જતા. પણ મનમાં થયા કરતું હતું કે તક મળે છે તો હવે યુ.કે. જવું જોઈએ.

ઇન્સ્ટિટ્યૂટે આદમને ચાલુ નોકરીએ (૧૯૮૦ આસપાસ) યુ.કે.ની લેંકાસ્ટર યુનિવર્સિટીમાં એડવાન્સ સ્ટડીઝ માટે મોકલેલા. આદમને યુ.કે.ની એ ટ્રેનીંગ હવે યુ.કે. બોલાવતી હતી. આદમે સંસ્થાનું ઋણ ચૂકવાય એટલી – એક દસકો – સર્વિસ આપી હતી. પણ એચ૰ એમ૰ પટેલ આદમ જેવા સંનિષ્ઠ અધ્યાપકને ખોવા ન્હોતા માગતા. પણ આદમ છેવટે ૧૯૯૧માં યુ.કે. જઈને જ રહ્યા. ઇન્સ્ટિટ્યૂટના બીજા ઉત્તમ અધ્યાપકો હતા – રાજેન્દ્રસિંહ જાડેજા – જે એડીનબરો, યુ.કે.માં એક વર્ષ ભણી આવેલા. સુશ્રી સુલભા નટરાજ તથા મિસિસ કૉરડેરો પણ ઉત્તમ અધ્યાપિકાઓ. મિસિસ કૉરડેરો આદમનાં નજીકનાં મિત્ર હતાં. આદમ જતાં એ ય – મારી જેમ – એકલાં પડ્યાં હતાં.

❑



**૭**

## વિદ્યાનગર અને હું...

ઈડર અને વલ્લભવિદ્યાનગર સાવ ભિન્ન હતાં/છે. ઈડર પ્હાડીઓ, નદીતળાવો તથા સમીપવર્તી ગિરિમાળા-વનોવૃક્ષોનો પરિવેશ ધરાવતો પ્રદેશ. અરવલ્લીની એ છેલ્લી દક્ષિણ ટૂકો રમણીય પણ ઘણી. ત્યાંની પરગજુ-ભાવુક અને ભલી પ્રજા. હજીય એ વર્ષો તથા એ જુવાન દિવસો લોહીમાં વહી રહ્યાં છે. જ્યારે આ ચરોતર હથેળી જેવો સપાટ, પણ ફળદ્રુપ જમીનો અને વૃક્ષોખચિત વિસ્તાર. દુનિયાભરમાં જ જઈને કમાતાંધમાતાં અહીંનાં પ્રજાજનો... પાક્કાં અને પોતાનાંમાં વ્યસ્ત!

એકવાર ટ્રેનમાં મુસાફરી કરતાં મિત્રો આદમ તથા રાજેન્દ્રસિંહે મને પૂછેલું = હજી મને વિદ્યાનગરમાં આવ્યે બે વર્ષ માંડ થયેલાં = કે તમને ઈડર ને મુકાબલે વિદ્યાનગર કેવું લાગ્યું? ત્યારે મેં મારો અનુભવ જણાવતાં ઉપરોક્ત ભૂમિકા બાંધતાં જવાબ વાળેલો:

> "ત્યાં કૉલેજ હતી. અહીં વિશ્વવિદ્યાલયનો પ્રભાવક માહોલ છે. મને અલગ પોતાની ઑફિસ – (બલકે ઓરડી) – આપીને, મારો બોલતોચાલતો – મોજ કરાવતો, સ્ટાફરૂમ લઈ લીધો છે. તમે મારાં પ્હાડો-વનો લઈ લીધાં છે ને મને વર્ષો ઊંચાં વૃક્ષો તથા બારેમાસ હરિયાળો પ્રદેશ આપીને, મને અહીંનો બનાવવા લલચાવ્યો છે. ઈડરનાં માણસો પ્રેમથી ભાવપૂર્વક બોલતાં તથા ઘરે તેડી જતાં – સીમવગડે કૂવાવાળા આંબે – બાટીદાળ ખવડાવતાં. અહીંનાં લોકો 'કદીક ઘેર આવજો' એમ કહે છે. માપીને હસે-બોલે અને તમે એમને માટે 'ઉપયોગી' હોય તો જ તાળી આપે છે. આ મલક 'અઘરો' છે. બહુ!"

વળી મેં ઉમેરેલું કે મારા મનમાં વિદ્યાનગરના શૈક્ષણિક વાતાવરણ વિશે જેટલા ઊંચા ખ્યાલો હતા તે ખ્યાલો ઘણા નીચે ઊતર્યા છે. બધુ પ્રત્યક્ષ થતાં લાગે છે કે, શિક્ષણ-નિસબત-વિદ્યાર્થીઓની ધગશ/મહેનત – પરસ્પર પ્રેમાદર તથા મૂલ્યોના સન્દર્ભે ઈડરની અમારી એ (૧૯૭૦થી ૧૯૯૦ સુધીની) કૉલેજ ઘણી રીતે આગળ હતી.

અહીં સૌથી વધુ નબળો-દોદળો હોય તો તે અહીંનો ભણાવવામાં બેફિકર રહેતો અને પોતાના સ્વાર્થમાં મસ્ત રહેતો અધ્યાપક છે. આવા લોકોની સંખ્યા પચાસ ટકાએ (ત્યારે) છે, આજે એ સંખ્યા નેવું ટકાએ પહોંચી છે. બંને મિત્રો મર્મમાં હસતા હતા... મને લાગેલું કે મારી વાતોમાં એ સમ્મત હતા, વળી મારી જેમ એ ય રાજી ન્હોતા! સાચ્ચો માણસ રાજી કેવી રીતે/કઈ વાતે થાય?? જવાબની જરૂર નથી.

ભાઈકાકા અને એચ૰ એમ૰ને; એમનાં સ્વપ્નોને, સમજીને મહેનત કરનારા માણસો ક્રમશઃ ઘટવા માંડેલા – જ્યારે હું આ વિદ્યાનગરીનો નિવાસી થયો હતો. વિધ્યાભ્યાસ તથા નિસબતનું સ્થાન ખુશામત, સત્તાની લાલસા લેવા માંડે ત્યારે સારો સમય ઝાડની બખોલોમાં જઈને સૂઈ જતો હશે એ નક્કી! જોકે મારા તો એ નવા અને ઉત્સાહ ઉમંગના દિવસો હતા... પતંગિયાની જેમ આ રમ્ય પરિસરમાં હું ઊડ્યા કરતો હતો. મેં 'વિદ્યાનગર' – એવો લલિતનિબંધ લખ્યો. ॥ વિ ॥ માં છપાયો. એચ૰ એમ૰ પટેલના વાંચવામાં આવ્યો. એમણે આદમને પૂછેલું કે આ 'વિદ્યાનગર' નિબંધ લખનાર ભાઈ ક્યાં છે? અહીં હોય તો એમને લઈ આવજો. આદમે મને વાત કરી. 'એચ૰ એમ૰ પટેલ અમસ્થા ના બોલાવે... હા! જરા સાવધાન રહેજો.'

એક બપોર તરફ ઢળતી સવારે, વૃક્ષોના છાંયડાઓ અને રસ્તાઓની મોકળાશ માણતા માણતા અમે સી. વી. એમ.ની ઑફિસે જઈ ઊભા. એચ૰ એમ૰ પટેલ સાબરકાંઠાથી સંસદની ચૂંટણીમાં ઊભા હતા ત્યારે અમને ઈડરમાં એ મળેલા. એમને પહેલીવાર ત્યારે જોયા-સાંભળ્યા હતા. બધાથી એ જુદા લાગ્યા હતા. મનમાં થોડી ફડક હતી. કડક હોવાની એમની છાપ સાચી હતી. ઔપચારિક રીતે વાતો કરી. 'આ કૅમ્પસ ઉપર બૌદ્ધિકો મળે અને ગોષ્ઠિઓ ચાલે' – એવો એમની વાતનો સૂર હતો.

ઉપરોક્ત મુલાકાત પછી બે-એક ઘટનાઓ બની. એક તો ભાઈકાકાની જન્મશતાબ્દી (૧૯૮૮) નિમિત્તે, નલિની કૉલેજના આચાર્યશ્રી દિલાવરસિંહ જાડેજાના માર્ગદર્શનમાં શતાબ્દી ગ્રંથ તૈયાર થતો હતો. એના સમ્પાદક મંડળમાં મને જોડવામાં આવ્યો. (મારા વિભાગમાં આના અવળા પ્રત્યાઘાત પડેલા એ વાત પછી કરીશું.) વિદ્યાના કાર્યમાં નિસબતથી જોડાવું તથા કામ કરવું – એ મારું ધ્યેય પણ ખરું. હું ઝડપથી મોટા વર્તુળમાં સામેલ થયો. મહિનામાં એક બે વાર ઢળતી સાંજે, એચ૰ એમ૰ને બંગલે અનૌપચારિક ગોષ્ઠી પ્રારંભાયેલી ત્યાં મિત્રો મળતા. મને એમાં જોડાવાનું કહેણ મળતાં હું આદમ, રાજેન્દ્રસિંહ તથા હિમ્મત પટેલ સાથે જતો થયો. ચર્ચા અને નાસ્તો બંનેનું ધોરણ ઊંચું. એચ૰ એમ૰ ને હું પૂર્વ નાણાંમંત્રી તરીકે પણ જોયા કરતો. વિવેક, કડપ અને મુદ્દાસર વાત તથા સંયત વાણી પ્રવાહ! શીખવાનું તે આ ય ખરું. જોકે આવી



ગોષ્ઠીઓ બે આંકડા સુધી પણ ન્હોતી પહોંચી. એચ૰ એમ૰ કહેલું કે હવે તમે મિત્રો તમારી રીતે ઇન્સ્ટિટ્યૂટમાં મળજો ને ગોષ્ઠીઓ ચાલુ રાખજો... પણ યોજક; તત્ર દુર્લભઃ! જોકે આદમ અને હુંઃ અમારી સભાઓ થતી હતી.

સરદાર પટેલ વિશે ફિલ્મ બનાવવાની વાત એચ૰ એમ૰ પટેલે ઉપાડી અને દોર હાથમાં લીધો. એ દિવસોમાં એમને બંગલે પરેશ રાવલ, વિજય તેંડુલકર તથા કેતન મહેતા આવતા. એચ૰ એમ૰, આદમને/રાજેન્દ્રસિંહને તલબ કરતા ને હું પણ એમાં જોડાતો. મિત્રો મહેમાનોના ઇન્ટરવ્યુ કરતા. ॥ વિ ॥ માં છપાતા. એચ૰ એમ૰ પટેલે ક૰ મા૰ મુનશીની નવલકથા *ગુજરાતનો નાથ*નો અંગ્રેજી અનુવાદ કરેલો. મને એ ગ્રંથ પણ ત્યાંથી મળેલો. પટેલસાહેબ 'નિરીક્ષક' તથા ભિક્ષુ અખંડ આનંદ ટ્રસ્ટમાં જોડાઈને લોકરુચિ ઘડવાના યજ્ઞમાં સહાય કરતા હતા. પોતાની સંસ્થાઓમાં શિક્ષણકાર્યની ગુણવત્તા જળવાય અને સંનિષ્ઠ તથા નિસબતવાળા અધ્યાપકોની ઉપેક્ષા ન થાય એની એ કાળજી લેતા. મિટિંગો-ચર્ચાઓ કરતા. વિદ્વાન અને કાર્યમાં રચ્યાપચ્યા રહેતા અધ્યાપકોને એ પણ માન આપતા, બિરદાવતા. આચાર્યો નિર્ણય તથા શૈક્ષણિક ખર્ચ બાબતે સ્વતંત્ર હતા. 'વિદ્યાર્થી કેન્દ્રમાં રહેવો – હોવો જોઈએ' એ વાત મહત્ત્વની ગણનાર એચ૰ એમ૰ પટેલ વિદ્યાર્થીઓને પણ જરૂરિયાતો પૂછતા. ખરા અર્થમાં એ શિક્ષણવિદ્ તથા શિક્ષણના પ્રહરી હતા.

શિક્ષણના ઋષિ તો કોઈ ગાંધી-કાલેલકર કે ઉમાશંકર હોય, શિક્ષણ સંસ્થાઓના ઉત્તમ સ્થાપક તો કોઈ મદનમોહન માલવિયા જેવા હોય એની પણ એચ૰ એમ૰ને ખાતરી હતી. હું એમની હાજરીવાળા ઘણા કાર્યક્રમોમાં જતો. સંબોધનમાં ખુશામતિયાં તથા બિનજરૂરી વિશેષણો વાપરનારાંને એ ટોકતા. એવા લોકો એમની ધાકથી ખાસ્સા ડરતા. કાર્યક્રમમાં ઔપચારિકતા નહિવત્ રાખવાનો એમનો આગ્રહ પળાતો. કાર્યક્રમ સમયસર શરૂ થાય અને 'ઇનટાઇમ' પૂરો થાય એના એ આગ્રહી હતા. પોતાની ઑફિસમાં કામ વિના તથા ખોટાં કામ કરાવનારા ન આવે; ખુશામતિયાઓ તો ફરકે જ નહિ. આવી એમની શાખ હતી. મહેમાન વક્તાને પહેલાં માનપાન મળે એનું એ ધ્યાન રાખતા. પોતે ઓછું બોલતા અને ટકોર અચૂક કરતા. લોકો/કર્મચારીઓ માટે એ જલદી સુલભ (ઈઝી એપ્રોચેબલ) ન્હોતા. એટલે કદીક ખાસ જરૂરી અને નક્કામા બેઇમાન માણસોની વાત એમના સુધી મોડી પહોંચતી. એમના પી.એ. ઘણા બધાં મળવા આવનારને રોકતા. પોતે જ 'વહીવટ' કરી લઈને વિદાય કરી દેતા. કેટલાક કિસ્સાઓમાં આ કક્ષાએ ભ્રષ્ટાચાર થયાના દાખલા સામે આવેલા. ત્યારે એચ૰ એમ૰ ન્હોતા રહ્યા. ને પી.એ. રાજીનામાં મૂકી જતા રહેલા. આ એક ચિત્ર ત્યારના સી.વી.એમ.ના અધ્યક્ષનું

છે જે દૃષ્ટાંતરૂપ છે. આજે તો ખુશામતનો યુગ ચાલે છે.

હું ને આદમ બીજી વાતે પણ, બે-ત્રણ વાર એચ૦ એમ૦ના બોલાવ્યા મળવા ગયેલા. હરભાઈ ત્રિવેદી વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો એમણે આપવાનાં હતાં. અમારી સામે એમણે પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણની વાતો કરી અને નવા મુદ્દા માગેલા. પછી આદમે એ ચર્ચા બેઠકોને આધારે વ્યાખ્યાનોની પુસ્તિકા કરેલી – જેમાં મારી હાજરી પણ હતી. આવી મૂળગામી શિક્ષણની વાતોનો લાભ મારે માટે તો લાભદાયી રહ્યો છે – આજે પણ એ કામ આવે છે. યુનિવર્સિટીનાં સત્તામંડળો પણ એચ૦ એમ૦ પટેલની પ્રત્યક્ષ-પરોક્ષ હાજરીથી નિયમ પ્રમાણે વર્તતાં. છતાં સ્વાર્થપ્રેરિત અને બીજાની કઠપૂતળી જેવા સભ્યો વિરોધ કરવા જતા અને ખુલ્લા પડી જતા. બીજા સંચલાક મંડળો યુનિવર્સિટી પાસે ખોટું કરાવવા મથતાં ખરાં પણ ઓછી વાર ફાવતાં. એચ૦ એમ૦ પટેલ લાંબો સમય (૧૯૫૯થી ૧૯૯૩ અવસાન સુધી) ચા. વિ. મંડળના અધ્યક્ષ સ્થાને રહ્યા. યુનિવર્સિટીમાં નીમાતા કુલપતિઓ પણ એમની તટસ્થ અને શિક્ષણના વિકાસની વાતો માટે સલાહ લેતા તથા સલાહ માનતા. એમના પછી ધીમે ધીમે, શિક્ષણમાં પ્રવેશેલા વિપથગામી વલણો બધું કબજે કરી લેવા તથા ખોટી મંજૂરી – માન્યતાઓ મેળવવા, બહુમતીના જોરે કે નિયમો તોડી-મરોડીને ઘમાસાણ મચાવતા રહ્યાં છે. ઘણીવાર કુલપતિ-કુલસચિવને પોતાના કરી લેવાની રમતો ચાલે છે તો ઘણીવાર એમને દબાવવાની ચાલબાજીઓ ગોઠવાય છે. કોઈ પી૦ જે૦ પટેલ જેવા એકલદોકલ કુલપતિ તાબે થયા વિના અને પજવણી વેઠીને ય સારું કરવા મથતા દેખાતા હતા. પણ ત્રણ વર્ષના સમયમાં માણસ કેટલું (ઓછું) કરી શકે છે?!

એકવાર પટેલસાહેબનું મારા માટે કહેણ આવ્યું. હું ગયો. મને કહેઃ 'આપણા કરમસદના વતની, અહીં (GMM કંપની) તથા મુંબાઈમાં ઉદ્યોગો ધરાવનાર જેઠાભાઈ વાઘજી (જેવી) પટેલની જીવનકથા તમારે લખવાની છે. આ હસમુખભાઈ એમની કંપનીના મૅનેજર તથા એમના પી.એ. છે. તે બધી વ્યવસ્થા કરશે... તમને લેખન માટે વળતર મળશે. બોલો... ફાવશે?' મેં હા પાડેલી. મુંબાઈ, ઉદ્યોગ નગરો, વ્યક્તિઓની મુલાકાતોઃ મેં ખૂબ મહેનત અને કાળજીથી જીવનકથા 'સાહસ અને સિદ્ધિ' લખી. જે૦ વી૦ પણ ખુશ હતા. પરંતુ જે૦ વી૦ અને એચ૦ એમ૦ના અવસાન (૧૯૯૩) પછી એમના દીકરાઓએ (એમને મૂળથી જ રસ નહીં) – એ હસ્તપ્રત રાખી મૂકી. પ્રકાશિત જ ન કરી. મને વળતર તો બરાબર મળી ગયેલું પણ મને અફસોસ રહ્યો કે મારી મહેનત એળે ગઈ અને જે૦ વી૦ પટેલનું પ્રેરક જીવનકાર્ય અંધારામાં જ રહી ગયું.

❑



## ૮

## ચહેરા પાછળ છૂપાયેલા ચહેરા

ધરતી ઝાડપાન ધનધાન ફૂલફળ તથા હવાપાણી વડે પોતાનું સત્ત્વ પરખાવતી હોય છે. એટલે વસવા – ન – વસવા યોગ્ય ધરાનો માણસને ખ્યાલ આવી જાય છે. જ્યાં ત્યાં વસનારાં મનેખનાં સદ્‌અસદ્‌ની એંધાણીઓ પણ, થોડાક દિવસોના સહવાસથી, મળી જતી હોય છે, ત્યારે અમારે ગામડે 'પાણીકળો' બોલાવતાં. ખેતર વગડે કૂવો ખોદાવવો હોય એટલે પાણીકળો જોઈએ... એ માણસ કશાય સાધન વગર જ સીમવગડો ખેતર પડતર, ત્યાંનાં ઝાડપાન ઘાસ માટી તથા રાફડો ને કીડીમંકોડીનાં દર વગેરે નીરખે; પછી એ જગ્યા બતાવે કે અહીં કૂવો ખોદવાથી આટલા ફૂટે માટી – પથ્થરનાં નોખાં પડ આવશે ને પછી પાણી મળશે. આજે પણ પાણીકળનારા મળે ખરા. વિદ્યાનગરમાં આવીને મને પાણીકળો એટલે યાદ આવ્યો હતો કે અહીં 'માણસકળો' થવાની મારે/સૌને જરૂર હતી. માણસને કળવો(ભીતરથી ઓળખવો) અઘરો છે. ...ને હું ચોપડીની જેમ માણસને વાંચું એ અહીં જરૂરી બલકે અનિવાર્ય હતું. આ મલકના માણસો (અપવાદ સિવાય) મને 'આપણા મલકનાં માયાળુ માનવી' – ન્હોતાં લાગ્યાં. સૌ પાક્કા શિક્ષિત અને પોતપોતાના 'એજન્ડા' પ્રમાણે વર્તનારા લાગ્યા હતા. આજે પણ મારી માન્યતા બદલાવાને બદલે દૃઢ થઈ છે. આજે તો 'પોતાનો એજન્ડા' સિદ્ધ કરનારાઓ વધ્યા છે અને ધરતી પર બધે વિસ્તરતા જાય છે. જે ધરતી આપણને ધારણ કરે છે – જેને કારણે આપણે હયાત છીએ... એવી ધરતી માતાને લૂંટનારા માણસો વધતા જતા હોય ત્યારે આપણે લાચારી અનુભવીએ છીએ.

નવી જગ્યાના નવા અનુભવો. પ્રસંગોના ટાંકણાં આપણને ઘડતાં જ રહે છે. અમારા વિભાગમાં ત્યારે (૧૯૮૭થી ૯૧ સુધીનો મારો અનુભવ) – સેમિનાર/વ્યાખ્યાનો ભાગ્યે જ યોજાતાં. એક વખત અમારા અધ્યક્ષ પ્રો૦ જશવંત શેખડીવાળાએ, પ્રો૦ પ્રમોદકુમાર પટેલને અને મને 'સાહિત્ય અને અન્ય શાસ્ત્રો' વિશેના સેમિનારનું કામ સોંપેલું. ડૉ૦ નરેશ વેદ એ વર્ષોમાં યુ.જી.સી.ના પ્રોજેક્ટ સબબ વિભાગનાં કાર્યોથી મુક્ત

હતા. અમે આયોજન કર્યું. સેમિનારની આગલી સાંજે મેં સભાખંડ સજાવીને બધું જ તૈયાર કરાવી દીધું. યુનિવર્સિટી ગેસ્ટહાઉસમાં ઉતારાની વ્યવસ્થા લખીને મોકલેલી અને વિભાગના બીજા અધ્યાપકશ્રીને ખાલી ધ્યાન રાખવા સૂચવેલું. બસ, આટલું જ.

મને થયું કે હવે ઘરે જતાં પહેલાં ગેસ્ટ હાઉસની વ્યવસ્થા જોતો જાઉં ને દૂરના મિત્રો વ્હેલા આવ્યા હોય તો મળતો જાઉં... પરંતુ ત્યાં જઈને જોઉં તો ધમાલ-ગાળો અને ધારિયા સાથે ગેસ્ટ હાઉસનો એટન્ડેન્ટ બાબુભાઈ રાઠવા અમારા મિત્ર અધ્યાપક તરફ ધસી રહેલો. બાબુભાઈનો દીકરો – જે યુનિવર્સિટીમાં સેવક હતો (હજી છે.) તે વચ્ચે પડીને રોકતો હતો. વાત એટલી જ હતી કે એટેન્ડેન્ટ 'છાંટો પાણી લઈને' ત્યાં સૂતો હશે. અમારા અધ્યાપકે જઈને એની સ્થિતિ જાણી એટલે એમણે એને લાતો મારીને ગાળો બોલીને ઊઠાડવા પ્રયત્ન કર્યો એમ ત્યાં હતાં તેમણે કહેલું. ને પેલો ભાઈ તો નશામાં ધારિયું લઈને ગાળો વરસાવતા હતા. મેં અધ્યાપક મિત્રને કહ્યું કેઃ 'ભાઈ તું વેળાસર અહીંથી જા. હું બધું સંભાળું છું.' થોડીવારમાં જ બાબુભાઈ શાંત થઈ ગયેલા.

બીજે દિવસે પરિસંવાદની ઉદ્‌ઘાટનબેઠક તથા પહેલી બેઠક પરવાર્યા પછી બધાં બપોરના લંચ માટે ગેસ્ટહાઉસની લૉનમાં ગયાં. ગઈ સાંજવાળી વાતે સેવક વર્ગ નારાજ જ નહીં, આક્રમક હતો. 'એક અધ્યાપક, સેવક કર્મચારીને લાતો મારે અને ગાળો બોલે એ બરદાસ્ત નહીં કરીએ... અમે હડતાળ પર જઈશું...' આવી છાની વાતો મેં લન્ચ વેળા સાંભળી. ત્યાં વળી યુનિવર્સિટીના મુખ્ય પદાધિકારી તથા અમારા અધ્યક્ષે મને બાજુમાં બોલાવ્યો ને અધિકારીએ મને કહ્યુંઃ 'મણિલાલ, સાંજવાળો પ્રસંગ નક્કામો ચર્ચાને ચગડોળે ચડે એમ છે. તમે બે લીટી માફીપત્ર લખી આપોને!' હું તો આઘાત સાથે ચોંકી ગયેલો, તરત મક્કમતાથી જણાવ્યું... 'સર, એમાં હું નહીં, પણ આપણા ફલાણાભાઈ ફૂંગરેલા હતા...' તરત જ અધ્યક્ષે કહેલુંઃ 'તમે બંને મળીને લખી દો, તો વાત ટળે...' મેં પ્રતિકાર કરતાં સવિનય કહેલુંઃ 'સર, મેં તો વાતને વકરતાં રોકેલી... મેં તો તરત બધું ઠંડું પાડેલું... હું માફીબાફીમાં શા માટે હોઉં...? તમે ગુનેગારને – ' એ ત્યાંથી ખસી ગયેલા. હું હેરાન હતો કે આ લોકો ગુન્હો કરનારને બચાવવા ઉપરાંત મને બલિનો બકરો બનાવવા માગતા હતા. પછીથી માફીપત્રનું શું થયું તેની મને જાણ ન્હોતી થવા દેવાઈ. ખેર...

આવાં ઘણાં દૃષ્ટાંતો મળે છે કે વડીલો પદને જોરે નવાસવાને કે શાંતિથી કામ કરનારને પણ દબાવતા રહે છે. સી.વી.એમ. ના કહેવાથી નલિની કૉલેજના આચાર્યશ્રી દિલાવરસિંહજી જાડેજાએ મને 'ભાઈકાકા શતાબ્દી ગ્રંથ'ના સમ્પાદક મંડળમાં



જોડેલો... વિભાગમાં ખબર પડતાં અમારા અધ્યક્ષશ્રીએ મને બોલાવીને કહેલું કેઃ 'ભાઈ! આપણે આપણા વિભાગનું કામ પહેલું... ભાઈકાકા શતાબ્દીગ્રંથ ભલે થતો...' મેં મારા સ્વભાવ પ્રમાણે તરત કહેલુંઃ 'હા સર, વિભાગનું કોઈપણ કામ કહો, એ તરત થશે... મને ખૂબ રસ છે – ઉમંગ છે. જ્યાં જ્યાં વિદ્યાના કાર્યમાં જોડાઈ શકાય ત્યાં જોડાઈને વિદ્યાકાર્ય કરવામાં મને મજા આવે છે.' આ પ્રસંગથી મને ખ્યાલ આવેલો કે અહીં કેવાં કેવાં જૂથ છે તથા સત્તામંડળો માટે કેવી છૂપી લડાઈ ચાલતી રહે છે. ગુજરાતી વિભાગમાં પ્રોફેસરની જગ્યા પડી ત્યારે જશવંતભાઈ શેખડીવાળા અને દિલાવરસિંહજી જાડેજા ઉમેદરવાર હતા. પસંદગી સમિતિ (યશવંત શુક્લ વગેરે) એ ડૉ૦ જાડેજાને પ્રથમ પસંદગી આપેલી. શ્રી શેખડીવાળા બીજે ક્રમે હતા. પણ સિન્ડીકેટના અનપેક્ષિત નિર્ણયથી શ્રી શેખડીવાળા પ્રોફેસર અને હેડ થયા. ડૉ૦ જાડેજા કોર્ટમાં ગયેલા... ને દાયકો થવા છતાં ચુકાદો બાકી હતો. આ ભૂમિકાએ સામસામે ગમા-અણગમા હોય એ સહજ હતું. મને વધારે વિશદતાથી સમજાતું હતું કે, માણસ કેમ એને દુઃખતું હોય પેટ અને કૂટતો હોય છે માથું?

એક વાત અહીં લખવી જોઈએ કે ડૉ૦ જયંત ગાડીત જાડેજાસાહેબની નજીક હતા... એટલે ગુજરાતી વિભાગમાં એમણે ખાસ્સું વેઠવું પડેલું – એમને યોગ્યતા અને સિનિયોરીટી હોવા છતાં રીડર ન બનાવાયા. એમના જુનિયરની વફાદારી ફળી હતી. અલબત્ત, એ ય લાયક ઉમેદવાર હતા. પણ પોતાના અધિકારને પૂર્વગ્રહ રાખીને, છીનવી લેવાયો હોવાથી; ગાડીત પરિવાર ખૂબ નારાજ હતો. સર્જક-વિવેચક ગાડીત રાજીનામું આપીને અમદાવાદ (પરિષદમાં) જતા રહેલા. એમની ખાલી પડેલી જગ્યા પર મારી નિમણૂક થયેલી. આ બધી ઘટનાઓના પ્રત્યાઘાતો લાંબો વખત-અંડર કરન્ટ – ચાલતા રહેલા. હું અને પ્રમોદકુમાર પટેલ પણ નલિની કૉલેજના કાર્યક્રમોમાં જઈએ કે વક્તવ્યો આપીએ એ પ્લસ નહીં માઇનસ પોઇન્ટ ગણાતો. અને 'સામા જૂથના' – જેવું લેબલ લગાડાતું. પણ છેવટે તો વિદ્યાપ્રીતિથી થતાં કાર્યો પોતે જ બોલે છે.

સમય ઘણીવાર કરવટ બદલે છે. મોડે મોડે પણ કાળ ન્યાયની તરફેણમાં પલ્લું નમાવે છે. 'આજે મારો સમય નથી, પણ એ ય થશે – મારો પણ સમય આવશે' – આવી અનુભવજન્ય ઉક્તિઓ સાચી પડે છે. દિલાવરસિંહજી કુલપતિ થયા (૧૯૯૦-૯૧) એ જ દિવસોમાં પેલા પ્રોફેસરશીપવાળા કૅસનો ચુકાદો એમની ફેવરમાં આવ્યો હતો. કૉર્ટે યુનિવર્સિટીને ઠપકો આપતાં લખ્યું હતું કે સિન્ડિકેટનો નિર્ણય સાચો ન્હોતો. કૅસને વર્ષો થયાં હોવાથી હવે તખતો બદલવાની તો વાત ન્હોતી. પણ કોર્ટની ફટકાર વાગે એવી હતી. પ્રો૦ જશવંત શેખડીવાળાએ નિવૃત્ત થતાં થતાં એ ચુકાદો વાંચવો

પડેલો કે પોતાની નિમણૂકની 'કાર્યવાહીમાં' – 'ગરબડ' થયેલી. વળી નિવૃત્ત થવાના દિવસોમાં એમને દીઠેય નહિ ગમતી વ્યક્તિ કુલપતિ હતી ને એમણે એ પદને માન દેવાનું હતું. જશવંતભાઈ જેવા વિદ્યાપ્રીતિના માણસ, ઉત્તમ ભાવક, વાચક, અભ્યાસી સમીક્ષક તથા સારા અધ્યાપકે સત્તાપક્ષના પક્ષધર બનવાથી ઘણું માનપાન જવા દેવું પડેલું. કહેવું જોઈએ કે કથાસાહિત્યના એવા વિદ્વાનો ઓછા હોવાના. પણ ચરોતરના પટેલની નીતિરીતિ તથા યુનિવર્સિટીનાં સત્તામંડળો માટેની એમની પેરવીએ એમને ઉત્તમ અને સતત લખતા વિવેચકોની હરોળમાં પહોંચતાં રુંધી રાખ્યા હતા. અલબત્ત! એમના ઉત્તમ લેખોની નોંધ લેવાઈ હતી. એમના સાથી અધ્યાપક ડૉ૦ પ્રમોદકુમાર પટેલ અભ્યાસ અને લેખનના સૂઝભર્યા સાતત્યથી વિદ્વાનોમાં જગ્યા કરી શકેલા.

પ્રો૦ જશવંતભાઈ નિવૃત્ત થયા. પ્રમોદકુમાર અધ્યક્ષ બન્યા. ડૉ૦ દિલાવરસિંહજી કુલપતિ હતા. એક બીજી પણ ઘટના ઘટી હતી. ગુજરાતી વિભાગમાં પ્રોફેસરની જગ્યા ખાલી પડતાં કુલપતિશ્રીએ ડૉ૦ જયંત ગાડીતને અરજી કરવા સારુ મનાવી લઈને પાકી ખાતરી પણ આપી જ હશે... ને બન્યું પણ એમ જ. ડૉ૦ ગાડીતને અવગણીને ત્યારે પસંદગી સમિતિ વગેરેએ ડૉ૦ નરેશ વેદને રીડર બનાવ્યા હતા; એમને હવે બાજુ ઉપર મૂકીને, ડૉ૦ દિલાવરસિંહે ડૉ૦ ગાડીતને પ્રોફેસર તરીકે નિમણૂક આપી. હિસાબ સરભર કર્યો હતો. પ્રમોદકુમાર પટેલ નિવૃત્ત થતાં ડૉ૦ ગાડીત હેડ બન્યા... ને એમ 'એમનો સમય' આવ્યો પણ ખરો. જોકે પ્રો૦ ગાડીતે બને એટલા સ્નેહસૌહાર્દથી વિભાગનું સંચાલન કરવા માંડેલું... પણ ક્યારેક દાવેદાર વ્યક્તિનો સહકાર નહિવત્ રેહ્તો. આનાથી મારે ભાગે વધારે કામ તથા સંતુલનની જવાબદારી આવેલાં. ઘડતર માટેની આ ય તક હતી. અહીં એ પણ નોંધવું જોઈએ કે ગાડીતનો પોતાના વિશેનો પોતાનો ખ્યાલ વધારે પડતો ઊંચો હતો... પોતાને એ ડૉ૦ પ્રમોદકુમાર તથા જયંત કોઠારીની હરોળમાં મૂકતા. પોતાના સાથીઓ પર એમને વિશ્વાસ ઓછો... સાથીઓના લેખનવાચનને પણ એ 'ઠીક છે' – એવી તુચ્છતાથી જોતા. બધાંની તુલનાએ પ્રમોદકુમારનાં વિદ્વત્તા, સૌમ્ય, સૌજન્ય સમભાવ, પ્રેમાદર આપવાની રીતિ વિભાગને લાભદાયક તથા વધુ તો પોષક અને પ્રેરક હતાં. સાથે કામ કરીએ ત્યારે માણસ બરાબર ઓળખાતો હોય છે. જ્ઞાન નમ્રતા આણે છે અભિમાન નહીં!

મેં ઈડર છોડ્યું ત્યારે (૧૯૮૭) મને નોકરીમાં ચૌદ વર્ષ થયાં હતાં. હું રીડરશીપ માટે લાયક હતો અને પે સ્કેલમાં તો એ સ્ટેજ પાર કરી ગયેલો. પણ વિદ્યાનગરમાં નવી નિમણૂક હોવાથી બે વર્ષનો પ્રોબેશન પિરિયડ પૂરો કરવો જરૂરી હતો. એ પૂર્ણ કર્યા પછી 'મેરીટ પ્રમોશન સ્કીમ' (UGC) પ્રમાણે મને રીડરશીપ મળે. એ માટે



ઇન્ટરવ્યુ ગોઠવાય. ૧૯૯૦માં પ્રો૦ જશવંતભાઈ આર્ટ્સ ફેકલ્ટીના ડીન હતા. રીડરશીપ માટેની, બધા વિષયોની, કાર્યવાહી થઈ ગઈ. બધા યોગ્ય ઉમેદવારોને રીડરશીપ અપાઈ. એક મને યોજનાબદ્ધ રીતે ભૂલી જવામાં આવેલો. કોઈએ કુલપતિશ્રીનું ધ્યાન દોર્યું હશે. એટલે અધ્યક્ષ મારા રૂમમાં આવીને યુનિવર્સિટીની બેદરકારીને ભાંડી, મલોખાં મીઠાં કરીને ગયા. પછી મારા પ્રમોશનનો વિધિ થયો. રીડર થતાં મેં પીએચ.ડી.ની ગાઈડશીપ મેળવી અને એમ.ફિલ.માં મને વર્ગ આપવાની માગણી કરેલી. જે બધું સહજ નિયમ પ્રમાણે, યોગ્યતા પ્રમાણે થવું જોઈએ તે કરવામાં પદ પર બેઠેલાઓને ચૂક આવે છે. એ ચૂકનો આસ્વાદ લેવાનો હોય છે.... કેમકે છેવટે કાર્ય બોલે છે ને પદો ખરી પડે છે.

માણસો, મિત્રોને ઓળખવાની એક બીજી તક મળેલી જે હજી નથી ભૂલાતી. ચિમનભાઈ પટેલ મુખ્યમંત્રી હતા. ડૉ૦ કરસનદાસ સોનેરી (૧૯૯૦-૯૧) શિક્ષણમંત્રી હતા. સી.વી.એમ.ના અધ્યક્ષ એચ૦ એમ૦ પટેલના પ્રયત્નો હતા – એટલે કુલપતિપદ માટે ડૉ૦ દિલાવરસિંહનું નામ ચર્ચામાં આગળ હતું. આ નાનકડી વિદ્યાનગરી તો શાંત હતી... પણ આણંદનાં એક-બે સંચાલકોનાં જૂથો – અહીં યુનિવર્સિટીના કેટલાક વિભાગોનો સાથ લઈને – સામે પડેલાં. વિરુદ્ધ વાતોની ફાઇલો ગાંધીનગર રોજ જતી હતી.

ઈડરમાં કરસનદાસ સોનેરી અને અમે કૉલેજમાં ચૌદ વર્ષ જોડે નોકરી કરેલી. એટલે અમારા વિભાગના, નાવા નિશાળિયા જેવો દેખાવ કરતા પણ પાક્કા ચરોતરી મિત્ર મને પજવવા માંડેલા... મને બે-ત્રણ વાર મળવા આવ્યા... રોજ એ જ વાત કહેઃ 'ફલાણો કુલપતિ બને એ ના ચાલે...' મેં કહેલું: 'ભાઈ! એ આપણો વિષય નથી. આપણે તો ભણાવવું, વાંચવું ને લખવું છે.' પણ એ ભાઈ તો મને પૂછવા લાગ્યા કેઃ "ફલાણા કુલપતિ આવે તો 'તારું સ્ટેન્ડ' શું હશે?" મેં કહ્યું: 'ભાઈ! હું તો વિભાગમાં છેલ્લે આવેલો છું – મારે વિભાગનું કામ કરવાનું... તું વડીલોને મળ... મને હેરાન ના કરતો.' આ પજવણીની વાત મેં પ્રમોદકુમારને કરી તો એ ભલા માણસે એ બકવાસ ભૂલી જવા કહ્યું. મને પણ એમ જ થતું હતું. પણ પેલો માણસ તો વડીલનો મોકલેલો આવતો હતો... ને હું – 'સોનેરીને મળું' એવો એમનો ભાવ હતો. ચોથીવાર મિત્રે આવીને વાત કાઢી અને મારો પિત્તો ગયો. મેં એને 'ગેટ આઉટ...' કહીને રસ્તો બતાવ્યો. મારો ચહેરો તમતમી ગયેલો.... થોડાક અધ્યાપકો જોઈ રહેલા... ને મિત્ર બબડતો, પગ પછાડતો ચાલી ગયેલો એની કૅબિનમાં!

પણ અગત્યની આ વાત નથી. ખરી વાત તો એ પછીની છે. કુલપતિનું નામ

જાહેર થયું. જેમની વાત ચાલતી હતી એ સ્થાનિક કૉલેજ નલિની ઍન્ડ અરવિંદ આર્ટ્સ કૉલેજના આચાર્ય હતા – દિલાવરસિંહ જાડેજા... એમની યોગ્યતા વિશે તો સવાલ જ ન્હોતો. નિખાલસ, અભ્યાસી, શિક્ષણ સાથે નિસબત, વહીવટી કુશળતા બધું જ એમનામાં હતું. પણ એમના આવવાથી હવે સત્તામંડળો અને નિર્ણયોનું કેન્દ્ર બદલાવાનું નક્કી હતું. એમાં ઘણાંને પોતાને ગ્રાસ(ગરાસ) લૂંટાઈ જતો દેખાતો હતો.

પરંતુ આથીય વધુ ગમ્મત (રમૂજ)ની વાત તો બીજી જ હતી. જે લોકો વિરોધ કરવામાં મોખરે હતા એ મિત્રો હવે – નામ જાહેર થતાં જ – ફૂલોના ગુચ્છ લઈને લપાતા છૂપાતા એમને (કુલપતિના પોતાને) ઘરે – 'આશાપુરા' – બંગલે સૌથી પહેલાં પહોંચી ગયા હતા... હજી તો એમણે વિધિવત્ ચાર્જ પણ સંભાળ્યો ન્હોતો... ને અહીં લાઇનો લાગ્યાના સમાચાર અમને મળતા હતા. ખુશામતખોરીથી ટકી રહેનારા લોકો હંમેશા આગળ હોય છે. ને હવે તો 'આશાપુરા' સત્તાનું કેન્દ્ર હતું. બધા વખાણમાં વ્યસ્ત હતા. વૃક્ષો છાંયડા ઢોળતાં હતાં.

મારા પેલા અધ્યાપક મિત્ર – જે મને ડૉ○ સોનેરી પાસે મોકલીને વિરોધ કરાવવા ચાહતા હતા તે – પણ ઉત્સાહ ધારણ કરીને મેદાનમાં મોખરે હતા. અમારા માનવવિદ્યાભવનમાં નવા કુલપતિ પધારે એવું આયોજન મનેકમને કરનારા પણ ઉમંગમાં હતા. એક શિક્ષક મિત્રે તો કુલપતિ લૉબીમાં આવતાં જ વંદન – ચરણસ્પર્શ કરીને કહેતા હતા... 'આપ તો મારા વિદ્યાગુરુ છો!' કરોડરજ્જુ વગરના માણસો જોઈને હું તો હેરાન હતો. જે માણસ અમારા વિભાગમાં અધ્યક્ષ હોત તે હવે આજે કુલપતિરૂપે પધારતા હતા... ને વડીલો એમના સત્કારમાં ઊભા હતા! આ વાત તો ઉચિત તથા જરૂરી પણ છે. પણ રંગ બદલતા આવા માણસો– વિદ્વાનો–વિશેના મારા ખ્યાલો તૂટતા હતા... સાતઆઠ દિવસ પછી આદમ પર કહેણ આવ્યું કે તમે મિત્રો મળવા આવો, કામ છે. અમે મળ્યા. અભિનંદન – શુભેચ્છાનો વિધિ થયો. પણ મુખ્ય વાત હતી નવાં કાર્યો માટેનાં સૂચનો કરવાની. અમે યુનિવર્સિટીનું મુખપત્ર શરૂ કરવાની અને સંશોધનનું વાર્ષિક કાઢવાની વાતો મૂકી. જે પછી 'શ્રુતમ' (શીલશ્રુતમ્) તથા 'પ્રજ્ઞા' રૂપે સાકાર થઈ અને આજદિન સુધી ચાલતી રહી છે.

❑



# ૯

## આપણા વિદ્યાનગરનું આપણે શું કર્યું?!

ગાંધીજીના ગુજરાતમાં જન્મ્યા-ઉછર્યા હોવાનું જેમ ગૌરવ અનુભવું છું એમ સરદાર પટેલના વતન-ગામ કરમસદ પાસેના, વલ્લભવિદ્યાનગરમાં, સરદાર પટેલના નામ સાથે જોડાયેલી આ આપણી સરદાર પટેલ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે પચ્ચીસ વર્ષો, અધ્યયન-અધ્યાપન કર્યા-કરાવ્યાનું ગૌરવ એ મારો આનંદ અને વિશિષ્ટ 'પ્રિવીલેજ' છે. આજે તો વિદ્યાર્થીઓ તથા ઘણાં શિક્ષકોને સરદાર પટેલનું નામ પૂછીએ તો કે આ વલ્લભવિદ્યાનગરના સ્થાપક અને સ્થપતિ, સ્વપ્નદ્રષ્ટા અને વિશ્વકર્મા કોણ હતા – એમ પૂછીએ તો, આઘાત લાગે છે એમાંથી નેવું ટકાને તો એની ખબર નથી હોતી. એથી ય વધારે દુઃખદ તો એ છે કે એમને આવું બધું જાણવાની જરા પણ તરસ કે તમા નથી...! ત્યારે ભાઈકાકાનાં વાવેલાં આ ફૂલો લચ્યાં બારમાસી ઝાડવાંને ઓળખવાની તો વાત જ શેં કરીએ? પણ સાદી લાગતી આ વાતો પ્રજા તરીકે/વિદ્યા મેળવેલી પ્રજા તરીકે – આપણી મોટી મર્યાદા બતાવે છે. નજીકના ભૂતકાળ કે ઇતિહાસ તરફ બેદરકાર હોવું અને જે ઝાડ નીચે રોજ બેસીએ છીએ એનું નામ પણ ન જાણવું – ને આવી બધી બાબતોથી સભાન પણ ન હોવું એ આપણને કે કોઈ પણ પ્રજાને નહીં શોભતી અને નકટી વાત છે.

હું તો આજે પણ આ વિદ્યાનગરીનો આશિક છું. રોજેરોજ ફરતો રહું છું. રસ્તાઓ ઉપર, ઝાડવે ઝાડવે ઊભો રહીને આત્મીયતા અનુભવું છું. આ તરુનગરીનો પરિસર નિત્ય પ્રસન્ન કરે છે. મારા જેવો ફરંદો માણસ પણ વળીવળીને વિદ્યાનગરમાં પાછો આવે છે ત્યારે પોતાના ખોળિયામાં પુનઃ પાછા આવ્યાની શાતા વળે છે... બધી પીડાઓ વિસારે પડે છે અને શાંતિનો સ્થાયીભાવ મને ઘેરી વળે છે. હું નિર્વેદ નહીં પણ નિભૃતિ (સભરતા) અનુભવું છું. પારકા ગામમાં જઈને કન્યા વહુ બને છે; અજાણ્યાં બધાને પોતાના કરે છે, ઘર બાંધીને ગૃહિણી બને છે અને પછી પોતાના સંસારમાં ખોવાઈ જાય છે. બસ, અદ્દલ આવું જ થયું છે મારા વિશે... હું આ નગરનો ગૃહસ્થ છું હવે

કાયમનો... અહીં જ મારી ગૃહસ્થી ચાલે છે... ચાલતી રહેશે... ત્રણ-ત્રણવાર સારી તક મળી પણ હું બીજે ન ગયો તે ન ગયો.

- આચાર્ય તરીકે ઈડરની મહિલા કૉલેજ માટે ચાહીને, ડૉક્ટર મિત્રો ખાસ લેવા-બોલાવવા આવેલા!
- મુંબાઈ વિદ્યાપીઠમાં (ત્યારે નીતિન મહેતા વડોદરા હતા) જોડાવવાની દરખાસ્ત હતી. જોડાવા વિનંતી હતી.
- ગુજરાત વિદ્યાપીઠમાંથી ચન્દ્રકાન્ત શેઠ નિવૃત્ત થતાં એમણે મારું નામ સૂચવેલું. કુલપતિશ્રી ગોરાનો ખાસ પત્ર આવેલો... મુલાકાતો થઈ તથા તૈયારીઓની વાતો થઈ પણ મન નહીં માન્યું. હઠીલું. દબાણો અને લાભની વાત છતાં વિદ્યાનગરીનો જ વિજય થયો.
- હવે દીકરાઓ અમેરિકા રહેવા બોલાવે છે. પણ હું માત્ર ફરવા અને મળવા જાઉં છું... બસ!

હવે તો વિદ્યાનગર જ વતન બની ગયું છે. તો આપણે આવા વ્હાલા, મોંઘામૂલા વિદ્યાનગરનું શું કર્યું? ભાઈકાકા–ભીખાભાઈનાં સ્વપ્નો અને તપશ્ચર્યાનું શું થયું? જવાબો ઘણે અંશે નિરાશાજનક મળવાના! ને એવા પ્રતિભાવોમાં સચ્ચાઈ પણ વધુ હોવાની. બ્હારથી લાગે છે – વર્ષોથી પણ એમ જ લાગે છે – કે બધું બરાબર છે... ચાલે છે... સારું ચાલે છે, સંસ્થાઓ અને સરકારો પણ પોતપોતાની 'સિસ્ટિમ્સ' રચે છે, વ્યવસ્થા તથા વહીવટનાં તંત્રો ગોઠવે છે... ને પછી વ્યક્તિઓ, વખત કે સત્તાઓ બદલાય તો પણ પેલી આખીય પદ્ધતિ, પેલાં તંત્રો ચાલ્યા કરે છે. પણ મૂળનો ઉદ્દેશ તથા નવતા-તાજપ-પ્રયોગો-ઉત્સાહ અને ઉત્તમ પરિણામો નહિવત્ દેખાય છે. આ એક સત્ય છે અને સમગ્ર વલ્લભવિદ્યાનગર-આણંદ તથા સરદાર પટેલ યુનિવર્સિટીને પણ આ જ સત્ય લાગું પાડવું પડે એવી સ્થિતિ છે. આમ જોવા જઈએ તો સમગ્ર ગુજરાતમાં શિક્ષણના દુર્દિન ચાલે છે. ગર્દિશના આ દિવસો જેમને અજંપ કરી શકે એવા બહુ થોડાક જ શિક્ષકો-અધ્યાપકો-વિદ્યાર્થીઓ માંડ બચ્યા છે. એક મોટો વર્ગ મોટા ભરવાડને વખાણતો, એમનાં ઓવારણાં લેતો અને એમની વાતને મહર્ષિનો મંત્ર માનતો ઘેટાંની જેમ ચાલી રહ્યો છે. નગરે નગરે આવા ગોવાળો સંચાલકો બનેલા છે. દાન લાવવું – મકાનો બાંધવાં – સ્વનિર્ભર એવી સંસ્થાઓને નામે વિદ્યાર્થી-વાલીઓને લૂંટવા – ને મોટી વાતો કરી, સત્તાતંત્રોમાં વગ કરી મોટાભા થઈને મ્હાલવાનું સુખ આપણા આ નવતર સંચાલકોને હવે તો કોઠે પડી ગયું છે.



તો, ભાઈકાકાનું સ્વપ્ન તો આવું જરીકે ય ન્હોતું. શ્રી સરદાર પટેલે પણ સમગ્ર ચરોતર પ્રદેશને બધી રીતે જીવતો-જાગતો-દોડતો કરવાની આશા રાખેલી. સરદારની આશા તો જરાક જુદી રીતે ભાતે આજે તો ખાસ્સી ફળીભૂત થયેલી દેખાય છે. ચરોતર ઘણાં વર્ષોથી 'વાઇબ્રન્ટ' હતું તે દુનિયા ખૂંદી વળ્યું. પરંતુ શિક્ષણ અને સંસ્કારના પ્રશ્નો એમ કાંઈ તરત ઉકેલી જતા નથી. દષ્ટિવંત, સહજ વિનમ્ર આગેવાની વિના ઝટ જયવારો થતો નથી. વિદ્યાનગરને બીજા ભાઈકાકા હજી સુધી મળ્યા નથી એ તો સમજી શકાય એમ છે... પણ ભાઈકાકાને સમજીને, એમની રીતેભાતે નવા સમય-સંજોગો પ્રમાણે વિદ્યાકાર્યોને ગોઠવનાર કોઠાસૂઝવાળો શિક્ષણવિદ્ નથી મળી શક્યો... એચ૦ એમ૦ પટેલના ગયા પછી આ કૅમ્પસને કેળવણીકાર અને નિસ્વાર્થ, વિનમ્ર પ્રહરીની ખોટ પડી છે તે હજી ભરપાઈ નથી થઈ... બાકી મકાનો બાંધનારા તથા ધાકથી તંત્રો ચલાવનારા તો ઘણાંને મળે છે... નથી મળતો પેલો વિદ્યા અને વિદ્યાર્થી તથા શિક્ષકને જોડનારો પ્રેમાળ વિદ્યાવિદ્! નાનાભાઈ અને દર્શક આજે તો દુર્લભ છે.

તો તપાસી જોઈએ ભાઈકાકાની રીતરસમને – ચાલો.

- ચરોતરનો/ગુજરાતનો ગરીબ વિદ્યાર્થી ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણ મેળવી શકે. કેળવણી પ્રસરે. હેતુ તો આ હતો!
- અહીંનો ઉચ્ચ શિક્ષણ મેળવતો યુવાન આ પ્રદેશ માટે કામ કરે. નવાં ક્ષેત્રો રચે ને રોજગારી વધારે.
- નવા અને પરંપરાગત ધંધા વ્યવસાયને પોષક પ્રેરક બને એવા અભ્યાસક્રમો ઘડીને યુવાનોને તૈયાર કરી શકાય.
- પરિશ્રમ કરવામાં ગૌરવ અનુભવે એવો પરિવેશ રચાય.
- ગ્રામોદ્ધાર તથા આરોગ્યક્ષેત્રે પણ તકો મેળવી શકાય.
- કૃષિ તથા કૃષિ આધારિત વ્યવસાયોને આધુનિક તથા સંશોધનો દ્વારા વધુ સફળ બનાવવા માટે મથવું જોઈશે.

આ બધી વાતો કોઈ એક સંસ્થા વડે સિદ્ધ ન થઈ શકે. ક્રમશઃ સંસ્થાઓ વધી અને થોડાંક સારાં કાર્યો થઈ શક્યાં. પણ ભાઈકાકાએ સેવેલું સ્વપ્ન – આજના વિપથગામી સમયમાં – સમ્પૂર્ણપણે સફળ થવાની શક્યતાઓ ઘણી ઓછી છે. છતાં શિક્ષણ તો સતત ચાલતી પ્રક્રિયા છે. બદલાતા સમય સાથે ઉદ્દેશો અને પદ્ધતિઓ પણ બદલાતાં રહે છે. આપણે આશાવાદી રહીએ તથા આગળ વધીએ.

શિક્ષણ સંસ્થા સાથે જોડાનાર વ્યક્તિનો એક અનિવાર્ય અને પ્રથમ ઉદ્દેશ હોય તો તે વિદ્યાવ્યાસંગનો જે હોવો ઘટે. જે વિષયના અધ્યાપક હોઈએ એ વિષયમાં વધુ ને વધુ વાચનલેખન કરતાં રહીને છાત્રોને એનો પ્રત્યક્ષ લાભ આપતા રહેવું જોઈએ. પોતાને ભાગે આવી પડતાં વહીવટ-વ્યવસ્થા તથા પરીક્ષણ કાર્યને નીભાવવા સિવાયની અન્ય સત્તાલક્ષી લાલસાઓથી બચતાં રહેવામાં જ સાર છે. પ્રમોદકુમાર પટેલ જેવા નર્યા શિક્ષણ અને સાહિત્યકેન્દ્રી અધ્યાપકોને મેં નજર સામે રાખ્યા હતા. છતાં મારે માટે શિક્ષણ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા પ્રવાસોનું મહત્ત્વ રહ્યું હતું. વિભાગમાં તથા વિભાગથી અળગા રહીને ય મેં પિકનિક – પ્રવાસો તથા શિબિર/સેમિનારોની પ્રવૃત્તિઓ સતત યોજી છે. વર્ગ વ્યાખ્યાનો વધુ ને વધુ સમૃદ્ધ તથા રસપ્રદ બની રહેવાં જોઈએ; વર્ગને છાત્રોને અભ્યાસક્રમો ઉપરાંત પણ ઘણું ઘણું આપવાનું હોય છે.... એક સારા/પ્રભાવક વક્તા બનવાનું પણ મારે મન ભારે મહત્ત્વ રહેલું. આ માટે મેં ઉમાશંકર – સુરેશ જોષી, યશવંત શુક્લ, સુમન શાહ જેવાઓને રૉલ મૉડેલ રાખેલા. એનાં કેટલાંક સારાં પરિણામો મને મળ્યાં છે.

મેં અનેક પ્રકારના અધ્યાપકો-અધ્યક્ષો તથા આચાર્યો જોયા જાણ્યા છે. ઘણીવાર નિરાશા થઈ છે તો કેટલાક કિસ્સાઓમાં ગુસ્સો આવ્યો છે તો ક્વચિત્ તિરસ્કાર જન્મ્યો છે. પ્રસન્નતાના અનુભવો પણ ઠીક ઠીક રહ્યા છે. વિદ્વાન હોય પણ સારા વ્યાખ્યાતા/વક્તા ના હોય, પણ પ્રામાણિકતાથી પ્રવૃત્ત હોય એવાઓ માટે પણ માન રહ્યું છે. ઓછી મહેનત કરનારા તથા વર્ગમાં યંત્રવત્ ભણાવી જનારાઓ નિરાશ કરે છે. 'સાબુ' હોય અને વાપરે નહિ વળી મનને મેલું રાખનારા ય મળ્યા છે. ખાસ તો સમય તથા વર્ગ લેવા બાબતે બેદરકાર રહેનારાઓ, વર્ગમાં પોતાની અંગત તથા ફાલતું. ખાવાપીવાની વાતો કરનારા, ફિલ્મો તથા પ્રેમની વાતોમાં ડૂબેલા રહેતા અને અભ્યાસક્રમને કદી નહિ અડનારા, આસપાસ અથડાતા રહેલા કેટલાક મિત્રો તરફનો પ્રતિભાવ સમાવતાં તકલીફ પડી છે. કેમકે એમની બેદરકારીનો ભોગ વર્ષો સુધી વિદ્યાર્થીઓને બનવું પડે છે... જોકે કોઈએ નહિ ચલાવેલો અભ્યાસક્રમ ભણાવવાની મને દર વર્ષે તક મળી છે અને મેં વિદ્યાર્થીઓ માટે વધારે કામ કર્યાનો આનંદ લીધો છે. પણ લાખ રૂપિયા પગાર લેનારા આવા કામચોર, નબળા તથા બેજવાબદાર સેંકડો અધ્યાપકોની 'ખબર લેનાર' આ તંત્રોમાં કોઈ નથી?... આવા લોકોને બદલી નહિ શકીએ ત્યાં સુધી શિક્ષણના દુર્દિન ચાલું જ રહેવાના છે. બેજવાબદાર લોકો ખુશામતખોરીથી ટકી રહે છે... ને આવા લોકો હવે બહુમતીમાં છે.

એમ.ફિલ. કે પીએચ.ડી.નાં શોધ છાત્રોનું શોષણ ભયંકર રીતે થાય છે. પ્રવેશ



પરીક્ષા, સમિતિ સમક્ષ ઇન્ટરવ્યુ, રજિસ્ટ્રેશન, સબમિશન, વાઈવા – એમ દરેક તબક્કે છાત્રોનું આર્થિક શોષણ વધ્યું છે. છાત્રાઓની સ્થિતિ વધુ ખરાબ થતી આવી છે. સહી કરવાના તથા પ્રૂફ જોવાને બહાને પણ આ લાખોના પગારદાર અધ્યાપકો ગરીબ છાત્રોને લૂંટે છે. પછાત વર્ગને મળતી કે યુજીસીની ફેલોશીપ પણ લઈ લેનારા 'ગાઇડ' છે. 'સાહેબો'ની 'સેવા' કરનારા ડિગ્રી તથા નોકરી માટે લાચાર છે. ભ્રષ્ટ અધ્યક્ષો-અધ્યાપકો થિસીસ લખાવી આપવાના – કમિશનકરારથી – સોદા કરે છે. છેલ્લા દાયકાથી અહીં વિદ્યાનગરમાં પણ આવી ખતરનાક પ્રવૃત્તિઓ વધી અને બેફામ બની છે. જાણનારા ચૂપ છે ને તંત્રો પ્રૂફ માગે છે. છેવટે ઘીના ઠામમાં ઘી પડી રહે છે. તમે જ કહો કે ભાઈકાકા – ભીખાભાઈનું સ્વપ્ન શું આવું હતું?? ના, ના કદી પણ નહીં.

❑

# ૧૦

## સત્તા માટેની સાઠમારી

શિક્ષણના ક્ષેત્રમાં પ્રત્યક્ષ જોડાઈને કાર્ય કરવાની તક મળે, એ તકને અભ્યાસ તથા નિષ્ઠા અને નિસબતથી સદ્ભાગ્યમાં પલટી નાખનારા બહુ ઓછા થતા જાય છે. મેં પ્રત્યેક વર્ષે પાંચ-દશ સારા વિદ્યાર્થીઓ તૈયાર કરીને ગુજરાતી સમાજનું ઋણ ફેડવાના પ્રયત્નો કરવામાં કચાશ નથી રાખી. હું હાડે અને મનથી આખેઆખો શિક્ષક રહ્યો છું. ભાષાસાહિત્યનું અધ્યયન-અધ્યાપન જ મારું એકમેવ જીવનકાર્ય તથા ધ્યેય રહ્યું છે. મારા મિત્રો, વડીલો તથા મારાં સેંકડો વિદ્યાર્થીઓ આ વાત મને કહે છે. ને હું મારા અથાક પ્રયત્નોને યાદ કરું છું. આપણી આવી તમા હોય એની નોંધ ભલે લેવાય કે ન લેવાય, પરંતુ આપણી ચારે તરફ શિક્ષણમાં જે રંજાડ તથા ભેલાણ ચાલે છે ત્યારે જીવ બાળ્યા વિના નથી રહેવાતું.

ભાઈકાકાના વિદ્યામિશનને યાદ કરું છું. ૧૯૭૦માં એ ગયા એ પછી પણ વલ્લભવિદ્યાનગર પર એમની આભા નવમા દશક સુધી હતી – મેં પણ ૧૯૮૭ના ગાળામાં એ વિદ્યાચેતનાનો અનુભવ કર્યો હતો. એચ૦ એમ૦ પટેલ એમના સફળ વારસ. કડકાઈ સાથે વિદ્યાપ્રીતિ અને ગુણવત્તા તરફનો એમનો પક્ષપાત ધ્યાનપાત્ર હતાં. ભાઈકાકા (૧૯૭૭) તથા એચ૦ એમ૦ પટેલ બંને હતા ત્યાં સુધી (૧૯૯૩) વિદ્યાનગરમાં વિદ્યાર્થી અને ઉત્તમ અધ્યાપકો કેન્દ્રમાં હતાં. એમની ખેવના થતી. ભાઈકાકા વિદ્યાર્થીને ખભે હાથ મૂકીને એની લાગણી પૂછતા, જરૂરિયાત વિશે જાણવા તથા એની પૂર્તિ કરવા તત્પર રહેતા. અધ્યાપકો એમની સાથે ચર્ચાઓ કરવા બેસતા, ગુણવત્તા તથા સગવડો વિશે પણ ગોષ્ઠિ યોજાતી. અગવડો વેઠીને, જાતે બાકી કામ કરી લઈને વર્ગમાં જનારા હતા કેમકે પ્રેમ હતો. કન્સર્ન હતી, વિદ્યાપ્રીતિ હતી. છેક એચ૦ એમ૦ પટેલ ગયા ત્યાં સુધી ઉત્તમને આંબવાની ધગશ હતી. ખુશામતખોરી 'બેકફૂટ' પર હતી. ધીમે ધીમે બધું શિક્ષણ જગત બદલાવની અને મૂલ્યહીન સમાધાનોની દિશામાં જઈ રહ્યું હતું. ત્યારે જ એચ૦ એમ૦ પટેલે (૧૯૯૩માં) ચિરવિદાય લીધી. ગુણવત્તા તથા ઉત્તમતાની આરાધનાનો યુગ આથમી ગયો. અને



શિક્ષણને નિત્ય પ્રાણિત કરતાં મૂલ્યોનો વિનાશ પછી તો બધે જ દેખાવા લાગ્યો હતો. છતાં ઊજળી પરંપરા જાળવનારી સંસ્થાઓ તથા એવી વ્યક્તિ-પ્રતિભાઓ હજી મહેનત કરીને વિનિપાત રોકવા મથતી તો હતી... આવી મથામણો પરંપરાને આગળ વધારે છે તથા આશા પણ જન્માવે છે. દુનિયા આ રીતે ચાલતી રહે છે.

૧૯૭૩-૭૪નું, ચીમન પટેલ સરકાર સામે થયેલું, નવનિર્માણ આંદોલન, વિદ્યાર્થીઓ દ્વારા થયેલું ગુજરાતનું પહેલું અને સૌથી મોટું હિંસક આંદોલન હતું. એના પ્રત્યાઘાતો છેક સુધી શિક્ષણને પીડતા રહ્યા હતા. એ જ ગાળામાં સુરેશ હ૦ જોષીએ *વિદ્યા વિનાશને માર્ગે* પુસ્તક લખેલું. ત્યારે અતિશયોક્તિ લાગેલી એમની એ વાતો-ચર્ચાઓ આજે તો અલ્પોક્તિઓ લાગે છે. પણ એ વર્ષો નિસબત, ચિંતા અને ચિંતનના હતાં. આજે તો એટલું ય નથી બચ્યું! 'પડે છે ત્યારે સઘળું પડે છે' – એ ધૂમકેતુનું 'વિનિપાત વાક્ય' રોજ હૈયામાં ભોંકાતું રહે છે. શું કરીએ??

આવા કપરા કાળમાં આપણી થોડીક પણ મૂલ્યવાન ઉપલબ્ધિઓ આપણને આશ્વાસન આપવા સાથે ટકાવી રાખે છે. ગુજરાત યુનિવર્સિટીની એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજની જેમ આપણા વલ્લભવિદ્યાનગરની બિરલા વિશ્વકર્મા ઇજનેરી કૉલેજ પણ દેશમાં સુખ્યાત થઈ હતી. એમાં ભણીને તૈયાર થયેલા સેંકડો ઇજનેરો દેશપરદેશમાં ઉત્તમ કામ કરી રહ્યા છે. અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દીના ઉત્તમ અને વિદ્વાન અધ્યાપકો નવી પેઢીઓનું ઘડતર કરતા હતા. મ૦ સ૦ યુનિવર્સિટી, વડોદરામાં પણ ગુજરાતી-અંગ્રેજીના વિભાગો ઉપરાંત ફાઇન આર્ટ્સ, પરફૉર્મિંગ આર્ટ્સ તથા ઇજનેરી વિદ્યાશાખાઓની ખ્યાતિ વિદ્યાર્થીઓને આકર્ષતી હતી.

સરદાર પટેલ યુનિવર્સિટીના હિન્દી-ગુજરાતી-અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, બાયોસાયન્સ, ગણિત તથા રસાયણશાસ્ત્ર જેવા પીજી વિભાગોની કામગીરી ધ્યાનપાત્ર હતી. નલિની-અરવિંદ આર્ટ્સ તથા વી.પી. સાયન્સ અને બી.એડ્.ની બંને કૉલેજો પણ રાજ્યભરમાં ખ્યાતિ પ્રાપ્ત હતી. આણંદની કસ્તૂરબા કન્યાવિદ્યાલય તથા દાદાભાઈ નવરોજજી હાઈસ્કૂલમાં પ્રવેશ લેવા રાજ્યભરમાંથી વિદ્યાર્થીઓ આવતા. બોર્ડમાં ૧ થી ૧૦ નંબરમાં આ બંને સ્કૂલોનાં વિદ્યાર્થી ટોપર્સ બનતાં. વચ્ચે થોડાં વર્ષો વિદ્યાનગરની આર.પી.ટી.પી. ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ પણ સાયન્સના વિદ્યાર્થીઓ માટે સારી રીતે ભણવાની ઉત્તમ સ્કૂલ ગણાતી હતી. આજે (૨૦૧૫માં) આ બધા વિભાગો, યુનિવર્સિટીઓ, કૉલેજો તથા સ્કૂલોમાં જવાનું કોઈ જ આકર્ષણ કે કારણ બચ્યું નથી. કેમ??

ધીરુભાઈ ઠાકરપ્રાણિત મોડાસા કૉલેજોના સુવર્ણકાળમાં મને ત્યાં ભણવાનું બલકે ઘડાવાનું સૌભાગ્ય સાંપડેલું. તો ઈડર કૉલેજનાં ઉત્તમ વર્ષોમાં ત્યાંનાં વિદ્યાકાર્યોમાં સઘન રીતે પ્રવૃત્ત થવાનું બનેલું એનો રોમાંચ આજે પણ અકબન્ધ છે. પણ ન ગમે તો ય કહેવું પડે છે કે હું (૧૯૮૭માં) વલ્લભવિદ્યાનગરમાં આવ્યો ત્યારે આ વિદ્યાનગરીનો ઉત્તમ કાળ આથમતો હતો અને વિદ્યાકીય ગુણવત્તા તથા પ્રામાણિક વિદ્યાપ્રવૃત્તિઓનાં વળતાં પાણી થઈ રહેલાં તે મને મૂંઝવતાં હતાં. અલબત્ત, હું તો આ નવતર પરિવેશમાં મારી તમામ આશા-અપેક્ષાઓ અને શક્તિઓ સાથે મારા મિશનમાં જોડાઈ ગયો હતો. દરેક પરિસ્થિતિમાં આપણે તો આપણા દાયિત્વ માટે સક્રિય જ રહેવાનું હોય છે. મન મૂકીને કરેલાં કાર્યોનાં સુફળ આપણને મળતાં જ હોય છે.

વિદ્યાનગરીનું નાડીપરીક્ષણ તો મારા વશની વાત નથી અને મારે માટે એ વિશે લખવાની આ જગ્યા નથી. પરંતુ કેટલાંક નિરીક્ષણો જરૂર નોંધી શકાય. સંસ્થાઓ વિકસે એટલે સત્તા ભોગવનારા પ્રગટ થાય. એમની વચ્ચે જાણતાં-અજાણતાં સહજ સ્પર્ધા જન્મે અને છેવટે સત્તા માટે દ્વેષ, વેરઝેર, ટકરાવ સાથે ગંદી રમતો શરૂ થઈ જાય છે. ત્યારે આણંદમાં બે સંચાલક મંડળો(બે સત્તા કેન્દ્રો)ની ચારપાંચ કૉલેજો ચાલતી હતી. (૧૯૮૭નો એ સમયગાળો) સરદાર પટેલ યુનિવર્સિટી સાથે આ કૉલેજો જોડાયેલી હોવાથી યુનિવર્સિટીનાં સત્તામંડળોમાં એમની હિસ્સેદારી હતી. વલ્લભવિદ્યાનગરની સ્થાપના (૧૯૪૬માં) કરનાર ચારુતર વિદ્યામંડળની કૉલેજો સ્વાભાવિક જ વધારે હતી. તથા સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપના (૧૯૫૬)માં ચા. વિ. મંડળની ભૂમિકા મહત્ત્વની હતી. ભાઈકાકાની આંખે પાણી આવ્યાં ત્યારે, ત્યારના સંયુક્ત દ્વિભાષી મુંબાઈ રાજ્યના મુખ્યમંત્રીશ્રી મોરારજી દેસાઈએ હિન્દી માધ્યમની શરતે 'સરદાર પટેલ વિદ્યાપીઠ'ની મંજૂરી આપેલી. એ પછી માધ્યમ તથા નામ અને સ્ટેચ્યૂટ નવેસર નક્કી થયાં હતાં. ભાઈકાકા સ્થાપક કુલપતિ તરીકે બીજી ટર્મ પણ ચાલુ રહે એવું મોરારજી ન્હોતા ઇચ્છતા. જોગાનુજોગ બાબુભાઈ જશભાઈ પટેલ જેવા ચરોતરવાસી યુવાન કુશળ વહીવટ કરતા કુલપતિ તરીકે મળેલા. ભાઈકાકાએ ચા. વિ. મંડળનો વહીવટ શ્રી એચ૦ એમ૦ પટેલને સોંપીને (૧૯૫૯) સક્રિય રાજકારણમાં જવાનું સ્વીકારતાં હવે આણંદ-વિદ્યાનગરની આ યુનિવર્સિટીમાં સંચાર વધે છે... કૉલેજો વધતાં સત્તાકેન્દ્રો મજબૂત બને છે.

યુનિવર્સિટી પોતે તો એક મહત્ત્વનું વિદ્યાકેન્દ્ર હોવા સાથે અનિવાર્યપણે સત્તાનું કેન્દ્ર પણ હોય જ. આ મુખ્ય સત્તાકેન્દ્ર ઉપર પોતપોતાનું પ્રભુત્વ સ્થાપવા તથા એ દ્વારા પોતાનાં ધાર્યાં કાર્યો પાર પાડવા માટે મંડળો મળીને કે એકલાં રહીને વર્ષોથી



રાજરમતો રમ્યા કરે છે. આ યુનિવર્સિટી પણ આવી બાબતોથી પર કે ઉપર રહી નહીં શકી એ દુઃખદ વાત છે. ખાસ તો ગામડા ગામની આ – 'રૂરલ યુનિવર્સિટી'-નો વિચાર પ્રસરાવવા તથા ગ્રામોદ્ધાર કરવા, નિર્માણ પામેલી સરદાર પટેલ યુનિવર્સિટીમાં, રાજકીય કાવાદાવાને જગ્યા જ નહોતી. સૌ સંપીને સાથે બધું કામ નીતિનિયમો પ્રમાણે કરી શકે એમ હતું... હજી આજે પણ આ શક્ય છે! પણ સ્વાર્થના હજાર પ્રકાર છે અને સત્તા કદી શાણી નથી રહી શકતી.

બહુ પ્રારંભથી જ ચા. વિ. મંડળનો પ્રભાવ યુનિવર્સિટી ઉપર હતો. આ ગામ અને યુનિવર્સિટી એમણે જગ્યા મેળવીને વસાવ્યાં – સ્થાપ્યાં તથા વિકસાવ્યાં હતાં. 'એટલે આ યુનિવર્સિટી તો અમારી છે અને અમે જે કરીએ છીએ તે સૌના ભલા માટે છે.' તેથી અમારી સાથે સંમતિમાં રહો. ચા. વિ. મંડળની આવી ભાવના શરૂથી આજ સુધી રહી હોય એ શક્ય છે. પણ વર્ષો જતાં શુભ ભાવના સત્તાની ભાષા બોલવા માંડે ત્યારે અન્યોને અન્યાય લાગે તે સહજ છે. કોઈપણ સંચાલક મંડળ, સત્તામાં ભાગીદારી શા માટે ન ઇચ્છે? અને અન્યાય લાગે ત્યારે તો વિરોધ પછી વિપક્ષ બનીને સત્તા સામે બાંયો ચઢાવે એ પણ સહજ છે. કૉલેજો વધતાં વિદ્યાર્થીઓ માટે, સત્તાલાભો માટે પણ સ્પર્ધા વધે એ દેખીતું છે. સરદાર પટેલ યુનિવર્સિટીએ (એટલે કે કુલપતિ + કુલસચિવ + સત્તામંડળોએ) પણ ચા. વિ. મંડળ તરફના પક્ષપાતમાંથી, એના ઓછાયામાંથી મુક્ત બનીને તાટસ્થ્ય કેળવવાનો પ્રયાસ નથી કર્યો. બહુ ઓછા કુલપતિઓ ચા. વિ. મંડળના ઓછાયાથી દૂર રહીને, સંઘર્ષ કરતા રહીને, તટસ્થ નેતૃત્વ પૂરું પાડીને વિદ્યાકાર્યો માટે મથતા રહ્યા છે. પોતાની પાસે વીસ કરતાં વધારે પૂર્ણ વિકસિત અનુસ્નાતક વિભાગો તથા અન્ય કૉલેજો-સંસ્થાઓ હોવા છતાં બહુ થોડા – બે-ત્રણ – કુલપતિઓ જ હિંમત, કોઠાસૂઝ અને વિદ્યાપ્રીતિથી સ્વતંત્રતાપૂર્વક સંચાલન કરી શક્યા છે. આવા કુલપતિઓની સામે પણ સંચાલક મંડળો, સત્તામંડળોમાં પોતાના પ્રતિનિધિઓને મોકલીને અવરોધો ઊભાં કરતા રહ્યાં છે. ને હવે તો બધી સરકારો તથા રાજકીય પક્ષોને પણ, યુનિવર્સિટીઓ દ્વારા પોતાની સત્તાઓ ભોગવવામાં ઊંડો રસ છે. આ બધાંને કારણે હવે વિશ્વવિદ્યાલયો વિદ્યાકેન્દ્રો ઓછાં અને રાજકીય અખાડો વધુ બની ગયાં છે. આથી દિશાહીન શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા તથા ખોટાં કાર્યો વધતાં જાય છે.

યુનિવર્સિટીનું સંચાલન હવે બહુ સુચારુ ઢંગથી ચાલતું નથી. પોતાના સ્વાર્થ માટે સંચાલક મંડળો અધ્યાપકોને સૅનેટ-સિન્ડીકેટ તથા અન્ય સત્તા મંડળોમાં મોકલે છે. મંડળોના મંત્રી-અધ્યક્ષો પણ એમાં હિસ્સેદારી કરે છે. બહુમતી વધારીને પોતાની

સંસ્થાનાં કાર્યો, નિયમને ધરાર અવગણીને, કરાવવામાં બધાંને રસ હોય છે. કેટલાકને સત્તામાં બની રહેવાનો અહમ અમલ જેવો લાગે છે. આમ ચૂંટણીઓ તથા નોમીનેશન/ કૉ-ઓપ્સન માટે ખેંચતાણ ચાલે છે – સરકારો પણ પોતાની ભૂમિકા ભજવે છે.

જેમને સત્તામંડળોમાં આવવાની મહેચ્છા જાગે છે તેવા અધ્યાપકો-વડાઓ-આચાર્યો સત્તાકેન્દ્રોમાં જઈને ખુશામત કરે છે. ચા. વિ. મંડળના યુનિવર્સિટી પરના એકહથ્થુ પ્રભાવને તોડવા આણંદના સંચાલક મંડળો ત્યારે વધુ સક્રિય હતાં. આવું એક સત્તા કેન્દ્ર તે 'આઇસ ફેકટરી'! રામકૃષ્ણ સેવા મંડળ (ટ્રસ્ટ)ના વકીલસાહેબની બેસવાની ખાસ જગ્યા. જ્યાં સાંજે ઘણા અધ્યાપકો-વડાઓ-આચાર્યો પણ હાજરી પૂરાવવા તથા 'ગુડવીલ' મેળવવા જતા હતા! પ્રમોદકુમાર પટેલ અને મારા જેવા નહિ જનારાઓને લોકો જુદી નજરે જોતા. મને આઘાત લાગતો કે નોકરી કરે છે યુનિવર્સિટીની! વળી પોતે અનુસ્નાતક કક્ષાએ માનભેર નિમાયા છે તો વફાદારી વળી બીજા તરફ કેમ? પછી તો ખ્યાલ આવ્યો કે તમારે જો સેનેટ, સિન્ડીકેટ કે બોર્ડના સભ્ય થવું છે અથવા તમારે ડીનશીપ-હેડશીપ જોઈએ છે? ટૂંકમાં કોઈ પણ 'લાભ' જોઈએ તો સત્તા કેન્દ્રોમાં તમારી હાજરી હોવી જરૂરી છે.

શ્રી એચ૦ એમ૦ પટેલ હયાત હતા ત્યાં સુધી, ચા. વિ. મંડળ એક મજબૂત અને પ્રભાવક સત્તા કેન્દ્ર હોવા છતાં, મંડળની ઑફિસે ફાલતું અને સત્તાલાલસાનાં કાર્યો માટે કોઈ પણ જવાની હિંમત કરી શકતું નહિ. એટલે 'આઇસ ફેકટરી'ના બન્દાઓ વધારે હતા. એચ૦ એમ૦ પટેલના ગયા પછી ચા. વિ. મંડળની ઑફિસે જનારા વધ્યા. વળી ખુશામતખોરી ત્યાં પોષાવા લાગી. સત્તાના કાવાદાવામાં મંડળની ભૂમિકા નકારાત્મકતા સુધી પહોંચી. એટલે ન્યૂ વિદ્યાનગર કે વિકાસના કાર્યો પોતાનું વજૂદ પ્રગટાવે ત્યાં સુધીમાં તો એનાં વળતાં પાણી થયાં! નકલી ચલણ અસલી ચલણને હડસેલી મૂકે છે! આ જ ગાળામાં ચાંગા ગામે, ત્યાંના પટેલ સમાજે મળીને, 'ચારુસેટ' યુનિવર્સિટી વિકસાવી. આજે 'ચારુસેટ' ચરોતર પ્રદેશનું 'મોતી' બની રહ્યું છે... ને વિદ્યાનગર-આણંદની પાસે સક્ષમ વારસદારોનો પણ દુષ્કાળ ચાલે છે! સમય બની બેઠેલા મહર્ષિઓને નાપાસ કરે છે.

❑



**૧૧**

## વિદ્યાના દીવા ઝાંખા બળે છે

ત્યારે (૧૯૬૦થી ૧૯૯૫) વલ્લભવિદ્યાનગરમાં ભણવા તથા ભણાવવા આવવાનું અદમ્ય આકર્ષણ હતું. ગુજરાત બહારના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો પણ અહીં આવતા રહ્યા છે. આનાં પણ ઘણાં કારણો હતાં. સારુ શિક્ષણ મળે છે એવો ખ્યાલ સાપેક્ષ રીતે સાચો હોઈ શકે. પણ શિક્ષણેતર કારણો ય હતાં. આ પ્રદેશ લીલોછમ અને રમણીય હતો. (આજે પણ ગમી જાય એવો તો છે જ.) નાનકડું છતાં શહેરની બધી સગવડો ધરાવતું ગામ. રહેવા-જમવાની સારી સુવિધાઓ. પાણીની ખેંચ નહિ. વૃક્ષો, બાગ-બગીચાથી શોભતાં રસ્તાઓ–સંસ્થાઓ–નિવાસો. ચોખ્ખાઈ પણ ખરી. અમૂલ ડેરી, કૃષિ યુનિવર્સિટીનું વિશાળ કૅમ્પસ, ઈરમા, નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, સુખ્યાત શિક્ષણ સંસ્થાઓ, આસપાસનાં વિકસિત ગામડાં, દેશાવર ખેડતાં, મોજીલાં – મિજાજી લોકો તથા ઉત્સાહી યુવાવર્ગ, દેશના (ગાંધીજી સિવાયના) મોટા તથા જવાબદાર નેતાઓની મુલાકાતો, વીર વિઠ્ઠલભાઈ તથા સરદાર પટેલની આ ભોમકામાં બીજાં ય સક્રિય માનવરત્નો – અનેક ધર્મસ્થાનો, રેલવે-બસની ઉત્તમ વ્યવસ્થાઓઃ આવાં આવાં અનેક કારણોથી લોકો અહીં આવતા ને આજે ય આવે છે. હવે તો ગુજરાતભરમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વધી છે – ત્યારે તો વિદ્યાનગર જ એક એવું કેન્દ્ર હતું જ્યાં સાત આઠ માઈલના ઘેરાવમાં બધા જ પ્રકારની અને સારી શિક્ષણ સંસ્થાઓ તથા અનુકૂળ વિદ્યાપરિવેશ પ્રાપ્ત હતાં! આજે હવે સમયે ઘણું બદલી નાખ્યું છે.

સારી રીતે, ઓછા ખર્ચે, નિરાંતે ભણી – રહી શકાય એવી આ તરુખચિત વિદ્યાનગરીની ભીતર પણ ઝાંખીને જોવું ઘટે. શિક્ષણ કાંઈ વર્ગોમાં જ સમાપ્ત થઈ જતું નથી. ઉત્તમ પરિવેશનો ઉપયોગ કરીને આપમેળે પણ વિદ્યાવ્યાસંગથી સારું શિક્ષણ મેળવી શકાય છે. એવી સ્થિતિ રચવાનું અહીં સરળ છે અને કેટલાંક સારાં વિદ્યાર્થીઓ આ રીતે જાતે તૈયાર થતાં રહે છે. બ્હેનો પણ અહીં પાછળ નથી. ગ્રંથાલયો અહીં સમૃદ્ધ છે તથા પરિસંવાદો, વ્યાખ્યાનો, કાર્યશિબિરોથી કૅમ્પસ ધમધમતું રહેતું તે આજે જરાક પોરો ખાય છે. છતાં કલાઓ, સમાજશાસ્ત્રો, વિજ્ઞાન, આરોગ્ય અને અદ્યતન

ટૅક્નોલૉજીની અનેક વિદ્યાશાખાઓ/સંસ્થાઓ આપણને જ્ઞાન અને આનંદ આપવા પ્રવૃત્ત છે. ખાણીપીણી અને નાટક-સિનેમા/મોજમસ્તીની પણ ખોટ નથી. અહીં 'વંઠી જનારને' એવી તક મળે છે ને 'જ્ઞાનમાર્ગી'ને એનું જીવનપાથેય મળી રહે છે. આ અર્થમાં આ જગ્યા હજીય વિશિષ્ટ, વિરલ, લોકપ્રિય અને હૃદયંગમ છે. આ એની સફળતા છે. માત્ર વિદ્યાર્થીઓથી પ્રાણિત થતું અને પોષાતું આ વિદ્યાનગર વસવા માટે એન.આર.આઇ સમેત અન્ય રાજ્યોનાં લોકોને પણ આકર્ષી શક્યું છે. અભ્યાગતને આવકાર, ભૂખ્યાને રોટલો થાકેલાને ઓટલો આપતું આ રૂપકડું ગામ, તમને આવડે તો ભણાવીને નોકરી-છોકરી બંને આપીને પૂરા ગૃહસ્થ બનાવીને વ્હાલથી રાખે છે. જે વિદ્યાવ્યાસંગી છે અને પ્રકૃતિનો ચાહક છે, એને માટે તો આ ગામ, 'વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહિ આવું' – જેવી મહિમાવંતી વાત છે.

આ ગામમાં આવ્યો ત્યારે અહીંના શિક્ષણ અને શિક્ષકો વિશે બહુ ઊંચા ખ્યાલો લઈને આવ્યો હતો. એ ખ્યાલો સાવ નિરાધાર ન્હોતા બંધાયા... વિદ્વાનોનો સમયગાળો હજી પણ વહી ગયો ન્હોતો. સુરેશ હ૦ જોષી (૧૯૪૭થી ૧૯૫૧) તથા ડોલરરાય માંકડ જેવા વિદ્વાન સાહિત્યસ્વામીઓની કારકિર્દી અહીંથી પ્રારંભાઈ હતી. ગણિતના વિદ્વાનો ન૦ મૂ૦ શાહ તથા પી૦ સી૦ વૈદ્ય, કુશળ ઇજનેર પ્રિ. જુન્નરકર તથા પ્રો૦ મૂળે, પ્રો૦ દેવકુલે, શિક્ષણવિદ્દો પ્રો૦ આર૦ એસ૦ ત્રિવેદી તથા ડૉ૦ દાઉદભાઈ ઘાંચી; વિજ્ઞાન ટૅક્નોલૉજીના પણ અનેક નામી અધ્યાપકો અહીં કામ કરીને અન્યત્ર ગયા હતા અને કુલપતિઓ પણ થયા હતા! આ કૅમ્પસ વિદ્વાનોથી પ્રાણિત હતું... ને હું આવ્યો ત્યારે પણ વિદ્વાનોની નવી પેઢી સક્રિય હતી જ! પરંતુ કહેવું જોઈએ કે નબળા અને નિસબત વગરના અધ્યાપકોની સંખ્યા પણ વિદ્વાનોથી બમણી થવા જઈ રહી હતી. વર્ગશિક્ષણ માટેની તમા અને તૈયારી ઘટતી જતી હતી તથા પરીક્ષા-પરીક્ષણમાં ગેરરીતિઓને વિદ્યાર્થી અને અધ્યાપક – એમ બંને પક્ષે પોષવાનું વલણ ચિંતાજનક હતું. હું અનુભવે કહી શકું છું કે ઉત્તમ વર્ગ શિક્ષણ ઘણે અંશે સારાં ને સાચાં પરિણામો લાવે છે અને અનૈતિકતાને ઘટાડે છે. વિદ્યાર્થીનાં લખાણોમાં ગોખણપટ્ટી અને સમજણ આપોઆપ પકડાઈ જતાં હોય છે. માત્ર અધ્યાપક-પરીક્ષક સજ્જ તથા તટસ્થ હોવો જોઈએ. વધારે કે ઓછા ગુણાંક આપવાનાં અધ્યાપકોનાં વલણો જાણ્યાં ત્યારે મન ગ્લાનિથી ભરાઈ જતું. એમાં ય વિદ્યાર્થીનું શોષણ થતું જોઈને દુ:ખ બેવડાતું.

આ સન્દર્ભે એક વાત નોંધવાનું જરૂરી બને છે. મને ઈડર કૉલેજમાં (૨૪.૬.૧૯૭૩) ઇન્ટરવ્યુ માટેનો તાર મળ્યો ને હું ત્યાં ગયો ત્યારે મારી પસંદગી પછી મને કહેવામાં આવેલું કે – 'તમારા પહેલાં સરદાર પટેલ યુનિવર્સિટીના બે 'ગોલ્ડ



મેડલિસ્ટ' ઉમેદવારોના ઇન્ટરવ્યુ કરેલા, પણ બંનેમાંથી એક પણ પસંદગીપાત્ર ન્હોતા લાગ્યા...' આ ઘટનાના સંકેતો સ્પષ્ટ છે... 'વલ્લભવિદ્યાનગરમાં ખૂબ વધારે ગુણાંક આપે છે – ઇઝીલી ફર્સ્ટ ક્લાસ મળી જાય છે...' આવી વાતો ત્યારે સંભળાતી ને વિદ્યાર્થીઓ આવી લાલચથી પણ આવતા હશે એ વાતમાં તથ્ય છે. આજે તો બધે હવે પાસ ક્લાસ લાવનારાં કરતાં ફર્સ્ટ ક્લાસ મેળવનારાં વધ્યાં છે. ગુણાંક એ હવે જ્ઞાનની સાબિતી નથી રહ્યા. 'ક્લાસ' – મેળવનારો 'માસ' શંકાની નજરે જોવાય એવી સ્થિતિ પ્રવર્તે છે. ને ઘણાં અધ્યાપકોને પેપર કાઢતાં કે ભૂલ વગરનો પરિપત્ર/પત્ર લખતાં નથી આવડતું – ને એની એમને શરમ પણ નથી આવતી! વડીલ અધ્યાપકો સમ્બન્ધો સાચવવા આંખ આડા કાન કરે છે. ઉચિત ઘડતર માટેનું અનિવાર્ય માર્ગદર્શન પણ નથી અપાતું. 'બધું બરાબર ચાલે છે' – એમ માની-મનાવીને બધા એકબીજાને સાચવે છે. પરિણામે સાચી વાત તરફ ધ્યાન દોરનાર કે સ્પષ્ટ કહેનાર બધાંને કડવો કે વાંકદેખો લાગે છે. બધા એની અવગણના કરે છે. સો ટકા સમ્પૂર્ણ તો કોઈ નથી હોતું, પણ મર્યાદાઓ સાથે મળીને ચકાસીએ, પછી સુધારીએ તો પરિણામો સારાં આવે. પણ અહીં આ માટે મિત્રો તૈયાર ન્હોતા.

અધ્યાપન તથા પરીક્ષણ વિશે જરાક ઊંડાં ઊતરતાં તરત ખામીઓ દેખાઈ આવે એવી સ્થિતિઓ હતી. દા૦ત૦ અભ્યાસક્રમો સરળ રાખવા. પડકારરૂપ મુદ્દાઓ ટાળવા. ભાષાસાહિત્યમાં પણ સરળ અને એની એ જ કૃતિઓ ભણાવતાં રહેવી. જૂની નોંધો દર વર્ષે ઊતરાવી દેવી. વ્યાખ્યાનને બદલે 'નોટ્સ' લખાવી દેવી. પાંચ સાત પ્રશ્નો જેટલા જ મુદ્દાઓ ચલાવવા ને જવાબો લખાવી દેવા. જે ભણાવ્યું એટલું જ પરીક્ષામાં પૂછવું. ભણાવે એ જ પેપર કાઢે તથા એ જ તપાસે. પેપર પર નામ નંબર ખુલ્લાં હોય. ત્રીસમાંથી ઓગણત્રીસ જેટલા ઇન્ટરનલ પરીક્ષામાં ગુણાંક આપે. વધારે ગુણાંકથી બી.એડ્.માં પ્રવેશ જલદી મળી જાય. નાનકડી યુનિવર્સિટીમાં જે તે વિષય બે-ત્રણ કૉલેજોમાં જ ચાલતો હોય. ને યુનિવર્સિટીની પરીક્ષામાં પણ ડમી નંબર-બારકોડ ન હોય... એટલે નંબરો પરીક્ષકોને પહોંચાડી દેવાય. લોભલાલચથી કામ પાર પડે. અરે! ગોલ્ડ મેડલ માટે કૉલેજો વારા કાઢે.... એક કૉલેજે તો વીસ વર્ષ સુધી આચાર્યશ્રીના વિષયમાં ગોલ્ડ મેડલ મેનેજ કરેલો. પત્ની પરીક્ષા આપે અને પતિ તથા ભાઈ પણ એ જ પેપર્સ તપાસે. સગાંવ્હાલાંને ગોલ્ડ મેડલ મળે, નોકરી અપાવે, ને આવા તો કેટકેટલા આટાપાટા રમાતા રહે. 'ડિઝર્વિંગ' ઉમેદવાર વંચિત રહે; રડે ને નિરાશ થાય. સ્થાનિક અને ગામડાગામની – રુરલ – યુનિવર્સિટીનો આવો કદરૂપો ચહેરો મને બે-ત્રણ વર્ષમાં દેખવા મળ્યો. સારી વાતો આની આડે ઢંકાઈ જતી હતી.

દિલાવરસિંહ જાડેજા કુલપતિપદે હતા એ ગાળો હતો – ૧૯૯૦થી ૧૯૯૫નો. ૧૯૯૧-૯૨માં એમણે પરીક્ષા સુધારણા સમિતિની રચના કરેલી. એમાં હું સભ્યપદે હતો. આ બધાંને મતે પરીક્ષા સુધારણાનો અર્થ હતો પરીક્ષાનાં વ્યવસ્થાતંત્રો કરકસરથી કામ કરે ને સગવડો સૌના સુધી પહોંચે. મેં પરીક્ષા સુધારણા સન્દર્ભે મુદ્દા સૂચવેલા તે કૈંક આવા હતા:

- વર્ગશિક્ષણ વધુ સઘન બને. વિદ્યાર્થી પ્રશ્નો પૂછે – સેમિનાર આપે તથા પેપરદીઠ એસાઇનમેન્ટ લખે. ઇન્ટરનલ ગુણાંકને ગુણવત્તા સાથે જોડવા જોઈએ.
- પ્રશ્નપત્રોમાં માહિતી એકલી નહીં, પણ સમજણ પણ દેખાય એવી રીતના પ્રશ્નો પૂછવા. પ્રાશ્નિક વધુ જવાબદારીપૂર્વક કામ કરે. એકથી વધુ પ્રાશ્નિકો મૂકવા તથા એમને બે વર્ષે બદલતા રહેવા. પ્રશ્નપત્રો વધુ વિશદ ભાષામાં હોવાં જોઈએ.
- ઉત્તરવહીઓ ઉપર કાપલી મારી ડમી નંબર આપવા.

મારા આ મુદ્દાઓને કેટલાકે ‘અધ્યાપક વિરોધી’ ગણાવ્યા અને સિન્ડીકેટમાં કહ્યું કે અધ્યાપકોના પરીક્ષણ કાર્ય વિશે શંકા કરનારને ઠપકો આપવો જોઈએ. ત્યારે શ્રી એચ૰ એમ૰ પટેલે જણાવેલું કે બધે જ ડમી નંબરો આવી રહ્યા છે. એમની વાતમાં શંકા નહિ પણ સત્ય છે. સિન્ડીકેટે પછીનાં વર્ષોમાં ડમી નંબર લાવવાની ફેવર કરેલી, પણ સ્થાપિત હિતોએ પાંચ સાત વર્ષો આ કામ નહિ થવા દીધેલું. આણંદની એક કૉલેજના સ્ટાફરૂમે મિટિંગ કરીને નક્કી કરેલું કે મણિલાલ પટેલને આપણી કૉલેજમાં પ્રવેશવા ન દેવા! આવી રમૂજી લાગતી વાતો ગંભીર છે ને શિક્ષકોનું ચારિત્ર્ય દર્શાવે છે.

❑



# ૧૨

## સાહિત્યની દુનિયામાં ડોકિયું

એ વાત સર્વસ્વીકૃત છે કે બધે જ, બધી ભાષાઓમાં, સાહિત્યકારોમાં જૂથ હોય છે. ઘણીવાર તો એક જૂથમાં પણ નાનાં નાનાં ગ્રુપ/જૂથ હોય છે. દરેક જૂથના સાહિત્યકારો બહુધા સાહિત્ય અને ભાષાની ખેવના તથા નવતા અને કલાત્મકતા માટે પોતપોતાના મતો-ખ્યાલો-વિચારોને આધારે ઉત્તમ રીતે મથતા હોય છે. આવું નથી હોતું એમ નહિ, પરંતુ ઘણીવાર મોટા સાહિત્યકારોની આસપાસ જૂથબંધી ઊભી થાય છે. જાણે-અજાણે મોટા સાહિત્યકારોની ઓથમાં સબળા સાથે નબળા સાહિત્યકારોનાં ટોળાં પાંગરતા-પોષાતાં રહી અને ક્યારેક વધુ પડતાં બોલકાં બની જાય છે. માનઅકરામ – ઇનામ – એવૉર્ડ્ઝ તથા પ્રકાશનો – સંપાદનો આદિ પ્રવૃત્તિઓમાં સ્પર્ધા ઉપરાંત દ્વેષ તથા પક્ષપાત વધતો રહે ત્યારે આવો જૂથવાદ ભાષાસાહિત્ય અને સર્જન-વિવેચનના પરિસરને પ્રદૂષિત કરે છે. ગુજરાતી ભાષાસાહિત્યે સબળાઓ અને નબળાઓના જૂથવાદ સાથે નવા વિચારો અને ઉચ્ચાગ્રહો માટે મથનારના જૂથવાદ જોયા – જાણ્યા છે. પણ રાગદ્વેષ અને વ્યક્તિપૂજામાં રાચનારો તથા સંસ્થાઓ બથાવી પાડનારાઓનો જૂથવાદ વધારે ખતરનાક હોય છે. આપણે ત્યાં પણ આવા વરવા, હીન કક્ષાના જૂથવાદો વારેવારે વકરતા રહ્યા છે. આજે ૨૦૧૭માં પણ આવી દુઃખદાયક પરિસ્થિતિઓને પોષનારા વડીલો છે. છતાં કહેવું જોઈએ કે પોતપોતાની રીતે ઉત્તમ કાર્ય કરનારા વડીલો તથા મિત્રો પણ – જૂથવાદથી બચીને – કામ કરી રહ્યા છે.

ઉમાશંકર જોશી અને સુરેશ હ૰ જોષી વીસમી સદીના બે મોટા સાહિત્યકારોના વિચારો તથા કલા વિશેના એમના ખ્યાલો થોડા જુદા હતા પણ એ બંને કલા અને જીવનના આરાધકો હતો. ત્યારે ‘સાહિત્ય પરિષદ’ અને ‘વડોદરા સ્કૂલ’ એવાં બે જૂથો દેખાતાં જરૂર પરંતુ કલાની ખેવના તથા ગૌરવગરિમા સાચવીને બધા ચાલતા હતા. એ બંને દિગ્ગજ સાહિત્યકારોની હાક અને ધાક હતી. બંને ખરા અર્થમાં કલાજગત અને સાહિત્ય શિક્ષણ જગતના ખાસ પ્રહરી હતા. ગુજરાત બ્હાર ભારતીય ભાષાઓના સાહિત્યજગતમાં પણ એમનું નામ આદરથી લેવાતું હતું. ગુજરાતી સાહિત્યનું નામ પણ

એમને લીધે વધુ ઊજળું હતું. એમના સતત સાન્નિધ્યથી કેળવાયેલા સર્જકો-વિવેચકો પણ એક નવી આધુનિક પેઢી રૂપે ઊપસી આવેલા. સાહિત્યકલા અનેક સન્દર્ભોમાં નવાં નવાં રૂપો લઈને વિકસતી રહી છે. અમારી પેઢીના અનુઆધુનિકો પણ પરંપરા અને નવી દિશાઓને તાગતા રહીને પોતાની વાત નવીન રીતિમાં મૂકવામાં અગ્રેસર રહ્યા છે. ૧૯૮૬ (૬ ઠ્ઠી સપ્ટેમ્બર)માં સુરેશ જોષીનું નડિયાદની કીડની હૉસ્પિટલમાં અવસાન થયું ત્યારે ગુજરાતી સાહિત્ય ડૂસકે ચઢ્યું હતું. મેં લખેલું કેઃ 'સાક્ષરભૂમિ પર ઊતરતી સંધ્યા ટાણે, દિગ્ગજ આધુનિક સાહિત્ય સ્વામી સુ૦ જો૦, ગોવર્ધનરામમાં ભળી ગયા છે.' સુ૦ જો૦ના સાહિત્યને વાંચી વાંચીને આજેય જીવનને વધારે પામી-સમજી શકાય છે.

સુરેશ હ૦ જોષીની પ્રથમ પુણ્યતિથિએ – ૧૯૮૭માં – શિરીષ પંચાલ અને ગુજરાતી વિભાગના મિત્રોએ, ઉમાશંકર જોશીનું, વડોદરા યુનિવર્સિટી ખાતે, ખાસ વ્યાખ્યાન યોજેલું. સુ૦ જો૦ ના સાહિત્ય મિશન વિશે ઉમાશંકરે આપેલું એ યાદગાર વ્યાખ્યાન સાંભળવાની મેં પણ તક લીધેલી. ૧૯૮૮ના નવેમ્બરમાં ઉમાશંકર જોશીએ મારા એક પત્રના જવાબમાં મને લખેલું કે 'ડિસેમ્બરમાં મુંબાઈ ખાતે હૉસ્પિટલમાં એક નાનકડી સર્જરી કરાવવાની છે, એ પરવારીને વ્હેલો વ્હેલો વિદ્યાનગર આવવાનો છું. મેં પ્રિ૦ જાડેજાને તારીખ આપી છે.' અમે તો એમની રાહ જોતા હતા. પણ તા. ૧૯.૧૨.૧૯૮૮ના રોજ મુંબાઈની ટાટા મેમોરિયલ હૉસ્પિટલમાં એમણે દેહ છોડ્યો. ૨૦મીએ અમદાવાદ ખાતે સાબરમતી તટે સાંજે એમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર થયો ત્યારે સેંકડોની આંખોમાં આંસુ હતાં. એ સાંજ ભારે ગમગીન હતી. મારી અન્દરનો કોઈ મહત્ત્વનો અંશ ચાલી ગયો હતો. ઉદાસી લઈને હું તે દિવસે અમદાવાદથી વિદ્યાનગર આવતો હતો અને આંખ સામેથી સાહિત્યના યુગો અને યુગ સેતુરૂપ સાહિત્યસ્વામીઓ પસાર થતા હતા. એમના સાહિત્યની મનમાં ચર્વણા ચાલતી હતી. ઉમાશંકર જોશી અને સુરેશ જોષી બંનેએ મારાં પ્રથમ સર્જનો-વિવેચનોને પરખીને પ્રકાશિત કર્યાં હતાં. સુરેશ જોષી તો મારા શોધપ્રબન્ધના રેફરી પણ હતા. ને ઉમાશંકર સાથે હું એમના મલકમાં ફર્યો હતો! કેવું અપૂર્વ સાન્નિધ્ય!!

સને ૧૯૯૧-૨ની બે યાદગાર ઘટનાઓ નોંધવા જેવી છે તે આ રહી. કેન્દ્રીય અકાદમીએ ભુવનેશ્વરમાં 'ઓલ ઇન્ડિયા પોએટ્સ મીટ' યોજેલી. રાજ્યના શિક્ષણ ખાતાએ અકાદમી દ્વારા મારું નામ મોકલાવી મને જાણ કરવા તથા વિગતો આપવા આપણી – ગુજરાત સાહિત્ય અકાદમીને જણાવેલું. ત્યારે કદાચ હસુ યાજ્ઞિક (સરકારી) મહામાત્ર હતા. મારું નામ ભુવનેશ્વર તો મોકલી દેવાયેલું પણ મને જાણ કરવાનું રહી



ગયું હશે(?) ભુનવેશ્વરથી ટેલિગ્રામ આવ્યો અને શિક્ષણમંત્રીશ્રી કરસનદાસ સોનેરીનો ફોન પણ! 'તમે ભુવનેશ્વર ક્યારે ને કેવી રીતે પહોંચો છો?' મારી પાસે વચ્ચે એક જ દિવસ બાકી હતો. ડૉ૦ સોનેરીએ મને જણાવ્યું કે, 'વિમાન દ્વારા વાયા દિલ્હી જાવ.. હું બધું જણાવી દઉં છું.' પણ કાવ્યોના હિન્દી-અંગ્રેજી અનુવાદો તથા વિમાનની ટિકિટો હું રાતોરાત કરાવી ન શક્યો. પહેલીવાર સામેથી આવેલી તક છીનવાઈ જતાં ભારે વસવસો થયો હતો. અકાદમીની અક્ષમ્ય બેદરકારીથી ગુજરાતી કવિતાનું પ્રતિનિધિત્વ ભુવનેશ્વર ખાતે ન થયાનો અફસોસ પણ શમતો ન્હોતો. પ્રજા તરીકે આપણામાં નિસબતનો અભાવ આજે પણ એટલો જ છે. આપણા પછાતપણાને પોષતી આવી અનેક બાબતો છે તે છે જ.

બીજી ઘટના વ્યક્તિગત રાગદ્વેષ અને વિદ્વત્તાના ઘમંડની છે. ૧૯૯૧ના શિયાળાની વાત છે. મારા સમભાવી ટીચર અને આપણા જાણીતા સર્જક-વિવેચક સુમન શાહનો ફોન આવેલો. ને મારે ત્યાં ફોન પણ નવોનવો આવેલો. સુમન શાહે જણાવેલું કેઃ 'કલકત્તાથી નલિન પટેલનો પત્ર છે – તમારા સમેત આપણે પાંચેક મિત્રોએ વ્યાખ્યાનો માટે કલકત્તા જવાનું છે. ટિકિટો હું અહીંથી કરાવું છું. તમારે પન્નાલાલ પટેલની વાર્તાકલા વિશે બોલવાનું છે.' અન્ય વડીલ મિત્રોમાં હતા જયંત પારેખ, શિરીષ પંચાલ તથા ચંદ્રકાન્ત ટોપીવાળા. સુમન શાહે જણાવેલું કે બધાએ સપરિવાર જવાનું છે. મેં વાર્તાલાપની તૈયારી કરી દીધી હતી. પન્નાલાલ પટેલ આમે ય મારા મલકના અને મારા પ્રિય લેખક!

કલકત્તા જવાના ચાર-પાંચ દિવસ બાકી હતા અને શ્રી સુમન શાહનો ફોન આવ્યો કે – 'મણિલાલ, આઇ એમ વેરી સૉરી ટૂ સે –, બજેટના કારણે મુશ્કેલી ઊભી થતાં તમારું નામ બાદ કરવા કલકત્તાથી નલિનભાઈએ જણાવ્યું છે. પછી રૂબરૂ વધુ વાત કરીશું... સૉરી... થેંક્યું...' જોકે મને સુમનભાઈના અવાજમાં થડકો લાગેલો. એ કશુંક છૂપાવવા સાચું બોલી શકતા ન્હોતા! જોકે પછી મેં કદી એમની મજબૂરી જાણવાની કોશિશ નથી કરી. એમણે ય કદી કશો ખુલાસો કર્યો નથી. જોકે ત્રણ-ચાર વર્ષ પછી સત્ય મારા સુધી પહોંચ્યું ત્યારે મને ભારે આઘાત લાગેલો. એક વિદ્વાન વડીલનો વિરોધ હતોઃ 'જો મણિલાલ પટેલ આપણી સાથે કલકત્તા આવવાના હોય તો હું નહિ આવું...' એમનો વિરોધવાંધો શા માટે હતો? હું ધારી શકું છું... પણ એ ખરેખર એવાં સાહિત્યેતર કારણો હતાં કે પછી એમની વિદ્વત્તાનો અહમ્? સુમન શાહે મને રાજીખુશીથી બાદ ન્હોતો કર્યો પણ મિત્રતાને માટેનું સમાધાન એમણે કરવું પડેલું. જોકે એ પ્રવાસ પછી એમની એ મૈત્રીમાં ખૂબ ખટાશ-કડવાશ આવી ગયેલી... અલબત્ત એમાં પરિવારજનોના

પ્રતિકૂળ સ્વભાવના પ્રશ્નો હતા. આ બધું જાણ્યા પછી ય મેં તો એ વિદ્વાનની, 'પરસ્પર' વાર્ષિક માટે મુલાકાત લીધેલી. (પૂર્વે 'ખેવના' માટેની મુલાકાત વેળા મારા બે-એક પ્રશ્નોથી નારાજ થઈને એમણે મુલાકાત પડતી મૂકેલી.) મેં મારા વિભાગમાં એમને દર વર્ષે વ્યાખ્યાનો માટે બોલાવ્યા છે... ને પરિસંવાદોમાં અમે એક મંચ પરથી બોલ્યા છીએ. મને સાંભળવા સારુ એ પ્રેમથી રોકાયા પણ છે. પણ પેલું શલ્ય મને હજીય ડંખે છે.

ઉપર નોંધી એ બંને ઘટનાઓનું વર્તુળ ૧૯૯૨માં એક નવી ઘટનાથી પૂર્ણ થાય છે. દિલ્હી સાહિત્ય અકાદમીએ મને ડિસેમ્બર ૧૯૯૧ના પત્રથી, 'ટ્રાવેલ ગ્રાન્ટ' મંજૂર કરી હતી. મેં ૧૯૯૨ના ફેબ્રુઆરીમાં ઓરિસ્સા તથા પશ્ચિમ બંગાળની મુલાકાતે જવાની યોજના બનાવી હતી. એ પ્રવાસ વિશેના મારા નિબંધો પછીથી *માટીવટો* સંચયમાં પ્રગટ થયેલા હોવાથી અહીં એની વિગતે વાત નહિ કરું. પરંતુ ગયા વર્ષે સંજોગોએ તથા વ્યક્તિઓએ મને ભુવનેશ્વર તથા કલકત્તા આવતાં રોક્યો હતો, ત્યાં હવે હું પહેલીવાર આવતો હતો અને બધાં સ્થળોને નિરાંતે અનુભવતો હતો. આપણા કાર્યની ગુણવત્તા તથા આપણી સચ્ચાઈનો હંમેશાં વિજય થાય છે.

ભુવનેશ્વર ખાતેની ઓરિયા અકાદમી તથા ત્યાંના સુખ્યાત મ્યુઝિયમ જયદેવ-ની મુલાકાત ઉપરાંત મેં ઓરિસ્સાના સર્જકો સાથે બેઠકો કરેલી. ઉત્કલ યુનિવર્સિટી વાણીવિહાર ભુવનેશ્વરમાં કવિતા વિશે મારું વ્યાખ્યાન પણ યોજાયું હતું. અહીંના મંદિરો, ઉદયગિરિની ગુફાઓ, ધવલગિરિ, કોણાર્ક અને જગન્નાથપુરી વગેરે સ્થળોને મેં નિરાંતે નિહાળ્યાં હતાં. કલકત્તામાં કનુભાઈ ભાલરિયા, નલિન પટેલ તથા અરવિંદ પારેખની મદદથી અનેક કાર્યક્રમો તથા પર્યટન થઈ શક્યાં. સૌમા શિરમોડ હતી શાંતિનિકેતનની ત્રણ દિવસની મુલાકાત. પ્રો૰ કૈલાશનાથ પટ્ટનાયકે ઓરિયા વિભાગમાં વાર્તા વિશે મારો વાર્તાલાપ યોજેલો. દાર્જિલિંગનો પ્રવાસ પણ ચિરસ્મરણીય બની રહેલો, અજાણ્યા પૂર્વ પ્રદેશોમાં હું એકલો ફરતો હતો અને પ્રવાસીમિત્રો મળી જતાં દેશની ઘણી વાતો કરતો હતો.

કલકત્તામાં નલિન પટેલ મને ઠપકો આપતાં કહેલું કે 'તમે ગયે વર્ષે કેમ ન આવ્યા? ઘરમાં કોઈ બીમાર હતું એમ જાણેલું.' મેં એમને સાચી હકીકત જણાવી તો એ દુઃખી અને ગુસ્સે પણ થયા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સામે એમણે મારાં વ્યાખ્યાનો ગોઠવ્યાં હતાં. વળતાં પ્રવાસમાં મેં અલ્હાબાદ-સતના-પન્ના-સાગર-ખજૂરાહો અને ભારતભવન-ભોપાલનો માર્ગ લીધેલો. ખૂબ નોખા નોખા અનુભવો લઈને હું વલ્લભવિદ્યાનગર ખાતે પાછો સુખરૂપ પહોંચીને અધ્યાપનકાર્યમાં જોડાઈ ગયો હતો.

❑



**૧૩**

## મારા જીવનનો વસમો દાયકો

વીસમી સદીનો દસમો દાયકો મારા જીવનનો વસમો દાયકો પરંતુ ઉત્તમ દાયકો પણ હતો. નેવું (૧૯૯૦થી ૧૯૯૯)નાં એ વર્ષોમાં મારે સૌથી વધારે વેઠવાનું આવ્યું હતું. સંઘર્ષનાં એ વર્ષોમાં એક તરફ પાર વગરની પીડાઓ હતી તો બીજી તરફ મારી સર્જકતાનાં તથા મારા અભ્યાસનાં/અધ્યાપનનાં નોંધપાત્ર પરિમાણોથી મારી કારકિર્દીનો ગ્રાફ ઊંચો ગયો હતો. સારા અધ્યાપક તથા સર્જક તરીકે મારું નામ અને કામ બોલતું હતું... તો સહજ રીતે ટીકાકારો અને વિપરિત સંજોગો પણ જોરમાં હતાં. કસોટીઓની હારમાળા વચ્ચે સફળતા પણ બળ પૂરતી જતી હતી. આપણી શક્તિઓની ખરી પરીક્ષા સંઘર્ષનાં વર્ષોમાં થતી હોય છે. આપણી શક્તિઓ નીખરે છે મુશ્કેલીઓના સમયમાં! હું આ બધાંનો અનુભવ કરતાં કરતાં મારી મૃત બા-ને તથા પિતાજીનાં કઠોર વર્ષોને યાદ કરતો હતો. વેઠવા માટેનું બળ મને એમનામાંથી જ મળ્યું હોવાની પ્રતીતિ પણ થતી હતી.

વાર્તાકાર (રાતવાસો) તથા નિબંધકાર (માટીવટો) લેખે મારું લેખન-સર્જન ચર્ચામાં હતું. મારા અભ્યાસ લેખો શતાબ્દી ગ્રંથો, ગ્રંથકારો વિશેના અભ્યાસ ગ્રંથો, અભિનંદન ગ્રંથો તથા સમ્પાદનો માટે નિમંત્રિત થઈ રહ્યા હતા. કવિતા-વાર્તા-નિબંધોનાં શિષ્ટ-વિશિષ્ટ સમ્પાદનોમાં મારી સર્જનાત્મક કૃતિઓ આપબળે હક્કદાર બનીને વ્યાપક સ્વીકૃતિ પામી રહી હતી. મારાં પ્રિય વિદ્યાર્થીઓ પણ હવે સતત મળતાં રહેવા સાથે કાર્ય કરતાં હતાં. અભ્યાસી અધ્યાપક તથા નિસબતપૂર્વક કામ કરનાર સારા વક્તા તરીકેની મારી નીતિરીતિનાં સંવાહક એવાં મારાં એ વિદ્યાર્થીઓ ગુજરાતભરમાં હવે પ્રસરતાં જતાં હતાં. શિક્ષણ ક્ષેત્રે એ પણ પ્રામાણિકતાથી મથી રહ્યાં હતાં. એમ.ફિલ. તથા પીએચ.ડી.ના ગાઇડ તરીકે પણ મારું કાર્ય હવે વેગ પકડતું હતું. એ વર્ષોનાં મારાં ઘણાં વિદ્યાર્થી ભાઈ-બ્હેનો અધ્યાપક-શિક્ષક તથા આચાર્ય તરીકે પ્રવૃત્ત હતાં – (આજે તો આ સંખ્યા ખૂબ મોટી છે.) જેમાંના થોડા નામ યાદ કરું તો વીણા પટેલ, કિરીટ પટેલ (૨), વજુ બારડ, નવગણ ઝાલા, બાલુભાઈ બારડ, કમલેશ ગોસ્વામી, સુભાષ

મોરી, હરિ વાળા, મનોજ રાઠોડ, વિમલ જોશી, પારુલ રંગપરિયા, ઇરા યાજ્ઞિક, કલ્પના ત્રિવેદી, માલા દવે, પારુલ પટેલ, દક્ષેશ ઠાકર, ઉત્પલ પટેલ, ગણપત સોઢા, ફતુભા જાડેજા, કેસર મકવાણા, રાજેન્દ્રસિંહ ગોહિલ, શ્યામ વાઢેર, નાથુ વાઢેર, ભાવિકા શર્મા, વર્ષા મોરી, સંગીતા પટેલ, મનીષા પટેલ, રાવજી પટેલ, વૃત્તિ શાહ અને દીક્ષિતા પટેલ વગેરે. સને ૨૦૦૦ પછીનાં વિદ્યાર્થીઓની વાત આગળ જતાં વિગતે નોંધીશું. ત્યારે સૌરાષ્ટ્ર-જૂનાગઢ કોડીનાર – ઊના તથા દક્ષિણ ગુજરાતમાંથી ધરમપુર-વાંસદા-ડાંગના અને પૂર્વોત્તર ગુજરાતમાં પંચમહાલ-દાહોદથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વિદ્યાનગર ભણવા આવતાં. વધુ ટકાવારી મેળવીને જલદીથી બી.એડ. થઈને વતન તરફ શિક્ષક બની જતાં હતાં. આ સિલસિલો છેક ૨૦૧૦ સુધી ચાલતો રહેલો. વિદ્યાનગરનું વાતાવરણ બધી રીતે સૌને સદી જાય એવું તો હજીય છે.

૧૯૯૧-૯૨ના વર્ષોમાં 'ટાઇમ્સ ઑવ્ ઇન્ડિયા' દૈનિક ગુજરાતીમાં પણ નીકળવા લાગેલું. એનું એ જ નામે એક પાક્ષિક પણ નીકળતું હતું. જેના તંત્રી વીનેશ અંતાણી હતા. આ પાક્ષિકમાં ગુજરાતી વાર્તાઓ ચિત્રો સાથે છપાતી હતી. કેટલીક ઉત્તમ અનુઆધુનિક વાર્તાઓ આ પાક્ષિકે સંપડાવીને વાતાવરણને જીવતું જાગતું કરી દીધું હતું. આકરી ટીકાઓ તથા મુલાકાતો પણ એમાં છપાતાં હતાં. વાચકો એની વાટ જોતા. લેખકોને વાર્તા માટે પહેલીવાર રૂપિયા પાંચસોથી લઈને એક હજારનો પુરસ્કાર મળતો થવાથી બધા એમાં લખવા અધીરા હતા પણ વીનેશ જેવા સમ્પાદકે ધોરણો ઊંચા જ રાખેલાં. મારી 'ખારોપાટ', 'મગન સોમાની આશા' તથા 'કૉળ' જેવી વાર્તાઓ 'ઇન્ડિયા ટૂડે'માં આવેલી. કમનસીબે એ પાક્ષિક બહુ વર્ષો ન ચાલ્યું. 'ટાઇમ્સ'ની ગુજરાતી દૈનિક આવૃત્તિમાં હું 'સરદાર પટેલ યુનિવર્સિટીનો પત્ર' લખતો હતો. પંદર પંદર દિવસે હું એમાં યુનિવર્સિટી કૅમ્પસની બધી જ ગતિવિધિઓ વિશે ખુલ્લાશથી લખતો. આનાથી કૅમ્પસનું વાતાવરણ વાઇબ્રન્ટ રહેતું. ઉચ્ચ શિક્ષણની ભૂમિકા વિશેના મારા વિચારોથી મને પણ દિશા મળતી હતી. મારાં ખ્યાલો-ધોરણો-નિસબત આથી દૃઢમૂળ થતાં હતાં. કુલપતિને તથા વહીવટી તંત્રને પણ એનો લાભ મળતો હતો. પરિસંવાદો તથા શિક્ષણનાં ધોરણો વિશે મેં વારેવારે લખીને મારું કર્તવ્ય જતાવ્યું હતું. આજે એ લખાણો મને હાથવગાં નથી એનો અફસોસ થાય છે. એક જાગ્રત સક્રિય અધ્યાપક પાસે જરૂર અપેક્ષા રાખી શકાય. મારી પાસેથી રખાયેલી અપેક્ષાઓ મેં સતત પરિપૂર્ણ કરી હતી.

'ટાઇમ્સ'માં મારો એક લેખ આવેલો. જેમાં મેં, યુનિવર્સિટી સ્ટાફ કૉલોનીમાંથી કપાતાં લીલાંછમ, ઘટાદાર, મોટાં વૃક્ષો વિશે ટીકા કરીને મારું દુઃખ વ્યક્ત કરેલું. આ



વાત કુલસચિવ શ્રી નિરંજન ઉપાધ્યાયને માફક ન આવી. નિરંજનભાઈ વાંસદાના વતની અને કવિહૃદય જીવ. પછીથી મારા વાચક અને આજ સુધી મારા પ્રસંશક પણ રહ્યા છે. તેમણે કુલસચિવને નાતે મને ઑફિસિયલ પત્ર લખીને એમની નારાગજી વ્યક્ત કરતાં લખેલું કેઃ 'તમે યુનિવર્સિટીના જવાબદાર કર્મચારી છો. આટલી નાની વાતને જાહેરમાં લખતાં પહેલાં તમે યુનિવર્સિટીમાં સીધી વાત કરી હોત તો વધારે સારું થાત. વૃક્ષોને ઉધાઈ લાગી હતી અને એની જગ્યાએ નવાં વૃક્ષો રોપવાની યોજના છે. (હજી એ યોજના કાગળ પર જ છે.) આ પત્ર બાબતે આપ કુલપતિશ્રીને મળશો એવી વિનંતી છે.'

મને દુઃખ એ વાતનું હતું કે ઉક્ત પત્રમાં કુલપતિશ્રી દિલાવરસિંહ જાડેજાની પણ સહી હતી. સાચી અને સારી વાતની કદર કરવાને બદલે આવું વલણ? ખેર. મેં પત્રનો વિગતે જવાબ લખ્યો તથા ભારપૂર્વક જણાવ્યું કે વૃક્ષોને ઉધાઈ નથી લાગેલી. એ લીલાંછમ તથા વર્ષો જૂનાં છે. વૃક્ષો વિના કૉલોનીની રસ્તા સૂના અને વરવા લાગે છે. પત્ર પછી કુલપતિશ્રીએ છેવટે મને બોલાવીને કહ્યું કેઃ 'તમારી વાત સાચી છે. વહીવટની ભૂમિકાએ મારે સહી કરવાની આવે... બાકી, આ વાત હવે પૂરી થાય છે.' તંત્રો પાસે તર્ક હોય છે, લાગણી તથા ભાવના નથી હોતી. જાડેજાસાહેબની સંવેદનશીલતા વિશેની મારી સમજમાં તે દિવસથી ગાબડું પડી ગયેલું... પછી તો ગુણવત્તા માટેના એમના આગ્રહો તથા તાટસ્થ્ય પણ ઓછાં પ્રતીત થતાં હતાં. ઊંચાં પદો પર બેસનારા માણસોનાં ધોરણો બદલાતાં રહે છે – એ સચ્ચાઈની ભીતરમાં દબાણ અને નિજી સ્વાર્થ વગેરે પણ કામ કરતાં હશે. ત્યાર પછીના કુલપતિઓમાં પણ, એક પ્રો૰ પી૰ જે૰ પટેલને બાદ કરતાં, વિદ્યાકાર્યો તથા ઊંચાં ધોરણો માટેના પ્રયત્નો કરનાર ભાગ્યે જ મળ્યા છે. પ્રિ૰ જાડેજા તથા પ્રો૰ પી૰ જે૰ પટેલ વિદ્યાવ્યાસંગી હતા અને ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સાચવવા બાબતે વધુ પ્રયત્નશીલ હતા. પ્રિ૰ જાડેજાને શ્રી એચ૰ એમ૰ પટેલનું સમજણભર્યું પીઠબળ મળેલું. જ્યારે કરમસદના પટેલ હોવા છતાં પ્રો૰ પી૰ જે૰ પટેલને સ્થાનિક સંચાલક મંડળના અધ્યક્ષની ખૂબ પજવણી હતી. સારાં અને સાચાં કાર્યો માટે મથનારા કુલપતિઓને (તથા એવા વિદ્વાનોને) વિરોધો વેઠવા પડે છે એ હવે ગુજરાતભરમાં સર્વસામાન્ય વાત છે. સિન્ડીકેટોમાં હવે વિદ્વાનો, નિસબતવાળા અને પ્રામાણિક અધ્યાપકો તથા એવા માણસો ઘટતા જાય છે. સત્તા, પદ અને સ્વાર્થની ભાગબટાઈ માટે ઉત્સુક લોકો પ્રયત્નપૂર્વક સત્તામંડળોમાં ઘૂસ મારવાના સફળ પેંતરા રચતા રહે છે. દરેક કુલપતિશ્રી સુધારા કરવાના કે નવા પ્રયોગો દ્વારા ઉચ્ચ શિક્ષણને વધારે સમાજોપયોગી બનાવવાના પડકારો ઉપાડવાને બદલે, સરકારોને વફાદાર રહીને,

પોતાનો કાર્યકાળ શાંતિથી પાર પાડવા મથે છે.

સને ૧૯૯૩નું વર્ષ; વર્ષો પહેલાં (૧૯૬૭માં) પેલા ગામઠી ઑલિયા જોશીએ કપાળ વાંચીને ભાખેલું તેમ, મારા જીવનમાં બહુ મહત્ત્વનું વર્ષ હતું. આગળ ઉપર જોશીની બે આગાહીઓ સાચી પડી હતી. આપકર્મી, ઉત્તરમાં પ્રથમ નોકરી તથા દક્ષિણમાં નવી નોકરી અને બઢતીની વાતો મહેનત સાથે નસીબથી પાર પડી હતી. દસમા દાયકાના (સામયિક પણ) આરંભથી જ સંકેતો સારા હતા. પારુલ બી.એ.માં ગોલ્ડ મેડલ સાથે પાસ થઈ હતી. વિસ્મયને ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી જેવા નવા વિષયમાં વી.પી. મહાવિદ્યાલયમાં પ્રવેશ મળ્યો હતો. મલયનું ધ્યેય મેડિકલ ક્ષેત્ર તરફ હતું – ત્રણેની મહેનત – મારા નામ પરિચયના ઓછાયા વિના જ – રંગ લાવી હતી. મારાં ત્રણ નવાં પુસ્તકો *રાતવાસો, માટીવટો, અક્ષરને અજવાળે* – આર૦ આર૦ શેઠ જેવા મોટા પ્રકાશકે સામેથી માગ્યાં હતાં – જે પ્રેસમાં હતાં. મુંબાઈનાં દૈનિક 'સમકાલીન'માં 'શબ્દપટ' નામે મારી કૉલમ ચર્ચાતી હતી. 'જન્મભૂમિ-પ્રવાસી'માં હરીન્દ્ર દવે મારા નિબંધો છાપતા હતા – જેને વ્યાપક આવકાર મળેલો. શ્રી ચન્દ્રકાન્ત બક્ષી તથા ગુણવંત શાહે એ નિબંધો માટે પક્ષપાત દાખવીને એમના કૉલમમાં લખેલું. એ નિબંધો પછીનાં વર્ષોમાં *વૃક્ષાલોક* નામે ગ્રંથસ્થ થયા હતા. એક મિત્ર વારેવારે ઉછીના પૈસા લઈને, યાદ રાખીને નચિંતપણે ભૂલી જતા હતા. બીજા મિત્રે હાથ ઉછીના પૈસા મારી પાસેથી લઈને પટાવાળાને માસિક વીસ ટકાએ વ્યાજે આપેલા. મુંબાઈથી વળતાં એક જમીનદાર મિત્રે – હું ઊંઘમાં હતો ત્યારે – ભરપેટ નાસ્તો કરી, મીનરલ વૉટર સમેતનું બીલ ભાગીદારીમાં વસૂલેલું! અનુભવોની આ દુનિયામાં નવેસર ઘડતર થતું હતું.

પરંતુ ૧૯૯૩નું વર્ષ તો વધારે ખાસ હતું. આદમ ઘોડીવાલા એકાણુંમાં યુ.કે. ગયા ત્યારે મને કહેતા ગયેલા કે પાસપોર્ટ કઢાવી રાખજો, હું તમને સ્પોન્સર કરીશ – યુ.કે. બોલાવીશ. મેં પાસપોર્ટ કઢાવ્યો ખરો પણ વિલાયત જવાની વાત – ત્યારે તો ખાસ – સ્વપ્નસામગ્રી લાગી હતી. જોકે અદમ સતત સમ્પર્કમાં હતા. અહીં હું એમનું 'અર્લી રિટાયરમેન્ટ તથા પેન્શન પેપર્સ' જોતો-સંભાળતો હતો. એ અનુભવ અઘરો અને છેવટે કડવો બની રહ્યો હતો. દરમ્યાન અદમે ત્રણ મિત્રો (ચતુર પટેલ, અશોકપુરી અને હું) માટે ગ્રુપ-સ્પોન્સરશીપનાં પેપર્સ મોકલ્યાં. પણ ખર્ચના મુદ્દે અપર્યાપ્તતા લાગતાં વિઝા ન મળ્યા. અમારા પક્ષે અમે ખર્ચ માથે લીધા છતાં કહેવાયું કે ત્યાં રહેવાની સગવડો ત્રણ જણ માટે અપૂરતી છે. ખેર.

ઑગસ્ટ ૧૯૯૩માં અદમે પુનઃ મારા એકલા માટે હારુન પટેલની સ્પોન્સરશીપનાં પેપર્સ મોકલ્યાં. સાથે ત્યાંનાં ગુજરાતીઓ વિશેના અભ્યાસના પ્રકલ્પ સંદર્ભે ત્યાંની



સંસ્થાનાં પેપર્સ પણ હતાં. પાંચમી સપ્ટેમ્બર મુંબાઈ યુનિવર્સિટીના એક પરિસંવાદમાં જવાનું હતું. સવારે લાઇનમાં ઊભો રહ્યો અને કલાકેકમાં તો વિઝા મળી ગયો. એ વર્ષોમાં વિલાયત જવું અમારા જેવા પંચમહાલ-પછાત-મલકના મિત્રો માટે દુર્લભ, મુશ્કેલ અને સ્વપ્ન જેવું હતું. મારે માટે આ અવસર હતો અને હું ખાસ્સો રોમાંચિત હતો. દિવાળીની રજાઓ જોડીને મેં બીજી રજાઓ મંજૂર કરાવી હતી. ઑક્ટોબર-નવેમ્બર બે માસ માટે હું યુ.કે. જતો હતો.

વતનમાં પિતાજી તથા બધાં રાજી હતા. પોતાના મલકનો માણસ વિલાયત જાય એ વાત અચરજભરી હતી. બધાં લોકો મળવા માગતાં હતાં ને પિતાજી ભોજન સાથે મેળાવડો કરવાના પક્ષમાં હતા. જોકે એમાં મારી અસંમતિથી એ દુઃખી થયા હતા. મેં નજીકનાં સગાં તથા મિત્રોને મળી લીધું હતું. પણ પિતાજીની નારાજગી સ્પષ્ટ હતી. એમની નારાજગીનાં બીજાં પણ કારણો હતાં. ખાસ તો સંતાનો મોટાં થયાં હોવા છતાં હું એમની સગાઈ તથા દીકરીનાં લગ્ન કરાવવા બાબતે પિતાજીના આગ્રહ સાથે સંમત ન્હોતો. અમારા સમાજમાં તો લોકો સંઘ કાઢીને કશે પણ – કાશી હરદ્વાર ગંગોત્રી બદ્રીનાથ-કેદારનાથ જાય કે રામેશ્વર જાય તો સમાજને જમાડીને જાય તથા આવીને સગાંવ્હાલાંને પુનઃ જમાડે અને જાતરા-દર્શન-દેશાટનની વાતો વ્હેંચીને રાજી થાય. જ્યારે હું તો દૂર દેશાવર જતો હતો – અંગ્રેજોના મલકમાં! પિતાજી સમાજને તેડીને આ ઘટનાનું ગૌરવ ચાહતા હતા. ત્યારે હું રૂઢિ તોડવાના મૂડમાં પિતાજીનો આનંદ ન સમજી શક્યો એનો પછીથી મને બહુ અફસોસ થયા કરેલો. ખેર, ઘર છોડતાં મેં વિદ્યાનગર મારા પરિવારની વ્યવસ્થા વિશે નચિંત રહેવા અને એમની તબિયત સાચવવાનું કહીને સજળ આંખે વિદાય માંગી. એમનાં ચરણસ્પર્શ કરવા હું નીચે નમ્યો તો નારાજ પિતાજી અવળા ફરી ગયા અને દૂર જતા રહ્યા. જોનારાં બધાં સ્તબ્ધ હતાં. મે માંડ માંડ રુદનને રોકી રાખ્યું... ને ગાડીએ ગામ છોડ્યું... વિલાયતના પ્રવાસમાં રોજ આ ઘટના મારી આંખોને સજળ કરતી હતી.

આજે ૨૦૧૫ના જૂનમાં છેક અમેરિકાના શિકાગો શહેરના એક ગ્રામપ્રદેશમાં બેસીને ૧૯૯૩ની એ ઘટના લખું છું ત્યારે પણ મારી છાતીમાં ડૂમો છે અને આંખોમાં આંસુ! મારા સુખની પ્રત્યેક ક્ષણને કોની બૂરી નજર લાગી જાય છે? કેમ? – મને સમજાતું નથી. એટલે તો હું વેઠે તેની વાતો લખું છું. કાયમ મને થાય છે કે મારા પ્રત્યેક સુખનો કાગળ હંમેશાં દુઃખના પરબીડિયામાં જ કેમ આવે છે? કોણ છે જે મારી આવી કાળજી રાખે છે? બા, તું તો નથીને એ?!

આજ ગાળામાં બીજી એક ઘટના બનેલી. ઈડરનું મારું કલરવ સોસાયટીનું ઘર

વેચીને મારે એ પૈસામાંથી વિદ્યાનગરમાં પ્લોટ લેવાની મરજી હતી. પણ પિતાજીનો હઠાગ્રહ હતો કે હું વતનમાં પૂરગ્રસ્તોને મળેલી મારી ઘરથાળમાં સરસ મકાન બનાવું. બધાંની એ જ જિદ હતી કે વતનમાં ઘર તો જોઈએ જ. મેં મન મનાવ્યું ને વિદ્યાનગરથી સામાન મોકલી મારા કઝીન કાલિદાસ ભગવાનદાસ પટેલની દેખરેખમાં ઘર બનાવ્યું. જરૂરી સામાન પણ સજાવ્યો. પિતાજીને ઘરની ચાવી આપતાં મેં કહ્યું હતું કે, "લ્યો! હવે આ ઘરમાં રહેજો, ઘર સાચવજો..." એમણે ચાવી લેવાની ના પાડતાં જણાવેલું કે, "જે ઘર બનાવવામાં મેં એક કાંકરી ય નથી ઉપાડી, એ ઘરમાં હું નહિ રહું." છેવટ સુધી એ મારા ઘરમાં ના જ રહ્યા. છેવટે ઘર મેં પડતર ભાવે નાના ભાઈને વેચેલું. વર્ષો પછી જાણ્યું કે મોટાભાઈનો પરિવાર એથી નારાજ હતો. સંબંધોના જંગલમાં ચટાપટાળા વાઘ પણ હોય છે. એવા વાઘ જે જિન્દગીભર ઘૂરકતા રહે છે.

❑



૧૪

## ન્યાતબ્હાર

સને ૧૯૯૬નું વર્ષ મારા જીવનસંઘર્ષોની પરાકાષ્ઠાનું વર્ષ રહ્યું. મને મૂળ સુધી હચમચાવી નાખનારી ઘટનાઓનો સિલસિલો થંભતો ન્હોતો. મને કૂળમૂળમાંથી ઉખાડી નાખનારી એ ઘટનાઓએ મારી વિચારવાની પદ્ધતિ, મારા સમ્બન્ધો વિશેના ખ્યાલો, લેખનસર્જનની દિશા બધું જ બદલી નાખેલું. સમાજથી-હાથે કરીને – વિચ્છેદાઈને હું અને મારો પરિવાર એકલાં થઈ ગયાં હતાં. સ્વજનો અને મિત્રોએ તમામ પ્રકારના વ્યવહારો કાપી નાંખ્યા હતા. સ્વજનો અને સમાજની દૃષ્ટિએ, મારો અક્ષમ્ય અપરાધ એ હતો કે મારી દીકરી પારુલનું લગ્ન, અમે – મેં, ગોપી, વિસ્મય, મલયે – સાથે બેસીને, મુસીબતોનો સામનો કરવાની પૂરતી તૈયારી સાથે – વડોદરાના મરાઠી પરિવાર યશંવતરાય પ્રધાન – નંદાબેન પ્રધાનના એક માત્ર દીકરા પ્રસાદ જોડે કરાવવાનું નક્કી કરીને, છેવટે પાર પાડ્યું હતું. કેમકે પારુલની ઇચ્છા ત્યાં જ લગ્ન કરવાની હતી... ને અમે બધી ચકાસણી સાથે – વતનનાં સ્વજનોની ભયંકર નારાજગી છતાં – સંમતિપૂર્વક રિસેપ્શન યોજીને – આર્યસમાજમાં વિધિપૂર્વક અને રજિસ્ટર્ડ થયેલા લગ્નને, સામાજિક દરજ્જો આપી દીધો હતો. આ ઘટનાનો સૌથી વિશેષ આઘાત મારા પિતાજી – ફોઈ – સાળા તથા સ્વજનોને લાગેલો. પિતાજી ન્યાતમાં આગેવાન હતા એટલે એ વધારે દુઃખી અને જવાબદેહ હતા. બાવન પાટીદાર સમાજનાં બધાં જ ૮૦/૯૦ ગામોમાં – બધા મને કવિ લેખે, તથા સમાજ સુધારા માટે મથનાર તરીકે જાણતાં હોવાથી –ખાસ્સો ખળભળાટ મચી ગયો હતો. આ ઘટનાને બદનામી માનનાર રાજી થયા હતા. મિત્રો અંદરથી પ્રસન્ન હતા અને સમાજના આગેવાનોને ઉશ્કેરતા હતા કે આ અપરાધ માટે મણિલાલને ન્યાતબ્હાર મૂકવા જોઈએ. જોકે મેં જાતે જ આગેવાનોને પત્ર લખીને જણાવેલું કેઃ

"મેં સમાજના નિયમનો ભંગ કર્યો છે, ને કોઈ પણ સમાજ નિયમનો વિના ટકતો નથી. અલબત્ત, એનાં નીતિનિયમનો બદલાતા સમય સાથે તાલ મિલાવે તે જરૂરી હોય છે એમ હું માનું છું. મેં જુદી પણ સાચી દિશામાં પગલું જરૂર ઉપાડ્યું છે

– ભવિષ્યની પેઢીઓને એમાં ખાસ્સું ઔચિત્ય દેખાશે ને આ ઘટના દૃષ્ટાંત બનશે. પણ આજે તો મેં સમાજનો ચાલ તોડ્યો છે. હું દૂધ અને દહીંમાં પગ રાખનારો માણસ નથી. એટલે હવેથી હું ન્યાતમાંથી મારા પરિવારને બહાર ગણું છું. બધાં પણ તેમ જ ગણજો. જે સમાજમાં મારાં ઉછેર-ઘડતર થયાં એનો હું કાયમ ઋણી રહીશ. ક્ષમા સાથે આભાર... લિ. મણિલાલ હરિદાસ પ્રભુદાસ પટેલ."

આ પત્ર પછી ત્રણ-ચાર માસે ન્યાતની કારોબારી મળેલી. એમાં આગેવાનો, શિક્ષકો, વડીલો, રાજકીય નેતાઓ – મિત્રો ને સગાંય હતાં. સૌને મારો સામાજિક બહિષ્કાર કરવાની ઉતાવળ હતી. પારુલની જેમ બીજી બે દીકરીઓએ પણ પરન્યાતમાં લગ્ન કરેલાં. પણ અમને – મને તથા મધવાસના (અમદાવાદ રહેતા) વાલજી રેવજી પટેલને ઠપકો આપવા સાથે ન્યાતબ્હાર મૂકવાની જાહેરાત કરી અને અમને જાણ કરવા સાથે અમારાં વતનવાસી સગાં-મિત્રોને અમારી સાથેના તમામ વ્યવહારો કાપી નાખવાની તાકીદ કરેલી. મને મારા સહાધ્યાયી અને જૂના મિત્ર શ્રી કાનજી એમ૦ પટેલે (કાનેસરવાળા) ફોનથી ઉત્સાહપૂર્વક જાણ કરેલી. એણે બે શબ્દો લાગણીના પણ ના કહ્યા. મારા નાનાભાઈ જેઠાલાલને સમાજની સૂચના મળી એ પ્રમાણે એ મને કહી ન શકવાથી એમણે આ દુઃખદ સમાચાર કાનજી દ્વારા જણાવેલા! સમાજના આગેવાનો મને ન્યાતબ્હાર મૂકે એ એમનો હક્ક છે પરંતુ ત્રણમાંથી બે જણને શિક્ષા કરે અને ત્રીજી વ્યક્તિ સમાજના કહેવાતા મોટા આગેવાન શ્રીની દીકરીની ઘટનાને સહજ ગણીને માફ કરે તે પણ અપરાધ જ ગણાય. સમાજ પક્ષપાત કરે છે અને એટલે સમાજની – આગેવાનોની – પણ ટીકા થાય છે. કમનસીબે બાવન પાટીદાર સમાજ આજે પણ આગેવાનોને શિક્ષા નથી કરતો. ગરીબડાં નાના લોક દંડાય છે ને વાઘને કોઈ કહેતું નથી કે તારું મોઢું ગંધાય છે. ભણેલા તથા શહેરોમાં રહેતા અને સુધારાની મોટી મોટી વાતો કરનારાઓ પણ હજી સમાજથી ડરે છે અને ખોટા રિવાજોની ગુલામી કરે છે. સમાજને દબાયેલો તથા વૈચારિક રીતે પણ પછાત રાખવામાં ભણેલા નિવૃત્ત આગેવાનોને રસ છે. કેમકે એમને સત્તા જોઈએ છે.

માણસ સામાજિક પ્રાણી છે એ જાણીતી વાત છે... ને માણસ માત્રને કશે ને કશે સમાજ વિના નથી ચાલતું એય સાચું છે. પણ બહુ ઓછા સમાજો, એમનાં જરૂરિયાતમંદ લોકોની પડખે ઊભા રહે છે. અમારો સમાજ તો આજે પણ દંડ કરે છે ને ન્યાતબહાર મૂકે છે. વ્યક્તિના દુઃખને, એની લાગણી તથા વિપરિતતાઓને સમજવાની તૈયારી વિના એ તો નિયમ-કાયદાને ગરીબડાં લોકો પાસે પળાવડાવે છે. પાંચમા પૂછાતા તથા એમનાં સગાંવ્હાલાં બચી જાય છે – બચાવી લેવાય છે. જે આપણે



ત્યાં રાજનેતાઓ તથા અમલદારોમાં ચાલે છે એવું જ સમાજોમાં પણ ચાલે છે. હું અહીં આ વિગતો લખું છું તે મારું ગાણું ગાવા નથી લખતો, મેં કોઈ મોટી ધાડ મારી છે એમ પણ નથી માનતો. પણ સમાજશાસ્ત્રના અભ્યાસીઓ તથા ઇતિહાસ લેખકોને સમાજનો એક્સ-રે (X-Ray) – મળે તે માટે લખું છું.

સને ૧૯૯૬માં મને ન્યાતબ્હાર મૂક્યો ત્યારે વિદ્યાનગરમાં તથા બીજે બધે મિત્રો – શુભેચ્છકો શંકાથી મને પૂછતા હતા કે "શું આજે પણ તમારો સમાજ આ રીતે વિચારે-આચરે છે?" એવાં સૌ મિત્રોને આજે હું ૨૦૧૫માં બનેલો કિસ્સો કહું. ડેરી સાયન્સમાં પીએચ.ડી. થયેલા, બે ત્રણવાર પરદેશ જઈ આવેલા પોતાને વિજ્ઞાની માનતા, મારી અનુગામી પેઢીના મિત્રને હમણાં જ (મે ૨૦૧૫માં) અમારા સમાજે ન્યાતબ્હાર મૂક્યા. એમનો અપરાધ તો એટલો હતો કે એમના દીકરાની સગાઈ થઈ અને લગ્ન નક્કી થયાં તથા નૂતરાં-કંકોતરી દેવાનું કામ બંને પક્ષે ચાલતું હતું. ત્યાં બંને વર-વહુ બનનારને વાંધો પડ્યો. 'નથી પરણવું' – કહીને છોકરો ઘર છોડી ગયો. એટલે બધી તૈયારીઓ તથા ખર્ચ થઈ ગયા પછી લગ્ન બન્ધ પડ્યું. આ માટે છોકરાના બાપને જવાબદાર ગણાવીને એમનો ન્યાતે બહિષ્કાર કર્યો. બાપે છોકરા પર કાબૂ કેમ ન રાખ્યો?! પાડાને વાંકે પખાલીને ડામ – તે આનું નામ! મેં ન્યાતના ત્રણ-ચાર આગેવાનોને જણાવ્યું કે સને ૨૦૧૫માં આપણા સમાજે આવું 'પછાત' આચરણ ન કરવું જોઈએ. પણ ન્યાતમાંના 'આગળ પડતા' વિદ્વાનો તો શાંત બેઠા રહેલા છે.

ઉપરોક્ત ઘટનામાં છેલ્લા સમાચાર પણ ચોંકાવનારા છે. પેલા બહિષ્કૃત મિત્રે ન્યાતમાં પાછા આવવા સમાજને ઘરઆંગણે તેડાવ્યો. પ્રેમથી જમાડ્યો. (૫૦૦ માણસ જમ્યા). એ વિજ્ઞાની ભાઈએ ન્યાત સામે પોતાના દીકરાના વર્તન બદલ માફી માગી અને એકાવન હજાર રૂપિયા દંડ ભરીને ન્યાતમાં પુનઃ સમાવેશ મેળવ્યો. એટલે કે બહિષ્કાર રદ કરાવ્યો. કન્યા પક્ષનું મોટું ગામ તથા મોટાઓનું પીઠબળ એટલે એ તો નિર્દોષ જ ઠર્યા. મારા પિતાજી પણ મને ન્યાતમાં ત્યારે પરત લેવરાવવા સારુ ઉપર પ્રમાણે વર્તવાની વાત મને વારેવારે પૂછાવતા હતા. પણ મેં કહેલું કે મારે પુનઃ ન્યાતનાં બંધનોમાં નથી આવવું. આંગણે ન્યાત બીજા નિમિત્તે જમાડજો. પણ 'નો માફી' -નો પુનરાગમન! હું આજદિન સુધી (મરતાં સુધી પણ) ન્યાત બહાર છું. એ સમાજ માટે કામ કરું છું. – મિત્ર ભાવે. પણ જે પંગતમાંથી એકવાર આપણી પતરાળી ઊઠી તે હવે કાયમી ઊઠી જ જાણો. સાચી વાતે અને સારી વાતે પણ સમાજ નહિ વિચારે તો એવા સમાજનું વિઘટન હવે નક્કી જ છે. મારા સમાજના મંચ ઉપરથી હું દર વસંત પંચમીએ સમાજને રિવાજો, ભણતર, નવા વિચારો, નવાં ખેતી વ્યવસાય તથા

વાચન માટે વાર્તાલાપ આપું છું... જે સમાજે ત્યારે મને બહિષ્કૃત કરેલો એ સમાજ આજે મને સાંભળવા – મારી કડવી કઠોર વાતો પણ – જાણવા સાંભળવા – મને સામેથી બોલાવે છે. આ વાતનું ગૌરવ લેવા મારા પિતાજી નથી રહ્યા એનો અફસોસ છે. મેં સમાજનો બહિષ્કાર માથે ચઢાવીને પણ સગાંવ્હાલાં તથા સમાજને ચાહ્યાં છે ને ચાહતો રહીશ.

આપણે ત્યાં (કદાચ દુનિયાભરમાં) સંતાનોનાં ભણતર તથા લગ્નાદિ સફળતા-નિષ્ફળતા માટે ખાસ તો પિતાજીને જવાબદાર માનવામાં આવે છે. એમાં સચ્ચાઈ પણ છે. છતાં સંતાનોના જીવન બાબતે પણ ઘણાં પરિબળો ભાગ ભજવતાં હોય છે. આપણા હિતશત્રુઓ આપણાથી વધારે સક્રિય હોય છે. પારુલનાં લગ્નાદિ બાબતે ઘટેલી ઘટનાઓમાં થોડા ઊંડા ઊતરવાથી મારી ભૂમિકાનો ખ્યાલ આવશે. મારા પિતાજીની પારુલનાં વ્હેલાં લગ્ન માટેની વાત મેં વારંવાર નહિ માન્યા પછી, તે એમ. એ.માં પણ ગોલ્ડ મેડલ સાથે પાસ થઈ, એણે શ્રી વિનોદ જોશી પાસે પીએચ.ડી. શરૂ કર્યું અને એ ઓડની કૉલેજમાં ખંડ સમયના વ્યાખ્યાતા માટે જોડાઈ આ ગાળામાં, એની સગાઈના પ્રયત્નો મેં ગંભીર રીતે હાથ ધર્યા હતા. મેં પણ પહેલાં તો અમારા સમાજમાં જ નજર દોડાવેલી. દીકરીનો બાપ (અને મા પણ) હંમેશાં ચિંતા કરવા સાથે વધારે સજાગ રહેતો હોય છે.

લુણાવાડામાં એક પૈસાપાત્ર અને ઉદ્યમી સંસ્કારી પટેલ પરિવારના વડીલ (જે મને નજીકથી જાણતા/મળતા હતા). પારુલનું માગુ એમના દીકરા માટે કર્યું હતું. એ વાત વહેલી હતી ને ભણતરની દિશા તથા સ્થિતિ ભિન્ન હોવાથી મેં સાદર ના પાડેલી. અમારા સગાંના એ નિકટના સગા હતા. એમની એ નારાજગી ખાનગીમાં શત્રુતા બનીને અમને બધે પજવતી – નડતી રહી છે. આજે એ મને મન વગર મળે છે ખરા! પારુલની બીજે થતી સગાઈની વાતે, બે વખતે એમણે સામા પક્ષોને ફેરવી નાખેલા. એક અધ્યાપકના દીકરા જોડે સગાઈની પાકી થવા આવેલી વાતમાં બીજા વડીલ અધ્યાપક સક્રિય થયા અને એ દીકરા માટે પેલા હિત દ્વેષીના પક્ષની દીકરી આપવાનું નક્કી કરેલું. તે તેમ પાર પણ પડેલું. અને ડૉક્ટર થયેલા યુવાનનું એના પિતાજી સામે ચાલ્યું નહિ એટલે બંનેની સંમતિ છતાં વાત અટકી ગઈ. મારે માટે આઘાતજનક વાત તો વળી ચોથી જ હતી. મોડાસા કૉલેજમાં મારો સહાધ્યાયી અને રૂમ પાર્ટનર મિત્ર. એનો દીકરો મોસાળમાં આવે ને ત્યાં મારી દીકરી બાજુમાં જ ફોઈના ઘરે ગઈ હોય. બંનેની પસંદગી હતી. મારું મિત્ર દમ્પતી રાજી હતું. માત્ર સગાઈ જાહેર કરવાની રાહમાં હતા, ત્યાં પેલા હિતદ્વેષીએ મારા મિત્રના મોટાભાઈને મળીને એ છોકરા માટે બીજી કન્યા



સૂચવી. મારો મિત્ર પાણીમાં બેસી ગયો. બધાંએ મળીને છોકરાને દબાવી દીધો.

મારા પ્રયત્નો ઓછા ન્હોતા, પણ પરિસ્થિતિઓ વિપરિત હતી. આવા આટાપાટા રમતો-રમાડતો, તમાશા કરતો-કરાવતો સમાજ મને સદે એમ ન્હોતો. મેં પારુલ માટે હવે ચરોતરમાં સગાઈ કરવાનું મન બનાવ્યું હતું. દરમ્યાન બે વર્ષ વીતી ગયાં. પારુલ વડોદરા ખાતે મારી ભત્રીજીના ઘરે – ભત્રીજીની દીકરી રેણુકા સમવયસ્ક હોવાથી વધારે વખત – જતી અને રહેતી. સામે બારણે પાડોશી યશવંતરાય – નંદાબેન પ્રધાનનું ઘર. એમનો દીકરો પ્રસાદ. બધાં જોડે બેસે-ઊઠે. એમાંથી પારુલ-પ્રસાદનાં મન મળ્યાં... એમાંથી વધતી-વિકસતી વાત મારી પાસે અણધારી રીતે આવી પહોંચેલી. સાહિત્ય પરિષદમાં હું રમેશ ર૦ દવે પાસે બેઠેલો. એમણે મને આનંદ વ્યક્ત કરવા વાત કહી. "મણિલાલ, તું પારુલને અમારાં મદદનીશ ગ્રંથપાલ સુશ્રી નિરાબેન દેસાઈનાં બ્હેન નંદાબેન પ્રધાનના દીકરા જોડે પરણાવશે એ જાણીને રાજી થવાયું..." રમેશ દવેને નિરામાસીએ મારો સન્દર્ભ જાણવા બધી વાત કરેલી. વાતથી સાવ અજાણ્યો હું અંદરથી ચોંકી ગયો ને બ્હારથી સાવધાન થઈ ગયો હતો. પછી તો મેં બહુ ઝડપથી બધી તપાસ કરી વિગતો જાણી, રેણુને પૂછી જોયા પછી મેં પારુલ સાથે સીધી વાત કરી એનું મક્કમ મન જાણી લીધેલું. હવે મારી સામે મોટો પડકાર હતો અને મારે એકલે હાથે મથવાનું હતું. કોઈને કહી ન શકું ને વાત ટાળી ન શકું એવી મારી દશા હતી.

❑

**૧૫**

## દીકરીનું લગ્નઃ મૂળ વાત

આપણે ભલે સંમત ના થઈએ, પરંતુ ગામડાંનાં લોકો બાળપણમાંથી જ સંતાનોની સગાઈ કરી દેતાં. એમાં એમનું અનુભવોનું ડહાપણ હતું. એ લોકો પાણી પહેલાં પાળ બાંધતા હતા. દીકરી માટે આબરૂદાર અને કમાઈ ખાવા જમીન હોય એવા વ્યવહારુ પરિવારનું ઘર શોધીને સગાઈ કરી રાખતા. ત્યારે ભણતર અને નોકરીનું ચલણ નહીંવત્ હતું. એ ઢોર ખેતી સાથે કામ પાડનારાં લોક મજૂરિયાં હોવા સાથે કોઠાસૂઝવાળાં હતાં. રૂપ તો ચાર દિવસની ચાંદની છે. ખરી વાત તો માણસના ગુણની છે. ને હજારો પરિવારો એ પરંપરામાં સુખચેનથી જીવી લેતાં આવ્યાં હતાં. અમે એના વારસદારો આજે ભણી-વાંચી-લખી-નોકરી-ધંધા વાસ્તે દુનિયામાં ફરતા થઈ ગયા એ વાત સાચી પણ આપણી પૂર્વજ પરંપરાઓ સાવ વખોડવા જેવી તો ન્હોતી. હવે તો સાપ ગયા ને લિસોટા ય ગયા! વેઠનારને ખબર પડે છે કે પીડાના પ્રકારો પારાવાર છે.

સમયનો સર્પ મારી સામે હવે ફેણ માંડીને બેઠો હતો. હું સ્વભાવે થોડો જિદ્દી – હઠાગ્રહી છું. પણ સારું એ પણ છે કે માથે લીધી વાત માટે હું આયોજનપૂર્વક મહેનત કરું છું. મારામાં આ ગુણવારસો મારા પિતાજીમાંથી ઊતર્યો છે. હવે મેં પારુલની વાતે સૌ પહેલાં પ્રસાદને મળવા વિદ્યાનગર બોલાવ્યો. અમે નિરાંતે બેઠા, બધી જ વાતો કરી. બંનેના ભણતર-નોકરી અને ઘર પરિવાર સન્દર્ભે પણ ચોખવટથી ચર્ચા કરી. મને લાગ્યું કે પ્રસાદ સન્દર્ભે વાંધો નહિ આવે. મારા મનમાં ત્યારે પારુલ માટે અધ્યાપક છોકરો મેળવવાની મેં તૈયારી કરી રાખેલી. એ શક્ય બનવાનું હતું ત્યાં પ્રસાદની વાત આવતાં મારું સ્વપ્ન સાકાર થતાં રહી જતું હતું. પારુલે મને કહેલુંઃ તમારે, અમારે જોવાનાં છે તે સ્વપ્નો અમારા વતી નહી જોવાં.... એમાં બંને બાજુ પીડા થઈ શકે. તમારું સ્વપ્ન તૂટે એની પીડા, ઉપરાંત સંતાનનું સ્વપ્ન તૂટે એ પીડા પણ માબાપે તો વેઠવી પડે છે. એની વાત સાચી હતી. લગ્નજીવન દોહ્યલું હોય છે.

પ્રસાદ સાથે મેં એના પિતાજીને સંદેશો મોકલેલો કે તમે સાત-આઠ વડીલો અમારે



ત્યાં વિદ્યાનગર આવો. એ બધા આવ્યા. મારે પક્ષે તો હું ને મારો પરિવાર જ હતાં. ઘણી વાતો થઈ. છેવટે બધું નક્કી કર્યું. એપ્રિલમાં લગ્ન લઈશું. એ વખતે જાન્યુઆરી (૧૯૯૬) ચાલતો હતો. મેં રાહતનો શ્વાસ લીધો ન લીધો ત્યાં તો પારુલને હું મરાઠી પરિવારમાં વડોદરા પરણાવું છું એ સમાચાર મારા વતનઘરે પિતાજીને પહોંચ્યા. પ્રસાદને સામે બારણે મારી ભત્રીજી (મધવાસ)નો પરિવાર રહેતો. વાત જાણીને એ ય ઘણાં મૂંઝાયાં હશે. 'એમની ચિંતા એવી હોય છે કે આ આખી ઘટનામાં એમનો હાથ હોવાનું સગાંવ્હાલાં માનશે તો શું થશે?' કોઈએ અણસમજણમાં એવું કહ્યું હોય પણ એ બધાં આ બાબતે તટસ્થ હતાં. હા, અમારો નિર્ણય એમને ત્યારે ઉચિત ન્હોતો લાગ્યો. બીજાંઓની જેમ એમણે ય મને વાર્યો હતો. કડકાઈથી કડવા શબ્દો ય ફોન પર કહેલા. મેં એમની સમાજ સાથે રહેવાની ભૂમિકાનો પ્રતિવાદ ન્હોતો કર્યો. ટૂંકમાં ભત્રીજી-પરિવાર, પારુલની વાતે નિર્દોષ હતો અને અમારી સામે કે સાથે પણ ન્હોતો. આભાર, જે લોકો નગરોમાં (વડોદરા-અમદાવાદ-મુંબાઈ) રહેતા હતા અને પ્રેમલગ્નની, પરજ્ઞાતિમાં લગ્નની તથા નવા રિવાજોની હિમાયત કરતા હતા... ચર્ચાઓ કરતા હતા એ બધાં જ હવે મારા નિર્ણયની સામે હતાં અને મારી ટીકાઓમાં સામેલ હતાં. વતનમાં પણ અધ્યાપકો-આચાર્યો-શિક્ષકો-નેતાગણ તથા ભાંજગડિયાઓ મારું કામ પૂર્ણ થાય એ પહેલાં જ ટીકા કરતા હતા. પિતાજી માટે આ ઘટના માથાવાઢ હતી – એ મારું મોઢું જોવા પણ રાજી ન્હોતા. આ સમાજ, પૂર્વે મેં 'પી.ટી.સી. થયેલી વહુ' વાર્તા લખી, ત્યારે પણ ખફા હતો. આજે હવે એ સમાજને મોકો મળ્યો હતો. એ છોડે ખરો? મારા નિર્ણયમાં હું અડગ હતો. કૈંક સ્વસ્થ પણ હતો.

વતનમાં મારું આટલું મોટું મિત્રવર્તુળ, બ્હોળું સગુંવ્હાલું તે છતાં આ કઠોર દિવસોમાં અને એ પછીનાં મારા બહિષ્કારનાં કપરાં વર્ષોમાં કોઈપણ સગાંસ્વજન કે મિત્રનો બે લીટીનો સંદેશો પણ ન્હોતો આવ્યો કે 'ચિંતા નહિ કરતો અમે તારી સાથે છીએ.' હા, મધવાસથી મિત્ર બી૦ આર૦ પટેલ તથા ભેંવાડાથી મારો સહાધ્યાયી-રૂમપાર્ટનર રહેલો તે ડી૦ વી૦ પટેલ રિસેપ્શન પ્રસંગે હાજર હતા. લગ્ન અને મારો નિર્ણય અટકાવવા વતનથી જીપ ભરીને ભાઈઓ-બનેવીઓને પિતાજીએ મોકલ્યા હતા. સૌએ મને કઠોર વચનો કહેલાં. કાકાના દીકરા અને મારા શિક્ષક રહેલા તથા ગોપીના સગ્ગા બનેવી એવા શિવુભાઈએ મને ખૂબ ધમકાવતાં કહેલાં શૂળ જેવાં વચનો યાદ આવે છેઃ એમણે બહુ કડવાશથી કહેલું કેઃ "'ભણ્યો કણબી કુટુમ્બ બોળે –' તે આનું નામ. તું વધારે ભણ્યો એટલે હવે કૂળ બોળવા બેઠો છે." એ દિવસે મારી આંખો કોરી જ ન્હોતી થતી. ડૂમો એવો બાઝેલો કે જમી ન્હોતો શક્યો ને બી.પી. હાઈ થતું

હતું. આજે એ જોવા જાણવા માટે શિવુભાઈ હયાત નથી કે પ્રભુદાસ મોરારનું કૂળ મણિલાલ પટેલથી રોશન છે ને એ સમાજમાં તથા સર્જક તરીકે દેશ-દુનિયાનાં ગુજરાતીઓમાં તથા પોતાના સમાજમાં પણ લોકપ્રિય છે! જોકે એવા ઘણા ઊંડા ઘા હજી ભરાયા નથી. પણ હવે એવી સમજણ અને નિર્ભ્રાંતિ આવી છે કે હોવાપણાનો ઘાવ ભરવા સૌએ જીવવાનું માથે લેવું પડે છે. બાકી શાના સર્જકને વળી શું કરવાની લોકપ્રિયતા! જીવતરના ખેલ છે આ બધા! જ્યાં લગી શ્વાસ છે ત્યાં લગી ગળામાં સોસ રહેવાનો છે. ને એમાં ય મારા જેવા તો તરસ લલાટે લખાવીને આવ્યા હોઈએ પછી થાય શું?! કરવત જતી ય વ્હેરે ને વળતી ય વ્હેરે!

રોજ દિવસ ઊગે અને વતનથી સ્વજનોના ફોન આવે. બધાં મને સમજાવતાં હતાં ને પારુલને માટે મૂરતિયા બતાવતાં હતાં. કોઈ કહેતા કે તમારી જગ્યાએ હું હોઉં તો એવી જિદ્દી દીકરીનું ગળું જ દબાવી દઉં. કોઈ સ્વજન આક્ષેપ કરતાં હતાં કે છોકરી સમાજમાં પરણાવવાના ખર્ચથી ડરીને ભાગો છો. બધી વખતે સામનો હું કરતો હતો. પારુલને મેં કદી એવા લોકો જોડે વાત કરવા નથી દીધી. સૌને કહેલું કે તમે મને લડો એ તમારો પ્રેમાધિકાર છે પણ મારી દીકરીનું ભવિષ્ય તો મારે જોવાનું છે ને સાથે ભોગવવાનું છે. મારે માથે પડતી રોજની આ પસ્તાળથી પારુલ સભાન હતી. એણે મને કહ્યું કેઃ "પપ્પા, તમે સમાજ સાથે રહો અને કહી દો કે મેં દીકરીને છોડી દીધી છે. હું કાલે જ ચાલી જઈશ.. હા..." એની આંખમાં પાણી હતાં. મેં એને આશ્વસ્થ કરતાં જણાવેલું કે મારે મન દીકરી વધારે છે – એ મને વ્હાલી છે. એને છોડીને મારે કોઈ સમાજ નથી જોઈતો. દીકરીને ભોગે મારે આબરુદાર નથી થવું! પણ મારા મનમાં દુઃખ સાથે અચરજ એનું હતું કે મારા જેવા પગભર, સ્વસ્થ અડગ જણને પણ સગાં-સમાજ હંફાવતાં હોય તો સામાન્ય માણસ તો બિચારો દબાઈ જ જાયને!

એક દિવસ સાંજે હું અમદાવાદથી વિદ્યાનગર કૉલોનીના (ડી-૪૯) મારા નિવાસે પહોંચ્યો તો બે ગાડીઓ પડેલી. વડોદરા રહેતા મારા સમાજના સગા તથા મિત્રો રાહ જોતા હતા. ત્યારે મોબાઇલ ફોન ન્હોતા, B.S., S.B., H.V., H. M. Patel વગેરે હતા. સૌ મને સમાજનો ડર બતાવવા સાથે પ્રસાદ તથા એના પરિવારની મર્યાદાઓ ગણાવતા હતા. મેં સૌને મારી ભૂમિકા સમજાવી અને રાહ જોવા કહેલું. પણ આનું પરિણામ એ આવ્યું કે પારુલથી મારે માથે પડતો માર સહન ન થયો. એણે જલદીથી બધું પૂર્ણ કરી દેવા મને કહ્યા વિના વડોદરા ખાતે કોર્ટ મેરેજની તથા મંદિરમાં આર્યવિધિથી લગ્નની તૈયારીઓ કરાવી દીધી. એક દિવસ રોજની જેમ સવારે એ કૉલેજ જવા નીકળી. પણ કૉલેજથી રજા લઈને સીધી વડોદરા પહોંચી. અમને આ વિશે એણે



અંધારામાં રાખ્યા હતાં.

જીવનમાં મેં માત્ર એક જ વાર પેન્ટ કોટ એટલે કે સૂટ સીવડાવેલો – વિલાયત જવા. તે દિવસે જોગાનુજોગ હું એ સૂટ પહેરીને (જે હું વર્ષમાં માંડ એક-કે બે વાર પહેરતો) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ગયેલો. બપોરે એકનો વર્ગ લેતો હતો ને મારા મિત્ર એમ૦ કે૦ પટેલ (જે બાજુના બિલ્ડીંગમાં ભણાવે છે.) આવ્યા, મને બ્હાર બોલાવીને કહ્યું કે પારુલનો ફોન મારે ઘરે આવ્યો છે તેણીએ વડોદરા લગ્ન કરી લીધાં છે. મેં ક્ષણવારમાં સ્વસ્થ થતાં કહ્યું કે ચાલો, વડોદરા જઈને મળીએ. હું ઘરે ગયો. ગોપીને વાત જણાવી. અમે ટેક્સી કરી, આણંદથી મિત્ર અને માહેર માણસ જોસેફ મેકવાનને સાથે લીધા. એ દિવસ ૧૯ જાન્યુઆરી, ૧૯૯૬ હતો. રસ્તામાં અમે બે વાતો નક્કી કરી લીધેલી. એક તો પારુલ-પ્રસાદને આશીર્વાદ આપવા. તથા એમનાં વડીલો સાથે બેસીને રિસેપ્શનનું આયોજન પાક્કું કરી લઈને, આ ઘટનાને સામાજિક દરજ્જો આપવો.

અમે ખારીવાવ-પોસ્ટ ઑફિસ પાસે વડોદરા પારુલનાં મોટાં નણંદ સંગીતા શેખર કર્ણિકને ત્યાં પહોંચ્યાં. પ્રસાદનું ઘર છેક મકરપુરા – આનંદબાગ હતું. એ ત્યાં ન હોય એ વાતની મને ખબર હતી. કેમકે ત્યાં સામે મારી ભત્રીજીનું ઘર હતું. શેખરભાઈને ત્યાં કોઈ હલચલ ન્હોતી. ઘરમાં U.S.A.થી આવેલા – સંગીતાબેનનાં માસી – એકલાં રમાબેન હતાં. અમે અમારો પરિચય આપી પારુલ-પ્રસાદને બ્હાર બોલાવવા કહ્યું. એમણે જરા કડકાઈથી કહ્યું કે અહીં કોઈ પારુલ નથી અને આ ઘર પ્રસાદનું નથી. એનાં બ્હેનનું છે. વાતનો દોર જોસેફે હાથમાં લઈને બધું સ્પષ્ટ કરતાં જણાવ્યુંઃ "મોટાંબ્હેન, અમે તો નવદમ્પતીને આશીર્વાદ આપવા માટે આવ્યા છીએ. અમે કોઈ ફરિયાદીઓ કે આક્ષેપકર્તાઓ થઈને નથી આવ્યા..." વગેરે! થોડીવારમાં સંગીતાબેન-શેખરભાઈ આવ્યાં. ને પાછલા રૂમમાંથી પારુલ-પ્રસાદ નવવરવધૂના વેશમાં પ્રગટ થયાં. સૌએ આશીર્વાદ સાથે શૂકન કરાવ્યા. પારુલ મને વળગીને 'સૉરી પપ્પા... તમને કહ્યા વગર...' બોલતાં ડૂસકે ચઢી ગયેલી. પ્રસાદ શાંત અને પ્રસન્ન હતો.

કલાકેકમાં વડીલો આવ્યા. મીઠાઈ ખાતાં ખવરાવતાં અમે રિસેપ્શનની વાત નક્કી કરી. બે બસ કરીને બધાં સગાંસ્નેહીને લાવજો. તારીખ-વાર-સમય-સ્થળ બધું જ નક્કી કરીને અમે પરત નીકળ્યા. હવે મારી ફરજ બનતી હતી કે આ સમાચાર મારાં તથા ગોપીનાં સ્વજનોને જણાવી દેવા. જેથી ભડકા સાથે ભડકો થઈ જાય ને વાત પૂર્ણવિરામ પામે. વળતાં અમે છાણી જકાતનાકા પાસે રહેતા મારા હમવતની મિત્ર એચ૦ વી૦ પટેલને ત્યાં ગયા. એ અચંબામાં હતો. મને કહે હજી બે દિવસ પહેલાં તો મળ્યા હતા... ત્યારે તેં આવું ન્હોતું જણાવ્યું. મેં કહ્યું કે બધી વાત પછી કરીશું જ. પણ હાલ તું

મારું આટલું કામ કર કે મારાં સગાંસ્નેહીઓને આ ઘટના ફોનથી જણાવી દે. કહેજે કે હવે મને કે પારુલને ફોન કરીને પજવે નહિ. ને હું નિમંત્રણ પાઠવીશ. તમે વડોદરાના સૌ મિત્રો પારુ-પ્રસાદના રિસેપ્સનમાં જરૂર આવજો. એચ૦ વી૦ની નારાજગી હું સમજતો હતો પરંતુ આ સમય ખુલાસાઓ કરવાનો ન્હોતો. એનો અર્થ પણ કશો ન્હોતો. રાતે અમે મોડા વિદ્યાનગર પહોંચ્યા હતા. હું વતન-ગામ-ઘર-સમાજમાં, આ વાત જાણીને પડનારા પડઘા આગોતરા સાંભળતો ચિંતાતુર હતો. ઊંઘ મારી આંખે ન્હોતી, બીજે દિવસે મારે દવાખાને જવું પડેલું. બસ, તે દિવસથી બી.પી.ની ગોળી લેવાનું શરૂ થયેલું તે હજી ચાલે છે.

અમારા ગુજરાતી વિભાગના એટલે કે માનવવિદ્યાભવનમાં, વચ્ચેના સ્ક્વેર ગાર્ડનમાં રજાને દિવસે રિસેપ્શન યોજેલું. કુલસચિવ નિરંજન ઉપાધ્યાયની રજાથી જગ્યા મળી હતી. મારા વિદ્યાર્થીઓ – પારુલનાં મિત્રો તથા સેવકોએ સ્થળને સજાવવા સાથે વ્યવસ્થાઓ સાચવી હતી. મારા હમવતની અને M. U. સ્કૂલના ટીચર સોમભાઈએ નિષ્ણાત અને નિષ્ઠાવાન મિત્ર ધીરુભાઈ પટેલની મદદથી રસોઈની અને જમણવારની બધી જવાબદારી લઈને સુચારુ રીતે પાર પાડી હતી. વિસ્મય-મલયે મિત્રો સાથે મળીને નિમંત્રણો પહોંચાડેલાં. ત્રણસો માણસો આવેલાં. મારાં વતનસગાંને પણ બોલાવેલાં. પણ ત્યાંથી કે વડોદરેથી કોઈ ન્હોતું આવ્યું. હા, મધવાસથી બી૦ આર૦ પટેલ અને ભેંવાડાથી ડી૦ વી૦ ખાસ આવેલા. મારા ઘરે મારા જીવનનો પ્રથમ અવસર હતો અને મારાં લોહીનાં સગાં – એક પણ – હાજર ન્હોતાં. કોઈએ ખાનગીમાં શુભેચ્છાના બે શબ્દો ય ન્હોતા પાઠવ્યા. સાહિત્યકારો અને અધ્યાપકો બધા જ હાજર હતા. મારો સમાજ બદલાઈ ગયો હતો. આ મારો નવો સમાજ હતો.

લોહીની સગાઈ મારી છાતીમાં કાળમીંઢ પથ્થર થઈ ગઈ હતી. લાગણીઓનો સમુદ્ર માથાં પછાડતો હતો. ને મારા મોઢે મણમણનાં તાળાં હતાં. હું ક્યાં જઈને હળવો થાઉં? હસવાનું તો ઠીક મારે માટે રડવાનો ય ખભો કે ખોળો ન્હોતો બચ્યો. મને એની બહુ જરૂર હતી...! પછીના દિવસોમાં કવિતા પ્રગટી: ‘નથી વાવતા ભાઈ મકાઈ/લોહી ખરું પણ નથી સગાઈ – ગામ જવાની હઠ છોડી દે...’ જગતમાં એક હું જ જાણું છું કે મકાઈની ખેતી એટલે નકરા વ્હાલની ખેતી.

રિસેપ્શનના દિવસે સવારે એક વિચિત્ર ઘટના ઘટી હતી. નવ-દસ વાગ્યે મારા વતન તરફથી – દેનાવાડ ગામેથી – મારા સાઢુભાઈ શિક્ષકમિત્ર અંબાલાલ નારણ પટેલ આવી પહોંચ્યા હતા. છોકરાં રાજી થયાં કે: "માસા આવ્યા રે લોલ!" પણ એ દૂતકર્મ કરવા આવેલા ‘રે લોલ’ તો બધું જોઈ જાણીને ‘આવું છું’ કહીને સરકી ગયા



તે હજી પાછા મારે ત્યાં ૨૦ વર્ષેય આવી જ શક્યા નથી. મારે હજી ય જાણવું છે કે તેઓ શાની ખાતરી કરવા આવેલા. મને એ હવે મળે છે પણ મગનું નામ મરી પાડતા નથી. કોઈએ મારાં સાળીને રિસેપ્શન સરસ રહ્યાની વાત કરી હશે તો એ મર્મમાં બોલેલા: ‘પારકાં લોક જમ્યાં તે અહીં કોણે જાણ્યું?’ લુણાવાડાનાં પેલા હિતશત્રુઓ, ‘પારુલને તો પાછી કાઢી મૂકી છે’ – એવી અફવાઓ ફેલાવી અમને પજવતાં હતાં. છેવટે સાપ્તાહિક ‘જય પંચમહાલ’ની મારી કૉલમમાં મર્મભેદી શબ્દબાણ છોડીને એ નકટાં લોકને મારે એમનાં કરતૂતો તથા ઓકાત બતાવવાં પડેલાં! જીવન ઘણું કપરું છે.

❑

## ૧૬

# ન્યાતબ્હાર હોવું એટલે શું?

ગુજરાતી સમાજ અને સાહિત્યના અભ્યાસીઓ વર્ષોથી જાણે છે કે, 'ન્યાતબહાર મૂકાવું', 'જ્ઞાતિ કે સમાજનો બહિષ્કાર' વેઠવો એટલે શું? નર્મદના જમાનાથી ય આ વાત જૂની છે. આપણી પાસે આ સન્દર્ભે વેઠનારા/આતંકિત થનારાઓમાં નર્મદ, મહિપતરામ તથા મોહનદાસ ગાંધીનાં જગજાહેર દષ્ટાંતો છે. આ બધા વળી ઉચ્ચ જ્ઞાતિના – ભદ્ર વર્ગના સજ્જનો હતા. બીજી જ્ઞાતિઓ પાસે પણ દંડ અને બહિષ્કારનાં હાથવગાં હથિયારો હતાં.... ને રાજસત્તા તથા રાજાજ્ઞાની જેમ એનો વારેવારે ઉપયોગ કરવામાં આવતો. આદિવાસી સમાજોમાં મોકળાશો વધારે હતી – બંધનો ઓછાં, તો ય એમને ભણતર તથા અર્થ અભાવોને લીધે(?) પછાત ગણવામાં આવેલા, હવે પછાત અને ભદ્રની વ્યાખ્યાઓ બદલાઈ ગઈ છે.

'જ્ઞાતિ બહિષ્કાર'-નો સૌથી વિશેષ ત્રાસ મોનજી રુદર – દક્ષિણ ગુજરાતના ઉદવાડા આસપાસના અનાવિલ દેસાઈ-ના પરિવારે વેઠવો પડેલો. અનાવિલોએ મોનજીનું જીવવું હરામ કરી દીધેલું. બાળવિધવા દીકરીનું પુનઃલગ્ન હિમ્મતપૂર્વક કરાવનાર મોનજી તથા પત્ની ભીખીબેને હાર્યા વિના સામનો કર્યો ને નિજી જીવન જીવતાં રહ્યાં. સ્વામીઆનંદે *કુળકથાઓ*માં મોનજી-ભીખીનું અદ્ભુત ચરિત્ર આલેખીને ઉચિત અંજલિ આપી છે. મારા સમાજે મારી સાથે કશો જોર જુલમ નથી કર્યો. હું સમાજની વચ્ચે ત્યાં ગામડે તો રહેતો ન્હોતો. હું સમાજ તથા ઘરકુટુમ્બોથી દૂર નગરમાં રહું એટલે ન દેખવું ને ન દાઝવું જેવી વાત હતી. પણ જે લોકો રોજેરોજ સમાજ વચ્ચે ગામડે જ રહે છે– એમને માટે સમાજનો બહિષ્કાર માથાવાઢ બની જાય છે. હિતશત્રુઓ થૂંકે, મર્મમાં બોલે, આગેવાનો તુચ્છકાર કરે, સગાંવ્હાલાં અરે પાડોશી પણ ના બોલાવે. છોકરાંને પણ મહેણાં સાંભળવાં પડે. ગામમાં ને સગેવ્હાલે પ્રસંગે પર્વે પણ જવાનું નહિ; ન્યાતમાં જમવાનું નહિ. જાણે નર્યું એકલવાયું અને ઓશિયાળું જીવવાનું... બધી વાતે ઉપેક્ષિત જીવવાનું! આ અર્થમાં હું ન્યાતબહાર હતો પણ સ્વસ્થ હતો અને મારો એક નવો ને ગુજરાતવ્યાપી સમાજ હતો. સાહિત્યકારો અને શિક્ષકો/વિદ્યાર્થીઓ – એ મારે માટે કામયી સમાજ હતાં.

હું સમાજનાં બંધનો કે જ્ઞાતિના રિવાજોમાં માનું કે ન માનું, પણ 'ન્યાતબહાર'-ની શિક્ષાનું દુઃખદર્દ મને હતું જ નહિ એવું નથી. હું ય આ ઘટનાથી વ્યગ્ર રહેલો. પરંતુ મને સૌથી વિશેષ દુઃખ હતું મારા પિતાજીને લાગેલા આઘાતનું! સમાજની દૃષ્ટિએ મેં એ ઊજળું અને એકલવાયું જીવનાર સમર્થ પુરુષના જીવતર પર કાળી ટીલી લગાડી હતી. સમાજમાં એમને નીચાજોણું થાય એવી ઘટના મારે લીધે ઘટી. હું એમની માફી માગવા ચાહતો બલકે ઝંખતો હતો પણ અમે બાપબેટો જોજનો દૂર પડી ગયા હતા! ૧૨૦ કિ.મી.નું અંતર હવે વર્ષોનું અંતર બની ગયું હતું.... ને એમના દિલમાં હવે મારે માટે તસુ ય જગ્યા ન્હોતી... કદાચ! મારા અનેક સ્વજનો નારાજ અને મારાથી વિમુખ હતાં... ગમે તેવું રૂઢિગત કે ગેરસમજણનું કારણ હોય તો પણ આટલાં બધાં સ્વજનોને દુઃખી કરીને હું જરા પણ સ્વસ્થ ન્હોતો જ હા! મારા પિતાજીની ભીની આંખો મને દેખાયા કરતી. હું રાતભર પડખાં બદલતો રહેતો... ને મળસ્કે થોડું રડી લઈને સ્વસ્થ થવા મથતો, છેવટે અધ્યાપન-અધ્યયનમાં ડૂબી જતો. સૌને દુઃખી કર્યાનું એ શલ્ય આજે ય મને અજંપ કરી મૂકે છે. એક દીકરીની ઇચ્છા પૂરી કરવા માટે મેં બહુ મોટું જોખમ માથે લીધું હતું. સ્વજનોને દુઃખી કરવાનો આપણને હક્ક હોય તો પણ મેં એવો હક્કનો દુરુપયોગ કર્યો હતો. આજે હવે માફી માગું તો કોની માગું? પિતાજી કે ફોઈ તો ગયાં... મારા દૂઝતા જખમો લઈને હું હવે એકલો એકલો જીવ્યા કરું છું...

માંદગી કે મરણના પ્રસંગોમાં સમાજની એટલી માનવતા છે કે બહિષ્કાર એમાં આડે આવતો નથી. મારા મિત્ર અને સાઢુ મધવાસના બાબુ મૂળજી. અંગ્રેજી સાથે સ્નાતક થઈને સ્કૂલમાં ટીચર હતા. કૉલેજકાળમાં એ બાબુ મધવાસીને નામે સારી કવિતા કરતા હતા. પણ વાચન મનનનું સાતત્ય તૂટતાં કવિતા પણ વિમુખ થઈ. સારી વાર્તા કરતા એ ય ગયું. સ્વભાવના આકરા, આખાબોલા પણ પ્રેમાળ, મનમાં પાપ નહિ... પણ ન બોલવાનું બોલી નાખે. મારા શુભેચ્છક ખરા, પણ ઘણીવાર વાંકુ બોલે, નારાજ કરે... ને પાછા બોલાવે! મોડાસા ભણ્યા બાદ એ લિમ્બડિયા ગામે સ્કૂલમાં જોડાયા, ઘણીવાર મોડાસા જતાં બસમાં સાથે થતા. હું એમ.એ.માં હતો ને પાર્ટ ટાઇમ ટીચર હતો, વડા ગામે. મારાં સાળી-સાઢુ બંનેને કુળાભિમાન વધારે હતું. સુખી ઘર અને બાપા પંચના આગેવાન. ને પોતે અંગ્રેજીના શિક્ષક! મને કહેઃ 'ગુજરાતી કવિતા બહુ નબળી છે. એમાં કશો શક્કરવાર નહિ આવે... કવિતાથી પેટ ન ભરાય...' એમની દીકરી ભાવનાને વિદ્યાનગર કૉલેજમાં પ્રવેશ ન મળ્યો તો તેઓ મારા ઉપર બગડેલાઃ 'મારાં છોકરાં ભણે એ મણિલાલને નથી ગમતું.' વગેરે. આમ બોલે, આકરું ને તોછડું

બોલે, પણ મારા માટે અંદરથી ખૂબ પ્રેમ હતો. હું બધું સમજીને ચૂપ રહેતો.

એકવાર ભગંદર થતાં વડોદરે દાખલ કરેલા. મને ખબર પૂછવા જવામાં મોડું થયું. ગયો એટલે કહેઃ "અહો! મોટા માણસો આવ્યા ખરા! તમારી કવિતા તો સલામત છે ને!" વળતાં બોલ્યાઃ "આ ભગંદર તો રાજરોગ છે... એ કાંઈ બધાંને નથી થતો... એ ખમતીધરનું ખોરડું ખોળે છે..." બાબુભાઈને વારસામાં બાળપણથી અસ્થમા મળેલો. સ્વભાવે તમોગુણી! ઘણીવાર દવાખાને દાખલ કરવા પડેલા. છેવટે ૧૯૯૮માં દેહ છોડ્યો. બાવનની ઉંમર તે કાંઈ મરવાની ઉંમર થોડી ગણાય?! મને પ્રો૦ આર૦ ડી૦ મામાએ ફોન કરેલો. હું ન્યાતબ્હાર તે એ સગાં તો મને શાનાં જણાવે? મારા સમાજ બહિષ્કારને બે વર્ષેક થયેલાં. લોકાચારે-બેસણામાં બધાં સવારે મળે. પહેલીવાર સગાં-ન્યાતની-સામે જવા માટે મારું મન જરાય માનતું ન્હોતું. પણ મિત્ર બાબુલાલનો ખરખરો કરવા જવું જ જોઈએ. સોમભાઈ તથા ધીરુભાઈને સાથે લઈ ટેક્સીમાં એ જ દિવસે બપોર બાદ મધવાસ પહોંચ્યો. મને આવેલો જાણીને લોક ભેગાં થઈ ગયાં. ભાવના ક્રંદન સાથે પૂછતી હતીઃ 'માસા, તમે કયા મલકમાં ખોવાઈ ગયા છો? કેમ દેખાતા નથી?' સુખીબેન બેફામ રડતાં આઘાતથી પુનઃમૂર્છિત થઈ ગયાં હતાં. બધાંએ મળીને મા-દીકરીને મહામહેનતે સાચવ્યાં હતાં. મારી સાથે સૌ. ગોપી નથી આવી એવું જાણીને સુખીબ્હેન બહુ દુઃખી થયેલાં. મેં સમજાવવા છતાં ગોપી મરણ પ્રસંગેય વતન સગામાં આવવા રાજી ન્હોતી. એનું દુઃખ પણ ન પ્રીછી શકાય એવું હતું. ગામનાં લોકો બધાં વેરાઈ ગયાં... હું મોડે લગી બાબુભાઈની પડસાળે ભીની આંખે બેસી રહેલો. શિયાળાની સાંજ ઊતરી આવી. અમે પાછા વળ્યા! આ મધવાસ ગામ મારા બીજા ખોળિયા જેવું – વ્હાલું. હું અહીં ભણ્યો-રહ્યો. ઘેર ઘેર સગાં ને મિત્રો. ફોઈનું ઘર. બ્હેન-ભત્રીજીઓનાં ચાર-છ ઘર. ભાઈની સાસરી – ને સગાંનાં સગાં તો ઘેર ઘેર છે. આ ગામની સ્કૂલમાં નોકરી કરી – ખૂબ પ્રેમ મળેલો મને આ ગામમાંથી! આજે પડતી સાંજે આ ગામમાંથી નીકળ્યો ત્યારે કોઈએ પાણીના એક પ્યાલાનું ય ના પૂછ્યું! કેમ? હવે તમને સમજાય છે કે 'ન્યાતબહાર હોવું' કેટલું તો પીડાદાયક હોય છે! વરધરી ગામે વળતાં ચા પીધી અને સીંગચણા ખાધા. આ પ્રસંગની મેં 'સુધા'-નામ વાર્તા લખી છે – *સુધા અને બીજી વાતો*-માં આ વાર્તા છે.

મરણ-દુઃખની બીજી ઘટના મારા ઘર પરિવારની અને આ જ ગાળાની છે... એવી કઠોર કરુણ અને હૃદયવિદારક ઘટના તો દુશ્મનના ય જીવનમાં ન આવે એમ પ્રાર્થું છું. મારા કાકાના દીકરા મોટાભાઈ વાલજી નારણ પટેલ. એમનાં પત્ની અમારા જીવીભાભીની કૂખે સાત દીકરીઓ પછી આઠમો કુળદીપક (ડાહ્યોભાઈ) જન્મેલો.



જીવીભાભી કામઢાં, હસમુખાં અને ખૂબ લાગણીશીલ, નિખાલસ. સાતે દીકરીઓ પરણાવી, દીકરો ઉછેર્યો અને ઘરગૃહસ્થી સાચવી સગાંવ્હાલાંમાં જીવીભાભી નામ કમાયેલાં, આદર પામેલાં. જરા પણ મોટાઈ નહીં. વાલજીભાઈ આકરા તે વાતે વાતે રડાવે. જીવીભાભીએ અમારી નમાયાં ભાઈ-બ્હેનોની કાળજી રાખેલી. વખતે રોટલો સાચવીને લાગણી આપી ઘડતર કરેલું. ખેતરેથી ઘાસનો ભારો લઈને આવ્યાં, થાકેલાં તે પાણી પીને ઘડીક ખાટલે બેઠાં-ન-બેઠાં ને ઢળી પડ્યાં. વ્હેલું મરણ પણ વ્હાલું લાગે એવું, ઊઠવેઠ વગરનું અને પુણ્યાત્માને જ મળે એવું મરણ પામ્યાં. મારા પરભાદાદાએ પણ મરણથી પોતાનાં ઉત્તમ જીવનકાર્યોની સાબિતી આપેલી. મને, કોણ જાણે કેમ પણ જીવીભાભીના મરણની જાણ જ કરવામાં ન આવી. મરણની જાણ તો 'ન્યાતબ્હારનાં'-ને પણ કરવાનો વણલખ્યો શિરસ્તો છે. ઘરના વ્યવહારડાહ્યાં ને ભણેલાંગણેલાં બધાં ય મને જણાવવાનું એમ ચૂકી જાય ખરાં?! ખરે, જેણે જે વિચાર્યું તે... હશે!

દશ-બાર દિવસો વીતી ગયા – વિધિવિધાનો પતી ગયાં હશે... મને ઊડતી ઊડતી ખબર મળી, મેં ખાતરી કરી અને પછી ટેક્સી લઈને એક બપોરે એકલો નીકળ્યો... બહિષ્કાર પછી વતન ઘેર પહેલીવાર જતો હતો. અશ્રુ દદડતી આંખે વાલજીભાઈની પડસાળે જઈને બેઠો ન બેઠો ને ઘરકુટુમ્બ ગામનાં બાજુની નવી વસાહતનાં બધાં જ લોક ભેગાં થઈ ગયાં. નવાગામના વડીલ બ્રાહ્મણો ય આવી ગયેલા – મારી સાથે કોઈ અભદ્ર વ્યવહાર કરી બેસે તો રોકવા સારુ એ વિપ્રજનો આવેલા. કૌતુક અને સૂનમૂન સન્નાટો હતો. કોઈ બ્રાહ્મણ વડીલે ધીમા પણ મક્કમ અવાજે કહેલુંઃ 'મણિભાઈને જાણ પણ ન કરી હોય તો આપણી મોટી ભૂલ થઈ ગણાય...'

મને ડૂમો બાઝી ગયો હતો. હું બોલી શકતો ન્હોતો. મારું શરીર ધ્રૂજતું હતું... હું અંદરબ્હારથી આગ આગ થઈ હમણાં સળગીને રાખ થઈ જઈશ એમ અનુભવતો હતો. થોડીક મક્કમતા સાથે અને રુદનમિશ્રિત અવાજમાં હું બોલતો હતો –

- તમે મને સૂતકમાંથી બાદ કરનારા કોણ છો? તમને સૂતકમાંથી મને દૂર રાખવાનો અધિકાર કોણે આપ્યો? એવો જુલમ તો ભગવાને ય નથી કરતા... કુદરતને તમે જૂઠી પાડનારા કોણ છો?
- સૂતકમાંથી બાદબાકી એટલે લોહીની સગાઈમાંથી બાદબાકી! વડીલો, જવાબ આપો... શું હું તમારું લોહી નથી? મેં તમારો કયો ગુન્હો કર્યો છે? આટલી મોટી શિક્ષા શા માટે છે શા માટે...??
- ને મારા ભાઈભત્રીજાઓ! તમને મેં શું આટલા માટે ભણાવ્યા હતા? શું આવું

જ ભણાવ્યાં હતા? બોલો.... તમને પાંચ પૈસાનો કાગળ ન્હોતો મળતો? કે લખતાં નથી આવડતું...?

મારી વાતોથી ચારેબાજુએ ડૂમો-ડૂસકાં-આંસુ અને રડવાના અવાજો આવતા હતા... વડીલો પણ કરગરી ઊઠેલા કે – "ભાઈ! ભાઈ! ભૂલ થૈ, ભૂલ થૈ માફ કરો... મણિભૈ માફ કરો..." પિતાજીને પણ મેં હાથ જોડેલી મુદ્રામાં જોયા... ને હું ઊભો થઈને ગાડી પાસે ગયો, ઘડીક સૌને જોઈ લીધાં... બધાં જ ચહેરાઓ આંસુભીના હતા... એ સૌને મેં પ્રણામ કર્યા... ને ગાડી હાંકવા ડ્રાઇવરને કહ્યું! પહેલીવાર વતન ઘરેથી લોટો પાણી પણ પીધા વિના પાછો વળી ગયો હતો... 'ન્યાત બહાર હોવું' એટલે શું – સમજાય છે તમને?!

શુભ પ્રસંગે જઈએ તો કોઈને ન ગમે! મરણની વાત જુદી છે. કેટલાક બલકે મોટાભાગના મિત્રો અને દૂરનાં શુભેચ્છકો તો મને કંકોતરી મોકલતાં ને હું જવાબમાં શુભેચ્છા/પુસ્તક પણ મોકલતો. પણ સાળાની દીકરી પરણી, ભત્રીજો પરણ્યો, ફોઈના દીકરાઓનાં સંતાનો પરણ્યાં – કાકાના દીકરા કે૦ બી૦ પટેલના બે દીકરા પરણ્યા – કોઈએ કંકોતરી મોકલી નહીં. સમાજનો ડર, બીજુ શું! કંકોતરી મોકલે તો ય હું જઈને એમનો પ્રસંગ ભયમાં તો ન જ મૂકું... પણ પત્રથી શુભેચ્છા તથા આશીર્વાદ તો પાઠવું જ ને! પણ કેટલાંકને તો ટાળવાનું બ્હાનું મળે એટલે એ રાજી! સાળીના દીકરાએ ફોન કરેલોઃ 'માસા, લગ્નમાં આવવાના હોવ તો કંકોતરી મોકલીએ એવું મમ્મીએ પૂછાવ્યું છે...' મેં કહ્યુંઃ 'બધાંની સંમતિ લઈને કંકોતરી થોડી મોકલવાની હોય? તમને જેમ ગમે તેમ કરજો!' એક ભાઈ વળી અમદાવાદ મળી ગયેલા. મને મર્મમાં કહેઃ 'અરે, સાહેબ! તમારા સાળાની દીકરીના લગ્નમાં ગયેલા કે નહિ? તમને તો બોલાવ્યા જ હોય ને...!' એમને મેં જરા આકરો જવાબ વાળેલોઃ "તમે તમારી ઔકાત બતાવો છો? ચૂપ રહો... બોલતાં તો મને ય આવડે છે..."

આપણી મજબૂરીનો લાભ લેવાનું ભલાભલાને ગમતું હોય છે. વડોદરા ખાતે મારા શુભચિંતક અને મિત્રને, મેં સામે ચાલીને મારી બચતના થોડા રૂપિયા ધંધામાં રોકાણ માટે આપેલા – એમણે વ્યાજ આપવાની વાત પણ કરેલી. પછીનાં આ વિકટ સ્થિતિનાં વર્ષોમાં, મકાન માટે મને મારા પૈસા જોઈતા હતા, મેં પત્ર લખી મંગાવ્યા... તો એમના કહેવાથી ક્લાર્કે જવાબ લખેલો કે – 'એવા કોઈ પૈસા લીધાનું અમારી નોંધમાં નથી. તમારી પાસે પ્રોમેસરીની રસીદ હોય તો મોકલાવજો.' હું ચોંકી ગયેલો. મેં જણાવ્યું કે આપણી વચ્ચે રસીદ આપવી વડે એવો સમ્બન્ધ નથી... આપણી વચ્ચે સમ્બન્ધો છે અને નર્યો વિશ્વાસ! ન પણ આપો પૈસા તો તમે વાપરજો... અલબત્ત પછી બે હપ્તે



પૈસા માણસ આપી ગયેલો. પરંતુ માણસો આપણને સાવધાન તો કરી જ દે છે!

'ન્યાત બહિષ્કાર'-નાં આ વર્ષોમાં બીજા પણ અનુભવો થયા છે. ઈડરથી વિદ્યાનગર આવ્યા બાદ નેવુંમાં લુણાવાડા એક ઉમદા અધ્યાપક મિત્રની ઘર-યોજનામાં પચ્ચીસ હજારમાં પ્લોટ લીધેલો. મિત્રતાને નાતે દસ્તાવેજ નહિ કરાવેલો. દસ્તાવેજની વાત મિત્ર પણ ઠેલતા હતા. છેવટે વિપરિત સમયમાં પ્લોટ કાઢી નાખવાનો નિર્ણય લીધો. એક લાખનો ભાવ ચાલતો હતો. વારંવાર લખવા છતાં પૈસા મોકલવાની તમા કરવામાં ન આવી. છેવટે માણસ (જે આજે ઊંચે પદે છે) મોકલ્યો – ચાર છ ધક્કા ખવરાવ્યા પછી પચાસ હજાર રૂપિયા જ મોકલ્યા હતા. રૂ. પચાસ હજાર સરકી જવાનું કારણ દસ્તાવેજ ન કરવાની ભૂલ! અનુભવો તો કેવા કેવા થાય છે! મિત્રો અકારણ સામે પડે છે ને ટીકાઓ આપણી થાય છે. ભલાઈનો જમાનો નથી – એ વાત દરેક જમાનામાં સાચી પડતી રહે છે.

❑

## ૧૭

# કોઈ મારી કાળજી લે છે

દૂર દૂરથી કોઈ સતત મારી-અમારી કાળજી લીધા કરે છે. કોઈ સદીઓની પેલે પારથી સાદ પાડ્યા કરે છે. કોઈ અજાણ્યો પગરવ પાછળ પાછળ આવતો સંભળાય છે. એક સંપ્રદાયમાં કહ્યું છે કે તમે જ્યારે જ્યારે ખરેખરી આપત્તિમાં હોવ છો ત્યારે ત્યારે પેલી અજાણી શક્તિ – (કહો કે ઈશ્વર) – તમારી બહુ નજીક હોય છે. એ અંદર હાથ રાખીને બહારથી ટપલી મારે છે. 'મરીઝ' કહે છે એમ એ આપણને જોઈતું આપતો ય નથી ને અવર પાસે માગવા દેતો ય નથી! એની કસોટીની રીતિ નોખી છે:

*'બહારથી એ દમામ કે પાસ આવવા ન દે*
*અંદરથી એ સંભાળ કે છેટે જવા ન દે.'*

દાર્જીલિંગ જતાં (૧૯૯૨) જલપાઈગુડી સ્ટેશને ઊતર્યો ત્યારે સાંજ ઊતરી આવેલી. બધાં પેસેન્જર્સ અને વાહનો પાંચ મિનિટમાં જતાં રહ્યાં. સૂનાં સ્ટેશને અંધારામાં હું વાહન માટે કોઈ ડફેર જેવી એક-બે વ્યક્તિને પૂછતો હતો. એ મારી તાકમાં જ હતા. ત્યાં મારી નજર ખાખી પરિવેશની વાન પર પડી. મેં દોડતાં જઈને પૂછ્યું: 'જલપાઈગુડી કીસી હોટેલ મેં જાના હૈ... વાહન મિલેગા?' એક જવાને ધીરેથી કહ્યુ: 'હા, ઠહરો... કિસકે પાસ ખડે થે પતા હૈ? વહીં પે મત જાના! હમારે સાથ ચલો... પાંચ મિનિટમેં નીકલતે હૈ!' રસ્તામાં વાતો થઈ. જલપાઈગુડી બજાર મધ્યે પહોંચીને એમણે ડ્રાઇવર મારી સાથે મોકલ્યો, હોટેલમાં વ્યવસ્થા કરાવી અને સવારે દાર્જીલિંગ જવાની ટેક્સી તથા વળતાં કલકત્તા પરત જવાની લકઝરી બસની ટિકિટ બુક કરાવી આપ્યાં... આ અણધારી મદદને આપણે જે કહીએ તે...! હાવરા સ્ટેશને ઊતર્યો ત્યારે મનમાં ફડક હતી કે કલકત્તા ગળી તો નહિ જાય. ટેક્સી લઈને ભારતીય ભાષા પરિષદ પહોંચીને ગોઠવાઈને તરત કનુભાઈ ભાલરિયાને ત્યાં ફોન કર્યો... પહોંચ્યો. એ બહાર કામે હતા પણ મારે માટે ગુજરાતી ભોજન અને કલકત્તામાં રખડવા માટે એમનાં ગાડી-ડ્રાઇવર હાજર હતાં... શબ્દ અને ભાવનાનો જાદુ તે આવો!



યુ.કે. (૧૯૯૨) જવાનો હતો એના ત્રણ-ચાર દિવસ અગાઉ સાંજે એક દમ્પતી ઘરે આવ્યું. બંને સાદાં સુઘડ વસ્ત્રોમાં સજ્જ. શાંત-ઉમદા-સૌમ્ય વ્યવહાર... હું જાણે ઓળખું છું ને કશું નામઠામ કે મળ્યાનું યાદ આવતું નથી. જોસેફ મેકવાનની મેં વાત કરી – કદાચ એ ય ક્રિશ્ચિયન હોઈ શકે. એવાં લાગતાં ય હતાં. કહે 'તમને શુભેચ્છા પાઠવવા આવ્યાં છીએ.' મેં એમને *વ્યથાનાં વીતક* તથા *આંગળિયાત* વાંચવા આપી. એ ગયાં! જતાં પહેલાં ને યુ.કે.થી પરત આવીને પણ મેં એમનાં નામઠામ શોધવા યાદ કરી જોયાં. જોસેફને ય પૂછી જોયું... એવું કોઈ યુગલ અમારી જાણમાં કદી ન્હોતું આવ્યું. આજદિન સુધી એમને વિશે જાણવા નથી મળ્યું. પણ એ સદેહે આવ્યાં તો હતાં જ. તો એમને જિસસે મોકલ્યાં હશે? કે એમના રૂપે એ જિસસ જ હશે?! હું એમને જાણું છું ને મને એમની ખબર નથી. એ મને જાણે છે ને મારી ખબરે ય રાખે છે. આ કોઈ વહેમ નથી આ તો ઘટેલી ઘટના છે... જે ભીતરે હજીય ઘટતી રહે છે.

એક વારા પોન્ડીચેરી શ્રી અરવિન્દ આશ્રમ ભોજનશાળાથી નજીકના વિશાળ બગીચામાં બેઠો હતો. ખાસ અવરજવર ન્હોતી. કોઈ શામળો યુવાન અચાનક આવીને મને અડીને બેઠો – પૂછવા લાગ્યો, 'ટુરિસ્ટ?' એના બીજા હાથમાં છૂપાવેલું ચપ્પુ જોતાં જ હું સફાળો ઊઠ્યો ને મેંદીની વાડ ઠેકતો દોડ્યો તે છેક ભોજનશાળાને દરવાજે જઈને ઊભો રહેલો! યુ.એસ.એ. માં પણ મને કોઈ દૂર દૂર લઈ જાય છે ને સાચવીને પરત લાવે છે. ને એ જ મારો દેવ છે...

૧૯૯૬ના વર્ષાન્તે અમે વૈદેહી એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોર પર પોતાના 'ઘરમાં' રહેવા ગયાં હતાં. ઈડર, વતન પછી મેં બંધાવેલું આ મારું ત્રીજું મકાન (ઘર) હતું. વૈદેહીના આ જ ઘરમાં આવ્યાં અને મલય મેડિકલમાં – (પહેલાં ભાવનગર નવી ખૂલેલી મેડિકલ કૉલેજમાં પ્રથમ વિદ્યાર્થી તરીકે અને સીટ્સ વધતાં ત્રણેક માસમાં મલય ટ્રાન્સફર થઈને કરમસદ) – કૉલેજમાં દાખલ થયેલો. વિસ્મયને એમ.એસસી. થતાંવેંત એન. વી. પટેલ સાયંસ કૉલેજમાં વ્યાખ્યાતાની નોકરી મળેલી અને એણે પીએચ.ડી. જોઈન કરેલું. પારુલનું પીએચ.ડી. પૂર્ણ થતાં એ ઓડ સાથે પીપળિયા કૉલેજમાં પણ જોડાઈ હતી. વળી પછીના વર્ષે પારુલને પેટે ચિ. સંયમ અવતર્યો હતો. મરાઠી પરિવાર સાથેના સમ્બન્ધો અમારી તાવણી કરતા હતા છતાં બધુ મધુરતામાં પરિણમ્યું હતું. વિસ્મય મને પટાવી-મનાવીને ઘર માટે મારુતી કાર લાવ્યો હતો. નવીનક્કોર નો સેકન્ડ હેન્ડ! લોન ઘરની ને ગાડીની – અમે બેઉ ભરતા હતા. વિસ્મય પરણવાની ઘસીને ના પાડતો હતો અને વતનમાં મારા પિતાજીને મારી ચિંતાઓ કોરી ખાતી હતી: "આ

મણિભૈ કાને વાત ધરતો નથી. છોકરા પરણાવવા જેવડા થઈ ગયા છે... ને ન્યાત વિના કન્યા ક્યાંથી લાવશે? અરે! કોઈ તો જાવ ને સમજાવો કે ન્યાત વિના ન ચાલે... મારી વાત માને... ને સમાજ સાથે રાજી થવા આવે..." વતનનો વિચ્છેદ મને વેઠાતો ન્હોતો ને હું ત્યાં જઈ શકતો ન હતો.... આ જ વર્ષો વતનતરસની તીવ્રતાનાં વર્ષો હતાં... ને મેં *ભૂંસાતાં ગ્રામચિત્રો*-ના નિબંધો લખવા માંડેલા. 'અખંડ આનંદ', 'કુમાર', 'નવનીત-સમર્પણ'-માં એ છપાતા હતા... ગ્રામચેતનાના નિબંધોના નોખા ને નવા સ્વરૂપનું અવતરણ થયું હતું. મારું સર્જનાત્મક લેખન નવી ભોંય, નવી સંવેદના અને નવી ભાષા સાથે સાવ બદલાઈને હવે 'મણિમુદ્રા' ધરાવતું હતું. *ભૂંસાતાં ગ્રામચિત્રો* મારી કીર્તિદા અને ગુજરાતી નિબંધ સાહિત્યની એક ઉત્તમ કૃતિ બની રહી હતી. સર્જક થવા ચાહનાર નવયુવાનોને હેમિંગ્વેએ કહેલું કે 'તમારા જખમો બતાવો!' તમે વેઠ્યું હશે તો જ ઉત્તમ લખી શકશો. મારું વેઠેલું મને ફળ્યું હતું.

જે સ્થાનો, પડાવો આપણે છોડી દઈએ છીએ; જે વ્યક્તિઓ આપણને છોડી જાય છે – એ બધાં પછી આપણી ભીતરમાં જીવતાં હોય છે. ઘણીવાર એ બધું જ મનને તરબતર કરી દે છે. ઈડરનાં અને વતનનાં પેલાં વર્ષો ભલે વીતી ગયાં છે પણ મારી ભીતરમાં એ બધા જ પડાવો, પ્રસંગેપર્વે જીવી ઊઠે છે. પેલાં સ્થાનો પુનઃ જોઉં છું – ચાલી ગયેલી વ્યક્તિઓના ચહેરા ફરીથી સમ્મુખ થાય છે. આંખો અને મન બંને ભરાઈ જાય છે. આવી નીંભાડે પકવેલી ક્ષણો સર્જન બનીને અવતરે છે. ને ત્યારે આપણે માલામાલ થઈ જઈએ છીએ. આવો અનુભવ એ જ કલાપદાર્થનો અનુભવ છે. આવી ક્ષણો સુધી પહોંચતું ને ભાવકને પહોંચાડતું લેખન જ સર્જન છે, બાકી બધા પ્રયત્નો 'રિયાઝ' કક્ષાએ રહી જાય છે. મારાં સર્જનો અને મારા રિયાઝો ઉભય મને વ્હાલાં છે.

○

ડૉ૦ સુમન શાહ મોડાસા અમને એમ.એ.માં ભણાવવા આવતા(કપડવંજથી) ત્યારથી આજ સુધીનો એમની સાથેનો નાતો – ગુરુભાવ અને મૈત્રી દૃઢમૂલ થતાં રહ્યાં છે. નેવુંનાં આ વર્ષોમાં એમની સાથે મળીને ઘણી પ્રવૃત્તિઓ કરવાનું સદ્ભાગ્ય મળેલું તે ગમેલું અને સૌને ફળેલું પણ ખરું! આમ તો છેક ૧૯૮૪થી એમની સાથે સાહિત્ય અને અધ્યાપન બાબતે વધુ કેન્દ્રિત ભાવે સક્રિય થયેલો. સમીક્ષા અને વિવેચનનું વિશિષ્ટ વાર્ષિક 'સન્ધાન' શરૂ કરેલું. હું એમાં સરવૈયાં અને સમીક્ષાના સુદીર્ઘ અભ્યાસલેખો કરતો થયેલો. ગુજરાતના રજતજયંતિ વર્ષના 'સન્ધાન'માં મેં એકાધિક લેખો કરવા સાથે સંયોજનમાં સુમન શાહને સાથ આપેલો. 'સન્ધાન'ના પ્રથમ ગ્રંથનું વિમોચન ઉમાશંકરે



કરેલું. 'સન્ધાન' જે તે વર્ષની ઉત્તમ કૃતિઓને CAS 'ક્રિટિક ઍવૉર્ડ-સન્ધાન' આપતું. 'ગણમાન્ય વિવેચકો' એમાં કઠોર નિર્ણય કરતા. જોસેફ મેકવાનની *વ્યથાનાં વીતક* કૃતિને સૌપ્રથમ પોંખનાર 'સન્ધાન' હતું. મારી 'શરદ' કવિતાને પણ CAS ઍવૉર્ડ મળેલો.. જોસેફ સાથે ત્યારથી નાતો બંધાયેલો ને છેવટે અમે બંધુમિત્રો બની ગયેલા. જોસેફના સાહિત્યને મેં ઊંડાણથી ચકાસ્યું છે. કશા પૂર્વગ્રહ વિના દલિત સાહિત્યને જોનારા આજેય ઓછા છે. ને જોસેફનું સર્જન-લેખન તો મુખ્યધારાનું સાહિત્ય બનીને ખાસ્સું પ્રભાવક રહ્યું છે.

સુમન શાહ 'શબ્દસૃષ્ટિ'ના પ્રથમ સમ્પાદક હતા (૧૯૮૩થી?). એ વખતે અમે ગ્રંથસમીક્ષાનો વર્કશૉપ યોજીને નવી પહેલ કરેલી. વર્કશૉપ સંચાલનનો એ મારો પ્રથમ અનુભવ સમૃદ્ધ હતો. ૧૯૯૧-૯૨થી સુમન શાહના સંયોજકપદે બીજી બે મહત્ત્વની પ્રવૃત્તિઓ, અમે સૌ મિત્રોએ સાથે મળીને શરૂ કરેલી. ૧. 'સન્નિધાન' (ભાષાસાહિત્યના અધ્યયન-અધ્યાપનનું નવ્ય એકમ) ૨. સુરેશ જોષીઃ સાહિત્ય-વિચાર ફૉરમઃ 'સુ.જો.સા.ફો.'-ને નામે હવે સુખ્યાત છે. હું આ બંને એકમોના પ્રારંભથી આજ સુધી એમાં સક્રિય આયોજકની જવાબદારી સંભાળતો આવ્યો છું. મારી જેમ ડઝનેક મિત્રો અહીં નિસબતથી કાર્યરત છે – હતા!

'સન્નિધાન', ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે, ભાષાસાહિત્યના મંદપ્રાણ બનતા જતા વર્ગશિક્ષણ અધ્યયન તથા અધ્યાપન સાથે વાચનલેખન અને સંશોધનને પુનઃ નવપ્રાણિત કરવાના પ્રયત્નો કરતું હતું. વિદ્યાર્થી-અભ્યાસ શિબિરો, લીટ્ક્વીઝ તથા અધ્યાપક સજ્જતા શિબિરો યોજવાં અને એ વ્યાખ્યાનો-વાર્તાલાપોને 'સન્નિધાન' નામે ગ્રંથસ્થ કરવા સમેતનું ઘણું કામ આ એકમે કર્યું હતું. છત્રીસથી વધારે શિબિરો અને ગ્રંથોનું પ્રકાશન કાર્ય મોટી ઉપલબ્ધિ છે. યુનિવર્સિટીનો વર્ગ માંદો પડ્યો છે... વર્ગમાં જૂની નોંધો અપાય છે, ગાઇડો વંચાય છે – આ બધું બન્ધ થાય ને વર્ગ વ્યાખ્યાનો થાય, જાતે સન્દર્ભગ્રંથો વાંચીને સામગ્રી તૈયાર થાય – એ માટેની આ બે દાયકા ચાલેલી નોખી ઝુંબેશમાં જે તે સ્થળે નજીકની યુનિવર્સિટીના કુલપતિશ્રીને પણ અમે બોલાવતા. વિદ્યાર્થીઓ પ્રતિજ્ઞાબદ્ધ કામ કરતા. મેં આ પ્રવૃત્તિઓમાં પંદર-વીસ વર્ષોમાં, મારાં ત્રણસોથી વધુ વિદ્યાર્થીઓને જોડેલાં. આ ભાઈબ્હેનોમાંથી ઘણાં સારા શિક્ષકો થયાં, અધ્યાપકો થયાં અને હવે પોતે પણ શિબિરો યોજતાં થયાં છે. સન્નિધાને મારી પોતાની વ્યાખ્યાનકલાને ખીલવવા સાથે ઊંડા અને બહુઆયામી અભ્યાસની તકો આપી છે. ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે ચાલેલી આ વિશિષ્ટ પ્રવૃત્તિ હવે તો દૃષ્ટાંતરૂપ ઇતિહાસ બની રહી છે.

'સુજોસાફો' આમ તો સુરેશ જોષીની વિચારધારાનું પ્રસારક એકમ ગણાય. પણ એની ય પ્રવૃત્તિઓ સર્જન-સમીક્ષા-વિચારદર્શનની ભૂમિકાએ વ્યાપક બની રહી છે. હમણાં જ આ એકમનાં પચ્ચીસ વર્ષ (૧૯૯૧-૨૦૧૫) ઉજવવા નિમિત્તે અમે વાર્તાવાચન, વાર્તાસમીક્ષા અને વિવેચન વિચાર વિશે પરિસંવાદ યોજ્યો હતો. સૌ પહેલો સેમિનાર બૉદલેર વિશે અને બીજો વિશિષ્ટ પરિસંવાદ 'થિંક રે થિંક' (થિંક-રિ-થિંક) વિચારને કેન્દ્રમાં રાખીને થયો હતો (૧૯૯૨-૯૩). પરિષ્કૃતિ તથા અનુઆધુનિક સાહિત્ય સર્જનધારાને પોષક આ પરિસંવાદ મહત્ત્વનો હતો. આના આયોજનમાં હું ઘણો સક્રિય હતો... સંચાલન તથા વક્તવ્ય આપવા સાથે એની નોંધો મેં તૈયાર કરી હતી.

પણ સુજોસાફોનું ખૂબ અગત્યનું અને સાહિત્યક્ષેત્રે પ્રદાન કક્ષાનું કહી શકાય એવું કાર્ય એ તો છે વાર્તાશિબિરોનું સાતત્યપૂર્વકનું આયોજન, પહેલો વાર્તાશિબિર મેં સણાલી (દાંતા પાસે)ની આશ્રમશાળામાં યોજેલો. સુમન શાહની રાહબરીમાં પછીના શિબિરો પણ રોમાંચક તથા ફળપ્રદ બનતા રહ્યા. સાવ અનૌપચારિક રીતે યોજાતા આ વાર્તાશિબિરોએ નવા વાર્તાકારો આપ્યા, અનેક વાર્તાકારોને સંકોર્યા અને વાર્તાકલાની સમજણ દઢમૂલ કરવા સાથે નવી નવી ક્ષિતિજો ચીંધી બતાવી છે. નવા સંચયો આવ્યા અને નવી વાર્તાએ નિજી ઓળખ રચી છે. સાહિત્યની સંસ્થાઓએ કરવાનું કામ સુજોસાફો અને સન્નિધાને કશાં ઢોલનગારાં પીટ્યા વિના કર્યું છે. અહીં વડીલશાહી નથી, પદો કે સત્તા નથી. અહીં સૌ સમાન છે.

○

૧૯૯૫-૯૬માં પ્રમોદકુમાર પટેલ નિવૃત્ત થયા અને વિભાગીય વડા તરીકે પ્રો○ જયંત ગાડીતે ચાર્જ સંભાળ્યો હતો. એકાદ-બે વર્ષમાં પ્રમોદકુમારનું અચાનક નિધન થયું. એમની સાથે વિભાગમાં કામ કરવાની સૌથી વિશેષ મજા આવેલી. એ પ્રેમાળ માણસ. સાહિત્યની જ ચર્ચા/વાતો કરે. વધતી ઓછી શક્તિવાળાં સૌને જાણે પણ સાચવણી દરેકની કરે! પ્રમોદકુમાર જેવા વિદ્વાન અને સમભાવી વિવેચકના સાંનિધ્યનાં એ વર્ષો સમૃદ્ધ થવાનાં વર્ષો બની રહેલાં. પ્રો○ ગાડીત બધાં સાથે ખાસ બોલે નહિ, થોડો અહમ્, થોડી એરોગન્સી પણ પમાય. પોતે જાણે છે – વિચારે છે એ જ ઉત્તમ છે એવું એમના પ્રતિભાવોમાં વર્તાય. બીજાઓનાં સર્જન-લેખન વિશે – સુ○ જો○ વિશે પણ – એમના પ્રતિભાવોમાં નકારાત્મકતા પમાય... સામેની વ્યક્તિ વિશે કડવાશથી વર્તે-બોલે. નરેશ વેદ અને પ્રો○ ગાડીતને ખાસ બને નહિ. પ્રો○ વેદ થોડો અસહકાર કરે. પ્રવૃત્તિઓમાં જોડાય નહિ, મિટિંગમાં આવવાનું ટાળે... આવીને જતા રહે. ક્યારેક મારે બંને વચ્ચે મથવાનું આવે. આવી સ્થિતિઓમાં પણ મેં તો પ્રો○ ગાડીતને સાથ



આપવા સાથે વિભાગની ઘણી પ્રવૃત્તિઓમાં જવાબદારી નીભાવેલી. મારે માટે વિદ્યાર્થી અને વર્ગ મહત્ત્વનાં રહ્યાં છે, વ્યક્તિઓ નહીં.

એક વાર મારો પહેલો તાસ હતો, હું ફાઇનલના વર્ગમાં જઈને જોઉં છું તો ટેબલ સજાવેલું છે. વિદ્યાર્થીઓ બેઠા છે. મેં પૂછ્યું તો જવાબ મળ્યો કેઃ 'ટોપીવાળા સરનું ગેસ્ટ લેક્ચર છે.' હું – મારા તાસમાં ગેસ્ટલૅક્ચર હોવા છતાં – અજાણ હતો. તરત હું પાછો મારા રૂમમાં જઈને કામે વળ્યો. અડધા લેક્ચર પછી બે લીટીની ચબરખી – 'સૉરી, મણિલાલ! તમને વાત ન થઈ શકી. વર્ગમાં આવો. વધુ વાત પછી. – ગાડીત.' – લઈને વિદ્યાર્થી આવેલો. હું ગયો. ચર્ચામાં જોડાયો. આભાર પણ અદા કર્યો. આવું વધુ વાર બન્યું હતું. એમનો ખુલાસો હતોઃ 'આગલા દિવસે જાહેર કરીએ તો વિદ્યાર્થીઓ નથી આવતા.' મેં કહેલું – 'પણ અમને જો જાણ કરો તો અમે તો આવી શકીએ.' વ્યાખ્યાનો યોજવાની મારી રીત અને મારા અનુભવો તો સાવ જુદા છે. વિદ્યાર્થીઓને સમજાવી, જણાવી ને રસ લેતાં કરવાનું સરળ છે. એ હાજર રહે છે ને રસરુચિ કેળવે છે. એ વખતે પણ ડૉ○ ટોપીવાળા તથા અન્યોનાં સારાં, રસપ્રદ વ્યાખ્યાનોમાં બેસનારા વિદ્યાર્થીઓ ખાસ્સા હતા. જેમને વ્યાખ્યાનો ન ગમે તેવાઓ તો નિયમિત વર્ગો ય નથી ભરતા.

'પ્રમોદકુમાર પટેલ સ્મૃતિનિધિ' ટ્રસ્ટ રચવાની વાત પણ ડૉ○ ગાડીતે અમને વિભાગમાં ન્હોતી કરી. જયંત કોઠારીએ મને ફોન પર ફાળો આપવા જણાવ્યું ને પૂછ્યું કે તમને ગાડીતે વાત નથી કરી? બીજે દિવસે ગાડીતે મિટિંગ ભરીને ચર્ચા કરી. ચાર છ મહિના પછી ટ્રસ્ટની કારોબારી રચવામાં આવેલી. ડૉ○ દિલાવરસિંહ જાડેજાએ (અધ્યક્ષ) મારે ભાગે મંત્રીપદ રાખેલું. મેં પાંચ-છ વર્ષ એ કાર્ય પ્રેમથી સંભાળેલું. વ્યાખ્યાનો, નિબંધલેખન, કાવ્ય/ગદ્ય પઠન તથા વાચન શિબિર વગેરે ગોઠવાતાં. દર બે વર્ષે નવોદિત અને આશાસ્પદ વિવેચક (વય ૪૦થી નીચે) ને પારિતોષિક/ફેલોશિપ અપાતાં. આ માટે નિર્ણાયકોની પેનલની રચના અધ્યક્ષ તથા ડૉ○ ગાડીત મળીને કરતા. હું એની કાર્યવાહી માત્ર જોતો-સંભાળતો. પારિતોષિકાદિવાળો મામલો કાયમ વિવાદમય જ રહેલો. સૌને 'પોતાનાં'-માં રસ પડતો હતો. ડૉ○ જાડેજાનું અવસાન થયું. ડૉ○ ગાડીત નિવૃત્ત થયા. મેં મંત્રીપદ છોડ્યું અને બધો જ ચાર્જ-ફાઇલો-લઈને ગાડીત વડોદરે રહેવા માટે ચાલ્યા ગયા... એ પછી વ્યાખ્યાન (વાર્ષિક) યોજાતું રહેલું. એ ય મન્દ-બન્ધ જેવું થતું રહેલું.... ને (૨૦૦૯) ગાડીતના અવસાન પછી – એક બે વ્યાખ્યાનોના અપવાદ સિવાય – હવે તો બધું જ ઠપ્પ થઈ ગયેલું છે. ધોરણોની વાતો કરનારાઓને મેં ધોરણો સાથે સમાધાન કરતાં તો ઘણીવાર જોયેલા. પણ અહીં તો 'પ્રમોદકુમાર પટેલ

સ્મૃતિનિધિ'' – ઉપર કોઈ પલાંઠી લગાવીને બેસી ગયું છે. જશવંત શેખડીવાળાની નિવૃત્તિ બાદ પણ આવા હેતુ માટે ભંડોળ કરેલું... ને વાત ભંડોળ ભેળી દબાઈ ગઈ છે. પ્રો૰ શેખડીવાળા હવે નથી રહ્યા (૨૦૧૫).

❑



# ૧૮

## અધ્યક્ષપદે...

જે નિર્માયું હોય તે થઈને જ રહે છે. કાળના ગર્ભમાં શું શું છુપાયેલું હશે? આપણે એ નથી જાણતા... પણ સમય ઘટનાઓ લઈને આપણે આંગણે હાજર થાય છે ત્યારે આપણને બધી ખબર પડે છે. આપણે તો સતત આપણું કામ કરતા રહેવાનું હોય છે. તમારું કમાયેલું ને તમારા હક્કનું વખતે આવી જ મળે છે. કૉલેજોમાં તો – (ને ઘણી યુનિવર્સિટીઓના વિભાગોમાં પણ) – સિનિયર પ્રોફેસર નિવૃત્તિ સુધી અધ્યક્ષપદે રહે છે. બીજા સિનિયર્સ યોગ્ય હોય તો પણ એમને એ પદે કાર્ય કરી બતાવવાની તક નહિવત્ મળે કે ન મળે! મેં કદી અધ્યક્ષપદની અપેક્ષા ન્હોતી રાખી. ઈડર કૉલેજમાં રમણ સોની અધ્યક્ષ હતા – પદની પૂરી સભાનતા સાથેના 'હેડ' હતા એ! હું તો મારું વાચન-લેખન-અધ્યયન-અધ્યાપન ચીવટથી કર્યે જતો હતો. ત્યાં બન્યું એવું કે ગુજરાતી સાહિત્ય પરિષદને સાહિત્ય કોશ કરવા માટે અભ્યાસી, સંશોધનમાં રસરુચિ ધરાવતા અધિકરણ લેખકો (અધ્યાપકો)ની જરૂર હતી. રમણ સોનીએ અરજી કરી, ઇન્ટરવ્યુ આપ્યો ને એ પસંદ થતાં લોન સર્વિસ – 'લિઅન' – પર અમદાવાદ પરિષદ ખાતે હાજર થયેલા. ૧૯૮૧થી ૧૯૮૬ સુધી એ ત્યાં રહેલા. દરમ્યાન મને અધ્યક્ષની જવાબદારી સોંપાઈ હતી... ને મેં એ જવાબદારી નિભાવવા સાથે ઘણી ઘણી અભ્યાસ પ્રવૃત્તિઓ કરાવી હતી. એ અનુભવો ઘણા મૂલ્યવાન બની રહેલા. મને મારી શક્તિઓનો તથા વહીવટ કરી જાણવાનો અંદાઝ આવ્યો હતો.

બાળાશંકર કંથારિયાનો પેલો જાણીતો શેઅર અહીં ટાંકવાનું ગમશેઃ

*'અરે! પ્રારબ્ધ તો ઘેલું, રહે છે દૂર માગે તો,*
*ન માગ્યે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે!'*

ને મને તો સામેથી નિમંત્રણ આવ્યું ત્યારે ય મેં – મારી અંગત એવી પ્રતિકૂળતાઓને લીધે – સાદર અસ્વીકાર કરેલો/કરવો પડેલો. આજે નિવૃત્તિનાં આ વર્ષોમાં (૨૦૧૬) મને ક્યારેક થાય છે કે મેં ગુજરાત વિદ્યાપીઠના એ વખતના

કુલપતિશ્રી ગોરાની (અનૌપચારિક) વાત માની હોત તો આજે હું અમદાવાદમાં હોત અને મારે માટે કામ કરવાની વધુ તકો હોત. ખાસ તો મારા જેવા 'વર્કોહૉલિક' માણસને વિદ્યાનગરનું ક્ષેત્ર નાનું પડે છે. મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી વિદ્યાપીઠમાં કામ કરવાની તક મારું બારણું ખખડાવતી ઊભી હતી... ને મારે એ તક જવા દેવી પડેલી. પ્રો૦ ચન્દ્રકાન્ત શેઠ (૧૯૯૭-૯૮) ત્યારે વિદ્યાપીઠ (ગુજરાતી વિભાગ)માંથી નિવૃત્ત થઈ રહ્યા હતા. કુલપતિના પૂછવાથી – તમારી જગ્યાએ કોને બોલાવી શકાય? – તેમણે મારું નામ સૂચવેલું. ગોરાએ મને અનૌપચારિક પત્રથી નિમંત્રણ આપેલું. અમે મળીને ચર્ચા કરી હતી. દરખાસ્ત ઘણી ઉત્તમ હતી... લોભામણી હતી. પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે (ઇન્ટરવ્યુ તથા અન્ય ઔપચારિકતાઓ બાદ) મારે જોડાવાની ખાતરી અપાઈ હતી. પણ એ વર્ષોમાં હું – આગળ નોંધ્યું છે તે – 'ન્યાતબહાર'ની સમસ્યાનો સામનો કરતો હતો. મલય કરમસદ મેડિકલમાં ભણતો હતો... વિસ્મય NVPass કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયો હતો ને એનું Ph.D.નું કામ ચાલતું હતું. વતન/લાગણીઓથી વિચ્છેદાયેલા પરિવારને અને ખાસ તો સૌ. ગૌપીને એકલી છોડીને અમદાવાદ જવાનું મને જામતું ન્હોતું. વિદ્યાપીઠમાં જરાક જુદી ભૂમિકાઓ પણ અઘરી હતી. મારી નામરજી જાણીને ગોરાએ રઘુવીરભાઈ, ચિનુભાઈ તથા સુમનભાઈ દ્વારા પણ મને હા પડાવવા પ્રયત્નો કર્યા હતા! અંતે મેં ગોવિંદભાઈ રાવલ(ગોરા)ની ક્ષમાયાચના સાથે મારી મુશ્કેલીઓ કહી હતી. પ્રો૦ જયંત ગાડીતે (જે ત્યારે અમારા વિભાગમાં હેડ હતા) – પણ મને વિદ્યાપીઠમાં જોડાઈ જવા ઘણું સમજાવ્યો હતો. વાત મારા લાભની હતી પણ મને ગામડું ફાવે/મહાનગરનો મને ભય લાગે... વિદ્યાનગર મારાથી નહિ જ છૂટ્યું... ને આજે એ જ વ્રજ છે – વૈકુંઠનો મોહ નથી. વ્રજમાં શાંતિ છે – પુસ્તકો છે – વૃક્ષો છે અને નિરાંતે કામ થઈ રહ્યું છે.

અમારે ત્યાં – સરદાર પટેલ યુનિવર્સિટીમાં – વિભાગોમાં હેડશીપ રોટેશનમાં મળે છે. જોકે તોય સિન્ડીકેટ ક્યારેક વ્હાલાંદવલાંની રમત કરે છે ને કોર્ટ કેસ પણ થાય છે. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં હેડશીપ, ડીનશીપ તથા સિન્ડીકેટ સભ્ય થવા, અભ્યાસ સમિતિના ચૅરમેન થવા ઘણા અધ્યાપકો ઉત્સુક હોય છે. કોઈ ખુશામતને રસ્તે ચઢે છે તો કોઈ આટાપાટા રમે-રમાડે છે. વાંચનારા-લખનારા – પ્રમોદકુમાર તથા ગાડીત જેવા – એમાં પડતા નથી. પણ નિયમ પ્રમાણે જવાબદારી આવે તો સારી રીતે નીભાવનારા ને વિભાગને યશ અપાવનારા નીકળે છે. ૧૯૯૮માં પ્રો૦ નરેશ વેદ – જે અમારા વિભાગમાં મારાથી સિનિયર હતા અને પ્રો૦ ગાડીત પછી અધ્યક્ષપદના અધિકારી હતા તે – ની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો૦ વીસી પદે નિમણૂક – સરકાર



દ્વારા (લોન સર્વિસ) – થાય છે. દશેક માસ પછી પ્રો૦ વેદની ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે નિમણૂક થાય છે. હવે એ વિભાગમાં પાંચ છ વર્ષ તો આવવાના ન્હોતા... પ્રો૦ ગાડીતની હેડશીપને હજી ચાર વર્ષ થયાં હતાં... ને ૧૯૯૯માં એ નિવૃત્ત થવાના હતા. એ વખતે ૬૦ વર્ષે નિવૃત્તિ હતી. પણ સરકારે અધ્યાપકોની નિવૃત્તિ વય ૬૨ વર્ષની કરી હતી. મેં ગાડીતસાહેબને ઘણું કહ્યું કે હવે તમે બે વર્ષ રહો જ રહો! પણ એમણે સ્વૈચ્છિક નિવૃત્તિનું મન બનાવી લીધેલું. મને કહેઃ 'તમારો ખૂબ સહકાર હતો એટલે વળી આટલાં વર્ષ કામ કરવાનું ગમ્યું છે... હવે તમને આ તક મળી છે તો દીપાવજો...'

ઈ૦સ૦ ૧૯૯૯ના જુલાઈની ૧લી તારીખે યુનિવર્સિટીના પત્ર પ્રમાણે પ્રો૦ ગાડીતે મને હેડશીપનો ચાર્જ સોંપ્યો ને એ વડોદરા જવા વિદાય થયા. કહેતા હતા કે – "મારે માથે એક મોટું કામ બાકી બોલે છે... ને મારી પાસે ઓછાં વર્ષો બચ્યાં છે." ગાંધીજીના જીવન વિશે એ પોતે ક્ષેત્રકાર્ય કરીને મહાનવલ લખવા માગતા હતા. જે એમણે ૨૦૦૯માં ચાર ભાગમાં પૂર્ણ કરી હતી.

ચોથા અને છેલ્લા ભાગનું છેલ્લં પ્રકરણ લખ્યા પછી તરત એમનું નિધન થયેલું. એમને કેન્સર હતું. ખેર! 'સત્ય' નામની એમની આ મહાનવલ એ મહેણું ભાંગે છે કે ગુજરાતના પનોતા પુત્ર મહાત્મા ગાંધીના જીવન વિશે ગુજરાતી ભાષામાં નવલકથા પણ નથી લખાઈ! જીવન ચરિત્રાત્મક નવલકથાથી જુદી પડતી અને ઇતિહાસ, રાજકારણ તથા સંસ્કૃતિ અને સભ્યતાને ઊંડળમાં લેતી આ સત્ય નવલ પ્રો૦ જયંત ગાડીતનું બહુ મોટું અર્પણ છે. એમને સલામ!

મેં અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી ત્યારે હું રીડર હતો. એટલે હું 'ઇનચાર્જ' હેડ હતો. દોઢેક વર્ષ પછી ઈ૦સ૦ ૨૦૦૦ના અંતે મારે તથા નરેશે વેદે, પ્રોફેસરશીપ માટે, UGCની યોજના પ્રમાણે 'કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ' (CAS) – અંતર્ગત, નિષ્ણાતોની સમિતિ સમક્ષ, મૂલ્યાંકન મુલાકાત (એસેસમેન્ટ ઇન્ટરવ્યુ)માંથી પસાર થવાનું હતું. એ પત્યા પછી બંનેને પ્રોફેસરશીપ અપાઈ. પરંતુ નરેશ વેદ તો ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિપદે હતા (ત્યાંથી એ ભાવનગર યુનિવર્સિટીના કુલપતિપદે નિમાયેલા). એટલે હવે મને વિધિવત 'હેડશીપ'નો ચાર્જ અપાયો હતો. પ્રો૦ વેદ ૨૦૦૫ના સપ્ટેમ્બરમાં પાછા વિભાગમાં જોડાયા ત્યાં સુધી મેં અધ્યક્ષ તરીકે વિભાગને સુચારુ રીતે ચલાવ્યો હતો. કહો કે આવી સામેથી (ઈડર કૉલેજમાં બન્યું હતું એ જ રીતે) – મારે ભાગે આવેલી અને યુનિવર્સિટીએ સોંપેલી જવાબદારી હતી જે મેં પૂરી નિષ્ઠા-નિસબત દાખવીને સાનંદ નિભાવી હતી. જેમાં વિભાગના મિત્રોનો ખૂબ સહકાર હતો.

ત્યારે (૧૯૯૯થી ૨૦૦૫) વિભાગમાં અમે પાંચ મિત્રો હતાં. ભગીરથ બ્રહ્મભટ્ટ, જયેન્દ્ર શેખડીવાળા, પિનાકિની પંડ્યા તથા પરમ પાઠક. બધાં જ સિનિયર, અભ્યાસી તથા જવાબદાર હતાં. એમ.ફિલ./પીએચ.ડી.નાં ગાઇડ પણ હતાં. વિભાગમાં એ વખતે M. A. પ્રિવિયસમાં ૧૦૦ થી ૧૨૦ વિદ્યાર્થીઓની ભરતી કરાતી. ફાઇનલમાં પણ એકસો જેટલા વિદ્યાર્થીઓ રહેતા. એમ.ફિલ.માં પંદર તથા પંદર-વીસ વિદ્યાર્થીઓ Ph.D. માટે સંશોધનકાર્ય કરતા હતા. આમ બસોપચાસથી વધારે વિદ્યાર્થીઓથી વિભાગ સતત પ્રવૃત્તિશીલ રહેતો. કામ કરવાનું સ્વાતંત્ર્ય રહે તથા મજા આવે એટલે અમે સૌએ સાથે મળીને જવાબદારીઓ વ્હેંચી લીધેલી. ભગીરથભાઈ ઇન્ટરનલ પરીક્ષાઓનું કામ સંભાળતા; પરમભાઈ (નવુંસવું આવેલું) કમ્પ્યુટર સંભાળતા – પત્રો/રિપોર્ટ/બિલ્સ વગેરે. ઉપરાંત કાવ્યલેખન અને વક્તૃત્વ સ્પર્ધાનું સંયોજન પણ એ મારી સાથે મળીને કરતા. પિનાકિની બ્હેન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ/યુવક મહોત્સવ – સાથે પિકનિક – ટૂર વગેરેની જવાબદારી સંભાળતાં – જેમાં જયેન્દ્રભાઈ એમને મદદ કરે એવું ગોઠવેલું. પિનાબ્હેને – યુનિવર્સિટીના ટાંચા બજેટ હોવાથી – પોતે ઘરના પંદરવીસ હજાર રૂપિયા ખર્ચીને પણ યુવક મહોત્સવમાં સૌને તૈયાર કરી અને જોડતાં. મેં નાટક ભજવણી માટે જયેન્દ્રને દર વર્ષે પાંચ હજાર રૂપિયા ખર્ચવા કહેલું. પણ જયેન્દ્રભાઈએ કદી એ કાર્ય માથે લીધું જ નહિ. મેં મિત્ર જયેન્દ્રને ત્યારે હળવાશથી, થોડીક સચ્ચાઈ કહેલીઃ 'જયેન્દ્ર, મને ખબર છે કે તેં નક્કી કર્યું છે કે મણિલાલને વિભાગના કામમાં મદદ ન જ કરવી! રખેને તારી મદદથી હું સફળ થઈ જાઉં તો...?!' એણે હસતાં હસતાં ચરોતરી લિહાજમાં કહેલુંઃ 'ના... લા! એવું કશું નહિ, લા!' એની વે! જયેન્દ્રને પૂરું સ્વાતંત્ર્ય હતું – એ ઓછા વર્ગો લ્યે, સમય ન પણ સાચવે, સેમિનાર કે અન્ય પ્રવૃત્તિઓમાં આવે - ન આવે! એને અમે કદી દબાણ તો ઠીક, કશું કહેલું પણ નહિ! જેથી વિભાગમાં સંવાદિતા સચવાઈ રહે. અલબત્ત! ક્યાંક કામ/અભ્યાસક્રમ ન થયાં હોય તો એ કામ બહુધા અમે સંભાળી લેતા ને પૂર્ણ કરતા.

સો વાતની એક વાત એટલી જ કે નોકરીના સમય દરમ્યાન બધાની બધી જ કુશળતાનો ખરો લાભ વિભાગને સારા વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં મળવો જ જોઈએ. પણ છેવટે તો જે તે માણસનું કામ બોલે છે. બધી રીતે સંવાદિતા જાળવવા આપણે જ મિત્રો સાથે બધે દોડવું પડે અને કડવા ઘૂંટડા ગળવા પડે! જોકે વિભાગ માટેનું કોઈ પણ કામ આનંદ જ આપતું હતું. આજે એ મુધર યાદો તથા સખ્ખત કાર્ય કર્યાનો સંતોષ ખૂબ વ્હાલાં લાગે છે. અધ્યક્ષપદ એ કાંઈ સત્તા માટે નથી. એ તો સિનિયર અધ્યાપકને માથે આવતી (કે સોંપાતી) જવાબદારી છે... એ પણ જૉબનો જ હિસ્સો



છે. વિભાગમાં શૈક્ષણિક તથા શિક્ષણ સહાયક પ્રવૃત્તિઓ બરાબર ચાલે તથા વિદ્યાર્થીઓનાં એ બે ત્રણ અભ્યાસવર્ષો યાદગાર બની રહે એવું કાર્ય-આયોજન અધ્યક્ષે વિભાગના મિત્રો સાથે મળીને કરવાનું હોય છે. મેં એવા પ્રયત્નો સતત કર્યાનો આનંદ છે.

અમારા ગુજરાતી વિભાગ પાસે ત્યારે ઘણી પ્રવૃત્તિઓ હતી. જોઈએઃ યુજીસી તથા યુનિવર્સિટી તરફથી મળતા બજેટ ઉપરાંત વિદ્યાર્થીઓની જીમખાના ફીમાંથી પ્રવૃત્તિઓ કરી શકાતી.

- યુજીસીની વીઝીટીંગ ફેલો યોજના અંતર્ગત અન્ય યુનિવર્સિટીના વિદ્વાન પ્રોફેસરશ્રીને આઠથી પંદર દિવસ સુધી બોલાવી શકાય. એ વિશેષ વ્યાખ્યાનો લેવા ઉપરાંત વિદ્યાર્થીઓ સાથે અનૌપચારિક ગોષ્ઠિઓ કરી શકે. અમે આ યોજના અંતર્ગત પ્રો૦ નટવરસિંહ પરમાર, પ્રો૦ નરોત્તમ પલાણ, પ્રો૦ લાભશંકર પુરોહિત, પ્રો૦ નીતિન મહેતા અને પ્રો૦ સુમન શાહ વગેરેનો લાભ લઈ શકેલા. એમના વિદ્યાનગર રોકાણ દરમ્યાન અન્ય સાહિત્યિક પ્રવૃત્તિઓ પણ થઈ.
- UGC-ની ટીચર્સ એક્સચેન્જ સ્કીમ અંતર્ગત અભ્યાસી અધ્યાપકોને બે દિવસ ત્રણેક વ્યાખ્યાનો માટે બોલાવી શકાય. આનો અમે ખૂબ લાભ લીધો હતો. પ્રો૦ જયદેવ શુક્લ, પ્રો૦ શિરીષ પંચાલ, પ્રો૦ પ્રવીણ દરજી, પ્રો૦ રમણ સોની, પ્રો૦ સતીશ વ્યાસ તથા પ્રો૦ વિનોદ જોશી આ યોજના અંતર્ગત વિભાગમાં આવેલા. વિદ્યાર્થીઓ આ સૌને મળતા, પ્રશ્નો પૂછતા અને એમનું સાંનિધ્ય પામતા. જે એમને આગળ જતાં કામ લાગતું.
- યુનિવર્સિટીને મળેલા દાનમાંથી – શ્રી આઈ૦ એ૦ પટેલ શેરથાવાળા વ્યાખ્યાનશ્રેણી યોજી શકાતી. અમારા વિભાગને રૂ. દશથી પંદર હજાર ભંડોળ ફાળવવામાં આવતું. જેમાંથી અમે પ્રત્યેક વર્ષે ત્રણેક વક્તાઓને બોલાવતા. પ્રત્યેક વક્તા બે કે ત્રણ વ્યાખ્યાનો આપતા. રોકાતા અને રાતે પણ કવિતા વગેરે વાંચતા. આ યોજનામાં સિનિયર્સ ઉપરાંત નવા અભ્યાસીઓને પણ અમે બોલાવતા. આથી બન્યું એવું કે એ પાંચ છ વર્ષો દરમ્યાન અમારા વિભાગમાં ગુજરાતીના લગભગ બધા જ વિદ્વાનો એકાધિક વખત આવી ગયેલા! અમે વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને તથા વિવિધ વિષયોને આવરી લઈને વક્તાઓ પસંદ કરતા. એમાં અમારા મતમતાંતરોને કે ગમા-અણગમાઓને સભાનતાપૂર્વક દૂર રાખતા!

* પૂજ્ય મોટાના હરિઓમ્ આશ્રમ તરફથી પણ; ગુજરાતી સાહિત્ય વિષયક વિશેષ વ્યાખ્યાનો (વર્ષમાં ત્રણેક) યોજવા સારુ અનુદાન મળેલું છે. ડૉ૦ દિલાવરસિંહ જાડેજા કુલપતિ હતા ત્યારે આ વ્યાખ્યાનોને બદલે ત્રણ દિવસનું – છ વ્યાખ્યાનોનું – જ્ઞાનસત્ર યોજવાની પ્રણાલિકા પડેલી. અમે એનો લાભ લેતા ને દર વર્ષે જ્ઞાનસત્ર યોજતા. એમાં ઈ૦સ૦ ૨૦૦૦માં તથા ૨૦૦૧માં અમે '૨૦મી સદીનું ગજુરાતી સાહિત્ય' – વિશે બારેક વ્યાખ્યાનો યોજી શકેલા... જે બહુ યાદગાર બની રહેલાં.
* આ ઉપરાંત યુનિવર્સિટીએ અમારા વિભાગને આયોજન કરવા સોંપેલી ત્રણેક પ્રવૃત્તિઓ હતીઃ

  ૧. ભાઈકાકા વક્તૃત્વ સ્પર્ધા

  ૨. જ૦ કા૦ પટેલ કાવ્યલેખન સ્પર્ધા

  ૩. ભોજો ભગત કાવ્યલેખન સ્પર્ધા

  આ આયોજનો પણ નિયમિત રીતે પ્રત્યેક વર્ષે થતાં રહેલાં.

આ બધા કાર્યક્રમો એ રીતે ગોઠવાતા કે નિયમિત વર્ગો અને શિક્ષણકાર્યને બહુ અસર ન થાય. દરેક અઠવાડિયે એકબે તજ્જ્ઞ વ્યાખ્યાનો થતાં રહેતાં. ક્યારેક બંને વર્ગો માટે ક્યારેક કોઈ એક વર્ગ માટે વ્યાખ્યાન ગોઠવતા. વર્ગો નિયમિત લેવાય, પરીક્ષા – પેપર્સ – પરિણામો પણ સમયસર પાર પડે એ રીતે આયોજન થતું. વર્ષના આરંભે તથા નવા સત્રને આરંભે બધા સાથે બેસીને વક્તાઓની યાદી તથા વ્યાખ્યાનોના વિષયો નક્કી કરી દેતા. એ માટેના મંજૂરી પત્રો/રિપોર્ટ્સ તથા બિલ્સના કાગળો પ્રોફોર્મારૂપે તૈયાર રાખતા. એ જ રીતે નિમંત્રણો, પત્રો પણ તૈયાર રાખતા. પછી માત્ર વક્તા/વિષયનું નામ ઉમેરીને રવાના કરતા. આથી બધું રુટિનમાં સહજ સરળ રીતે થઈ જતું. મહેમાન વક્તા માટે હું ઘરેથી ટિફીન લઈ આવતો/ક્યારેક મંગાવી લેતા. એટલે વક્તવ્યનો સમય ન ઘટે અને વિદ્યાર્થીઓ રાહ જોઈને થાકે નહિ! વહીવટી કામ પણ જે તે દિવસે પૂર્ણ કરીને જ ઘરે જતો. યુનિવર્સિટીના પત્રોના જવાબો હાથથી લખીને મોકલી દેતો. દરરોજ બપોર પછી સાડાત્રણથી પાંચ ઑફિસમાં જ લેખ વગેરે લખવાનું/ક્યારેક Ph.D.નાં પ્રકરણો વાંચવાનું કામ પણ ચાલતું. વચ્ચે વિદ્યાર્થીઓ/અધ્યાપકો આવે જાય... દાળવડાં-ચાપાણી આઇસક્રીમના દોર પણ ચાલતા હોય!

અધ્યક્ષ તરીકે મેં નવું કે જુદું જે કાંઈ કર્યું/કે કરી જોવાની મથામણ કરી? એ જાણવું અગત્યનું છે. ❑



**૧૯**

## શિક્ષણનું મિશન

વાતે વાતે કોઈને પૂછવાની કે વારેવારે કોઈની પણ સલાહ લેવાની મને ટેવ નથી. બીજા અધ્યક્ષો શું કરે છે? કેવા નિર્ણયો લે છે? યુનિવર્સિટીના પરિપત્રોના કેવા જવાબો આપે છે? – એ જોવા જાણવાની તથા એ પ્રમાણે વર્તવાની પણ મને જરૂર નથી લાગી. મને એવું ફાવતું ય નથી. હું અત્યાર સુધીના અનુભવોને આધારે તથા અમુક પરિસ્થિતિઓમાં આવું આવું કરીએ તો સારું રહેશે તથા એ સાચું પણ હશે ને શિક્ષણના લાભમાં હશે – એ રીતે વિચારીને તરત નિર્ણય કરનારો માણસ છું. અધ્યક્ષ તરીકે મેં કરેલા નિર્ણયોથી કદી પસ્તાવાનું નથી થયું. કેટલાક હેડ તો ઇન્ટરનલ પરીક્ષાની તારીખો માટે ય બીજા વિભાગોમાં શું થાય છે? – તે જુવે છે ને પછી આગળ વધે છે. યુનિવર્સિટી કક્ષાએ વિભાગના અધ્યક્ષની જવાબદારી નિસબત, નિષ્ઠા, તાટસ્થ્ય, સમય તથા જાતે ઘસાઈ છૂટવાની તૈયારી જેવા ગુણો માગે છે; એ કામ આવડે તો મજાનું છે; મહત્ત્વનું છે પણ કાંઈ અઘરું નથી. વખતે તમે હેડ થયા વિના નિવૃત્ત થઈ જાવ તો પણ એમાં કશું ગુમાવવાનું નથી. પણ જવાબદારી લઈએ તો વહીવટ ચોખ્ખો અને નિયમસર થવો ઘટે. આમ મેં ચાર્જ લીધો ત્યારે મારા મનમાં તો – વિદ્યાર્થીઓ, એમના વર્ગખંડોમાં થતો અભ્યાસ તથા વિદ્યાર્થીઓને વધુ જાણવા મળે અને એ વધુ સજ્જ થઈને સમાજમાં જાય – આ વાતો હતી. એ માટે મેં કેટલાંક નોખાં આયોજનો કરવાની પહેલ કરી હતી. એનાં થોડાંક સારાં પરિણામો પ્રોત્સાહક હતાં.

સ્નાતક – T.Y.B.A. થઈને M.A.ના પ્રથમ વર્ષમાં આવતાં વિદ્યાર્થીઓના ઉચ્ચ ગુણાંક – પર્થમ વર્ગ તથા ડિસ્ટીંક્શન કક્ષા જોઈને હું રાજી થવાને બદલે નિરાશ થઈ જતો. હા! ૧૨૦ના વર્ગમાં બધાં જ ૬૪/૭૦%થી ઉપરના ગુણાંક સાથે પ્રવેશ મેળવતાં હતાં... ને સામે એમની પાસે સાહિત્યની સમજ તો જવા દો, થોડીક સાચી માહિતી ધરાવનારાં દશબાર ભાઈબ્હેનો માંડ નીકળતાં! સમજણ તથા આવડત અને ગુણાંકની વચ્ચે કોઈ સમ્બન્ધ ન્હોતો! પાંચ-સાત સારાં વિદ્યાર્થીઓના અપવાદ સિવાય

સ્થિતિ વર્ષોવર્ષ વણસતી જતી હતી. બી.એડ્. પ્રવેશ માટે સ્નાતક કક્ષાએ ઊંચી ટકાવારી આપવાના આ વલણો ચિંતાજનક હતાં, પણ સૌએ આંખ આડા કાન કરી રાખેલા... કેમકે હજી સ્નાતક કક્ષાએ પણ ઉત્તરવહીઓ પર વિદ્યાર્થીનો પરીક્ષા નંબર અને સુવાચ્ય સહી જોઈ શકાતાં હતાં. બારકોડ/ડમી નંબર હજી આવ્યાં ન્હોતાં અને અધ્યાપકો એ આવે એમ ઇચ્છતા પણ ન્હોતા! ને તરત બારકોડ દાખલ કરવાનો નિર્ણય લેનાર કુલપતિ હજી આવ્યા ન્હોતા... કૉલેજો તો પોતાનાં ઊંચાં પરિણામોથી પોરસાતી હતી... ને ગુણવત્તાનાં ધોરણો નીચે ને નીચે જતાં હતાં! આવી સ્થિતિની સામે મારે વિદ્યાર્થીઓ તથા કૉલેજો – (સંચાલકો/અધ્યાપકો)ને એ વાત – ટેસ્ટ લઈને પરિણામો બતાવીને – પહોંચાડવી હતી કે ખૂબ ઊંચી ટકાવારી ઊંચી નહીં નીચી ગુણવત્તા દેખાડે છે. ગુણાંક એ ગુણવત્તા નહિ, બીજી 'ગોઠવણો' દર્શાવે છે. હા! થોડા અપવાદો આશ્વાસનરૂપ મળે છે ને એ સ્તો આપણી આશા છે. મારે એ અપવાદો મહેનત કરાવીને વધારવા હતા.

હું ચાહતો હતો કે વિદ્યાર્થી ગુણાંકનોના ખોટા ખ્યાલોમાંથી બ્હાર આવે ને સાચી ગુણવત્તા માટે વાંચતો તથા જાતે તૈયારીરૂપે નોંધો લખતો થાય! વર્ગોમાં વધુ બેસે, પ્રશ્નો પૂછે અને જે તે સન્દર્ભ ગ્રંથો વાંચીને જાતે જ બધી તૈયારી કરતો થાય. આ માટે મેં સત્રના પ્રારંભે જ, પ્રિવિયસમાં નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓનો 'સડન ટેસ્ટ' – અચાનક કસોટી – લેવાનું આયોજન કરેલું. ટેસ્ટનું લેવલ F. Y. B. A. કક્ષાનું રાખેલું. ૩૦ ગુણાંક. બહુધા વસ્તુલક્ષી અને થોડા વિભાવનાલક્ષી પ્રશ્નો પૂછતો... પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાના. સાથે મથાળે ટી.વાય. બી.એ.ના ટકા; કૉલેજ/ગામનું નામ પણ લખાવતો. અઠવાડિયા અગાઉ વર્ગમાં વાત કરી રાખતો – જેથી એ લોકો સાહિત્યનો ઇતિહાસ તથા મીમાંસામાં થોડું વાંચી રાખે! આ પરીક્ષા અને એનાં પરિણામોએ ભારે હો-હા મચાવી દીધેલી. પૂરાં પાંચ વર્ષ મેં ટેસ્ટ લેવાનું ચાલું રાખીને ઘણી અપ્રિયતા તથા કૉલેજો/અધ્યાપકોનો ગુસ્સો અને વિરોધ પ્રાપ્ત કરેલાં!

પરિણામો ચોંકાવનારાં હતાં. ૭૦% ગુણાંક (T.Y.માં) મેળવનારને ૩૦ માંથી ૩ ગુણ મળતા. ગોલ્ડમેડલ મેળવનારને પાસ ગુણાંક નહિ આવ્યાના દાખલા બનતા. ૩૦માંથી બાર-પંદર ગુણાંક મેળવનારા વિદ્યાર્થીઓ ૧૨૦ના વર્ગમાંથી માંડ વીસેક નીકળી આવતા! પરિણામનો હું ચાર્ટ બનાવતો. કૉલેજનું નામ, વિદ્યાર્થીની સ્નાતક કક્ષાની ટકાવારી અને અમે લીધેલા ટેસ્ટમાં મેળવેલા ગુણાંક... આ ચાર્ટ અમે દરેક કૉલેજ (જેમાંથી ભણીને વિદ્યાર્થી આવ્યો હોય)ના આચાર્યશ્રીને/સંચાલક મંડળના પ્રમુખશ્રીને તથા યુનિવર્સિટીના કુલસચિવ/કુલપતિને મોકલતા. શરૂમાં વિરોધ કરનારા અધ્યાપકો



વધુ હતા. કોઈ કોઈ સંચાલકે અધ્યાપકોને ઠપકો આપી વર્ગશિક્ષણ સુધારવા કહેલું તો યુનિવર્સિટીએ ઇન્ટરનલ ગુણાંકને પ્રવેશમાં નહિ ગણવાનો નિર્ણય કરવા સાથે પ્રો૦ પી૦ જે૦ પટેલ કુલપતિપદે આવતાં જ ઉત્તરવહીઓ ઉપર બારકોડ/ડમી નંબરનો નિર્ણય લીધો હતો! કૉલેજો ગોલ્ડમેડલ માટે વારા ગોઠવતી. એક વાર ગોલ્ડમેડલ પ્રાપ્ત વિદ્યાર્થિની, અમારે ત્યાં પહેલાં વર્ષમાં ઇન્ટરનલ બંને પરીક્ષામાં બે ટકા ગુણ મેળવીને નાપાસ થયેલી. ટી.વાય.બી.એ.માં ગોલ્ડમેડલ મેળવનાર તેજસ્વી તારલીનું પરીક્ષા ફૉર્મ અમારે પાછું ખેંચવાનો, નિર્ણય નિયમ પ્રમાણે લેવો પડેલો. આ કિસ્સામાં મારા ઉપર બહુ દબાણો આવેલાં ને છેલ્લે પી. એસ. આઈ.એ રૂબરૂ આવીને ડરાવવાની કોશિશ કરેલી. પણ હું અડગ રહેલો. અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે અમારે ત્યાં પ્રવેશ ટકાવારી પ્રમાણે – કુલ ચારસો સાડાચારસો અરજીઓમાંથી – અપાતો. એમાં સરદાર પટેલ યુનિવર્સિટીની તો ખરી જ પણ ઉત્તર ગુજરાત – દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને વડોદરાની કૉલેજોમાં ભણીને T.Y.B.A. થયેલા વિદ્યાર્થીઓ આવતા. એટલે ગુજરાતની અન્ય યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં પણ ગુણવત્તાના પ્રશ્નો છે જ. હા! અન્ય યુનિવર્સિટીમાં ઊંચી ટકાવારીની લ્હાણી ત્યારે પ્રમાણમાં ઓછી હતી... પણ ભાષાસાહિત્યના અધ્યયન-અધ્યાપનના ગંભીર પ્રશ્નો બધે જ હતા ને હજી છે જ.

અધ્યયન-અધ્યાપનના પ્રશ્નો માત્ર ગુજરાતીમાં જ છે એવું નથી. મોટેભાગે દરેક વિષય (તમામ વિદ્યાશાખાઓ)માં છે જ. ગુજરાતી ભાષાસાહિત્યનું અધ્યાપન સુધારવા માટે સન્નિધાન એકમ તથા ગુજરાતીનો અધ્યાપકસંઘ અને યુનિવર્સિટી કક્ષાએ વિભાગો અનેક રીતે ભાતે કામ કરે છે. બીજા વિષયોમાં તો ભાગ્યે જ પ્રયત્નો થાય છે. ખેર! મેં કાંઈ ટેસ્ટ-કસોટી લઈને સંતોષ ન્હોતો માન્યો. જ્યારે પાયામાંથી કચાશ લાગે ત્યારે એ માટે આપણી કક્ષાએ થઈ શકતા મૂળગામી પ્રયત્નો કરવા ઘટે. એટલે મેં તો પ્રિવિયસ (M. A. Part-I)ના વર્ગમાં જુદી રીતે શરૂઆત કરવાનું નક્કી કરેલું. પહેલાં પણ હું નવા વિદ્યાર્થીઓનું બેત્રણ તાસ સુધી ઓરિયેન્ટેશન કરતો હતો. હવે સમય વધારવા સાથે વધુ પ્રવૃત્તિ/ટાસ્ક આપવાનું રાખ્યું. હું પ્રારંભે છએક તાસમાં વિદ્યાર્થીઓને, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, એના યુગો, એ યુગોનાં પરિબળો/વિશેષો, એ યુગોના મુખ્ય સર્જકો અને એની મહત્ત્વની કૃતિઓ વિશે વર્ગમાં શીખવતો, બૉર્ડમાં ચાર્ટ રૂપે લખતો. કૃતિઓની યાદી કરાવતો ને એ ભીંતપત્ર પર મૂકાવતો. મહત્ત્વનાં પુસ્તકો ભાઈકાકા લાઇબ્રેરી ઉપરાંત વિભાગની પોતાની લાઇબ્રેરીમાં મળતાં થાય એ માટે વિભાગની સ્થગિત જેવી પડેલી લાઇબ્રેરીનો ચાર્જ પરમ પાઠકને સોંપવા સાથે દર વર્ષે નવાં નવાં પુસ્તકો ઉમેરતા જવાનું રાખ્યું. પરમ પાઠકે વિભાગના ગ્રંથાલયને વર્ગીકૃત

કરીને ગોઠવવા સાથે વિદ્યાર્થીઓની મદદથી વધુ સક્રિય અને નિયમિત કરેલું. પછીથી અમને એક આખો ખંડ ગ્રંથાલય તથા વાચનાલય તૈયાર કરવા અલગ ફાળવેલો.

વીતેલાં વર્ષોમાં – પ્રો૦ પ્રમોદકુમાર તથા પ્રો૦ ગાડીતના વખતમાં – જિમખાના ફંડના નહિ વપરાયેલા ૮૦ હજાર રૂપિયા વાપરવાના હતા અને દરેક વર્ષે જિમખાના ફી ઉમેરાતી જતી હતી. વિભાગના અધ્યક્ષ નાણાં વિદ્યાર્થીઓની અભ્યાસજજતા સન્દર્ભે વાપરી શકે છે. મેં આ નાણાં વિભાગનાં નવાં પુસ્તકો ખરીદવામાં, સર્જનાત્મક લેખન શિબિરમાં તથા એક દિવસીય વાચન શિબિરમાં વાપરવાનું આયોજન ગોઠવ્યું. ઉપરાંત પ્રત્યેક પ્રશ્નપત્રમાં/વિષયમાં અઘરા કે વિભાવનાગત મુદ્દાઓ માટે તજ્જ્ઞ વક્તાઓ બોલાવવાનું પણ ચાલુ કર્યું. પહેલાં કરતાં અનેકગણા વક્તાઓનાં વ્યાખ્યાનો યોજીને વર્ગશિક્ષણને બને એટલું સઘન કરવાના પ્રયત્નો ચાલું રાખ્યા. લેખન/વાચન શિબિરોમાં શરૂમાં એક કલાકનું તજજ્ઞ વ્યાખ્યાન થાય. પછી આપેલા વિષયો પર વિદ્યાર્થીઓ લખે/વાચન શિબિરમાં પુસ્તકો વાંચી એને વિશે ટૂંકી સમીક્ષા નોંધ કરે... છેલ્લા બે કલાકમાં, સર્જાયેલી કૃતિઓ/વાચનશિબિર હોય તો વાંચેલા પુસ્તકો (જેની પસંદગી માટે અમે ૨૦૦ પુસ્તકો મૂકતા) – નો સમીક્ષા સાર દરેક વિદ્યાર્થી રજૂ કરે... ને અધ્યાપકો એ વિશે ચર્ચા કરે. પ્રત્યેક વર્ષે આ બંને શિબિરો કરમસદના સરદાર પટેલ મેમોરિયલમાં રાખતા. જ્યાં એસી હૉલ ઉપરાંત તરુખચિત વિશાળ બગીચાઓ વાચન-લેખન માટે ઉપલબ્ધ હતા. બપોરે લંચ ને અંતે ચાપાણી આપતા! બીજી કૉલેજોના વિદ્યાર્થીઓને પણ જોડતા. આ પ્રવૃત્તિઓએ વિભાગને ધમધમતો તથા અભ્યાસરત કરી દીધો હતો.

વિદ્યાર્થીઓને બીજે યોજાતી શિબિરોમાં મોકલવાનું અનિવાર્ય કર્યું. સેમિનારોમાં પણ થોડા અગ્રેસર વિદ્યાર્થીઓ જાય તો મોકલવા. ઘણીવાર તો એકબે છાત્રોને હું મારી સાથે કારમાં લઈ જતો-લાવતો. અજયસિંહ, પ્રશાંત પટેલ, યોગેશ પટેલ જેવા વિદ્યાર્થીઓ આવા વાતાવરણમાં તૈયાર થતા હતા.

આ બધાં કરતાંય એક તદ્દન નોખી નિરાળી પ્રવૃત્તિ મેં શરૂ કરાવી હતી – તે 'વિદ્યાર્થી-વિનિમય' યોજના! મારા વિભાગના ૩ વિદ્યાર્થીઓ અને ૨ વિદ્યાર્થિનીઓ ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં પાંચ દિવસ માટે જાય. ત્યાં વર્ગો તો ભરે જ, ઉપરાંત રોજ એક પ્રવાસી વિદ્યાર્થી ત્યાંનાં M.A.ના વર્ગ સમક્ષ કોઈ એક વિષય ઉપર વાર્તાલાપ કરે. અધ્યાપકો પણ બેસે. વિદ્યાર્થીઓ ત્યાંના એક એક વિદ્યાર્થીને ઘરે રહેવા જાય... પાંચે જણ પાંચ જુદાં ઘરોમાં રહે... વચ્ચે ઘર બદલીને બીજે ઘરે રહે. ત્યાં પણ ઘરપરિવારમાં મળે-ભળે-મદદ કરે. આ જ રીતે ભાવનગર યુનિવર્સિટીનાં પાંચ વિદ્યાર્થી ભાઈબ્હેનો વિદ્યાનગર અમારા વિભાગમાં આવે... ભણે, વાર્તાલાપ આપે.



સૌને મળે. છેલ્લે એમને વિદાય આપીએ ત્યારે બધાં અશ્રુભીનાં પણ થઈ જતાં! કુલપતિ શ્રી પી૦ જે૦ પટેલે આ પ્રવૃત્તિની બહુ સરાહના કરેલી. વિનોદ જોશી આ માટે સંમત થયા એટલે આ પ્રવૃત્તિ પાંચ-સાત વર્ષ તો સતત ચાલી હતી... પછી બધું ઠરતું ગયેલું... મેં તો મારાં વર્ષો દરમ્યાન દરેક (ઉપરોક્ત) પ્રવૃત્તિને નિસબતથી ચલાવેલી. આથી વિભાગમાં જાણે સતત વાસંતી માહોલ રહેતો હતો. અજયસિંહ, પ્રશાંત, સુધા, તેજલ, યોગેશ તથા બીજા પંદરવીસ વિદ્યાર્થીઓ આવા વાતાવરણમાં તૈયાર થયેલા. જેમાંથી ઘણા બધા તો આજે સારા અધ્યાપકો – શિક્ષકો છે... ને નીતિનિષ્ઠાથી કામ કરે છે.

અમારા માનવવિદ્યા ભવનમાં ચાર ભાષાઓ તથા પાંચ સમાજવિદ્યાઓના અનુસ્નાતક વિભાગો બેસે છે. પછીથી હિન્દીનું પીજીભવન બાજુમાં અલગ બન્યું હતું. એ રીતે અર્થશાસ્ત્રભવન પણ બનેલું. પરંતુ ઈ૦સ૦ ૨૦૦૦ની આસપાસના વર્ષોમાં તો બધા વિભાગો આ એક જ, મોટા બિલ્ડીંગમાં ચાલતાં જગ્યાની તકલીફ તો ન્હોતી પણ માનવવિદ્યા ભવન કબૂતરખાના જેવું ગંદું ગોબરું ને ખાસ તો પ્રાથમિક સુવિધાઓ વિનાનું હતું. જેમકે કુલ પંદરસો વિદ્યાર્થી ભાઈબ્હેનોની સંખ્યા હોવા છતાં બધાં માટે પાણીની, વાંચવા-લખવા બેસવાની, ટોઇલેટની ખાસ વ્યવસ્થા જ ન્હોતી! નો લેડીઝ રૂમ, છસો બ્હેનો વચ્ચે બે જ ટોઇલેટ નો બોયઝ રૂમ... નો ટોઇલેટ/સ્ટાફ સાથે એક જ ટોઇલેટ! વાચનખંડ ખરો પણ ખુરશી ટેબલની સગવડ નહિવત્! છાપાં/સામયિકો નિયમિત ન આવે. કોઈ કર્મચારી કાયમી રીતે અહીં બેસે તેવી વ્યવસ્થા જ નહિ... બધું કામચલાઉ...! હોતી હૈ, ચલતી હૈ! ને બધા દિગ્ગજ અધ્યક્ષો; સેનેટ, સિન્ડિકેટના મેમ્બર્સ છતાં ધ્યાન જ ન આપે. સ્ટાફરૂમમાં પણ તૂટેલો સોફો ને લંગડી ખુરશીઓ! આર્ટ્સના વડીલો સગવડો માગે જ નહિ... ને વિજ્ઞાનવાળાને એ.સી. રૂમ્સ! આવો સાવકો વ્યવહાર એ માટે હતો કે યુનિવર્સિટીમાં એક માન્યતા એવી કે આર્ટ્સવાળા ને તો કામ શું કરવાનું? એ તો વર્ગો લૈને જતા રહે... એમને વળી સંશોધન શાનું હોય?! ને અધ્યક્ષો પણ બજેટ માગે નહિ! સૌને વ્હાલા રહેવાનું એટલે કોઈ કડવું બોલે નહિ... ૧૯૯૦ સુધી પીજીમાં સંખ્યા ઘણી જ ઓછી થતી... પણ પછી તો સંખ્યા ઘણી ઝડપથી વધતી રહેલી. એટલે હવે સગવડો અનિવાર્ય બની હતી!

૧૯૯૭-૯૮ના વર્ષોમાં યુનિવર્સિટીએ વિદ્યાર્થીદીઠ દરેક સત્રમાં બસો રૂપિયા કૅમ્પસ ડેવલપમેન્ટ ફી લેવા માંડી... ને તોય માનવવિદ્યા ભવનમાં તો પૂરતા સ્વીપર્સ કે પ્યૂન પણ ન હોય. બિલ્ડીંગના ઇન-ચાર્જ પ્રોફેસર કશું કરી-કરાવી ન શકે... અધ્યાપકોને કૅબિન ફાળવે – ને છાપાં સાચવે! સાફસફાઈ કે પાણી માટે ય ફરિયાદો કરવી પડતી... તોય પરિણામ તો શૂન્ય! મેં અધ્યક્ષનો ચાર્જ લીધો એટલે મેં ઉપરોક્ત

બધા જ પ્રશ્નોની રજૂઆત કુલસચિવ તથા કુલપતિને કરવાનું નક્કી કર્યું. બેત્રણ ચાર અધ્યક્ષોને વાત કરી.. પ્રો૦ મિશ્રા તથા પ્રો૦ પંડ્યા વગેરે એ તૈયારી બતાવી. પહેલાં બધાં જ અધ્યક્ષોની સહી સાથે, અગવડો જણાવી અને શું શું સગવડો કરવાની છે – તેની યાદી યુનિવર્સિટીને મોકલી. બે-ત્રણ મહિના કાંઈ ન થયું. એટલે હું, કુલપતિશ્રી વી૦ એસ૦ પટેલસરને મળ્યો. યુનિવર્સિટીના મુખપત્ર 'શીલ શ્રુતમ્'(માસિક)ના સંપાદક તરીકે મારે એમને વારંવારે મળવાનું થતું... ને એ ઘણી રીતેભાતે મારાથી – મારા કાર્યથી વાકેફ હતા...! સાદા સરળ માણસ. ગામઠી બોલીમાં ય બોલી દે! દંભ નહિ, ઠસ્સો નહિ! થોડી કડકાઈ રાખે અને અનુભવીઓના માર્ગદર્શન પ્રમાણે સૂચનો સ્વીકારે – કાર્ય સોંપે તથા કરાવે. બધું શાંતિથી ચાલ્યા કરતું!

મેં જરાક આગ્રહથી રજૂઆત કરી કે માનવવિદ્યા ભવનમાં લેડીઝ રૂમ, ટોઇલેટ, વાચનખંડમાં બેસવાની વ્યવસ્થા, છાપાં સામયિકો સાથે ત્યાં કાયમી માણસ હોય; સ્ક્વેર ગાર્ડન તથા બ્હારની બાજુનો ગાર્ડન જંગલ જેવા છે – ત્યાં સાફસૂફી થાય અને બેસવાના બાંકડા મૂકાય, પાણી માટે RO સિસ્ટીમ, એક સારો A. C. સભાખંડ તથા વિદ્યાર્થીઓ માટે પદંરેક ટોઇલેટ વગેરેની વ્યવસ્થા ક્રમશઃ કરી આપો... એગ્રોઈકોનોમિક્સ વિભાગ અન્યત્ર ખસેડાતાં બે વિશાળ ખંડો તથા બીજા બે રૂમ ખાલી થયા હતા – તે બધું પણ કુલસચિવશ્રીને જણાવ્યું. બીજે અઠવાડિયે હું અને પ્રો૦ મિશ્રા મળી આવેલા... વિભાગ જિમખાના ફંડમાંથી પૈસા ફાળવે એમાંથી વાચનખંડમાં માણસ તથા સામયિકો આવે, તથા સ્ટાફરૂમમાં નવા સોફા વગેરે સગવડ કરી શકાય.

બીજો મહિનો વીતતાં હું પુનઃ કુલપતિશ્રીને આ બાબતે મળ્યો. એ થોડા નારાજ થઈને કહેઃ 'મની ભૈ! ધારો કે આ બધાં કામ યુનિવર્સિટી ના કરી આપે તો તમે શું કરો?!' મેં ધીમે પણ મક્કમપણે જણાવ્યુંઃ 'સર! આપણે કૅમ્પસ ડેવલપમેન્ટની ફી લઈએ છીએ. માનવવિદ્યા ભવનમાં નવ વિભાગો, વધુમાં વધુ વિદ્યાર્થીઓ ને સ્ટાફ બેસે છે! આ જરૂરી સગવડો છે, લક્ઝરી નથી. આપ ના પાડશો તો હું તો શું કરી શકું? પણ હું મારા વિદ્યાર્થીઓને લઈને યુનિવર્સિટી સામે જ, રસ્તામાં બેસીને વર્ગો લઈશ અને માગણીઓ ચાલુ રાખીશ.'

મારે કહેવું જોઈએ કે વર્ષેકમાં – વારંવારે મળતા રહીને – ઘણું કામ કરાવી શકાયું. સૌ પહેલાં તો બગીચા સાફ થયા ને ત્યાં બેસવા પથ્થર/સિમેન્ટના બાંકડા મૂકવામાં આવ્યા! બગીચામાં લોન તથા ફૂલછોડની કાળજી લેવાવા માંડી. લેડીઝ રૂમ/ટોઇલેટ્સ બ્લોક પણ બન્યા. વાચનખંડમાં ફર્નિચર વધારાયું. છાપાં માટે સ્ટેન્ડ આવ્યાં. નવાં સામયિકો આવતાં થયાં. એક કર્મચારી (ભલે ડેઇલી વેઇજર) મૂકાયો. પાણી માટે



RO મશીન પણ મૂકવામાં આવ્યું! બિલ્ડીંગનું રંગરોગાન થવા સાથે પાર્કિંગની સુવિધા વધારવામાં આવી. સ્ટાફરૂમમાં બે જોડ સોફાસેટ્સ મેં જાતે જઈને પસંદ કર્યા.. ને વિધિવત્ ખરીદી કરાવી. સભાખંડનો પ્રશ્ન પછીથી કોઈ દાતા મળતાં સુન્દર ઑડિટોરિયમ રૂપે હૉલ થયેલો. જોકે એ હૉલ વાપરવા માટે યુનિવર્સિટીના વિભાગોએ પણ ચાર્જ ભરવો પડે છે – એ વાતે મારું મન આજેય માનતું નથી. હા, લાઇટ તથા નીભાવ વગેરે માટે ટોકન ચાર્જ/પ્રતીક ખર્ચ – જેવું લઈ શકાય! દાતાએ યુનિવર્સિટી કમાણી કરે એટલા માટે દાન નથી આપેલું.

આપણી યુનિવર્સિટીઓમાં જ્યારે પણ જે કોઈ પણ નવા કુલપતિ આવે છે ત્યારે તે આરંભે પોતે કરવાનાં કાર્યોનો અગ્રતાક્રમ જણાવતાં કહેતા હોય છે કે – "હું આપણી આ યુનિવર્સિટીને વિશ્વકક્ષાની બનાવવાના તમામ પ્રયત્નો કરીશ." ત્યારે આપણને કહેવાનું મન થાય છે કે – 'સૌ પહેલાં તો યુનિવર્સિટીને યોગ્ય રીતે ધોરણસરની બનાવો તો ય ભયો ભયો!' બિલ્ડીંગોની ચારે તરફ, ને અંદર ખૂણેખાંચરે ભીંતે જે કચરો/બાવાં ઝાળાં/તૂટેલું ફર્નિચર વગેરે પડેલાં છે તેટલું સાફ કરાવો તો ય સારું લાગશે. કુલપતિ ઍકેડેમિક વડા છે. એમણે શિક્ષણ/સંશોધનક્ષેત્રે 'એક્સેલેન્સ' માટે વાતાવરણ રચવાનું તથા રોજેરોજ એ માટે અધ્યાપકો/વિદ્યાર્થીઓ સાથે બેસવાનું તથા વિચારવાનું હોય છે. જે તે પ્રદેશમાં એ યુનિવર્સિટીનો રોલ શું છે? એનું દાયિત્વ શું છે? – એણે કયાં ક્ષેત્રોમાં સંશોધનો કરાવીને સમાજને પ્રત્યક્ષ ઉપયોગી થવાનું છે? – આવી ભૂમિકાએથી કુલપતિશ્રીએ સૌને પ્રેરવાનાં – સંકોરવાના હોય છે. શિક્ષણ-અધ્યયન-અધ્યાપન-સંશોધન માટેનાં સાધનો/સગવડો ઊભાં કરવા માટે એણે સમાજ તથા સરકારને જાણ કરવાની હોય છે તથા વધુ ફંડ્ઝ મેળવવા સૌને પ્રેરવાનાં હોય છે. કુલપતિ વહીવટી વડા નથી. એ કાર્ય કુલસચિવશ્રીનું છે. કુલપતિનું કામ કાંઈ મકાનો બંધાવવાનું નથી... એણે તો શિક્ષણનું અદ્યતન માળખું રચવાનું તથા એને સઘન અને પરિણામલક્ષી બનાવવાનું હોય છે. છેલ્લા બે દાયકાઓમાં ગુજરાતની યુનિવર્સિટીઓને આવા કોઈ કુલપતિ મળ્યાનું જાણ્યું નથી! કોણ/કેવી રીતે કુલપતિ બને છે? અથવા કોને, કેમ, શી રીતે કુલપતિ બનાવવામાં આવે છે એ વળી એક જુદો જ અને જાદુભર્યો તથા રમૂજી ઇલાકો છે. કે. લાલના એ પ્રદેશમાં આપણે જવું નથી.

○

યુનિવર્સિટીના પીજી વિભાગોમાં અધ્યક્ષોની કામગીરીથી હું જોડાયો ત્યારથી વાકેફ હતો. કેટલાકની કામગીરી સારી રીતે ચાલતી હતી. પણ સ્પષ્ટ ગાઇડ લાઇન ન હોવાથી, વધારાનો ખર્ચ આપવાની કે હેડને હેડશીપ માટે કોઈ વધુ ઇન્સેન્ટીવ નહિ હોવાથી

ઘણી બધી અતંત્રતા તથા મનમાની ચાલતાં જ આવતાં હતાં. અમારે ત્યાં કોઈ પણ ટીચર માટે 'મસ્ટર રોલ' – હાજરીપત્રક ન્હોતું. પરિણામે પોતાના પિરિયડ પૂરતા આવતા ને વ્હેલા ચાલી જતા અધ્યાપકો – અધ્યક્ષો પણ હતા! કેટલાક અધ્યક્ષો તો અઠવાડિયે બેત્રણ દિવસ આંટો મારી જતા. એમના 'પોતાના' અધ્યાપકશ્રીને બધું સૂચિત કરી રાખતા એટલે એમને બધી માહિતી સાંજે પહોંચી જતી! વર્ગો નહિ લેનારા, વર્ગમાં છેલ્લી વીસેક મિનિટમાં જ જનારા અધ્યાપકો પણ દરેક વિભાગમાં હતા. એક બે વિભાગો તો વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પણ બોર્ડ પર ન્હોતા મૂકતા! 'સાહેબ જે ભણાવે તે અભ્યાસક્રમ. એમાંથી જ પરીક્ષા લેવાશે...' – જેવા જવાબો આપીને વિદ્યાર્થીઓને ટાળી દેવાતા! વર્ગો નહિ લેનારા અધ્યાપકો દાદાગીરીથી કહેતાઃ "આ કૉલેજ નથી! અહીં તો જાતે જ તૈયારી કરી લેવાની... શું સમજ્યા ને! અગવડ હોય તો ઑફિસમાં હું હોઉં ત્યારે પૂછી જવાનું..." આવા અધ્યાપક વગરના વર્ગમાં વિદ્યાર્થીઓ બેસી રહે ને અવાજો/વાતો કર્યા કરે... જેથી બાજુમાં ચાલતો વર્ગ અવાજથી હેરાન થયા કરતો. મારે વારંવાર એવા વર્ગના વિદ્યાર્થીઓને ભગાડી મૂકવા પડતા!

અભ્યાસક્રમો પૂરા ન ભણાવતા હોય, પ્રશ્નપત્રો તથા પરીક્ષા/પરીક્ષણમાં પણ 'ઘાલમેલ' થતી હોય. કેટલાક સાહસિક અધ્યાપકો તો પહેલી આંતરિક કસોટીની ઉત્તરવહીઓ, વર્ષાન્તે બીજી કસોટી વખતે – ને તે ય છેલ્લે તપાસીને ઉપકાર કર્યાનો દબદબો દાખવતા! ઇન્ટરનલ પરીક્ષાઓમાં નાપાસ થનારાઓને ઢગલાબંધ ગ્રેસીંગથી પાસ કરવાનો વણલખ્યો નિયમ હતો જાણે! અમે ગુજરાતી વિભાગમાં મર્યાદિત (યુનિવર્સિટીના નિયમ પ્રમાણે) ગ્રેસીંગ કરતા અને દરેક પેપરમાં ઓછા ગુણાંક મેળવનારાંનાં પરીક્ષા ફોર્મ 'વીથ ડ્રો' કરાવતા! આનાથી એક છાપ પડતી કે નહિ વાંચીએ કે વર્ગો નહિ ભરીએ તો ફોર્મ રોકાશે ને વર્ષ બગડશે. પરંતુ ઘણા પીજી વિભાગો 'સૌનું કલ્યાણ થાવ...'–નો મંત્ર મનોમન બોલીને વિદ્યાર્થીએ પેપરમાં જે લઘુત્તમ ગુણ મેળવ્યા હોય એમાં જરૂરિયાત (૩૦માંથી ૧૧ ગુણાંક) મુજબ પાસીંગ ગુણાંક કરવા મહત્તમ ગુણાંક એમ જ મૂકી દેતા! (ગ્રેસીંગ નહિ/ઉત્તરવહીમાં જ સુધારી દેવાનું) આ ઉપરાંત પીજી કક્ષાએ અધ્યાપકમાં હોવી જોઈતી સજ્જતા તથા અભ્યાસવૃત્તિ અને નિસબતના નામે તો કાંઈ મળે જ નહિ! એવા અધ્યાપકો પણ સારી સંખ્યામાં નભતા આવ્યા છે. ઉચ્ચ શિક્ષણનું આ ચિત્ર હજી અંદર ઊંડા ઊતરીએ તો ભયંકર ડરામણું છે. પણ 'કાગળ ઉપર' બધું જ 'નિયમ પ્રમાણે' સરસ ચાલે છે. ઊંચાં પરિણામો આવે છે – ને સુવર્ણચંદ્રકો પણ અપાતા રહે છે. હા! એમાં કેટલાક વિદ્યાર્થીઓ સાચ્ચે જ હોશિયાર હોય છે – બસ! એમના ચ્હેરા જોઈને આશ્વાસન



મેળવવાનું અને દર વર્ષે નવી આશા અપેક્ષા સાથે પાછા વર્ગોમાં જવાનું! પ્રત્યેક વર્ષે વિષાદ વધતો જાય.... ને સંતોષ ઘટતો જાય...! તેમ છતાં જવાબદાર અને સજ્જ અધ્યાપકોએ ટકી રહેવું જોઈએ – નો અર્લી રિટાયરમેન્ટ!' હા. તો જ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ ટકી રહેશે!

આપણે ત્યાં વિદ્યાર્થીની સુવિધાઓ તો જોવાતી જ નથી. 'વિદ્યાર્થી છે તો અધ્યાપક છે, તો જ યુનિવર્સિટી છે...' આ સત્યને બધા જ અવગણીને ચાલે છે. વિદ્યાર્થી યુનિવર્સિટીમાં જે તે કામે જાય તો પેલો કર્મચારી એને મદદરૂપ થવાને બદલે ધમકાવે, એની ભૂલો કાઢે, બિનજરૂરી ડોક્યુમેન્ટ માગે, સહી કરાવવા જેવી બાબતે કે ફી ભરવાની અથવા કોઈ સર્ટિફિકેટ કે દાખલો મેળવવાની વાતે એને ધક્કા ખવરાવવાના, એની પદૂડી કાઢી નાખવાની! હા. એ ગુજરાતને છેડેથી આવ્યો હોય, અહીં રહેવાની સગવડ (કે પૈસા) ન હોય, તો ય – ને કામ કલાકમાં અપાય એવું હોવા છતાં – એને 'કાલે આવજો' કહી દેવાય! ને બીજે દિવસે ય વિદ્યાર્થીના પગની કઢી થઈ જાય ત્યારે કામ થાય તો થાય! વળી વિભાગના અધ્યક્ષો પણ ફોરવર્ડીંગ લેટરમાં સહી કરી આપવાની વાતે ય બીજે દિવસે બોલાવે ને એ પોતે એક-બે વાગ્યે આવે... ગપ્પાં મારે.. પછી જ સહી કરે! ત્રણ ત્રણ દિવસો હેડની કૅબિન બ્હાર સહી કરાવવા ધક્કા ખાતાં છાત્રોને જોઈને મને બહુ લાગી આવતું! મેં રિસેસમાં – ટી ક્લબમાં – રસ્તે જતાં ઊભા રહીને પણ – વિદ્યાર્થીને સાંભળ્યો છે, ગાઇડ કર્યો છે... ને તરત જ સહી કરી આપી છે. એટલે સ્કૉલરશીપ લેવા માટેના હાજરી ફોર્મમાં સહી કરવા માટે વિદ્યાર્થીઓ પાસે, દર એપ્રિલ-મે માસમાં, બસો ત્રણસો રૂપિયા માગતા – લાખોના પગારદારી – અધ્યક્ષની હીનતા-દીનતા માટે મને આઘાત લાગે છે! સમાજચિંતક અથવા સાહિત્યસેવીનું આવું માનસ હોઈ શકે?? ખેર...!

ગુરુપૂર્ણિમા કે વસંતપંચમીએ સરસ્વતીવંદનાને નામે છાત્રો પાસેથી પચાસ-સો રૂપિયા લેખે દાન પેટે મૂકાવી અને એ રીતે આવેલા દસ-વીસ હજાર રૂપિયા વડા – ગુરુજીને હડપ કરી જતાં મેં જોયા છે. વિદ્યાર્થીઓની ટૂર ગઈ જ ન હોય, ને તો ય ટ્રાવેલ એજન્સીનું બિલ મૂકાઈ જાય, વિદ્યાર્થીઓના કાર્યક્રમો/સેમિનારો/એન્યુઅલ ડેનાં નાસ્તા-ભોજનનાં બિલ્સમાં – વધુ સંખ્યા /વધુ ભાવ બતાવીને – ઘાલમેલ કરનારા અધ્યક્ષો, પુસ્તક ખરીદીમાં ય કમિશન મેળવે છે... ને વિદ્યાર્થીનું અનેક રીતે શોષણ કરે છે! આઘાત લાગે, શરમથી માથું ઝૂકી જાય એવાં એવાં પરાક્રમો કરનારાઓ યુનિવર્સિટી કક્ષાએ પણ પોષાય છે. સાચું કહેનારા ને કરનારા લઘુમતીમાં હતા... હવે તો એમાંય અપવાદોથી જ મન મનાવવું પડે છે. અરે! સાહેબ, આઘાત તો ત્યારે લાગે

– બલકે બેભાન થઈ જવાય – કે યુનિવર્સિટીમાંથી કે અકાદમીમાંથી સાંસ્કૃતિક પ્રવૃત્તિ તથા પરિસંવાદ માટે આર્થિક સહાય મેળવીને; નાટક જેવાં એક બે રિહર્લસર કરાવી, એની કેસેટ/ફોટો આલ્બમ બનાવીને ખોટેખોટાં બિલ્સ મૂકીને બધાં જ પૈસા ખિસ્સામાં મૂકનારા અધ્યક્ષશ્રીની સાહસિકતા જાણીએ ત્યારે! જવા દો.... આ ગંદકી ખોતરવા કરતાં જે કાંઈ સારું થાય છે એની વધામણી કરીએ... કેમકે આ બધું જાણવા છતાં એને રોકનારું કોઈ જ નથી. પણ સદ્ભાગ્યે આ યુનિવર્સિટીમાં કેટલાક સંનિષ્ઠ અધ્યાપકો/અધ્યક્ષો આવતા રહ્યા છે કે જેમણે ગુજરાતમાં તથા ગુજરાત બ્હાર પણ આપણી યુનિવર્સિટીને, ઉત્તમ સર્જન-સંશોધન-લેખન-વાર્તાલાપો તથા વિદ્વત્તાપૂર્ણ કાર્યોથી, યશ અપાવ્યો છે. આ યુનિવર્સિટીમાંથી અનુભવો લઈને દેશવિદેશમાં ઊંચાં પદાસનોએ બેસનારા તથા ઉમદા કાર્યો કરનારા મહાનુભાવો ઘણા નીકળ્યા છે – એ સૌને વંદન!

❑



૨૦

## પોતપોતાની પીડાઓ

મારા પિતાજી અને મારી વચ્ચે, છેક હું કૉલેજમાં ભણતો હતો ત્યારથી જ, ખાસ્સું છેટું પડી ગયેલું... આ અંતર પિતાજીના અવસાન સુધી રહેલું. બાપબેટા વચ્ચેની એ કઠોર તથા વસમી દૂરતા જીરવતાં મને નવનેજાં થયાં છે એમ એમને ય – અમારી વચ્ચેની દૂરતા-ઘણી પીડાજનક લાગતી હતી. નાની ફોઈ મને એમની પીડાની વાત કદીક કરતાં... પણ બધાં છેવટે વાંક તો પિતાજીના સ્વભાવનો જ કાઢતાં! ખરેખર તો કઠોર પિતાજી કરતાં પિતાજીને કઠોર બનાવનાર સમય-સંજોગ વધારે ક્રૂર હતા! પીડાઓની પંગતમાં એમની પતરાળી પહેલી જ રહેલી. બા-નું ખૂબ વ્હેલું-ભર યુવાનીમાં – મૃત્યુ; પછી એમને કોઈ ઠર્યાનું ઠેકાણું જ ન્હોતું – એ એકાકી જીવ કેવો તો ઝુર્યો હશે?! અભાવોના કાફલાઓને આવતા રોકવા એ માણસ જટાયુની જેમ એકલે હાથે ઝૂઝતો હતો – એની પતીજ મને ઘણી મોડી પડેલી! પછી તો અફસોસ કરવા સિવાય મારે પક્ષે કશું જ બચ્યું ન્હોતું... ને એ મારાથી તટસ્થ બલકે છેલ્લે તો વિમુખ જેવા થઈ ગયેલા! એમને હતું કે હું એમની પીડાઓનો ભાગીદાર બનું...! હું દર મહિને પૈસા-પગાર આપીને સંતોષ માનતો – જાણે મેં મોટી ધાડ મારી ન હોય! જ્યારે એ દરેક વાતે-વિચારે, મારો સાથ ઝંખતા – પણ કહી ન્હોતા શકતા! હું એમ સમજતો રહેલો કે પિતાજી મારી પાસે એમનું ધાર્યું – ન્યાતના રીતરિવાજો વગેરેમાં – કરાવવા માગે છે. હું સાવ ખોટો પણ ન્હોતો... ને મેં એમની થોડી વાતો માની પણ હતી... છતાં એમને મારી પાસેથી વધુ અપેક્ષાઓ હતી... કેમકે ત્રણ ભાઈઓમાં એ મને વધારે સક્ષમ અને સમજણો માનતા હતા! ખેર, અમારી વચ્ચે સંજોગોએ ચણેલી ભીંત – અદૃશ્ય ભીંત – એમ જ રહી... ને એ ભીંતે મને બહુ પીડેલો... એ પોતે પણ એ ભીંતને અઢેલીને બેસી રહેતા... ને મારા આવ્યાની વાટ જોતા... હું જતો, બંને ઉપરછલ્લું મળતા... ને રુંધાઈ જતા! પિતાજી પાસે અનેક ફરિયાદો – ઘરગૃહસ્થી વિશેની – રહેતી. થોડી કહેતા ને પછી આંખો સજળ થઈ આવતી. એમની છાતીમાં પથરીલો ડૂમો બાઝી જતો હશે એમ મને લાગતું! એ દર્દનાક ક્ષણો મને એમનાથી દૂર લઈ જતી – મારી

પાસે – પલાયન સિવાય – એમની વ્યથાકથાનો કશો જ ઉકેલ ન્હોતો! આજે પણ, આ લખતી વેળાએ, હું પુનઃ પુનઃ એ વિકરાળ વેદનાઓને અનુભવું છું ને ગળે ડૂમો બાઝે છે. નિઃસહાય પિતાપુત્રની એ પીડાઓ વિશે તો નવલકથા લખું ત્યારે જ મારો છૂટકારો થાય!

પિતાજીની એક માત્ર છબી (ફોટોગ્રાફ) મારી પાસે મેં સાચવી રાખી છે. પણ મનભીતરમાં તો એમની અનેક છબીઓ હું જોઈ રહ્યો છું. ખેતરમાં હળ હાંકતા, વાઢતા ને ગાડાં ભરતા તથા ગાડું ચલાવતા પિતાજીની છબી ઊંડે સુધી કોતરાઈ ગયેલી છે. ઊંચો એકવડો બાંધો, ઘઉંવર્ણો વાન, આંખો કાયમ થોડી ભીની, તરત ભાવ ઝીલતો ને ભાવાવેશો બદલાતાં રતુંબડો થતો ચહેરો, નક્કર અવાજ, ઉતાવળી ચાલ! માથે-ખેતરમાં કામે હોય ત્યારે – ફાળિયું બાંધતા. માદરપાટનું થેપાડું તથા ડિલે કેડિયું કે ખમીસ પ્હેરતા – ખભે ગમછો કે ભગતિયું (પાતળો મોટો ટોવેલ) રાખતા! ન્યાતમાં કે પર્વે પ્રસંગે જાય ત્યારે સફેદ ધોતી ઝભ્ભો અને માથે હંમેશાં ગાંધી ટોપી રાખતા – પહેરતા; સારા દેખાતા. હુક્કો-બીડી તથા ચાની ટેવ હતી. પર્વે-પ્રસંગે સિગારેટ પીતાં પણ જોયેલા! પાછલાં વર્ષોમાં ચા અને ચૂનો તમ્બાકૂ લેતા! શિયાળામાં કપાસ - મગફળીનો વેપાર કરતા... ને ટ્રકો ભરાવીને ઠાસરા વેચવા જતા ત્યારે ખભે ગરમ ઊની લીલી કાંબળી શોભી રહેતી. બચરવાળ ઘર ઉછેરવા, સમાજના ખર્ચા કાઢવા તથા અભાવોને પહોંચી વળવા પિતાજી ઋતુઋતુનાં અનાજ પાણી – ઘાસ-પુંવાડ-વાંસ વગેરેનો વેપાર કરતા.. જે ચાર પૈસા મળે તે! બહુધા બધું સરભર થઈ રહેતું... પણ એ નિમિત્તે ઘરમાં કરિયાણું લાવવાનો પૈસો મળી રહેતો. પારકે ઘેર ઉછીઉધારું કરવા ઓછું જવું પડતું!

દાહોદ તરફથી, ભેંસોના ખાણ માટે પૂંવાડની ટ્રક ભરી પડસાળે ઠાલવતા... લોકો મણ-બેમણ રોકડે કે ઉધાર લઈ જતાં.. દેવગઢબારિયા બાજુનાં પહાડોવનોમાંથી વાંસ ભરી લાવતા. લોકો સાદડાં-કડા-કટલાં બનાવવા તથા ભંગી ટોપલાં વણવા વાંસ લઈ જતાં. અમે એ બધું નોંધી રાખતાં. ઉનાળે વરસાદ ખેંચાતાં ઢોર માટે ઘાસચારો ખૂટી જતો. એ છેક ભાલેજ-આણંદ તરફ જતા અને ઉનાળુ બાજરીના પૂળા ટ્રકો ભરી લાવતા... લોકો ફટાફટ લઈ જતાં. નફામાં ઘરના ઢોર માટેનું ઘાસ મફત પડતું. ને તે ય બદલામાં લીલા પૂળા વાડામાં સૂકવવા ફેરવવા પડતા – જે કામ અમારી પદૂડી કાઢતું. કપાસના વેપારમાં મળતર થતું તો કદીક ખોટ જતી. ક્યારેક પિતાજી રસ્તો બાંધવાનો કન્ટ્રાક્ટ (કૉન્ટ્રાક્ટ) પણ રાખતા! ટૂંકી જમીન અને આકાશી ખેતી! ખેડૂતો હાંફી જતા... ત્યારે નોકરી/ધંધા તરફ નહિવત્ લોકો જતા. એવી તકો ય ન્હોતી! શિક્ષક-



તલાટી-કારકૂન થઈ શકાતું! ઘર ચલાવવા અને બાળકો ઉછેરવા માટે વડીલો બહુ પ્રકારે કામ કરતાં... કાયમ મથતાં! ખૂબ મહેનત હોવા છતાં નસીબ પ્રમાણે જ સૌને મળતું! સાચ્ચે જ એ વર્ષો ઘણાં કપરાં ને કઠોર હતાં... તોય ગામડિયાં લોક રોદણાં રડ્યા વિના રાજી થઈને જીવી લેતાં. જે મળ્યું તે ગળ્યું....! લોકોમાં લોભ નહિવત્ હતો, કદાચ સંતોષ જ સવિશેષ હતો... લોકોને જિન્દગી જીવ્યાનો હરખ હતો... બસ!

પિતાજી અને હુંઃ એકબીજાને ખાસ્સું સમજતા હતા એવો મારો ખ્યાલ રહ્યો છે... ને તો ય મને કાયમ થતું કે પિતાજી – (જેમને અમે હંમેશાં 'કાકા' – કહેતાં) – મારી પરિસ્થિતિ કે મારી વાત સમજવા માગતા નથી. એવું જ એ પણ કહેતા કેઃ 'એ (હું) મારી વાત કાને ધરતો નથી... સમજવાની એની તૈયારી નથી...!' : અમે બંને સાચા હતા; પણ સંજોગો સામે લડવાને બદલે શાંત પડી જતા હતા! મેં નોકરી કરીને ચૌદ વર્ષ સુધી ૫૦% પગાર ઘરે આપીને પિતાજીને ખૂબ રાહત પહોંચાડી હતી. મારી ગેરહાજરીમાં એ ગામમાં કે સગેવ્હાલે મારાં વખાણ કરતા.... પણ મને તો કાયમ સ્ટ્રેસ – તનાવમાં રાખતા. હું દૂર રહ્યે રહ્યે એમની એકલતા તથા ખાવાપીવાની અગવડોને લાચારીથી જોઈ રહેતો! શહેરમાં એમને મારી સાથે ફાવતું ન્હોતું.... ને મારી પત્ની એમની વ્હાલી વહુ હતી. ગંગા (ગોપી) ઘરે – વતનમાં હોય એટલા દિવસ એમને ખાવાપીવાની વધુ મજા આવતી... ગંગા એમની બધી કાળજી રાખતી... પણ થોડા દિવસો પછી પાછા એ એકલા પડી જતા... અમે પાછાં શહેરમાં આવી જતાં! ઈડર તથા વિદ્યાનગરમાં એ વર્ષમાં બે-ત્રણ વાર આવતા... બે ત્રણ દિવસ રહેતા ને વળી વતનની વાટ પકડતા. પારુલના લગ્ન પછી તો એમણે મારી સાથે બોલવાનું બંધ જેવું કરી દીધેલું. વિદ્યાનગર આવવાનું ય છોડી દીધેલું. ચિ. મલયના લગ્નમાં ખાસ બોલાવવા ગયેલો; કુટુમ્બને ભેગું કરીને માફી માગેલી, તો ય એ તો નહિ જ આવેલા! પછીનાં વર્ષોમાં 'સહજ' બંગલામાં બ્હેન અને એમને તેડી લાવેલો. અઠવાડિયું રહીને ગયેલા... ને પછીનાં વર્ષમાં એમનું અવસાન થયેલું.

૧૯૯૫ની આસપાસ મેં 'મારા પિતાજી' એવો એક ચરિત્ર નિબંધ લખેલો. 'કુમાર'માં પ્રગટ થયેલો. એમાં મેં એમનો કઠોર સ્વભાવ જરાક આકરી ભાષામાં વર્ણવેલો. કોઈએ એમને વાત કરેલી... એ વધુ નારાજ થયેલા. એમણે કહેવડાવેલું કે – "અહીં બાર સાંધતાં તેર તૂટતાં હોય... ને લોકો ઉઘરાણીઓ કરતા હોય ત્યારે જીવને શાંતિ કેમની હોય?! એ શહેરમાં જઈને સુખી થઈ ગયા... તો ભલે! અમે તો જેવા છીએ તેવા છીએ...! અમારા વિશે લખીને બધાંને વંચાવવાનું શું કામ?" એમણે એ પછી મને એક લાંબો પત્ર લખેલો એ હજી ક્યાંક સચવાયેલો છે ખરો! મેં પહેલીવાર

એમને જવાબ ન લખ્યો! એમના વેઠ્યા-નો મારી પાસે જવાબ ન્હોતો! દરમ્યાન એક ઘટના બનેલી. જૈન મુનિ પ્રદ્યુમ્નવિજય સ્વામી વિહાર કરતાં કરતાં વલ્લભવિદ્યાનગરના ઉપાશ્રયમાં આવેલા! એમણે મને મળવાની ઇચ્છા વ્યક્ત કરેલી. મેં કહેવડાવેલું કે હું મળવા આવીશ... આપે આવવાનું ન હોય! મિત્ર પ્રો૦ ડી૦ એન૦ શાહ સાથે ગયો. મળ્યો. સ્વામીએ વાતો કરતાં કરતાં 'મારા પિતાજી' નિબંધની વાત કરી! મને કહેઃ તમારા 'વૃક્ષાલોક'ના નિબંધો હમણાં જ વાંચ્યા. ગમે એવું સરસ લખો છો. પણ પિતાજી વિશેનો તમારો લેખ વધારે પડતો આકરો છે; વળી એમાં પિતાજીનો પક્ષ તો છે જ નહિ – એમની વિટંબણાઓ તમારે સમજી લઈને પછી લખવું જોઈએ... તમે પિતાજીને ન્યાય નથી કર્યો. આ વાત કરવા મેં તમને મળવા કહેલુંઃ 'એમની વાત સાંભળીને નિબંધ હું પુનઃ વાંચી ગયો... મનમાં પિતાજીનો છેલ્લો પત્ર પણ ખડો થઈ ગયો!'

પિતાજીનો પત્ર તથા સ્વામીની વાત મને ઘણા દિવસો સુધી અંજપ કરતાં રહેલાં. મનની અને નકરા વાસ્તવની એ કશ્મકશ્મથી 'બાપાનો છેલ્લો કાગળ' વાર્તા લખાઈ. વાર્તામાં તો પિતાના અવસાન પછી કાગળ આવે છે – ને નાયક જે વ્યથાપીડા અનુભવે છે એનું વર્ણન છે. પિતાજીની મજબૂરીઓ તથા સમાજ સાથેના સંઘર્ષની પણ એમાં વાત છે. વાર્તા ઘણી પ્રભાવક બની હતી. વાચકોના ઘણા સારા પ્રતિભાવો હતા. વાર્તાકાર કનુ અડાસી તથા કેળવણીકાર આચાર્ય મોતીભાઈ પટેલે મને ફોન કરીને લાંબી વાતો કરતાં કહેલું કેઃ "વાર્તા વાંચતા મને (એ બંનેને) ડૂમો બાઝી જતો હતો... સજળ આંખે વાંચી અને છેવટે રડી પડાયું હતું." પછી ભદ્રાયુની વચ્છરાજાની તથા રતિલાલ બોરીસાગરના પણ એવા જ પ્રતિભાવો હતા. એ વાર્તાને નામે મારો ત્રીજો વાર્તાસંગ્રહ *બાપાનો છેલ્લો કાગળ* – પ્રગટ કરેલો, જે દિલ્હી અકાદમીના ઍવૉર્ડ માટે છેવટની યાદીમાં પણ પહોંચેલો. 'પિતા પપ્પા ડેડી' – એવા એક સંપાદનમાં બોરીસાગરે એ વાર્તા ઉમળકાથી સમાવેલી. આજે ય આ વાર્તા હું મોટેથી વાંચતાં રડી પડું છું! મનમાં વાંચતાં ય છાતીમાં ડચૂરો બાઝવા જેવું થાય છે. એ મારી પ્રિય વાર્તા એટલા માટે પણ છે કે પિતાજી આ વાર્તા વાંચી ગયેલા... એમનો પ્રતિભાવ તો જાણવાની હિમ્મત નહિ કરેલી.... પણ એમને સંતોષ થયો હશે. એમ માનતો હું અપરાધભાવમાંથી કૈંક અંશે મુક્તિ અનુભવતો હતો! વાર્તા તથા કવિતા કેવી કેવી પીડાનું પરિણામ હોય છે – એ આપણને આવી કૃતિઓથી વધારે સમજાય છે.

પિતાજીને પોતાના મરણનો અણસાર આવી ગયેલો. ત્યારે એમણે ૮૦ વર્ષો પાર કર્યાં હતાં. ૨૦૦૫ના વર્ષનો જૂન હતો. અઠવાડિયું તાવ આવ્યા પછી એ નોર્મલ થઈ ગયા હતા. મને તો આની ખબર પણ ન્હોતી. કેમકે સામાન્ય તાવ હતો એટલે જાણ



ન્હોતી કરાઈ. પણ જૂનની નવમી તારીખ મને સવારે જ સણકો ઉપડ્યો કે ઘરે જઈ આવું. ગોપીએ કહ્યું કે બે દિવસ ખમી ખાવ પછી હું ય આવીશ. પણ હું ય બાપ જવો જિદ્દી ખરો, કેસર કેરીની પાંચ છ પેટીઓ, ભાઈ-બ્હેનોને ત્યાં આપવા સારુ, ગાડીમાં મૂકાવીને હું બપોરે તો ઘરે-વતનમાં-હતો. સાંજે બધાં સાથે રસરોટલી જમ્યાં. બધા ભાઈઓને એકસાથે બેઠેલા જોઈને પિતાજીએ કહ્યું કે સારાં કામ અને બાકી કામ છે તો સાથે મળીને તમે પૂરાં કરશો એવો નિર્ણય કરો! એમનો ઇશારો, મારો મોટો દીકરો વિસ્મય પરણવાની ના પાડતો હતો તેને સમજાવીને, અહીં સમાજમાં પરણાવવા તરફનો હતો. મોડે સુધી બધાં બેઠાં પછી સૂતાં. વરસાદ હજી થયો ન્હોતો. ને લુખ્ખા વાયરા વાતા હતા! રાત થોડી શાતાદાયી બની રહેતી.

બીજી સવારે નવ-દસ વાગ્યે હું સંતરામપુર તરફ જવા નકળેલો. ત્યાં બે-ત્રણ જગ્યાએ મળીને રાતવાસો કરવાનો હતો. મેં પિતાજીને કહ્યુંઃ 'હું જાઉં છું, મહિના પછી મળવા આવીશ.' એમણે તરત કારના દરવાજા સુધી આવીને મને કહ્યુંઃ 'ના, હવે આપણે નહિ મળીએ...' એમણે બે વાર ભારપૂર્વક કહ્યું, એટલે મને ફાળ પડી. હું કારમાંથી નીચે ઊતર્યો. બધા ભાઈઓ સાથે બેઠા, ફરીવાર ચા પીધી. એમની તબિયત વિશે વાતો કરી. કહે બધું ઠીક છે. ભાઈઓને પુનઃ દવાખાને જવું પડે તો જવાનું કહીને મેં રજા માગી. પુનઃ એમણે મને હાથ જોડીને એ જ વાક્ય કહ્યુંઃ 'હવે આપણે નહી મળીએ...' નાનાભાઈને વધારે ધ્યાન રાખવાનું કહીને હું નીકળી ગયો. મનમાં સતત વિચારતો હતો કે કાકા આવું કેમ બોલ્યા હશે?? ખેર!' બીજી સવારે પાંચ વાગ્યે હું ગાડી લઈને સંતરામપુરથી વલ્લભવિદ્યાનગર જવા નીકળતો હતો ને ટેકરીઓમાં ફોન આવતો – કપાતો હતો. ઊંચાણે ઊભીને મેં ઘરે નાનાને ફોન જોડવા પ્રયત્ન કર્યો ત્યાં જ પુનઃ એનો ફોન આવ્યો. 'ક્યાં છો? ઘરે આવો... પાછો વળો. પિતાજીએ હમણાં જ દેહ છોડ્યો...' એનો અવાજ રુદનમાં ફેરવાઈ ગયો હતો!

હું ઘરથી માંડ પચ્ચીસ કિલોમીટર દૂર હતો. તરત જ પહોંચ્યો. પિતાજીનો દેહ સ્વજનો વચ્ચે જમીન પર શાંત મુદ્રામાં – હમણાં બોલી પડશે – એવો લાગતો હતો. છોકરાં બ્હાર પડસાળે સૂતાં હતાં – દાદા (પિતાજી) પણ રાતે પડસાળે જ સૂતા – કાયમ માટે! છોકરાંએ કહ્યું કે રાતે મોડે સુધી એકલા એકલા ભજન ગાતા-ગણગણતા હતા. મોટાભાઈએ કહ્યું કે સવારે બારણું ખખડાવીને બોલ્યા કે મને અંદર લઈ લ્યો, ઝટ કરો.. બારણું ખોલતામાં જ એ ભાઈને પકડીને બે પાંચ ડગલાં ચાલીને ચોપાડ વચ્ચે જ ઢળી પડેલા! ખાટલાને ઓશિકે જોતાં ખબર પડી કે નવાં ધોતી ઝભ્ભો ટોપી એ લઈને જ સૂતા હતા! આટલી બધી તૈયારી કરી લીધેલી એ જીવે! માની ન શકાયું!

લોકો કહેતાં હતાંઃ ‘બ્રાહ્મમૂરતમાં આવું ઊજળું મોત! દેવોને ય દુર્લભ મોત પામ્યા, ભૈ!’ ‘હવે આપણે નહિ મળીએ’ – એ શબ્દો આજે ય મારા કાનમાં ગુંજતા રહે છે – ને એ વખતનો એ સ્વસ્થ-તટસ્થ ચ્હેરો પણ હજી દેખાયા કરે છે. એક બેહદ સંઘર્ષભરી જિન્દગીનો છેવટે અનોખો અંત આવ્યો હતો! જીવનમાં કદી એમના શરીરને અમે હાથ અડકાડીને સ્પર્શી પણ શક્યાં ન્હોતાં... એ દેહને તથા ચહેરાને ધીમે ધીમે ઘીનો અંઘોળ કરતાં મારા હાથ કોઈ ગજબનો સ્પર્શ અનુભવતા હતા... કદાચ એ કંપ હતો... જે હજી મારા હાથોમાંથી જતો નથી. એમની ચિતાને – જમણા પગને અંગૂઠે – આગ મૂકતાં મારે બોલવાનું હતુંઃ "હે પ્રાણ હવે તું નાસી જજે. આગ આવી રહી છે.../નાસજે પ્રાણિયા આગ આવે છે." આગ મૂકીને હું ત્યાં જ ડૂસકે ચડી બેસી પડેલો. વડીલોએ મને સાચવીને આઘો લઈ લીધો હતો... બાપબેટા વચ્ચે જન્મોજન્મનું છેટું પડી ગયું હતું.

ખબર નહિ કેમ પણ એમના અવસાને મને ઘણો સૂનમૂન અને અંદરથી એકલો કરી દીધો હતો. દિવસો સુધી હું મને કોસતો રહ્યો હતો. પિતાજીના ગયા પછી મને સમજાતું હતું કે – પિતાજીને વ્હાલ કરવા જેટલો વખત નથી હોતો! એ તો ઘરનો થંભ, થંભ પીગળે તો ઘર ટકે કેમનું?! એ પોતે જ બળબળતો અંગારો હતા...! વર્ષેકમાં મેં ચાર સૉનેટ – પિતાજીના જીવન-મરણ સન્દર્ભે લખ્યાં.... જે બરોબર ઝિલાયાં. પણ આજે ય જે મને ભીનો કરી દે છે – ને ઘણાંની આંખો સજળ કરી દે છે – તે અછાંદસ કાવ્યઃ ‘શું હોય છે પિતાજી...?!’ અહીં ઉતાર્યા વિના નથી રહી શકતોઃ

*તે દિવસે ક્યારીમાં પાણી વાળતા*
*વિધૂર પિતાજીની આંખોમાં*
*ઉંચાણે નહિ પલળેલી માટી જેવી*
*ગોરાડું રેતાળ લાગણીઓ જોઈને*
*ભૂલી ગયો હતો કાળી ભૂખ....*

*ઓતરાચિતરાના નિષ્ઠૂર તડકાની*
*વાઘ જેવી વેળામાં સોનાવરણી ડાંગરનું –*
*ગાડું ભરતા પિતાજીની એકલતા જોઈને*
*જલદી જલદી મોટા થવાનુ મન થયું હતું...*



*ખેતર ખેડીને ઘેર આવતા*
*થાકેલા દિવસના પડછાયાની આંખોમાં*
*રસોડામાં નહિ સળગેલા ચૂલાનો ખાલીપો*
*અને તમ્બાકુ પીવાની તલબઃ*
*જોવાતાં – જીરવાતાં ન્હોતાં*
*મને ખીચડી રાંધતાં ને*
*‘હુક્કો ભરી આપતાં’ અમસ્થું નથી આવડ્યું!*
*જે જાણે છે તે જાણે છે –*

*અભાવોના કાફલાઓને આવતા રોકવા*
*અહોરાત જટાયુની જેમ ઝૂઝતા પિતાને –*
*વ્હાલ કરવા જેટલો વખત જ નથી હોતો...*

*ભાવથી ભરપૂર –*
*પ્રમાણી શકાતા નથી પિતાને*
*એ તો હોય છે રાખ વળેલો અંગારો*
*અંદરથી બળબળતો*
*ખોળો ઝંખતો ટળવળતો તીખારો...*
*થંભ પીગળે તો ઘર ટકે કેવી રીતે?*
*– એ લાગણીઓને સમજાતાં વાર લાગે છે!*
*ભીના વિસ્તારમાં ઝાડને પાણી લાગે છે –*
*એવા ઝાડની જેમ –*
*ધીમે ધીમે સુક્કાતા જતા પિતાને મેં જોયા છે...*

*પડસાળમાં બેઠેલા પિતાજીની આંખોમાં*
*ઝળઝળિયાં થઈને વહી ગયેલાં વર્ષો જોયાં*
*હતાં...*
*મા શું હોય છે? –*
*એ તો એની હયાતીમાં જ સમજાઈ જાય છે...*
*પરંતુ*

*પિતાજી શું હોય છે? –*
*એ તો એમના ગયા પછી જ*
*સમજાય તો સમજાય કોઈકને...!*

❍

પિતાજીના અવસાનને એક દાયકો વીતી ગયો છે. છતાં પિતાજી હજી મારા શમણામાં આવે છે. પંદર દિવસે મહિને બે મહિને એ મારા સ્વપ્નમાં અચૂક આવે છે. અમે બેઠા હોઈએ. વાતો ઓછી પણ થાય છે ખરી... હજી એ એવા ને એવા જ દેખાય છે... મૃત વ્યક્તિ આમ શમણાંમાં આવે એ વાત મારે માટે એક નહિ સમજાતો કોયડો છે.

❑



૨૧

## દીકરાનું લગ્ન

પિતાજીના ગયા પછી મને વધારે સ્પષ્ટ રીતે સમજાયું છે કે પિતાજી શું હોય છે! એમના ગયા પછી હું વધારે એકલો પડી ગયો છું. મારી ભીતરમાં એક મહત્ત્વનો મુલક હતો તે હવે ખાલી થઈ ગયો છે. વતનમાં એમના વિના એક સૂનકાર – એક સન્નાટો મને અડ્યા કરે છે. હવે મારી ફિકર કરનારું કોઈ નથી. અમે આમ દૂરતાને બેઉ કાંઠે સામસામે ઊભેલા... ને તોય એક બીજાને સમજતા, જાણતા અને નિરાંતે મળવા ઝુરતા રહેલા એ સાચું છે. એમને મારી ચિંતા હતી – ખૂબ ચિંતા! ખાસ તો હું ન્યાતબ્હાર મૂકાયો એટલે...! હા. એ ફિકર કરતા હતા કે હવે ન્યાતબ્હાર એવા એના દીકરાઓ-વિસ્મય-મલયને કન્યા કોણ આપશે?! એમનાં સંતાનોને બીજા સમાજોમાંથી કન્યા લાવવી પડે – (કે આપવી પડે) – એ એમને મંજૂર ન્હોતું. મારા બંને દીકરાઓને એ ન્યાતમાં લઈ જઈને પરણાવવા માગતા હતા! હા, એ એમની પહોંચમાં હતું. પણ હું હઠીલો તે માન્યો જ નહિ! મને હવે મારી ન્યાતમાં પાછા જઈને એ કુરિવાજોના દલદલમાં તથા રૂઢિજડ માંદલી માનસિકતામાં પુનઃ ફસાવું ન્હોતું. ખાસ તો હું મારાં સંતાનો ને હવે એવા રુગ્ણ સમાજમાં પાછાં ધકેલીને દુઃખી કરવા સંમત ન્હોતો. સમાજની બ્હાર હું તથા મારાં સંતાનો વધુ મુક્ત અને પ્રગતિશીલ રીતે જીવી શકીશું એવી મારી દઢ માન્યતા હતી... જે આજે સવાઈ થઈને સાચી પડેલી જોઉં છું. પણ એ દિવસો સાચ્ચે જ દુર્દિન હતા... ગર્દિશના દિવસો હતા એ! અમારી હોડી ખરાબે ન ચઢી જાય એ માટે અમે સૌ ઝુઝતાં હતાં... એ હોડી આજે U.S.A.ના કિનારે નાંગરી છે.

હું એમની વાત ન જ માન્યો એનું એમને અપાર દુઃખ હતું... ને મને અફસોસ! જેમને મેં સદા કડક અને કેંક કઠોર અનુભવેલા એમને મેં એમના છેલ્લા દાયકામાં એકલા અને મજબૂર જોયા જાણ્યા હતા... ને એને માટે હું વધારે જવાબદાર હતો. આજે મને ભારે વિષાદ/ખેદ થાય છે કે એમના સતત બળબળતા અંગારા જેવા આયખાને મેં ઠાર્યું નહિ... બલકે બળતું રાખ્યું હતું?! હા... આર્થિક સંકડામણમાંથી

હું ઘરને બહાર લાવવા એમની પડખે ચૌદ ચૌદ વર્ષ અડગ ઊભો હતો! બાકી બીજુ તો બદલાતા સમયને મંજૂર ન્હોતુ અને મારાં સંતાનોના સ્વાતંત્ર્યને, હું મારા તથા પિતાજીના ચપટી સંતોષ માટે, રૂંધવા તૈયાર ન્હોતો! થાય છે કે જીવનમાં એકવાર – બસ! એક જ વાર – એમને ભેટીને રોઈ શકાયું હોત... છાતીનો કાળમીંઢ ડૂમો વેરી શકાયો હોત... પણ હું બહુ કમભાગી – હતભાગી... ને તે ય કેવો કે પિતાજીની માફી માગ્યા છતાં એમણે મને ન તો માફ કર્યો કે ન તો એ મલયના લગ્નમાં આવ્યા! જિદ્દી હઠીલા – અમે બંને!! વતનમાં ૧૯૯૦-૯૧માં મેં ઘર બનાવેલું. કૉન્ટ્રાક્ટ આપેલો અને પિતાજીને કોઈ કામ ભળાવ્યું ન્હોતું! ઘર તૈયાર થયું ત્યારે મેં ચાવી એમને આપવા હાથ લંબાવીને કહેલું: "હવે આ ઘરમાં તમે રહેજો... ને સાચવજો..." એમણે ચાવી ના લીધી. મને કહે: "જે ઘર કરવામાં મેં કાંકરી ય ન ઊંચકી હોય એ ઘરમાં હું નહિ રહું – કદાપિ નહિ!" ને એ ટેક એમણે મરતાં સુધી પાળેલી... વેઠીને ખુવાર થતો ને ખુવાર થવા છતાં ય ખુદ્દારી/ ખુમારી ન છોડતો એ માણસ મારા લોહીમાં છે – એ મારું અહોભાગ્ય છે!

એમના અવસાન પછી છ-આઠ માસના ગાળામાં મેં 'પિતાજીને–' સંબોધીને ચાર સૉનેટ તથા એક અછાંદસ કાવ્ય લખ્યાં હતાં. એ મારી ભીતરમાં કાંઠા તોડતી વેદના-સંવેદનામાંથી આવી ઊભાં હતાં... એ સૉનેટ (ચારેય) 'કુમાર'માં પ્રગટ થયાં હતાં... મને એ કાવ્યો વિશે ઘણા મિત્રોનો ઉમદા ભાવાત્મક પ્રતિભાવ મળ્યો ત્યારે કૈંક શાતા વળી હતી. 'શું હોય છે પિતાજી?' એ રચના તો અસ્મિતાપર્વમાં સેંકડો ભાવકોની આંખો સજળ કરીને ઝીલાઈ હતી... પછી પણ એ કવિતા – 'ફાધર્સ ડે' નિમિત્તે FB પર બહુ આવકાર પામી છે. ક્ષમા યાચવાનો અને ભાવાદર પ્રગટ કરવાનો આ જ તો માર્ગ હતો – મારી પાસે! પણ હજીય એમને વિશે લખવાનું બાકી પડ્યું છે – એવું સતત લાગ્યા કરે છે. પીડાઓ આમે ય આપણો પીછો કદીય છોડતી નથી!

ન્યાતબ્હાર હોવા છતાં મારા બાવન પાટીદાર સમાજમાંથી મને, મારા દીકરાઓનાં લગ્ન માટે 'માગાં' કરતા ફોન આવતા હતા. કેટલાક સગાં(?) દબાણ પણ કરતાં હતાં. આ રીતે 'માગુ કરનારા' એમ પણ કહેતા કતા કે અમે આણંદ-વિદ્યાનગર આવી અને ત્યાં જ લગ્ન ગોઠવી કન્યા પરણાવી આપશું! અમને સમાજે જે કરવું હોય તે ભલે કરે! મારે માટે આ બધું હકારાત્મક હતું. કન્યાવાળાની ગરજ ઉપરાંત મારા દીકરા તથા ઘરપરિવાર માટેનાં આદરમાન પણ એમાં વર્તાતાં હતાં...! બ્હાર રહીને પણ મેં સમાજમાં મારી એક છબી ઊભી કરી હતી એનો આવો ઊજળો પ્રતિભાવ મને શાતા આપતો હતો... પણ મેં એ દરેકને સાદર ના પાડવા સાથે ખૂબ આભાર માન્યો હતો.



હવે મારે પાછાં પગલાં ભરવાં ન્હોતાં.

મોટો દીકરો વિસ્મય – (જે ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીમાં અધ્યાપક હતો... ને સંશોધન ક્ષેત્રે કાર્યરત હતો.) – પરણવાની ના પાડતો હતો. મેં કહેલું કે બધું વિચારીને નિર્ણય કરજે, હું તારા નિર્ણયને આવકારીશ. જોકે પિતાજી મને વઢતા: 'એ તો ના-સમજણમાં બોલે... તારે એને હવે પરણાવી દેવો જોઈએ.' મલય મેડિકલ સાયન્સમાં સ્નાતક (MBBS) થઈને કરમસદ મેડિકલ કૉલેજમાં અધ્યાપન કરાવવા સાથે USA જવા માટેની પરીક્ષાઓ આપતો હતો. પહેલાં એની ઇચ્છા USA જવાની ન્હોતી... પણ અહીં પીજીમાં એડમિશન માટે લાખો રૂપિયા ડોનેશન હતું. ને ત્યારે કરમસદવાળાંને અમદાવાદ-વડોદરાની મેડિકલ કૉલેજો M.S./ M.D. (પીજી) માટે પ્રવેશ ન્હોતી આપતી. વળી મલયના ચાર મિત્રો – જતીન, વિશ્વાસ, મનીષ, કશ્યપ – U.S.A. ગયા... એટલે એણે તૈયારીઓ શરુ કરેલી. એક-બેવાર એને વિસા ન મળ્યા... એટલે બીજો રસ્તો – USA સીટીઝન હોય એવી કન્યાને પરણીને જવું – એવો વિચાર કર્યો... ને એ બાબતે આવેલી એક જાહેરાત જોઈને બાયોડેટા મોકલ્યો, બાદમાં ત્યાંથી કહેણ આવતાં બંને ભાઈ મળવા જઈ આવ્યા... બીજી મુલાકાતે એમણે પરસ્પર સંમતિની વાત મને જણાવી... એટલે મેં હેમલત્તાને ઘરે લઈ આવવા એના ફોઈના દીકરા હર્ષદ – (વિસ્મયના મિત્ર) – ને વિનંતી કરી. પછી તો બધા નિર્ણયો ઝડપથી કરવાના હતા. કેમકે હેમાને પરત USA જવામાં મહિનો જ બાકી હતો. પેટલાદ પાસેનું ફાંગણી ગામ. નવીનચંદ્ર પટેલની એ ત્રીજી દીકરી – આખો પરિવાર – સગાં સમેત – USAમાં ગોઠવાયેલાં હતાં. પરિવાર સંસ્કારી તથા સમ્પન્ન. લેઉઆ પટેલ! પિતાજીએ આ જાણ્યું ત્યારે એમને સંતોષનો થોડો ભાવ થયેલો! છતાં એમને તો પોતાનો સમાજ જ ઉચિત લાગતો હતો. ખેર...!

મને ન્યાતબ્હાર મૂકાયાને છ વર્ષ વીતી ચૂક્યાં હતાં. ને હવે મારે પહેલીવાર વતનઘરે સ્વજનો પાસે નિમંત્રણ આપવા જવાનું હતું. અને વૈદેહી એપાર્ટમેન્ટમાંથી હવે 'સહજ' બંગલોઝમાં રહેવા આવી ગયાં હતાં – ૨૦૦૨ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખે! ને હવે નાના દીકરાનું લગ્ન ડિસેમ્બર ૨૭મી ૨૦૦૨ના રોજ લેવાનું હતું. બધી તૈયારીઓ થઈ ગઈ હતી. હું કંકોતરી લઈને એકલો જ ઘરે જવા નીકળેલો. મનમાં ફડક હતી. ન્યાતના નિયમ પ્રમાણે તો મારાં સ્વજનો પણ લગ્નમાં ન જ આવી શકે... પણ સમાજના વડીલોએ મારા તરફના સ્નેહાદર (ખાસ તો એક પ્રતિષ્ઠિત વ્યક્તિ અને લેખક તરીકેના –) ભાવથી કહેવરાવેલું કે જવું હોય તો ભલે બધા મણિભૈના ઘરે લગ્નમાં જાય. ન્યાત વાંધો નહિ લ્યે! હું ઘરે પહોંચ્યો ને નાનાભાઈને કહીને બધાં કુટુંબના ભાઈઓ/વડીલોને

બોલાવરાવેલાં. પડસાળમાં બધાં બેઠેલાં. પિતાજી મારી સામે પણ જોતા ન્હોતા! મેં રુંધાતા કંઠે મારી વાત ચાર લીટીમાં મૂકીઃ "સમાજની રીતે હું તમારો ગુનેગાર છું... પણ તમારું લોહી છું...! આજે વડીલોની માફી માગવા અને દીકરાના લગ્નની કંકોતરી આપવા આવ્યો છું. મને માફ કરો અને લગ્નમાં આવો! આપણે પરસ્પર એક પણ પૈસાનો વ્યવહાર નહીં કરીએ ને ચાંલ્લો પણ નહિ લઈએ. તમે જીપ/બસ કરીને આવજો – એ મારી જવાબદારી! આ કંકોતરીઓ સાવ અંગત સગાં પૂરતી છે... સૌને પહોંચાડજો..." પિતાજી સૂનમૂન બેસી રહ્યા હતા. ભાઈઓએ કહ્યુંઃ 'અમે બધાં આવીશું...'! પિતાજી ન તો બોલ્યા કે ન તો સાથે રોટલો ખાવા બેઠા! હું આંસુના ઘૂંટડા ગળતો પાછો વળેલો. લગ્ન તો બહુ સારી રીતે લેવાયાં... ભાઈઓ – થોડાં કુટુંબીજનોને લઈને – આવ્યા હતા! પણ પિતાજી શુભ અવસરેય મારે આંગણે ન આવ્યા તે ન આવ્યા!

❑



## ૨૨

# ભીતરના વાવંટોળ

જિન્દગી દરેક તબક્કે કસોટી છે. એમાં વિજયી થવાનું તો કદીક જ ભાગમાં આવે છે, પરંતુ શીખવાનું તો પ્રત્યેક પ્રસંગમાંથી મળે છે. બાળપણ જેવા નિર્દોષ તથા મસ્તીના દિવસો પછી કદી આવતા નથી... ને યુવાનીમાં હોય છે એવો ઉત્સાહ, ઉન્માદ; સ્વપ્નલોક તથા સૌન્દર્યલોકની તરસ વગેરે પછીનાં વર્ષોમાં પાછળ છૂટતાં જાય છે... ને વાર્ધક્ય નિરાંતનું હોય તો ય બધાંને વ્હાલું ન પણ લાગે... ઘડપણ – ખાસ તો કાયાની લાચારી ઇત્યાદિ અમસ્થાંય ભયાક્રાન્ત કરતાં રહે છે... પણ વાર્ધક્ય સાથે સમજ, શાણપણ તથા મુક્તિની પ્રતીતિનો આનંદ કૈંક તટસ્થ તથા સ્વસ્થ બનાવે છે. સમ્બન્ધોનાં ઊંડાં મૂળવાળાં ઘટાદાર વૃક્ષોનાંય ડાળીડાંખળાં બરડ-જરઠ થઈને તૂટવા માંડે છે. મૂળ વડે જીવનરસ ચૂસવાનું કામ પણ મંદપ્રાણ થતું જાય છે... એ સાથે પછી ડાળી-કૂંપળ-પાંદ-મંજરી-ફળ પણ આછાં ને ઓછાં થતાં જાય છે... આ તબક્કા ય કાઠા-કપરા-કઠોર હોય છે. પણ જીવનારે તો બધું જ જીરવવાનું હોય છે. આવા બધા અનુભવો હવે વિચારોને ઉત્તેજિત કરે છે. નિરર્થકતાનો બોધ તથા નિર્ભ્રાંતિનો અનુભવ જો વશમાં ન રાખીએ તો ડિપ્રેશન બારણાં ખખડાવે છે. નિરુદ્દેશે થતી પ્રવૃત્તિઓ પણ પછી ન ગમે એવું બને ત્યારે નિઃસહાયતા સિવાય બીજું શરણું ય કયું?! ભક્તિ અને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ તો જીવનમાં કદી લીધો જ નથી. ને એનો અફસોસ તો આજે ય નથી. કેમકે પસંદ કરેલા અને સ્વીકારેલાં/સોંપાયેલાં બધાં જ કાર્યો પૂરેપૂરી નિષ્ઠાથી-પ્રામાણિકતાથી કર્યાં છે... કશી અપેક્ષા નથી ને કોઈની ઉપેક્ષા ય નથી! આવા દિવસોમાં ૨૧મી સદીનો પ્રથમ દોઢેક દાયકો સાવ જુદી રીતે જીવાયો છે એની યાદો જેટલી પીડાદાયક છે એટલી પ્રસન્નકર છે. શિક્ષણ, સમાજ અને સાહિત્ય : ત્રણે કાર્યક્ષેત્રોમાં બહુ ઝડપી અને ચોંકાવનારાં પરિવર્તનો જોવા મળ્યાં... આ સમયમાં જીવવું એ ય જરાક જુદો અનુભવ બની રહ્યો છે... બધું બદલાયું – જલદી જલદી બદલાયું... ને એ બધાંએ મને ય ખાસ્સો બદલી કાઢ્યો છે.

પણ આ બદલાવની વાતો આગળ ઉપરે-છેલ્લે કરીશું.

ઈ૦સ૦ ૨૦૦૨માં મલયનાં લગ્ન થયાં પછી જીવન વધારે થાળે પડેલું અને પ્રગતિશીલ હતું – એમ કહેવામાં સચ્ચાઈ છે. પણ આ પાંચ-છ વર્ષો (૨૦૦૨થી ૨૦૦૮ સુધીનાં)માં મારી ભારે કસોટી ય થતી રહેલી. કેટલીક કઠોર આપત્તિઓ આવે ત્યારે ખબર પડે છે કે આ તો અસહ્ય પીડા છે – ન કહેવાય અને ન સહેવાય એવી કસોટી છે. આપણે કદી નહીં કરેલા ગુન્હાઓની શિક્ષા આપણને થતી હોય છે. સાહિત્ય અને શિક્ષણનાં મારાં પ્રિયતમ ક્ષેત્રોમાં નિરાંતે કામ કરવાનાં એ ઉત્તમ વર્ષો હતાં.

- વિભાગના અધ્યક્ષ તરીકે મારું કાર્ય સરસ ચાલતું હતું.
- સર્જન-વિવેચન ક્ષેત્રે પણ સારું કામ થઈ રહ્યું હતું.
- શિક્ષણ સંસ્થાઓમાં ભાષાસાહિત્યનાં વ્યાખ્યાનો માટે ગુજરાતભરમાં મારા પ્રવાસો ચાલતા હતા.
- મલય હજી કરમસદ મેડિકલ ફેલોશીપ-ઇન્ટર્નશીપ કરતાં કરતાં U.S.A.ના વીસાની રાહ જોતો હતો.
- પારુલ બોરિયાવીની સેલ્ફ ફાઇનાન્સ કૉલેજમાં પૂર્ણ સમયની અધ્યાપિકા તથા ઇન્ચાર્જ આચાર્યા તરીકે પણ સંતોષજનક સેવાઓ આપવા સાથે પ્રસન્ન હતી.
- વિસ્મય એન૦વી૦પાસ૦ (કૉલેજ)માં સંનિષ્ઠ અધ્યાપક તરીકે વખણાઈને વધુ ઉત્તમ પરિણામો માટે સક્રિય હોવા સાથે, પીએચ૦ડી૦નું કાર્ય પૂર્ણ કરવામાં હતો.
- ન્યાતબ્હાર – હોવાની વાત હવે પીડાદાયક નહોતી લાગતી. પૈસાની કોઈ ખેંચ ન્હોતી ને સૌનું સ્વાસ્થ્ય સારું હતું.
- પિતાજીને સમજાવીને, શાંતાબ્હેન સાથે વિદ્યાનગર લઈ આવેલો. એમને મલયનું સાસરું – ગામ – ફાંગણી પણ બતાવ્યું અને સૌ સગાં સાથે મેળાપ કરાવ્યો. એમની ચિંતા ઘટી હતી ને મારી વાતે સંતોષ થયો હતો. જોકે એક અઠવાડિયું એ અમારી સાથે રહ્યા તે દરમ્યાન, સૌ૦ ગોપીને એ ઠસાવતા રહેલા કે વિસ્મયનું લગ્ન કરાવો. એને સમજાવો. વિધિ કરાવો – છોકરો ના કેમ પરણે? એનો બાપ (હું પોતે) બધે ફરતો ફરે છે ને છોકરાને પરણાવતો નથી! વગેરે.

વિસ્મય સ્વેચ્છાએ નહિ પરણવા મક્કમ હતો ને હું દબાણ કરવામાં માનતો ન હોવાથી એ અંગે વાત કરતો નહિ. 'એક-બે વાર મેં વિસ્મયને લગ્ન નહિ કરવાનાં જોખમો' (?) સમજાવેલાં ખરાં! એણે કહેલું : 'એના કરતાં લગ્ન કરવાનાં જોખમો



મને વધારે અઘરાં લાગે છે.' જોકે વિસ્મયની સમજદારી વિશે મને ત્યારે ય માન હતું ને આજે ય છે. તેમ છતાં લગ્ન કરવા – ન કરવા બાબતે હું એનું મન કે એનાં કારણો-તારણો ખાસ કળી શક્યો નથી. પણ મુક્ત રહીને દેશ-દુનિયા ફરવાનો એને ભારે શોખ. પણ ૨૦૦૬માં એ લગ્ન કરવા કેમ તૈયાર થયો એ પછી જોઈશું.

ઉપર વર્ણવી એ બધી જ હકારાત્મક અને શાંત પરિસ્થિતિઓની વચ્ચે એક વાવંટોળ રચાવાની શરૂઆત થઈ ચૂકી હતી – જેનો અણસાર મને આવી ગયેલો ને હું એ પવન, આંધી ન બને, એ માટે સાવચેત રહીને 'મારા માણસ'–ને સમજાવતો અને કાળજી લેતો હતો – પણ છેવટે એ વંટોળે મારી ભીતર ભારે ઉત્પાત મચાવવા અને મારું રોજિંદુ જીવન પણ સખળ-ડખળ કરવાના ઉધામા પાંચ-સાત વર્ષ સુધી ચાલુ રાખ્યા. હુમલા આવતા જાય ને હું એકલો એને ખાળવા મથતો રહું! મારી જિન્દગીનાં ઉત્તમ વર્ષો મારે માટે ગર્દિશના દિવસો બની રહ્યાં. મને માફક નહિ આવતું હોવા છતાં બ્હાર મેસમાં જમવાનું ને વિભાગ પર ટિફિન મંગાવવાનું આવી પડ્યું. કોઈ ફરિયાદ વિના હું પુનઃ કપડાં ધોતો ને કચરાપોતું કરતો થઈ ગયો. કેમકે ઘરમાં બ્હારના કોઈનો પ્રવેશ અશક્ય હતો. હું ભલે બ્હાર જમતો પણ ઘરમાં હું રસોઈનો સામાન તથા નાસ્તા નિયમિત લાવી મૂકતો. ઘર શાંતિથી ચાલ્યા કરતું – અન્ય કોઈને કશી જ ખબર ન પડે એમ, બનતી વ્યવસ્થાઓ કરી આપતો – કરી લેતો! મન વિષાદથી ભરાઈ જતું, રોજ આંખો ભીની થઈ જતી... વાંચવા લખવામાં જીવ પરોવતો. 'તરસ્યા મલકનો મેઘ' (પન્નાલાલ પટેલની જીવનકથા) અને 'આડા ડુંગર ઊભી વાટ'ના નિબંધો આ દિવસોમાં લખાયાં હતાં.! અંદરથી તૂટી જવાતું; બા-ની ખૂબ યાદ આવતી... એક-બે અંગત સગાંની મદદ માગી, પણ ઉપેક્ષા જ મળી. સમ્બન્ધોમાંથી – રહ્યોસહ્યો – વિશ્વાસ પણ ઊઠી ચૂક્યો હતો. રડવા સારુ જોઈતો ખોળો કે ખભો જ ન્હોતાં બચ્યાં... આ કાંઠે તરસ મૂકી નદી બીજે કાંઠે લીલુંછમ વ્હેતી હતી! નિઃસહાયતા સાથે મેં દોસ્તી કરી લીધી હતી. આ એવી આપત્તિ હતી કે આપણે કોઈને કહી ય ન શકીએ.

ન્યાતબ્હાર હોવાથી વતન-ઘર-સગાંથી છેટું પડી ગયેલું – તેની અસરો હોય એ સહજ છે. 'આપણું માણસ' હોય એની સાથે – આવા, મેનોપોઝના દિવસોમાં – બીજું તો શું થઈ શકે? વિસ્મયને પરણાવવાની પિતાજીની વાતે પણ ઘેરી અસર પડી હતી. ગોપી મને કહે : 'પિતૃદોષની વિધિ' કરાવવી છે. વિસ્મય અને હું સમ્મત ન થયા. એનો ય આઘાત હોય : 'મારું કોઈ સાંભળતું નથી.', 'મારું કોઈ નથી' – નું રટણ અને અનેક કુશંકાઓએ મારે માથે આફતો વરસાવવામાં કશું બાકી ન્હોતું રાખ્યું. મલય ડૉક્ટરની ભાષામાં મને કહેતો કે 'પપ્પા! એ તો હવે 'પેશન્ટ' કહેવાય (સ્કીઝોફેનિયા).

એટલે આપણે વડીલની જેમ ખાતરબરદાસ્ત કરવાની જરૂર છે.' વાત પણ સાચી. જિન્દગીમાં વ્યથા વેદના કાંઈ પ્હેલીવાર ન્હોતી આવી... એ તો નસીબમાં હતું... દુઃખનું ઓસડ દ્હાડા! એક અધ્યાપક મિત્રના પરિવારે મને બહુ સાચવી લીધો એ તો નહિ જ ભૂલાય!

'મેં તો વાટ જોઈ હતી' (વાટ : ૪ કાવ્યો) કે વાડે વાડે કંકોડીના વેલા ચઢી જશે ને કંકોડાં વીણીશું ને રોટલા શાક ખાઈશું! પણ દેવાધિદેવ મને કયા ગુન્હાઓની શિક્ષા કરતા હતા? એ સમજાતું નથી. ધોધમાર વરસાદ પડતો હોય, પડતી રાતે વીજળી ચાલી ગઈ હોય... ઘરનો ચૂલો 'પોતપોતાનાં' માટે પ્રજ્વળીને શાંત પડી ગયો હોય. છતે ધાને, એનો કમાનાર જમવા માટે અંધારે, વરસતા વરસાદે, પાણી ખૂંદતો, છત્રી છતાં અડધો પલળતો, કોઈ મેસમાં જમવા જતો હોય, ને જમતાં જમતાં વ્હેતાં આંસુ ભોજનમાં ભળી જતાં હોય! આજે લખતાં ય થથરી જવાય એવી ઘટનાઓના એ કાળા દિવસો અને બાળતી રાતો! વેઠે તે જાણે! પણ ટકી જવાની જિદ હતી, જાતને સાબદી રાખવાનો અને ચાબૂક મારી મારીને રોજનાં શિક્ષણ તથા સાહિત્યનાં કાર્યોમાં જાતને બરાબર જોતરવાની હતી. અટકવાનું ન્હોતું. વિપરિતતાઓ વચ્ચે સ્વસ્થ રહીને મથવાનું હતું. નામ-કામ સાચવીને પડકારો ઝિલવાના હતા.

અનુભવે બરાબર સમજાયું હતું કે મહાનગરોમાં જઈ વસેલા સાહિત્યકારો પોતાનું અને પોતાનો પડછાયો ખભે ઉપાડી ચાલનારાઓનું = દરેક વસ્તુએ-વાતે = ભલું કરવામાં – કરાવવામાં ગળાડૂબ રહે છે – ત્યારે ને આજે પણ! તમારું કાર્ય ગુણવત્તાવાળું હોય તોય એમને પોતાનાં માટે પક્ષપાત કરતાં લાજશરમ આવતી નથી. વિદ્વાનોની નિર્લજ્જતા અને નફ્ફટાઈ ચર્ચાની મોહતાજ નથી હોતી. આવી સ્થિતિઓ વચ્ચે, તમારે ગુણવત્તાના બળે ને આપમેળે ટકવાનું હોય છે. શાળા-કૉલેજનાં પાઠ્યપુસ્તકોમાં અને પારિતોષિકોમાં આપણી કૃતિઓ આત્મબળે જગ્યા પામી હોય એ આશ્વાસનની નહીં પણ આત્મગૌરવની વાત છે. ભણાવવાની મજા તથા વ્યાખ્યાનોની જિદ પણ જીવનમાં પ્રાણ પૂરે છે.

ઘરમાં નાનકડું પૂજાસ્થાન – મંદિર – છે. પણ એ વાર-તહેવારે 'ઘરના માણસ' માટે વિધિવિધાન પૂરતું જ છે. અલબત્ત દેવી-દેવતામાં માનવા – ન માનવાની કોઈને મનાઈ નથી. પણ ભગવાન પાસે કદી માગવાનું મન નથી થયું... ને માફી માગવી પડે એવો મોટો અપરાધ થયો નથી. ઝાઝી વિપદાઓએ સમજણ આપીને રાહ ચીંધ્યો છે. અમે કદી ઘરમાં કથા કરાવી નથી ને કોઈની કથામાં પ્રસાદની લાલચે કદી ગયાં નથી. શરીરસ્વાસ્થ્ય માટે ઉપવાસે – એકટાણાં કર્યાં હશે/ કર્યાં છે; પણ ધાર્મિક થઈને કશું



માન્યું નથી. તીર્થાટનો કદી નથી કર્યાં. વારે-પર્વે મંદિરોમાં જવાનું મન જ નથી થયું. હા! પ્રવાસો દરમ્યાન બધા ધર્મોના પૂજાસ્થાનો – દેશ-દુનિયાનામાં – જોયાં છે. કલા-સ્થાપત્ય, માન્યતાઓ વિશે જાણ્યું છે. પરંપરાઓ તથા અસ્મિતા માટે આદર રહ્યો છે. સભ્યતા અને સંસ્કૃતિઓ વિશે વાંચવાનું સતત ચાલુ રાખ્યું છે.

'કૂંપળ ફૂટાડે તે મારો ભગવાન છે' –

– આ મારી અમારી માન્યતા છે. વૃક્ષોમાં દેવત્વ જાણ્યું છે ને માટીને જ સૌથી મોટી માતા-દેવી તરીકે આરાધી છે. આને લીધે ઘણી અંધશ્રદ્ધાઓ તથા ઝંઝટોમાંથી બચી જવાયું છે. ૨૦૦૫માં, પિતાના અવસાન પછી, સપ્ટેમ્બરના ઉત્તરાર્ધમાં મલયના વિસા આવતાં એ અમેરિકા જવાનો હતો. ત્યાં જ એને પથરીનો દુઃખાવો થયો... મુશ્કેલી વધી. જવાની તારીખ બદલાવી... ઑપરેશનની કળ વળે એ પહેલાં તારીખ તો આવી ગયેલી. એ પહેલીવાર જ અમેરિકા (બ્હાર કશે પણ) જતો હતો. ને શ્રાદ્ધ પક્ષનો પ્રથમ દિવસ હતો... પણ અમે કોઈએ પરવા ન કરી. કેટલાંક સ્વજનો વારતાં રહ્યા ને મલય અમેરિકા પહોંચીને છ માસમાં જ ગોઠવાઈ ગયો હતો. જીવનમાં સમસ્યાઓ હોય જ છે. અમે બધાં એનો સામનો કરતા કદી હાર્યાં નથી.

❑

## ૨૩

# વિસ્મયનું વિદેશગમન

વિસ્મયની પ્રથમ નોકરી અહીં વિદ્યાનગરમાં જ, ચારુતર વિદ્યામંડળની 'સેલ્ફ ફાઇનાન્સ' સંસ્થા (નવેનવી ૧૯૯૬ આસપાસ શરૂ થયેલી) – નટુભાઈ વી૦ પટેલ પ્યોર ઍન્ડ એપ્લાઇડ સાયંસ કૉલેજમાં હતી. એ 'મણિલાલ હ૦ પટેલ'નો દીકરો છે એવી ગંધ પણ ન આવે એ રીતે, એ એની ગુણવત્તાના બળે પસંદગી પામ્યો હતો. પાંચ-સાત વર્ષમાં, શિક્ષણ કાર્ય – વ્યાખ્યાનો – સ્ટાફ સામે નવા નવા વિષયો પરનાં પ્રેઝન્ટેશન્સ–શિસ્ત વિવેક અને નિયમિતતા તથા વિશેષ વાચનરુચિને લીધે એનું નામ-કામ ઉપર તરી આવતાં, કારકિર્દીના પ્રથમ દસકના અંત પહેલાં જ, સંચાલક મંડળે એને, 'બેસ્ટ ટીચર'નો ૨૫,૦૦૦ રૂ.નો એવોર્ડ જાહેર કરેલો.

વિસ્મય નોકરીએ ચડ્યો ત્યારે ૨૨ વર્ષ પૂરાં કરીને ત્રેવીસમામાં પ્રવેશતો હતો. બીજી ઑક્ટોબર ૧૯૭૬ – ગાંધી જયંતિ અને રેંટિયાબારસનો દિવસ : એની જન્મતારીખ અને તિથિ (બંને મેળમાં) હતાં. 'એનવી પાસ'-ના ટૂંકા નામે ઓળખાતી એ કૉલેજમાં એના સ્થાપક આચાર્ય ડૉ૦ ડોલરરાય એ૦ રાવલ હતા, જેમની પાસે વિસ્મય વી૦ પી૦ સાયન્સમાં ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી – સ્નાતક/અનુસ્નાતક – ભણેલો. વળી રાવલસાહેબ એના પીએચ૦ડી૦ માટેના ગાઇડ હતા. હાયર સેકન્ડરીમાં પણ વિસ્મય રાવલ સર પાસે કેમેસ્ટ્રી શીખવા જતો હતો. પ્રો૦ રાવલ ખરા અર્થમાં વિદ્વાન, દીર્ઘદૃષ્ટા અને નિસબતથી કામ કરનારા શિક્ષક હતા. પાંચ-છ વર્ષમાં એમણે કૉલેજને ગુજરાતમાં સુખ્યાત કરી દીધેલી – પ્રવેશ એક જ અઠવાડિયામાં તથા ગુણવત્તા પ્રમાણે પૂર્ણ કરાતો. ફીનું ધોરણ પણ રાવલ સરની સલાહ પ્રમાણે દશ હજારથી નીચું હતું! જોકે પછી મંડળ પ્રો૦ રાવલને સાચવી ન શક્યું. ને કૉલેજના વળતાં પાણી શરૂ થયેલાં. અનેક સંસ્થાઓમાં હવે નબળા (ને નિવૃત્ત થયેલા – જૂના જોગીઓ) આચાર્યો અને ખુશામતખોર અધ્યાપકોની બોલબાલા વધતી જતી હતી... ને સારા અધ્યાપકો અન્યત્ર જવા લાગ્યા હતા. કહેવાતી 'આત્મનિર્ભર' કૉલેજો ધીમે ધીમે બેફામ ફી વધારવા સાથે ઓછા પગારે શિખાઉ શિક્ષકો નીમી અને કમાણી કરવામાં રાચવા લાગી હતી. સર્વત્ર



ગુણવત્તાનું ધોવાણ ઝડપથી વધતું જતું હતું. 'એનવી. પાસ'નો સિક્કો પણ બોદું બોલતો હતો.

હું ગુજરાતી વિભાગનો અધ્યક્ષ હતો ત્યારે કુલપતિશ્રી વી૦ એસ૦ પટેલે અને એ પછી આવેલા નવા કુલપતિશ્રી પી૦ જે૦ પટેલે મને કહેલું કે : અંગ્રેજી વગેરે વિભાગોમાં અનુસ્નાતક કક્ષાએ સેલ્ફ ફાઇનાન્સ વર્ગો ચાલે છે એમ, તમે પણ ગુજરાતીમાં સેલ્ફ ફાઇનાન્સ વર્ગ શરૂ કરો. દર વર્ષે આ વાત થતી ને હું જવાબ વાળતો કે : વ્યાવસાયિક કોર્સ હોય કે જ્યાં નોકરીની વધુ તકો હોય ત્યાં સ્વનિર્ભર વર્ગ ભલે ચાલે. અંગ્રેજીમાં નોકરીની તકો વધુ છે – ને ગુજરાતીમાં ઓછી. એમ૦એ૦ ગુજરાતીમાં મને સ્વનિર્ભર વર્ગની જરૂર નથી લાગતી. વિદ્યાર્થીઓ પાસેથી દશ-પંદર હજાર ફી દરેક સત્રમાં વસૂલ કરવાથી સંસ્થાને આવક થાય પણ વિદ્યાર્થીને તો ચાર ઘણાં નાણાં ખર્ચવા છતાં નોકરીની તકો તો વધવાની નથી. બી૦એડ૦ અને બીજા એવા ટેકનીકલ તથા વ્યવસાયલક્ષી કોર્સીસમાં ભલે સેલ્ફ ફાઇનાન્સ વર્ગો વધે! છેલ્લે તો પી૦ જે૦ પટેલે દબાણ સાથે કહેલું ત્યારે મેં ગ્રાન્ટેડ વર્ગમાં જ સંખ્યા વધારો કે નવો વર્ગ આપો – એમ વિનંતી કરેલી. ને એમ એમ૦એ૦માં અમે ૧૨૦-૧૨૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા. એમ૦ફિલ૦માં પણ મેં સંખ્યા-વધારો મેળવ્યો હતો. આમ મેં વધારે તાસ લેવાનું સ્વીકારીને પણ વિદ્યાર્થીહિતમાં કામ કર્યું હતું.

જોકે રોટેશન પ્રમાણે હેડશીપ બદલાતાં નવા અધ્યક્ષે એમ૦એ૦, એમ૦ફિલ૦ બંનેમાં સ્વનિર્ભર વર્ગો શરૂ કરવામાં યુનિવર્સિટીનો સહકાર કરેલો. એ વખતે દબાણો પણ વધુ હતાં. ભલે. જોકે ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર : બંને વર્ગો તો ભેગા જ લેવાતા. એટલે કશુ નવું તો બન્યું નહિ. હા! વિદ્યાર્થીનાં ખિસ્સાં-વાલીનાં ખિસ્સા – કપાતાં રહ્યાં ને સંસ્થાને આવક વધતી રહી. થોડાક વધારાના વર્ગો ગણાવીને અધ્યાપકોને પણ 'પ્રેરક' રકમ ચૂકવાતી. ને એમ થોડાં વર્ષો ચાલતું રહ્યું – બધું. બીજી અનેક સંસ્થાઓએ પણ આવા વર્ગો મંજૂરી લઈને શરૂ કર્યાં. સ્પર્ધા વધી. ક્યાંક તો સાવ નબળા શિક્ષકો ને ભૂતિયા હાજરી. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે 'સેલ્ફ ફાઇનાન્સ પદ્ધતિ' – ગુજરાતભરમાં, ચેપી રોગની જેમ લાગુ પડી ગઈ... ને ધોરણોની ધૂળધાણી થઈ ગઈ! બધા જ પક્ષોની 'સહિયારી' રીતરસમો હોવાથી શિક્ષણક્ષેત્ર પુનઃ બોડીબામણીનું ખેતર બની ગયું... 'માંહી પડ્યા તે મહાસુખ માણે' – જેવો ઘાટ થતાં પ્રવાહમાં ઝંપલાવનારા વધતા જ ગયા... બાકી હતું તે ઉતાવળે અને વણસમજ્યે અમલમાં આવેલી સેમેસ્ટર પદ્ધતિએ પૂરું કર્યું. મલ્ટીપલ ચોઇસ પ્રશ્નોની પરીક્ષારીતિઓ જ્ઞાન, સર્જકતા, લેખન, વિચાર શક્તિનો મૃત્યુઘંટ વગાડી દીધો. ને એમ આજે ગુજરાતમાં શિક્ષણનું ક્ષેત્ર મૃગજળ જેવું બની

ગયું છે ને તરસ્યાં નિર્દોષ હરણાં એ આભાસી જળને (મૃગજળને) પાણી સમજીને-રૂપિયા લઈને – એની પાછળ દોડ્યા કરે છે! ને એમ જગત ચાલ્યા કરે છે. શિક્ષણ જ જો ન બચ્યું હોય તો 'કેળવણી' તો ક્યાંથી હોય?! હા! કેટલાક અપવાદો છે ખરા!... પણ નકલંક તો એ ય નથી. સરકારે તકો જોઈને શાળા-કૉલેજો ખોલી : ઘણી બધી સંસ્થાઓ ખૂલી... પણ ત્યાં કદી પણ – દાયકો વીત્યા છતાં – પૂરતો તો નહિ જ, પણ અડધો સ્ટાફ 'પ્યોર ગવર્નમેન્ટ'-ની પરંપરા પ્રમાણે – અપવાદો સિવાય કશું જ કામ ન કરવાની પ્રણાલી હૃદયપૂર્વક નીભાવે છે. બધા જ હક્કો ભોગવે છે ફરજોને તો દેશવટો દીધો છે.

શિક્ષણની આવી બીમાર અને બિસ્માર હાલતમાં વિસ્મય મને કહે છે કે, 'મારે તો વધુ કામ કરવું છે, અહીં મને જૉબ સેટીસ્ફેક્શન (કાર્યસંતોષ) નથી મળતું. વળી કામ નહિ કરનારાઓનો પક્ષ લેવાય છે. કામ કરનારનું એપ્રિસિયેશન થતું નથી....'! એણે બીજાં એકબે ક્ષેત્રો ચકાસી જોયાં. જો કોઈ સ્વતંત્ર વ્યવસાય કરી શકાય તો?! શક્યતાઓ તો હતી, પણ સરકારી તંત્રો લાંચ વિના કાંઈ પણ – સાચું કાર્ય હોય તો પણ – કરવા તૈયાર થતાં નથી. આ સંજોગોમાં એણે એનો બદલાયેલો વિચાર મારી સામે – પ્રસ્તાવરૂપે – મૂક્યો!

- મને વધુ સારું અને વધુ તકો મળતી હોય એવું કાર્યક્ષેત્ર અમેરિકામાં મળી શકે છે. હું અમેરિકા જવા માગું છું. બને એટલું જલદી જવા ચાહું છું.
- અમેરિકા જવા સારુ હું અમેરિકન સીટીઝન હોય એવી યુવતી (જેની જાxખ આવતી હોય છે.) સાથે લગ્ન કરવાનું વિચારું છું.

હું અને ગોપી તો એના બંને પ્રસ્તાવોથી રાજી જ હતાં. મલય જ્યારે અમેરિકા ગયો ત્યારે વિસ્મયે અમને કહેલું કે એ પોતે U.S.A. નહીં જાય. અહીં અમારી સાથે જ રહેશે ને અમને સાચવશે. ને લગ્નનો વિચાર તો એણે જ માંડી વાળેલો. હવે પરિસ્થિતિઓ તથા ભાવિના સંદર્ભે એના વિચારો બદલાયા હોય તો એ અમને આવકાર્ય લાગે એ સહજ છે. એના લગ્ન કરવાના નિર્ણયથી ગોપી સૌથી વિશેષ રાજી હતી. 'પિતાજી હોત તો બહુ રાજી થાત' – એવું એ વારેવારે બીજાંને કહ્યા કરતી. મારી સાથેના એના વ્યવહારો હજી પણ નહિવત્ હતા. ને દૂરતા તથા નારાજગી બરકરાર હતાં. હું હવે ટેવાઈ ગયો હતો, વેઠવાનો તો વારસો મળેલો હતો એટલે પીડાને ચૂપચાપ પ્રેમથી જીવી લેવાની – અપનાવી લેવાની આદત હતી!

બહુ ઓછી વાર જીવનમાં ધારેલી વાતે સુયોગ સાંપડતો હોય છે. વિસ્મયનું નસીબ



પાધરું તે એના નિર્ણયને બીજે અઠવાડિયે 'નયા પડકાર'માં જાxખ. આવી. US સીટીઝન, સુશિક્ષિત, દેખાવડી, અમીન-પટેલ યુવતી માટે લગ્ન સંદર્ભે બાયોડેટા આવકાર્ય છે. વગેરે. સરનામું હતું અમારા 'સહજ' બંગલાથી ચાર લાઇન છોડીને, બાકરોલ રોડ પર આવેલા 'ક્ષિતિજ' બંગલાનું! અમારા ઘરથી – શાંતાબા બગીચાને બીજે છેડે – ચારસો મીટર માંડ થાય! જ્યાંથી હું રોજ પસાર થતો ને વધુ સમય બંધ રહેતો બંગલો જોતાં વિચારતો કે 'ક્ષિતિજ' નામ સરસ છે. રહેનારાં કોણ હશે?! વિસ્મયે મને જાxખ. બતાવીને કહેલું કે તમે મારો બાયોડેટા મોકલો. મેં પત્ર તૈયાર કર્યો ને વિસ્મયે બાયોડેટા. વિસ્મય ક્ષિતિજને દરવાજે ઊભો રહ્યો ને એનો મિત્ર તેજસ અંદર જઈને કવર આપી આવેલો. વગર જોયે બધાં જ ચોઘડિયાં સારાં જ હોય છે.

બીજે જ દિવસે મને ફોન આવ્યો : 'હલો! મણિલાલભાઈ, હું નલિની અમીન', 'ક્ષિતિજ બંગલોથી બોલું છું...' વગેરે. એમણે વિગતે વાત કરતાં કહેલું તે કૈંક આ પ્રમાણે હતું. 'વિસ્મયનો બાયોડેટા મળ્યો છે. મારી દીકરી પ્રાપ્તિ તો હજી ડિસેમ્બરના મધ્યે આવશે. (ત્યારે નવેમ્બરનો મધ્ય ચાલતો હતો.) બૅંક ઓવ્ અમેરિકામાં એની જૉબ છે. રજાઓ મળે એટલે એ આવશે. ત્યારની વાત ત્યારે. જે હશે–થશે તો છોકરાંઓ જાતે નિર્ણય લેશે. પણ ફોન તો મેં એટલે કર્યો છે કે – બાયોડેટામાંથી જાણ્યું કે તમે પ્રોફેસર છો ને ગુજરાતીના લેખક-કવિ પણ છો. તો મને વાંચવા માટે પુસ્તકો જોઈએ છે ને તમને સમય મળે તો મળવું છે. આઠ વર્ષ પહેલાં આણંદમાં મારું આંખનું દવાખાનું હતું ને પ્રાપ્તિના પપ્પા અનિલ અમીન એલિકોનમાં ઑફિસર હતા... તમે સમય કહેશો એટલે હું આવીશ.'

પછી તો મળવાનો સિલસિલો ચાલતો રહેલો. શિક્ષણ, સાહિત્ય, સમાજ, અમેરિકા, વગેરેની વાતો થતી હતી. પ્રાપ્તિ સરદાર પટેલ યુનિવર્સિટીના કૉમર્સ વિભાગમાંથી જ એમ૰કૉમ૰ થઈ હતી. એનું બધું શિક્ષણ વિદ્યાનગરમાં જ થયેલું. નલિનીબેન આંખનાં જાણીતાં સર્જન હતાં. ડૉ૰ જેઠવાની જેમ ખૂબ પ્રેક્ટિસ ચાલતી હતી. અનિલ અમીન અહીં ઇજનેરીનું ભણીને એલિકોનમાં જોડાયા હતા. વિશ્વખ્યાત આ કંપનીએ અનિલ અમીનને જર્મની ભણવા મોકલેલા. એમના પિતાજી જે૰ સી૰ અમીન (જયંત અમીન) પણ એલિકોનમાં ટ્રસ્ટી – સલાહકાર ઉપરાંત ઉચ્ચ હોદ્દો સંભાળતા હતા. આ લોકો મૂળે વીરસદના અમીન (લેઉઆ) પટેલ. નલિની-અનિલ અમીનને સંતાનમાં ત્રણ દીકરીઓ. મોટી પ્રાપ્તિ, નાની મોનેલ તથા જાનકી. મામા અમેરિકા હોવાથી ભણવા માટે અમેરિકા ગયેલાં. એટલે પછી બધાં ક્રમશઃ અમેરિકામાં જઈ વસેલાં. અમીન પરિવારને અહીં હૉસ્પિટલ ઉપરાંત વિઠ્ઠલ ઉદ્યોગનગરમાં એક-બે ઉદ્યોગો હતા. દાદાજી-

જે૦ સી૦ અમીને બધું સાચવેલું.

ડિસેમ્બરમાં પ્રાપ્તિ તથા બધો પરિવાર આવી જતાં એમણે પહેલી મુલાકાત વિસ્મય સાથે કરેલી. વિસ્મયે મને કહેલું કે એને એ ગમે છે – ને એની હા છે. મેં આ વાત અમીન પરિવારને પહોંચાડી હતી. અઠવાડિયા સુધી કોઈ સમાચાર નહિ આવેલા. પણ પછી પ્રાપ્તિએ વિસ્મયને એક સાંજે ડિનર માટે બોલાવ્યો. બીજે દિવસે પ્રાપ્તિએ મને પ્રથમવાર ફોન કરીને કહ્યું કે : 'હું તમારું ઘર જોવા આવી શકું?' મેં કહેલું : 'જરૂર આવો! તમારું જ ઘર સમજજો. આવો,' પછી તો સગાઈ, કંકોતરીઓ, લગ્નની તારીખ, સ્થળ, મેનૂ, ખરીદી બધું જ શરૂ થઈ ગયેલું... ને બહુ જ શાંતિપૂર્વક તથા આદર-માન સાથે લગ્ન અને રિસેપ્શન સમ્પન્ન થયાં હતાં. મારા-અમારા જીવનનો આ ધન્ય અવસર હતો. સર્વ વાતે ઉત્તમ હતો. વતનથી સગાંવ્હાલાં ને મિત્રો બધાં આવેલાં – મેં વાહનોની વ્યવસ્થા કરેલી. કોઈની ય પાસેથી ચાંલ્લો ને ભેટ લેવાનાં ન્હોતાં. મલય અને પારુલ વખતે ય ન્હોતાં લીધાં. અમેરિકાથી આવીને, વતનમાં પ્રથમ સંતાન પરણાવવાનો અમીન પરિવારનો આનંદ ગીત-સંગીત, ગરબાથી લઈને રિસેપ્શન સુધી અખંડ રહ્યો હતો. બાકી 'કોઈ લેવડદેવડ' વિના 'કંકુ અને કન્યા'-ની રસમ પળાઈ હતી.

જરા નહિ, ખાસ્સું આશ્ચર્ય થાય એવી વાત હતી આ. સામાન્ય રીતે – (થોડાં વર્ષો પહેલાં) – ચરોતરના પટેલો ગોળ બ્હાર દીકરી દેતા-લેતા નથી. હવે ગોળબાધ ઓછો થયો છે છતાં સાત ગામ, છ ગામ-ના પટેલોમાં હજી ઊંચા હોવાનું અભિમાન છે ખરું. વિદેશોમાં ય ગોળ પ્રમાણે મેળાવડા થાય છે. ત્યારે વીરસદના અમીન-પટેલ, છેક પછાત ગણાતા પંચમહાલના પટેલને ત્યાં કન્યા આપવા રાજી થાય એ વાત વિચારતા કરી દે છે જરૂર... જોકે એમાં બંને દીકરાઓનું ભણતર તથા ઘરમાંથી મળેલા સંસ્કારો, વિનય વિવેક, સમજણ વગેરે મહત્ત્વનાં ગણાયાં હોય એ સ્વાભાવિક છે. મલયના સસરા નવીનચન્દ્ર છોટાલાલનો પરિવાર પણ શિક્ષણક્ષેત્રે દાન કરનારો. ઉચ્ચ વિચારો, સાદું જીવન અને ઘર ખેતી ધંધો ઘણાં સમૃદ્ધ! નવીનચન્દ્રે તો જમાઈ ડૉક્ટર છે એટલું જોયેલું. બાકી કશી તપાસ નહિ કરેલી. દીકરીના બાપે દીકરી વરાવતાં પ્હેલાં સાત ગળણે પાણી ગાળી જોવું પડે. ને એ જરૂરી પણ છે. અમીન પરિવારે ઉચિત રીતે જ મારી તથા મારા પરિવારની વિગતો, એમના સોર્સ કામે લગાડીને મેળવી હતી. જોકે વિસ્મયનું વ્યક્તિત્વ તથા અમારું વિદ્યાનગરમાં સ્થાયી હોવું, લેખન-વાચનમાં મારું ગુજરાતમાં નામકામ હોવું એ પણ ઘણાં અગત્યનાં પરિબળો હતાં – જે ધ્યાને લેવાયા હતાં.

નોકરીનાં પ્રથમ ચૌદ વર્ષ મેં મારા પિતાજીને નિયમિત અડધોઅડધ પગાર આપેલો.



મને અગવડ પડતી તો પણ એ જરૂરી હતું. ને એથી ભાઈઓ-બ્હેનોના વ્યવહારો સચવાયાનો મને સંતોષ હતો. પણ મારો એ અનુભવ ઘણો કષ્ટદાયક હતો. જીવનમાં મને ઘરેથી પૈસાની કે બીજી પણ કોઈ સહાય કદી નથી મળી, સહાય કરીને ય હું ઉપેક્ષિત ને અળખામણો રહ્યો હતો. આજે ય ગુણને કે ગુણવત્તાને યાદ કરનારાં નથી મળતાં. ખેર, જેવી જેની સમજણ! કદાચ આવા અનુભવોમાંથી જ મને સૂઝ્યું હશે? મેં મારા બંને દીકરાઓને – નોકરીએ ચઢ્યા ત્યારથી – કદીય એમનો શું પગાર છે? ને પગારનું એ શું કરે છે? એવું પૂછ્યું નથી. કદી પગાર માગ્યો નથી. આજે અમેરિકા જઈએ છીએ ત્યારે ય અમે અમારી રીતે જ ટિકિટો/ખર્ચો કરીએ-કરાવીએ છીએ. મારે નોંધવું જોઈએ કે બંને દીકરાઓએ એમનાં લગ્ન વખતે એમનો બધો જ ખર્ચ એમની બચતમાંથી કર્યો હતો. બધાં લગ્નોમાં મારે ભાગે બહુ ઓછું ખર્ચ આવ્યું હતું.

લગ્ન પછી પ્રાપ્તિ ત્રણેક માસ રોકાઈ હતી. દિલ્હી જઈને વિસ્મયના વિસા માટે જરૂરી પેપર્સ સુપરત કર્યાં હતાં. માર્ચમાં એ ગઈ ત્યારે વિસ્મય-પ્રાપ્તિએ મને હુંડાઈની સાડા પાંચ લાખની કારની ચાવી આપતાં આશીર્વાદ માગ્યા હતા. વળી, પારુલના બૅંક ખાતામાં વ્યાજ જમા થયા કરે, એ રીતે પાંચ લાખ રૂની F.D. પણ કરતાં ગયેલાં. પ્રાપ્તિ માર્ચ ૨૦૦૭માં ગઈ એ પછી જુલાઈ ૨૦૦૭માં વિસ્મયને વિસા મળતા એણે 'એનવીપાસ'માંથી રાજીનામું મૂકેલું. ચારુતર વિદ્યામંડળે રાજીનામું તો સ્વીકાર્યું પરંતુ પેલો પચ્ચીસ હજારનો બેસ્ટ ટીચર એવોર્ડ નહિ આપ્યો! વળી એના 'લીવ એનકેશ'ના ૭૫ હજાર રૂપિયા પણ નહિ આપ્યા. આવા સુખ્યાત સંચાલક મંડળના વડાની આવી હીન માનસિકતા કોઈને પણ આઘાત આપે એવી છે. મહેનત કરનારને તો તકો આવી જ મળે છે... પણ જે માગણ હોય છે એ તો માગણ જ રહે છે.

❑

## ૨૪

# ન્યાતબ્હારઃ પીડા અને પ્રાપ્તિ

હયાતી અને નિયતિ વચ્ચે હંમેશાં સંઘર્ષ ચાલતો જ રહે છે. જીવન કોઈને કોઈ રીતે અવરુદ્ધ થતું રહે છે ને ચેતનાને તો નૈસર્ગિક વેગાવેગમાં વ્હેતા રહેવું હોય છે. કશોક શાપિત સંદર્ભ આપણા હોવાપણાને આવૃત્ત કરતો રહે છે ને એનો કશો જ ઉપાય નથી હોતો. વેઠી લેવાનું – એ જ એનો ઉકેલ. નિયતિ આમ કઠોર છે ને જીવન કરુણથી સભર! એટલે માણસ માત્ર – જીવ માત્ર કુદરતની કરુણા ઝંખે છે. કવિ કાન્તે સમયને – કાળને 'નિષ્ઠુરપ્રાણ' કહ્યો છે : 'ઊંડાણોમાં પડી, સૂઈ જતો નિષ્ઠુર પ્રાણ કાલ' : સાચું છે કે કાળનો ય કાળ તે કાળ છે જે નિષ્ઠુરતાથી પ્રવર્તે છે. માણસ તો પવને પાંદડા જેવો છે! પણ નિસર્ગની અપાર લીલાઓ, માણસને – જો પરખતાં/ આસ્વાદતાં – આવડે તો એને માટે આનંદોનો ઓઘ બની રહે છે. પ્રકૃતિ માફ નથી કરતી પણ પ્રસન્ન થવાની પળો પ્રત્યક્ષ કરતી રહે છે. રવિ ઠાકુરે એટલે તો કહેલું કે : 'આવી સૌન્દર્યવતી, અતિ રમણીય સૃષ્ટિ છોડીને મારે મરવું નથી; મારે તો આ સુંદર પૃથ્વી ઉપર બસ જીવ્યા જ કરવું છે!' મને પણ પ્રકૃતિ વિના ચેન પડતું નથી. હું માણસોને મળવાનું ટાળતો નથી, પણ વૃક્ષો સાથેનો નિત્યસંવાદ મારે માટે જીવન-સંજીવની છે. ઘડપણ શરીરને આવે છે – આત્મા તો પવનની લ્હેર જેવો સદાય લ્હેરમાં હોય છે. પણ સ્વસ્થ શરીરના માધ્યમ વિના એની લ્હેરો પ્રવર્તી શકતી નથી. એટલે કાયાનું વળગણ છૂટતું નથી. મૂળ તત્ત્વને પામવા માધ્યમનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી. હોવાપણાની આવી મજબૂરીનો સામનો કરવાનું કદી છૂટતું નથી. ચિંતકો–કવિઓ–ઋષિમુનિઓનાં આપેલાં જીવનસૂત્રો તો ઘણાં છે... પણ સૂત્રો પ્રમાણે રોજ જીવાતું નથી. સૂત્રો પુસ્તકોમાં તથા ભીંતો પર સારાં લાગે છે. એના આચરનારા તો આજે શોધ્યાય જડતા નથી. હા! સૂત્રો દ્વારા – અનુભવો પ્રમાણે – સમજણ મળે છે ને એને બળે જીવી જવાય છે.

એક દિવસ, અમારા 'બાવન પાટીદાર સમાજ'-ના નવા મંત્રીનો ફોન આવ્યો (૨૦૦૮–૦૯ની વાત છે.) : 'વસંતપંચમીએ આખો સમાજ – દશ-બાર હજાર માણસો



– મળી રહ્યો છે. સમાજનો માહિતીગ્રંથ પહેલીવાર પ્રકાશિત થઈ રહ્યો છે. છસો-સાતસો પાનાંનો ગ્રંથ 'ડિરેક્ટરી' પણ ધરાવે છે. આ અવસરે તમે આવો અને સમાજને સંબોધો – 'બેટી બચાવો' વિશે વાત કરો તથા યુવાનોને માર્ગદર્શન આપો – એવી સૌની ઇચ્છા છે' : બીજા ચાર-છ દિવસ પછી બે-ત્રણ વડીલોએ પણ ફોન પર વાત કરેલી : 'તમે આવો જ. સમાજ તમારું સન્માન કરવા ઉત્સુક છે. એ સમય જતો રહ્યો છે ને એ વડીલો ય નથી રહ્યા જેમણે તમને ન્યાતબ્હાર મૂકવાનો નિર્ણય ઊતાવળે સંભળાવેલો. આજે બધાંને સમજાય છે કે એ પગલું વડીલોએ ન્હોતું લેવા જેવું! તમારા જેવી વ્યક્તિ તો સમાજ માટે ઘરેણું છે. તમે તો બ્હાર, ગુજરાતમાં આપણા મલકની નામના વધારી છે. તમે પુનઃ ન્યાતમાં જોડાવ એવી અમારી વિનંતી સ્વીકારો ને પંગતમાં સાથે બેસીને જમીએ – તમે આવો, મણિભાઈ! અમારા પર રહેમ કરો.'

ન્યાત માટે મને કોઈ 'વેરઝેર'-નો ભાવ તો ન્હોતો જ. બલકે ન્યાતમાંથી નીકળી જવાનો પત્ર તો મેં જ ન્યાતના વડીલોને લખેલો... ને પછી એમણે સભા ભરીને મને તથા મધવાસના વ્હાલા રેવજીને – અમારા પરિવારસમેત – બહિષ્કાર સંભળાવેલો. સમાજમાં એક ત્રીજી વ્યક્તિ પણ હતી જેની દીકરીની દીકરીએ પણ બીજા સમાજમાં (વડોદરા) પ્રેમલગ્ન કરેલું. પણ એમનો બહિષ્કાર સમાજે કેમ ન કર્યો? – તેવો પ્રશ્ન કોઈએ ઉઠાવેલો જ નહિ. આવા પક્ષપાતો આગેવાનો તથા સગાંમાં થતા હોય છે. માણસની નબળાઈ જતી નથી. મને તો 'બહિષ્કાર'નો વાંધો ન્હોતો. બલકે મારી જેમ અન્યનો બહિષ્કાર ન થાય એમાં જ હું તો રાજી હતો. છું. આજે પણ ન્યાતમાં દંડ-બહિષ્કાર થાય છે એ મને સ્વીકાર્ય નથી. ભૂલ કરનારને એ ભૂલ ન પણ લાગી હોય, અથવા એની પાસે કોઈ વિકલ્પ ન હોય, એ નિર્ણય પરિવાર/સંતાનોના હિતમાં કરવો પડ્યો હોય – વગેરે બાબતો વિચારવી જોઈએ. સમાજના સુશિક્ષિત આગેવાનો આજે પણ મસમોટો દંડ કરીને રાજી થાય છે એ વાત મને ખૂબ અજંપ કરે છે. રે! હું શું કરું?? માણસોને સાંભળો, સમજો; ભૂલ માટે બીજા ઉપાયો છે. ક્ષમા કરતાં શીખો. હવે સમાજ વ્યક્તિના હક્કો તથા સ્વાતંત્ર્ય પર આવી તરાપ મારે તથા જોહુકમી કરી ડરાવે તે યુવાનોએ વેઠવું ન જોઈએ. આજે તો 'સમાજમુક્ત' થઈને વધુ સારી રીતે 'મુક્ત સમાજ'માં શાંતિથી જીવી શકાય છે એ મારો અનુભવ છે. સમાજના પરંપરાગત તથા કેટલાક આજે તો સાવ – અપ્રસ્તુત રિવાજોમાંથી, એવી કુરૂઢિઓમાંથી મુક્ત રહીને નવયુવાન પેઢી વધુ પ્રગતિ કરી શકે છે. કેટલાક એ દિશામાં પ્હેલ કરવાની હિંમત દાખવે એની હું રાહ જોઉં છું... ક્યાંક એકલદોકલ હશે પણ ખરા!

સમાજના પ્રેમાદરભર્યાં નિમંત્રણનો અસ્વીકાર કરવાનું મને કોઈ કારણ ન્હોતું. કેમકે

હું ન્યાતબ્હાર મૂકાયો ત્યારથી એક અડગ નિર્ણય કરી લીધેલો કે : 'જે ન્યાતની પંગતમાંથી આપણી પતરાળી એકવાર ઊઠી ગઈ – બહિષ્કૃત થઈ – એ પંગતમાં સુવર્ણ આસને, ચાંદીની થાળીમાં, છપ્પનભોગ પીરસાય તો પણ, ન બેસવું તે ન જ બેસવું!' મારો આ નિર્ણય અફર ને અટલ છે – કાલે ય હતો, આજેય છે, ને આવતીકાલે ય એ જ રહેશે. જે ભોજન ન્યાતનું/ન્યાતના રિવાજનું હોય તે મને 'અગરાજ' – (અગ્રાહ્ય) છે. આ નિર્ણય મારા પૂરતો છે. પત્ની અને સંતાનો એમની રીતે મુક્ત છે – જોકે એ ય ભાગ્યે જ જમવાનું સ્વીકારે છે. હા! આડા દિવસે, મિત્રભાવે દાવે, કોઈની ય સાથે રોટલો ખાઈ શકાય. પણ એ ય મેં તો ભાઈબ્હેન તથા બે મિત્રો પૂરતું સ્વીકાર્યું છે.

સમાજનું નિમંત્રણ આવ્યું એ પ્હેલાં વતનમાં ભાઈઓ તથા બ્હેનોને ત્યાં ક્વચિત્ મળવા જવાનું મેં મારી રીતે સ્વીકારેલું. હું વતનગામ – સીમવગડે – ને સગાંવ્હાલાંને જોયા-મળ્યા વગર પાંચ છ વર્ષ બહુ બહુ જ સોરાયો છું... ઘણી રાતોમાં આંસુય વહાવ્યાં છે. એકલાપણું અનુભવ્યું છે. બા તો બરાબર છે પણ કઠોર પિતાજી પણ ખૂબ યાદ આવ્યા છે. આ દિવસોમાં અંગત સગાં તથા થોડાક મિત્રો સામે મારી તીવ્ર ફરિયાદ રહેલી : મનોમન હું મને – એમને – જાણે પૂછતો હતો, કે –

- તમે મને છાનામાના આવીને મળી જતા કેમ નથી?
- તમને નથી થતું કે ભાઈ – પરિવાર – સોરાતો હશે?
- મેં તમને ભણાવ્યાં – પરણાવ્યાં – મદદો કરી : એ ય ભૂલી ગયાં? મેં આવું નાહિંમતનું શીખવેલું?
- અરે, એકવાર ફોન તો કરો?! ખબર તો પૂછો કે અમે જીવતાં છીએ કે નથી? આ પૃથ્વી પર...
- ભણાવ્યાં છે તો એક પોસ્ટકાર્ડ તો લખો? શું ન્યાતે જાસૂસ મૂકેલો છે?
- અરે! ન્યાતનો આટલો બધો ડર કેમ રાખો છો?
- તમારી ન્યાત ને તમારા આગેવાનો ક્યાં દૂધે ધોયલા છે? બધાંના કરતૂતો લોક જાણે છે.
- ને મેં દીકરીને પ્રેમથી વરાવી છે. કોઈ ખૂન તો નથી કર્યું?
- વ્હાલાં સગાં! મારા મિત્રો તમે ચૂપ કેમ છો? આઘાં ને અળગાં કેમ છો?? તમારું લોહી શાંત કેમ છે?



- સુધારાની વાતો કરતા દોસ્તો! કોનાથી ડરી રહ્યા છો?

પણ વતનથી વિદ્યાનગરનું માત્ર ૧૨૦ કિ.મી.નું અંતર હજારો માઈલનું બની રહ્યું! હું લાગણીભીનો થઈ જતો તો ય મેં હિમ્મત હારી ન્હોતી. 'જય પંચમહાલ' (લુણાવાડાથી પ્રકાશિત થતું સાપ્તાહિક)-માં હું 'મહિસાગરને કાંઠે' – કૉલમમાં મારા આકરા વિચારો તથા શિક્ષણ – સમાજ – સાહિત્ય વિશે મુક્તપણે લખતો રહેલો.

ઈ૦સ૦ ૨૦૦૦ પછી તરતનાં વર્ષોમાં સમીકરણો બદલાવા માંડે છે. મને, મારાં પુસ્તકોને ઇનામો – પારિતોષિકો મળવા માંડે છે. મારાં પુસ્તકો તથા લેખો અને વ્યાખ્યાનોની વાતો પણ સમાજને કાને પડે છે. મારી કૃતિઓ પાઠ્યપુસ્તકોમાં મૂકાતાં આચાર્યશ્રી એસ૦ જે૦ પટેલ (મધવાસ) જેવા અગ્રણીઓને સમજાય છે કે – મણિલાલનું સ્થાન આપણી વચ્ચે હોવું જોઈએ. આપણા સમાજ માટે એ ગૌરવરૂપ વ્યક્તિ છે. મારાં સ્વજનોને સમાજના આગેવાનો તરફથી સંકેત મળે છે કે : તમે મણિલાલને પર્વેપ્રસંગે બોલાવો તો કોઈને વાંધો નથી. મારા દીકરાઓની સગાઈ માટે પણ સમાજમાંથી મને ફોન આવતા હતા... 'અમે આણંદ આવીને દીકરી પરણાવી આપીશું. વગેરે.' પણ મારો નિર્ણય એ પણ હતો કે : સંતાનોને પુનઃ એવા રૂઢિગ્રસ્ત અને સંકીર્ણ માનસિકતાવાળા સમાજમાં પાછાં ધકેલીને હેરાન નથી કરવાં. આજે ઘણા કહે છે કે ન્યાતબ્હાર રહેવાથી તમને તથા તમારાં સંતાનોને બહુ લાભ થયો છે.

ઈ૦સ૦ ૨૦૦૨માં ચિ૦ મલયના લગ્ન પછી – થોડાં સ્વજનો – ચિ૦ મલયના લગ્નમાં આવી ગયાં પછી – સ્વજનો મને પર્વેપ્રસંગે નોંતરતાં થયેલાં. બ્હેન જશોદાના ભાણાના મામેરા પ્રસંગે તથા નાનાભાઈ – જેઠાભાઈના દીકરાનાં લગ્ન પ્રસંગે – સાળાના દીકરાના લગ્ન વખતે પણ હું ગયો હતો. સામાજિક વ્યવહાર તથા ન્યાતના જમણથી અળગા રહીને મેં એ પ્રસંગોમાં હાજર રહીને, મારી ફરજો અદા કરી હતી. મને હતું કે પિતાજીને એથી સારું લાગશે પણ એમની કશી હકારાત્મક પ્રતિક્રિયા મને વર્તાઈ ન્હોતી. આવા પ્રસંગોમાં હું મહેમાનોની આગતાસ્વાગતા તથા સેવા આદિમાં મદદ કરતો... ને મારું જમવાનું કોઈ મિત્રને ત્યાં – રોટલો દહીં – ગોઠવી લેતો અથવા હાઈવે પરની હોટેલમાં જઈને ખાવા ખાતર દાળભાત ખાઈ લેતો. આ સ્થિતિ સ્વજનો, મિત્રો, ન્યાતના વડીલોને પણ કઠતી; પણ હું મારી વાતની કોઈ ચર્ચા કરવા ચાહતો ન્હોતો.

આપણા સમાજોમાં ન્યાતબ્હાર મૂકવા-મૂકાવવાની વાતની કશી નવાઈ નથી. આ પણ એક કુરૂઢિ જ હતી ને એ દરેક સમાજોમાં હતી. આજે પણ કેટલાક સમાજોમાં આ વિચિત્ર સજા કરવામાં લોકોને આનંદ આવે છે. આવા સમાજોમાં આગેવાન બનવા

– કહેરાવવા – માટે સ્પર્ધા ચાલે છે. લોકોને આવો વિકૃત આનંદ લેવાનું ગમે છે. દક્ષિણ ગુજરાતના ઉમરસાડી ગામના મોનજીરુદરને, ત્યાંના ઉચ્ચ વર્ણ ગણાતા અનાવિલોએ – બાળવિધવા દીકરીને પરણાવવાની વાતે – ન્યાતબ્હાર મૂકીને, પારાવાર પીડાઓ આપી હતી. એ પહેલાં નર્મદે પણ ન્યાતનો ત્રાસ વેઠ્યો હતો. મહિપતરામ નીલકંઠને વિલાયત જવા બદલ જ્ઞાતિ બહિષ્કાર (બબ્બેવાર) વેઠવો પડેલો. ગાંધીજીને પણ વિલાયત જતાં પ્હેલાં બહિષ્કારની ધમકી સાંભળવી પડેલી. ઉમાશંકર જોશીનો બ્રાહ્મણ સમાજ, 'સાપના ભારા' (એકાંકી) : 'મારી ચંપાનો વર' (વાર્તા) જેવી કૃતિઓથી નારાજ હોઈ એમને બોલાવવાનું અંત સુધી ટાળતો રહેલો. ગુણવંતરાય આચાર્યને પણ ન્યાતબ્હાર મૂકેલા! તો પન્નાલાલનો સમાજ પણ ત્યારે તો એમની 'ઍબ ઉઘાડતી' કૃતિઓથી ચડભડ કરતો રહેલો. જોસેફ મેકવાનના રેખાચિત્રોથી એમાંનાં પાત્રો તથા સમાજ : બધાંને ફરિયાદ હતી. મારી વાર્તા : 'પીટીસી થયેલી વહુ' – માટે મને ન્યાતબ્હાર મૂકવા સમાજે મિટિંગો કરેલી. આવા બીજા પણ અનેક છાના કે જાહેર કિસ્સા હશે જ! જીવનનું આ પણ એક વાસ્તવ છે. ઝરણાંના માર્ગમાં પથ્થરના અવરોધો આવે છે; ત્યારે જ એ કલકલ નાદ કરીને, સૌનું વ્હાલું બની રહે છે. છાતીમાં છેદ પડાવીને વાંસ મોરલી બને છે. આ ય મસ્તી છે.

તો, મને પુનઃ ન્યાતમાં હાજર રહીને ન્યાતમાં જોડાવાનું નોતરું મળ્યું ત્યારે, મને મારા પિતાજી જ પ્હેલા યાદ આવ્યા. એ હોત તો રાજી થાત કે એમના દીકરાને સમાજ હવે સામેથી બોલાવીને સન્માન સાથે ન્યાતમાં જોડાઈ જવા કહી રહ્યો હતો. મારે મન આ કોઈ મોટી વાત ન્હોતી પણ મારાં સગાંવ્હાલાં ખૂબ રાજી હતાં. વસંતપંચમીનો એ દિવસ હતો. સાત આઠ હજાર માણસો નિરાંતે સાંભળવા બેઠા હતા. મારું સન્માન થાય ને હું ન્યાતમાં પરત ફરું – ને એ ય મારી વિનંતીથી નહિ, પણ સમાજની ભલી લાગણીથી એ થતું હોય – તો પણ/બલ્કે તેથી જ કેટલાક લોકોને એ ખૂંચતું હતું. મને એની ગંધ જલદી આવી ગયેલી. સરદાર પટેલની સરસ પ્રતિકૃતિ સાથે શાલ ઓઢાડીને મારું સન્માન કરવામાં આવ્યું. પરંતુ મારા વક્તવ્યને છેક છેલ્લે લઈ જઈને ટાળી દેવાની ચાલ ચાલનારા છેવટે ના ફાવ્યા. પ્રમુખના સમાપન વક્તવ્ય પછી મને માઇક સોંપાયું. ભોજનનો સમય વીતતો જતો હતો. છતાં લોકો મને સાંભળવા એક કાન થયાં હતાં. મેં મારી વાત આ રીતે મૂકી હતી : થોડાંક મુદ્દાઓ ટાંકું છું :

> 'હું તમારો બોલાવેલો આવ્યો છું. હું તમારામાંનો એક છું. આ મલકની માટી તમારી મા છે એમ મારી પણ મા છે. મણિલાલ પટેલ વાઘ નથી, ગભરાવ છો શા માટે?! તમે મારું સન્માન કર્યું છે એ માટે હું તમારો આભારી છું. તમે



> મને પુનઃ સમાજમાં જોડવા ચાહો છો – એ તમારી ભલી લાગણી માટે પણ હું નતમસ્તક છું. હું તમારાં ચીંધેલાં બધાં કામ કરીશ. હમણાં ન્યાત જમશે ત્યારે તમે કહેશો એમ તમારાં એંઠાં પતરાળાં ઉપાડવા લાગીશ. પણ, પણ હું તમારી સાથે એક પંગતમાં બેસીને નહીં જમું. એટલે કે હું ન્યાતમાં નહિ જોડાઉં. મને ક્ષમા કરજો. હું તમારી વચ્ચે આવતો-જતો રહીશ. પણ જે પંગતમાંથી મારી પતરાળી એકવાર ઊઠી ગઈ તે હવે એમ જ રહેશે...!
>
> તમે મને ન્યાતબ્હાર મૂક્યો એનો મેં સાદર સ્વીકાર જ કર્યો છે. આ ભૂમિ માટે ને તમારા સૌના પ્રેમ માટે હું આ વર્ષોમાં તડપતો રહ્યો છું. પણ તમે મારા પર મોટો ઉપકાર કર્યો છે. 'ન્યાતબ્હાર' ન રહ્યો હોત તો 'ભૂંસાતાં ગ્રામચિત્રો' જેવા લોકપ્રિય નિબંધો, 'ગામ જવાની હઠ છોડી દે' જેવી સુખ્યાત કવિતા, 'મગન સોમાની આશા' – જેવી નારીસંવેદનાની વાર્તાઓ ના જ લખાઈ હોત. હું તમારો ઓશિંગણ છું. તમે મને ન્યાતબ્હાર મૂકીને ય મનમાં તો સદાય યાદ રાખ્યો છે. હું તમારાં સંતાનોનાં દફતરોમાં – પાઠ્યપુસ્તકનો પાઠ બનીને – પેસીને રોજ તમારે ઘરે આવ્યો છું... ને હજી આવતો રહીશ.
>
> જ્ઞાતિબંધુઓ! યાદ રાખો કે 'સમાજ' કોણ છે? આ મારી આગળ પાછળ બેઠેલા કારોબારીના સભ્યો/હોદ્દેદારો તે સમાજ નથી. સમાજ તો તમે – સામે મેદની રૂપે બેઠા છો તે છે. એટલે હોદ્દેદારોથી ગભરાશો નહિ. નૈતિક રહીને વર્તજો, પણ કામ તો તમને સાચ્ચું લાગે એ જ કરશો. તમારા પરિવારના હિતમાં તથા સંતાનોના ભલા માટે જે યોગ્ય લાગે તે, સમાજના રિવાજોની પરવા કર્યા વિના, કરજો જ. તમારું જીવન તમારા નિર્ણયોથી ચલાવજો... એ જ સુખનો માર્ગ છે.' ('બેટી બચાવ' વિશેના વિચારો અહીં નોંધવા જરૂરી નથી. અસ્તુ.)

મારા વક્તવ્ય પછી થોડીવાર સોંપો પડી ગયો હતો. મને જમવા માટેનો આગ્રહ કરવામાં આવ્યો હતો. પણ સહુને મળીને હું ગામ તરફ નીકળી ગયો હતો. એ પછી સાત-આઠ વર્ષ સતત મને વસંતપંચમીની સભામાં – કારોબારીમાં પણ – બોલાવવામાં આવ્યો છે. મને સાંભળવા યુવાનો ને સ્ત્રીઓ ઉમટી પડે છે ને પ્રમુખમંત્રી પણ મને પૂરતો સમય આપે છે. મારું પ્રવચન ચર્ચાતું રહે છે. બધાં મકાઈનું છીણ ખાય છે. હું એ પણ લેતો નથી. હું મારી વાત પર કાયમ છું. સમાજની સ્કૂલોમાં જાઉં છું, શિક્ષકોને મળું છું. ને ભાષાસાહિત્યની વાતો કરું છું. વસંતપંચમીની સભામાં ય બ્હેનોને સાહિત્યની કથાવાર્તા કવિતા સંભળાવું-સમજાવું છું તે બહુ જ ગમે છે. મને મારા આ કામથી સંતોષ છે.

❑

# ૨૫

## ક્યાં વીતી ગયાં વર્ષો?!

આપણી બહુ જાણીતી લોકોક્તિ – 'વર્ષો પાણીના રેલાની જેમ વહી ગયાં' – આજે બરાબર સમજાય છે બલકે એનો સતત અહેસાસ થયા કરે છે. અરે! આપણે ય સિત્તેરમાં પ્રવેશી ગયા? આ ક્યારે, કેવી રીતે થયું? વર્ષો સરી ગયાં ને ખબર જ ન પડી! ઉમાશંકરે સાચું જ લખેલું કે, 'ગયાં વર્ષો એ તો ખબર જ ન પડી, કેમ જ ગયાં?!' ને હવે 'રહ્યા વર્ષો તેમાં' – હૃદય સતત સ્નેહ ઝંખે છે. કડવાશ નહીં, અસ્વીકાર નહીં હવે! હવે તો મધુરતા અને સર્વસ્વીકારની વાત! પણ આ બધું એટલું સહજ સરળ નથી. સમય તો આપણને તાવતો રહે છે. આપણે તો આજે ય સારા સમયની વાટ જોઈએ છીએ... પણ એ હજી આવ્યો નથી લાગતો! જોકે અનુભવો તથા એણે આપેલી સમજણ કહે છે તે સાચું છે : જે જીવી ગયા એ સમય જ ખરેખર સારો હતો! એણે તાવ્યા તપાવ્યા પણ ઘાટ તો એટલે જ ઘડાયોને?! ને અપેક્ષા જ એવી મોટી ક્યાં હતી? મહેનત અને પ્રકૃતિદત્ત શક્તિ પ્રમાણે મળ્યું એ માણ્યું છે – પ્રમાણ્યું અને સંતોષ લીધો છે.

ક્યારેક મને ય મન થાય છે કે હું પણ આ મણિલાલ હ૰ પટેલમાંથી બ્હાર નીકળી જાઉં ને એને દૂરથી જોઉં, તપાસું તથા એને વિશે બે વાતો લખું – કડવી, મીઠી! જરા એને ઠમઠોરું, ઠપકો આપું ને ઠારું! ભલા માણસ! જાત વિશે આમ લખવું સારું નહિ, હાંકે! આ દુનિયામાં દુઃખ કોને નથી પડ્યું? દુઃખ તો હોવાપણાનું સત્ય છે. કેમ ભૂલી ગયો મણિલાલ?! પેલાં બે ફિલ્મીગીતો સાંભળતો હતો, જોડે ગાતો-ગણગણતો હતો ને આંખો ભીની થઈ જતી હતી. ૧. ચલ અકેલા ચલ અકેલા... તેરા મેલા પીછે છૂટા રાહી! ચલ અકેલા! તેરા કોઈ સાથ ન દે તો તું ખુદ સે પ્રીત જોડ લે. બિછોના ધરતી કા કરલે, અરે! આકાશ ઓઢ લે! ઐસા કોઈ ઇન્સાન કહાં હૈ જિસને દુઃખ ન ઝેલા... ચલ અકેલા!

૨. કસમે વાદે પ્યાર વફા : સબ બાતે હૈ બાતો કા ક્યા?



યે સબ જૂઠે નાતે હૈ નાતો કા ક્યા?!
હોગા મસીહા સામને તેરે ફિર ભી ન તું બચ પાયેગા
તેરા અપના ખૂન હી આખિર તુજ કો આગ લગાયેલા....
દેતે હૈ ભગવાન કો ધોખા, ઇન્સાં કો ક્યા છોડેંગે?!

ત્યારે પણ – યુવાનીનાં વર્ષોમાં – કરુણ ગીતો જ વધુ ગમ્યાં છે. ને આજે પણ, મણિલાલજી! તમને એ કરુણ રસ જ શાતા આપે છે. બધું વેઠીને ય તમે સ્વજનોને ચાહતા રહ્યા છો. તમે સ્નેહના-પ્રેમના માણસ છો. જરીક ભાવાદર જોયો નથી ને રાજી થયા નથી... ને એમ ઠોકરો ય ખાધી. પ્રકૃતિમાં જઈને ઠરવાનું ઠેઠથી સાથે રહેલું તે આજે હવે એ પ્રકૃતિનો ખોળો જ તમારો સહારો છે... ને એનો તમને રાજીપો છે. માણસ કરતાં વૃક્ષોને મળવાનું તમને વધુ ગમે છે.

મણિલાલ! માણસો, મિત્રો તમને તાવતા રહ્યા છે. દાવ તમારે માથે નાખીને એ ફાવતા રહ્યા છે. તમને મિત્રોએ મહત્ત્વાકાંક્ષી કહ્યા, કારકિર્દી બનાવનાર કહ્યા, તમારે માથે આળ મૂક્યાં, તમે જે વાતે કશું જાણતા પણ ન હો એવી વાતે આક્ષેપો મૂક્યા. તમે જાત મહેનતથી મેળવતા રહ્યા.. તોય ઘણાંને એ ન ગમ્યું. બે-ત્રણ મિત્રો તો તમને એવા ય મળ્યા કે એ આજીવન તમારી ટીકા કરવા તત્પર રહ્યા છે – તમે તો એમની સારી વાતો – શક્તિઓ – વિશેષોની સદાય નોંધ લીધી છે ને બીજાઓ આગળ એમને વખાણ્યા ય છે! પણ મણિલાલજી! કૂતરાની પૂંછડી કદી સીધી થયાનું જાણ્યું છે, તમે?! તો બસ! ત્યારે લખતા વાંચતા રહો! જોકે તમને એવી બધી વાતો-વિગતો-વ્યથાઓ કોઠે પડી ગયેલી છે... ને હવે તો એ ય ઊંડે ઊંડે ધરબાઈ ગઈ છે. તમે હવે વાચનમાં વ્યસ્ત છો, વક્તવ્યો આપવાનું તમને ગમે છે, પ્રકૃતિમાં વધુ ને વધુ તન્મય રહેવા મથો છો... તમે ઘરસંસારની જવાબદારીઓથી મુક્ત છો... રોજિંદા જીવનનો સાથ નીભાવો છે... ને કેટલાક મનગમતા પ્રોજેક્ટ કરો છો. આનંદ!

○

દરેક જમાનો એની નીતિરીતિઓ લઈને આવે છે. આપણને ન ફાવે તો આપણે ન્યાતબ્હાર! કોઈ હવે કોઈની પરવા કરતું નથી. મમત મૂકી દેનારા ફાવે છે. 'સમય એનું કામ કરતો રહે છે.' – એવું કહીએ છીએ પણ સમય તો છે એમ જ છે... કરવા જેવાં ને નહિ કરવા જેવાં કામ તો માણસજાત કરતી રહે છે. પ્રજાઓ ખત્તા ખાય છે ને પાછી બેઠી થાય છે. એટલે હવે કઠોરતા ને કોમળતા-ની વાત છોડો, મિત્ર મણિલાલ! તટસ્થ થઈને જોતા રહો, ગમે તો માણો, જાણો; બાકી જવા દો, યાર! યાદ

કરો પ્રવૃત્તિનાં એ વર્ષો! તમે તો સતત સક્રિય અને જવાબદાર રહ્યા છો. ગુજરાતીનો અધ્યાપકસંઘ-ના પ્રમુખપદેથી ચાર્જ આપતાં તમે અધ્યાપકોને જે કઠોર ને કડવાં વચનો કહીને, એમના દાયિત્વ વિશે જાગૃત કરેલા એ બધાંને યાદ છે – હજી! તમારી નિસબતની મિસાલ તમને થોડી કહેવાની હોય?! મિત્ર જયદેવ શુક્લ કહે છે એમ : તમે તૈયાર કરેલા ઉત્તમ વિદ્યાર્થીઓ જ તમારી મિસાલના મશાલચીઓ છે. હાસ્તો! તમારો વારસો તથા તમારી મૂડી એ છે – જવાબદારીપૂર્વક કાર્ય કરતા તમારા વિદ્યાર્થીઓ છે.

તમે કેટલાં નામ ગણાવશો? ને તો ય તમારાં વિદ્યાર્થી ભાઈ-બ્હેનોનાં નામ પૂરાં નહિ થાય. કેટલાંક નિકટના સ્વજન બની ગયાં છે – તે એમની તો વાત જ શી કરવાની?! તમે એમના આત્મીય છો... ઋણ તો એમના પ્રેમાદરનું ય માથે છે – મણિલાલજી! ૨૫-ને તમે પીએચ૦ડી૦ની પદવી માટે તો ૭૫-ને તમે એમ૦ફિલ૦ માટે માર્ગદર્શન આપીને તૈયાર કર્યાં છે... ને એ સિવાય પણ ઘણાંને એમ જ દિશા દેખાડી, લખાવ્યું – વંચાવ્યું ને આગળ મોકલ્યાં, એ સંખ્યાય શતક ઉપર થાય છે... પણ રહેવા દો, મિત્ર! આ કાંઈ હિસાબ આપવાની વેળા નથી... અહીં કોઈ ચિત્રગુપ્ત ક્યાં કોઈને કશુંય પૂછે છે?! તમે અનેકોની જેમ 'નોકરી કરી ખાધી' નથી. તમે તો નિસબતથી જાત નીચોવી છે... પ્રેમથી શિક્ષણ આપી સમાજને કેળવણી પામેલાં નવયુવાનો આપવા સારુ નિત્ય નવા પાઠ લીધા છે. તે આજે ય તમે છેક ખેડબ્રહ્માની કૉલેજમાં મૅનેજિંગ ડાઇરેક્ટર તરીકે અને નડિયાદની મહિલા કૉલેજના સંચાલક મંડળમાં મૅનેજિંગ ટ્રસ્ટી (સભ્ય) તરીકે સેવાઓ આપવા પ્રેમથી જાવ છો. ત્યાં સંચાલન સાથે તમે સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ વર્ગો લેવાને પહેલી પસંદગી આપો છો. આણંદની કૉલેજોમાં ય તમે વર્ગો લેવા જાવ છો. વર્ગ વ્યાખ્યાન, આજે ય તમને રાજી રાજી કરી દે છે. તમે વર્ગના માણસ રહ્યા છો. સંજયતુલાના 'વિશ્વગ્રામ' સાથે જોડાઈને તમે યુવાનોને સંવેદનાની, સાહિત્યશિક્ષણની અને પ્રકૃતિની વાતો વડે કેળવણીનું મનગમતું કામ કરતા જ રહો છો. તમારું તો 'લાઇફ-મિશન' જ, સાહિત્ય અને શિક્ષણ રહ્યું છે... ને પરિણામો એની ગવાહી પૂરે છે.

તમારાં વિદ્યાર્થી ભાઈ-બ્હેનોએ ડૉ૦ અજયસિંહ ચૌહાણની આગેવાનીમાં, તમને ૬૦ વર્ષ પૂરાં થયાં ત્યારે 'ભાવપર્વ' યોજીને તમારાં ચાહકોનો એક ભાવ-મેળો યોજેલો. જેમાં ગુજરાતીના અગ્રણી સાહિત્યકારો તથા કવિમિત્રો જોડાયા હતા. વળી, પ્રો૦ નિરંજન પટેલ (સંસ્કૃત)ની સાથે, બીજા માનવવિદ્યાઓના અધ્યાપકો પણ એ ભાવપર્વના આયોજનમાં સહભાગી થયા હતા... તમારા માટેનો આવો પ્રેમાદર વિદ્યાનગરના કૅમ્પસમાં સૌને ધ્યાને આવેલો. ગુજરાતી વિભાગે પણ લઘુ ફિલ્મ બનાવીને, વિદ્વાનોને બોલાવીને



તથા એક વિશાળ ખંડમાં તમારું ગામ-ઘર ઊભું કરીને, તમારા વિદાય સમારંભને યાદગાર બનાવ્યો હતો. આ બધાંના ઋણમાંથી મુક્ત થવાનું અઘરું છે – એવું કહીને તમે જ ઉમેરેલું કે આવા ભાવપર્વના ઋણમાંથી મુક્ત થવાનું ગમતું પણ નથી. જે સમય તમારી કસોટી કરે છે એ સમય તમને ન્યાલ પણ કરી દે છે. તમે, આ બધી વાતે આજે ખૂબ પ્રસન્ન છો! ખરું ને મણિલાલ?!

જીવતરના અનેક નાટારંગ તમે જોયા છે. સ્વજનોની અકારણ કઠોરતા, મિત્રોના ફરેબ અને નારાજગી તમે જોયાં ને વેઠ્યાં છે, મિત્ર! સમકાલીનોનાં દ્વેષ અને ડંખ તમારે ભાગે કાયમ આવ્યાં છે. વડીલ સાહિત્યકારોના અન્યો (નિજી જનો) માટેના પક્ષપાત તમે જોતા રહ્યા છો... ઘણી વાર એનાથી તમને અન્યાય થયો હોવાની વાત તમારા નિકટ મિત્રોએ પણ તમને વારેવારે કરી છે. તમે ત્યારે, છેક નવમા ધોરણમાં ભણેલા તે બાળાશંકર કંથારિયાની ગઝલની પંક્તિઓ યાદ કરવાનું રાખ્યું છે :

ગુજારે જે શિરે તારે જગતનો નાથ, તે સહેજે,<br>
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે!

મણિલાલજી! તમે તો સતત કહેતા – કરતા – અનુભવતા રહ્યા છો – રામીમાએ કહેલી વાત : 'દીવો પોતાના દીવેલથી બળે છે – તેલ પૂરતો રહેજે!' : કોઈ કોઈને અકારણ કશું આપી દેતું નથી. ને એવું કોઈનું આપેલું ટકતું નથી. કાયમી ઓળખ તો આપબળે આગળ આવ્યાનો આનંદ જ પરમ આનંદ જેવો હોય છે. તમે તો, બાપદાદાએ આપેલું ને તમારા હક્કનું મેળવવા ચાહ્યું ત્યારે ય વડીલો નારાજ થઈને, કડવાં વેણ બોલીને, વિમુખ થઈ ગયાં છે...! તમારે હવે હક્ક જતાવવાનું ય ક્યાં રહ્યું છે? ફરજ ન ચૂકી જવાય એનું ધ્યાન રાખીને તમે હવે, પ્રકૃતિની જેમ રહેવાનું શીખી ગયા છો! મણિલાલ! તમને ઠપકો આપવાનું મન થાય છે એ તો તમારી વધુ પડતી લાગણીશીલતા માટે? થોડા કઠોર બનો. કડક શિક્ષક તો તમે આજેય છો. પણ બહુ વ્યથા વેદનાની વાતો સારી નહિ. જવા દો, દોસ્ત! 'તમે ઘમંડી છો કે સહુને મળતા નથી' – એવું તો તમારા હિતશત્રુઓ પણ નથી કહેતા! તો બસ! બાકી દુનિયા જખ મારે છે, તમતમારે જલસા કરો! કાલ કોણે દીઠી છે...!

❑

## ૨૬

# વ્યતીતની વાતો

ઘણા વડીલોની જેમ મને ય આજકાલ – ક્યારેક – એવું થાય છે કે : હવે વ્યાખ્યાનો કરવાનો અર્થ નથી – કોણ સાંભળે છે? કોણ/કેટલું અમલમાં મૂકે છે? હવે લખવાનું કોના માટે? વાંચનારા તો ઘટતા જાય છે. પણ તરત જ મારી અંદરથી બીજો અવાજ – જવાબ – આવે છે કે ના, બંને જરૂરી છે. ખુદ પોતાને માટે પણ જરૂરી છે... ને નવા વિચારો આવે એ માટે ય વક્તવ્યો જરૂરી છે. લખવાથી તો ભીતર કોળે છે – કૂંપળ મ્હોરે છે. મને સતત એવો અનુભવ પણ થતો રહ્યો છે કે તમારે તમારા સમયમાં હજાર રહેવું જ જોઈએ. તમે કશું પણ કહેવા – કરવા – બદલવા માગતા હો તો તમારા સમયમાં ગેરહાજર ન રહો. લખીને, વાર્તાલાપો કરીને હાજરી પૂરાવતા રહો... નહિ તો સમય તમને બાદ કરી દેશે. મિત્રોમાં ક્યારેક વાત થતી હોય છે : પ્રકૃતિએ તમને જો વિશેષ શક્તિ/પ્રતિભા આપી છે; તો એ શક્તિનો, એ પ્રતિભાનો તમારે ઉપયોગ કરવો જોઈએ. જો તમે તમારી નિસર્ગદત્ત શક્તિઓનો સદ્દુપયોગ નથી કરતા તો તમે પ્રકૃતિના – નિસર્ગના ગુનેગાર બનો છો! માટે લખો, વિચારો વ્હેંચતા રહો, પ્રકૃતિને પામતા રહો અને સમાજને એ બધું સમર્પિત કરતા રહો. ગર્દિશના દિવસોમાં – ઘોર નિરાશામાં હતો ત્યારે આશાએ કહેલું કે : તમને પ્રકૃતિએ વિશેષ પ્રતિભા માટે પસંદ કર્યા છે – તમને થોડીક વિશિષ્ટ એવી શક્તિઓ મળેલી છે – તમે એનો અનાદર ન કરી શકો. ઊઠો અને નવું કામ હાથમાં લ્યો! તમે સમર્થ છો...! તમારું કામ લાગણીઓમાં તણાઈ જવાનું નથી. સર્જકનું કામ તો સમાજને સ્વસ્થ કરવાનું છે.

❍

વીતેલાં વર્ષો પર, પાછી નજર કરું છું તો લાગે છે કે જે જે થયું છે તે તે વખતનાં જે તે પરિબળો પ્રમાણે થયું છે. ને બધું સારું તો થયું છે. હા, દરેક કાર્યને હજી વધારે સારી રીતે કરી શકાય – જો પુનઃ વીતેલાં વર્ષો પાછાં જીવવા મળે તો, આ જ સાહિત્ય, શિક્ષણ અને સમાજનાં ક્ષેત્રોમાં કર્યાં છે એ કાર્યોને વધારે ક્ષમતા કેળવીને, વધુ સારી રીતે કરી શકાય... પણ જે કાર્યો થયાં છે એનાથી અસંતોષ નથી. જે શક્તિ નિસર્ગે આપી એને કેળવીને, સંજોગો સાથે/સામે સંઘર્ષ કરતા રહીને ઘણાં કાર્યો કરી શકાયાં છે... ને હજી હથિયાર હેઠાં મૂક્યાં નથી. આપણાથી ઘણું ઉત્તમ કાર્ય કરનારાં માણસો હજી ય દૃષ્ટિપથમાં ઊભાં છે. સમય સાથે લડવાની તો ક્યાં નવાઈ છે?!



❍

વ્યતીતમાં છેક પાછળ જઈને જોઉં છું તો ખબર પડે છે કે કેવા કેવા અભાવોનો ને અજ્ઞાનથી ભરેલો એ અંધારિયો મલક! એવા પ્રદેશમાંથી નીકળીને કેટકેટલા પડાવો કરતો કરતો ને અવરોધો વળોટતો વળોટતો આજે હું આ પડાવે ઊભો છું! બહુ અંતર છે બંને છેડાઓ વચ્ચે, બહુ તફાવત પણ છે... ને અચરજ સાથે આનંદ થાય – એવો આજનો આ પડાવ છે. વ્હાલાએ વેઠવા વાસ્તે આપણી વરણી કરી છે તે એ હજી ય દાયકો જીવડાવશે ને તાવણી કરશે... ને આપણએ સજ્જ ઊભા છીએ.

મારો એ ત્યારનો – (૧૯૫૦–૧૯૭૫નો) – મલક આંખેથી ઓઝલ થતો નથી... ને આજનો ચ્હેરો સાવ બદલાઈ ગયેલો દેખું છું. ઓહ! સદી થઈ જતી ત્યારે માંડ પરિવર્તનો કળાતાં એવો ય કાળ હતો. સાંસ્કૃતિક પડાવો તથા બદલાવો ત્યારે ધીમા હતા, સગવડો ન્હોતી પણ પ્રજાઓએ પોતપોતાની જીવનરીતિ ઘડી ગોઠવી લીધી હતી. કોઈ ફરિયાદો કે કશી મોટી અપેક્ષાઓ ન્હોતી. આજના જેવાં-જેટલાં વેરઝેર ઈર્ષાદ્વેષ, લોભ-લાલચ, સ્વાર્થ-સંકુચિતતા પણ ન્હોતાં. પ્રેમ માટે, જરીક ભાવ ભાળ્યો કે બધું લૂંટાવી દેનારાં ને પોતાની શક્તિ-મતિ પ્રમાણે નીતિ/સદાચાર આચરનારાં એ જમાનાનાં લોકા ભૂલાતાં નથી. મારું શૈશવ એવાં માણસૂડાં મનેખ વચ્ચે વીતેલું.

ગાર-માટી, લાકડાં, નળિયાંના એ ઘર! એની ભીંતો એનાં તળિયાં, પડસાળો, ઓટલા આંગણાં છાણમાટીથી સરસ લીંપેલાં! બીજત્રીજના ચન્દ્ર જેવાં એ ઓળિપા-ઑકળિયો! ભોજાઈ અને બ્હેનદીકરીઓના હાથોની એ ભાવકળાઓ જોવા જીવ આજે ઝૂરે છે. મા-બેન-ભાભીના હાથના એ રોટલા – કઢી – શાક – ખીચડી –શીરો – કંસાર – સુખડીના સ્વાદ હજીય, રાવજી કહે છે એમ, આંગળીઓમાં સીસોટા મારે છે; જીભે પાણી વળે છે. એ પહેર્યાં લૂગડાંમાંથી આવતી કર્મ અને કાયાની સુગંધ એ સડ સડ સટાક સડ બોલતા રાતાપીળા લીલા રંગના અને જાડા કપડાંમાંથી સીવેલા ઘેરદાર ઘાઘરા, ચોળી – કાપડું – કાંચળીની ભાતો અને બોરિયા ફૂમતાંની શોભાઓ; ગવન-ટાફેટા ફાગણિયું બાંધણી ઓઢણી ગામઠી ભાત્યની કોર તથા પાલવવાળી એ

સાડીઓમાં, એ પ્હેરનારી માબેનદીકરીભાભીઓની ઓપતી કાયા અને સ્પર્શી જતી ગરિમા હું આજે ય તરસી નજરો શોધતો ફરું છું! ક્રૂર કાળ બધુંય ઝૂંટવી ગયો – એ કાળને તે શું કહીએ?! પશ્ચિમના પ્રભાવે આડો આંક વાળ્યો ને નવી પેઢીઓ એમાં લોભાઈ-લપટાઈ ગઈ....ને પોતાની મૂળ અસલ ઓળખ ખોઈ બેઠી છે. આજે તો ઘર-શેરી-ફળિયાં-પાદર-ગામ; ખાવું-પીવું, પ્હેરું-ઓઢવું, બોલવું-બેસવું, અરે! મારા બાપ! હસવું-રોવું ય બદલાઈ ગયાં છે... યંત્રયુગે મંત્રયુગની ચેતનાનો સંહાર કરીને જીવન સાવ સમથળ-સપાટ કરી દીધું છે! વિકાસની વાંઝણી સંસ્કૃતિએ પ્રશિષ્ટ જીવનની પ્રાણવાન પ્રકૃતિને પાડીને પાધર કરી દઈને વિકૃતિનાં વરવાં વાવેતર કરી દીધાં છે! પૃથ્વીથી આ હવે સહેવાતું નથી. તમે જુઓ! ચારેતરફ જળ-અગ્નિ-વાયુ-હિમનાં ભયંકર તોફાનો માનવજાતને મ્હાત કરીને મજબૂર કરી રહ્યાં છે ને તોય સત્તાધીશોની શાન ઠેકાણે આવતી નથી... જીવજંતુ, જનાવર, ઝાડ, પંખી, પ્હાડ, નદી નષ્ટ થઈ રહ્યાં છે. જીવન દોહ્યલાં બન્યાં છે.

૧૯મી સદીમાં વિજ્ઞાનની શોધખોળો સાથે દુનિયાભરમાં 'હુન્નરખાન'-ની ચઢાઈ થતાં યંત્રયુગનો પ્રસાર ઝડપી બનેલો. વીસમી સદી અનેક દેશો માટે ગુલામીમાંથી મુક્તિ મેળવવાની સદી બની રહેલી. હવે લોકશાહી સમાજવ્યવસ્થાઓ સાથે સાથે માનવ-અધિકારો વિશેની જાગૃતિ ને જિકર વધે છે. હવે ૨૧મી સદી વિજાણુ માધ્યમોનાં આશ્ચર્યો સાથે માહિતી વિસ્ફોટની સદી બનવા જઈ રહી છે. આ બધા છતાં માનવ સમાજોની સમસ્યાઓ તથા યાતનાઓ ઓછાં થવાને બદલે વધતાં જાય છે. હિંસા અને બર્બરતા પણ વધી રહ્યાં છે. દુનિયા મુઠ્ઠીમાં તો આવી છે પણ મુઠ્ઠી જેવડું હૃદય બિચારું, એકલું-અટૂલું અને હતાશા વચ્ચે ઝૂરતું રહ્યું છે. લાગણીઓનાં ઝરણાં-ઝરા ખૂટતાં ને સુક્કાતાં જાય છે. ટેક્નોલૉજીના શિક્ષણે માનવવિદ્યાઓ તથા સાહિત્ય કલાઓને હાંસિયામાં ધકેલી દીધાં છે – સમાજોમાં એનાથી સંવેદનશૂન્યતા તથા માનવમૂલ્યોનો હ્રાસ વધતાં જાય છે. માણસને સગવડોનું સુખ હશે પણ ઠર્યાનું ઠેકાણું અને સ્નેહની સોબત દુર્લભ થતાં જાય છે. આવા કપરા દિવસોમાં જીવતાં જીવતાં વીતેલો જમાનો વધારે યાદ આવે છે. છેલ્લાં સાંઠ વર્ષોમાં કેટકેટલા પરિવર્તનોના સાક્ષી બનવાનું આવ્યું છે. ક્યારેક આ પરિવર્તનોએ માણસોને દઝાડ્યાં છે, દુભવ્યાં છે ને મૂળસોતાં ઊખાડી દીધાં છે. અફઘાનિસ્તાન – પાકિસ્તાન – સિરિયા – ઈરાન – ઈરાક – જોર્ડનની અંદર કે સરહદો પર જે થઈ રહ્યું છે એ તો માનવજાતને માથે અમીટ કલંક છે. જે સૌથી શ્રેષ્ઠ સર્જન કહેવાયેલો એ માણસ સૌથી હીન-નીચ ને નાલાયક પૂરવાર થયો છે. આ બધાં સામે લડનારાં, સંઘર્ષ કરનારાં હજી ય છે... દુરિત સામે સદ્‌ની લડાઈ



તમામ ક્ષેત્રોમાં ચાલે છે... પરંતુ દુરિત એમ પરાસ્ત થતું નથી... જીવ માત્રમાં થોડું દુરિત હોય છે – જે એને હંફાવે છે. આપણે પણ આપણી જાત સાથે – સમય સાથે લડીએ છીએ.

નાનાં-મોટાં શહેરો, ગામડાંને (એનાં હસ્તકલા ઉદ્યોગને) ગળી ગળીને મહાનગરો બની ગયાં છે – જ્યાં પ્રેમ અને માણસાઈ શોધતાં ય ન જડે – મળે – એવી સ્થિતિ છે. હું સ્કૂલમાં ભણતો હતો એ દિવસોની વાત છે – હજી એને ૫૦–૬૦ વર્ષ માંડ થયાં છે! પણ લાગે છે કે એ યુગાંતરો – જન્માંતરો જૂની વાત છે. વીજળી-પંખા વગરનાં એ માટી-લાકડાંના ઘરોમાં ઉનાળે ઠંડક અને શિયાળે હૂંફ અનુભવાતી, ચોમાસે નળિયાં-નેવાનું જળતરંગ-સંગીત સાંભળવા મળતું. સેંકડો જાતના જીવજંતુ-પશુપંખીની દુનિયા સાથે ઋતુએ ઋતુએ સ્નેહનાતો જીવતો રહેતો. ધનધાન્ય ઘાસછોડ વેલતરુવરોની એ સૃષ્ટિએ બહુ વ્હાલથી મોટા કર્યા હતા. મા-નો ખોળો તે એ ધરતીમાનો ય ખોળો હતો – બધાં માટે હતો... નમાયાપણાની પીડા આ સૃષ્ટિએ પાતળી કરીને હેતનો હાથ લંબાવ્યો હતો.

એ માટીની માયાનો જમાનો હતો. મનેખ પણ માટીનાં હતાં – ભાવ ભાળીને ઓગળી જતાં મનેખ! ઘર આગળ નાની ઓટલી કે પાછળ નાવણિયું કરવા થેલી સિમેન્ટ પણ ગામડે દુર્લભ હતો. બે-પાંચ થેલી સિમેન્ટ જોઈએ તો સરકારમાં અરજી કરવી પડતી. સરકારી મકાનો – પુલ – નાળાં બાંધવા વપરાતા સિમેન્ટને કાળાબજારમાં કંત્રાટીઓ વેચીને કમાઈ લેતા. હું ૧૯૭૯માં પીએચ.ડી.ની પદવીનું ભણી રહ્યો ત્યાર પછીના વર્ષે મારા વિસ્તારનાં ગામોમાં વીજળી દીવા આવ્યા. પછી સડકો-નેળિયાં વાટે – ગામ પાદરે આવી ઊભી. કૂવા પર એંજિન આવ્યાં. નિશાળો ખૂલી. ગામમાં બસ આવતી થઈ! કોઈ સાઈકલ લાવ્યું તો કોઈએ નાનકડી દુકાન ખોલી. ગામમાં દીવાસળી મળતી થઈ. અહીં સુધી તો બધું જ બરાબર હતું.... લોકો ગળે મળતા ને જોડે બેસી આખું ગામ જમતું. સ્નેહ અને સંપ હતો. પણ પછી પંચાયતો આવી, દૂધની ડેરી આવી, સહકારી મંડળી આવી, નાગરિક બેંક આવી – સાથે ચૂંટણીઓ લાવી. લોકો વ્હેંચાઈ ગયા – ભાઈઓ વચ્ચે વેર થયાં, માણસ 'સભ્ય' થયો – જે તે સંસ્થાનો ચૂંટાયેલો 'સભ્ય'! ને એ પછી વેચાતો-ખરીદાતો થયો – બળદ અને ભેંસની જેમ! બસ, ત્યારથી 'મોટા માણસો' સોનાચાંદીના થયા અને બીજા સિમેન્ટના મકાનો – ઇમારતો જેવા બની રહ્યા. થોડાક બચ્યા છીએ આપણે તે રોજ ચિંતા સાથે, ભીની આંખે બધું જોયા કરીએ છીએ ને આપણાં કાર્યો કરતા રહીએ છીએ. બસ!

○

૧૯૫૦–૭૫નાં વર્ષોમાં ગામડે ખેડૂત માત્રને ઘેર ગાડું અને બળદની જોડ હતાં. ગાયભેંસના દૂઝણાં હતાં. ઘરનાં દૂધ-દહીં-માખણ-ઘી અને છાશ હતાં. વલોણાનો વાર આવે એટલે પાડોશી મદદે આવે. ખેતમજૂરો છાશ લેવા આવે – ને એમ ભાઈચારો કાયમી હતો. ગાડામાં બેસીને ખેતર જતાં ને વિમાને બેઠા કરતાં વધારે આનંદ લૂંટતાં. છાણિયાં ખાતરથી ખેતર ખતરાતાં. વાડામાં ખળું થતું ને ઘાસનાં સોનાવરણાં કૂંધવાંમાં રમવાની મજા પડતી. પોતાના ખેતરમાં જ પકવેલાં ધાન-કઠોળ ને વાડામાં ઉછેરેલાં શાક, માટીનાં વાસણોમાં, છાણાંલાકડાને તાપે રંધાતાં... એનો સ્વાદ તો જાણે દેવોને ય દુર્લભ! પોતાનાં ખેતરમાં પકવેલા તલની ઘાણી કરાવવા લુણાવાડે ઘાંચીવાડે જતા. આમ, ધનધાન્ય તેલ દૂધ-ઘી બધું જ ઘરનું, માણસો લ્હેરથી ને બહુધા નિરોગી જીવતાં... ઋતુઋતુના પાક અને પર્વો પ્રસંગો! સાદા જીવનમાં સત્ત્વ હતું. ખેતર-શેઢે, ઘરમાં કે ફળિયે, પાડોશમાં કે કુટુંબમાં બોલાચાલી કે ટંટોફસાદ થતાં... પણ બીજે દિવસે પાછાં બધાં એકનાં એક, વડીલો હમેશાં કહેવતોમાં ને રૂઢિપ્રયોગોમાં વાત કરતાં. ઘર છે તે ભૈ! વાસણ ખખડે પણ ખરાં! ભૈ! ઘેરઘેર માટીના ચૂલા! પ્હેલો સગો પાડોશી. અભણો પાસે ભાષાસમૃદ્ધિ હતી; સમજણ ને શાણપણ હતાં!

આજે બધું ય પેલાં ગાડાં સાથે અલોપ થઈ ગયું છે. હવે ઘરે હળ-લાકડાં-કરબડી પણ નથી રહ્યાં. હા, બળદોની જોડ પણ ભાગ્યે જ કોઈ પટેલને ત્યાં હોય. બળદ બંધાતા ત્યાં હવે ટ્રેક્ટર આવી ઊભાં છે. હવે ઘરડા દાદાજી ખેતરમાં 'પ્લાઉ' મરાવે છે ને મોટો દીકરો ચૂંટણીઓ લડતો રહે છે; નાનો નોકરી કરવા બ્હાર ગયો છે. ગાય-ભેંસ રાખનારા હવે ખેતરે તબેલા કરીને 'વહીવટ' કરાવે છે. ખાવા જોગ ધાન પકવનારા સિવાય બધા રોકડિયા અને બાગાયતી પાકો કરે છે. વિલાયતી દવાઓ ને રાસાયણિક ખાતરોના બેફામ ઉપયોગે જમીનને ચૂસીને ચીરા પાડી દીધા છે. વિલાયતી દવા–ખાતરવાળાં ધાન-શાક ખાઈને લોકો અનેક બીમારીઓમાં સપડાવા લાગ્યાં છે. ગામડાં સુધી ફાસ્ટફૂડ અને હાઈવેની હોટેલોમાં ચાઈનીઝ-મંચૂરિયન આવી ગયાં છે. હવે રસોડાં સ્ટેન્ડીંગ કીચન બની ગયાં છે. ચૂલા ચાલી ગયા છે ને સ્ટીલનાં વાસણો ઉપર હવે નોનસ્ટીક વટ મારે છે. ગામડે ય દવાદારૂ વધ્યાં છે. એક આખો યુગ સાવ પડખું ફરી ગયો છે. નવી પેઢીને ખેતીનાં ઓજારોનાં ને ગાડાના ભાગોનાં નામ પણ ખબર નથી. પીટીસી વહુઓને વલોણાની વસ્તુઓ અજાણી લાગે છે. જૂનું જાણવાની ઝંખના નથી ને પુસ્તકોમાં રસ નથી. મોબાઇલ અને ટીવીમાં દુનિયા સમાઈ ગઈ છે. ગામડાંમાં સામટાં શહેર પેસી ગયાં છે.

ગામડામાં શહેર કરતાં ય મોટાં ને પાક્કાં મકાનો શોભી રહ્યાં છે. બળદ-ભેંસ બંધાતાં ત્યાં હવે કાર તથા બાઇક પાર્ક થયેલાં છે. ખાટલા ગોદડી તડકે નાખી માંકડ મારનારા સાથે એ ગોદડી માંકડ પણ ચાલી ગયાં છે. હવે ઘરમાં ટીવી, ફ્રીજ, ગેસ ઓવન – માઇક્રોવેવ અને ડાઇનીંગ ટેબલ, રજવાડી પલંગ ને ડનલપ આવી ગયાં છે. ગામડું શહેર પ્હેરીને મ્હાલે છે. જે ગામમાં હજી પ્રાથમિક શાળા આવી હતી એ ગામનાં પાંચ-સાત વર્ષનાં ટાબરિયાં ગળે ટાઈ ને પગમાં બૂટ પ્હેરીને સ્કૂલ બસમાં બેસીને ઇન્ટરનેશનલ સ્કૂલમાં અંગ્રેજી માધ્યમમાં ભણવા જાય છે. ઘરમાં સારું ગુજરાતી જાણનારાં ય નથી ને સ્કૂલમાં નબળા ને નવરા સ્નાતકો – જે આવડે તે/પગાર પ્રમાણે – ભણાવી રહ્યાં છે. નવી પેઢી સ્માર્ટ છે એની ના નથી, પણ એવા તો ૧૦–૨૦% હોય! બાકીનાંના સંવેદના, સમજણ તથા એમનાં જ્ઞાન/વિકાસ વગેરેનું શું થશે/થઈ રહ્યું છે? – એ જાણવા છતાં સમાજ અને શાસકો આંખ આડા કાન કરીને, ડાહી ડાહી વાતો કરે છે. ધૂમકેતુએ એમની એક વાર્તા 'વિનિપાત'-માં કહેલું તે યાદ આવે છે : 'પડે છે ત્યારે સઘળું પડે છે.' જોકે જમાને જમાને આવી-તેવી ચિંતાઓ થતી હોય છે ને કરવી પણ જોઈએ. કહેવું છે કે જે ન્હોતું બદલાવું જોઈતું એ પણ બદલાઈ ગયું છે...! નવા જમાનાનાં આવાં અનેક રૂપો રોજેરોજ પ્રત્યક્ષ થાય છે ને પજવે છે. જ્ઞાન દુઃખી કરે તે આનું નામ!

○

હળ-બળદથી ખેતી હવે ગઈ-ગૂજરી બની ગઈ છે. હવે ખેડવાનું ને ગાડાનું બંને કામ ટ્રેક્ટર કરે છે. નીંદામણ મારવાની દવા સાથે નીંદવાના હેન્ડમશીન આવી ગયાં છે. પાક લણવાનાં હાર્વેસ્ટર અને ડૂંડાંડોડા માટેના થ્રેશર આવ્યાં છે. બે માણસો સો એકરનું ખેતીકામ – જેમ પશ્ચિમમાં સંભાળે છે તેમ – અહીં પણ જાતે મશીનોથી કરી લે છે. સારું તો એ છે કે ડાંગરનું ધરુ રોપવાનું ય મશીન આવ્યું છે. હવે ખેડૂતો વિલાયતી દવા-ખાતરથી થાક્યા છે. ઓર્ગેનિક ખાતરથી સજીવ ખેતી શરૂ થઈ છે. દવાઓ પણ પ્રાકૃતિક રીતે બને છે. ગ્રીનહાઉસ તથા ટપક પદ્ધતિથી ખેતી કરનારા ધીમે ધીમે વધતા જાય છે. અસલ બિયારણ અને કૃષિવિજ્ઞાનની સહાયથી ઘણું નવું થઈ રહ્યું છે. લોકો ઓર્ગેનિક રીતે પકવેલાં અનાજ તથા શાકભાજી ખરીદતાં થયાં છે. ખેડૂતો જમીનની ફળદ્રુપતા અને માણસો તબિયત સાચવવા સજાગ બન્યા છે. સીમમાં મોકળાશથી રહેવા ફાર્મહાઉસ – ખેતઘર – બનાવવાનું ચલણ વધતું જાય છે. આ બધું આવકાર્ય છે. સોચ બદલાશે તો જીવન, શિક્ષણ, સાહિત્ય બધું બદલાશે. એકવીસમી સદી આવનારી પેઢીઓને અનેક પડકારો સાથે સુખદ આશ્ચર્યો પણ આપવાની છે. જીવશે તે આ બધું જોશે. ❑

## ૨૭

## ગઈકાલ અને આજ

વીતેલી વેળાઓમાં પાછો વળીને જોઉં છું તો કેટલાંક યાદગાર ચિત્રો–પ્રસંગો/ઘટનાઓ–દશ્યો–પ્રત્યક્ષ થાય છે. જિન્દગીએ માત્ર કસોટીઓ જ કરી છે એવું નથી; કેટલીક ઉત્તમ તકો પણ આપી છે – જેનાથી ઘણું પામી શકાયું. સાહિત્ય અને શિક્ષણ ઉભય ક્ષેત્રે મળેલો એ લાભ મૂડી બની રહ્યો છે. કસોટીઓ ઘડતર કરે છે અને તકો આગળ લઈ જાય છે. પસંદગીનાં ક્ષેત્રોમાં કરેલું – થયેલું કાર્ય આજે સંતોષ સાથે પ્રસન્નતાનો અનુભવ કરાવે છે. સાંપ્રત સામે ફરિયાદો તો દરેક જમાનામાં રહેલી/થતી આવી છે. પણ આપણે જે અને જેવી રીતે જીવ્યા, એમાં રાજી થવાનું પણ ઘણું જ મળ્યું હોય છે. આર્થિક સિવાયના આનંદોથી જ વધારે ન્યાલ થવાતું હોય છે.

મારાં ભણતરનાં વર્ષોમાં (૧૯૬૮થી ૧૯૭૩) તો ગુજરાત આખામાં માંડ ત્રણ ચાર યુનિવર્સિટીઓ હતી, અને અધ્યાપનની કારકિર્દી પૂર્ણ થવા આવી (૨૦૧૨) ત્યારે ય વિનયન વિદ્યાશાખા હોય એવી છ-સાત યુનિવર્સિટીઓ જ કાર્યરત હતી. પરંતુ એ વર્ષોમાં કેટલાક ઉત્તમ આચાર્યો, વિદ્વાન અને સંનિષ્ઠ પ્રોફેસર્સ તથા થોડીક પણ નામાંકિત કૉલેજો હતાં – એમાંથી આજે કશું જ બચ્યું નથી એમ કહીએ તો ચાલે. અલબત્ત! નવી પેઢીમાંથી ય કેટલાંક નીવડી આવશે એવી આશા મને તો હૃદયસ્થ છે. કોઈ પણ સમય સંપૂર્ણ વંધ્ય તો નથી જ હોતો.

મારે તો એ વાત કરવી છે કે એ ઉત્તમ આચાર્યો, પ્રોફેસર્સ તથા કૉલેજો સાથે કામ કરવાની, વાર્તાલાપો-વ્યાખ્યાનો કરવાની, એમને સાંભળવાની અને એ સૌ સાથે વાતો કરવાની મને ઘણી બધી તકો મળી છે ને એમાંથી ઘણી પ્રાપ્તિ થઈ છે. એ દિવસો-પ્રસંગો યાદ કરતાં પુનઃ રોમાંચિત થઈ જવાય છે. આચાર્યશ્રી એસ૦ આર૦ ભટ્ટને કાલિદાસ અને શેક્સ્પિયરનાં નાટકો વિશે કલાકો સુધી અસ્ખલિત વાણીપ્રવાહમાં બોલતાં જાણ્યા છે – અમારી ઈડર કૉલેજોમાં. અમારી એ ઈડર કૉલેજ આજના કરતા સાવ જુદી ને ગુજરાતભરમાં શિક્ષણ અને સર્વલક્ષી કાર્યક્રમો માટે સુખ્યાત હતી. પ્રો૦ નિરંજન ભગતને પણ અમે ઈડર કૉલેજમાં વિશ્વકવિતા પર કલાકો સુધી વાર્તાલાપ કરતાં



મંત્રમુગ્ધ થઈને સાંભળ્યાં છે. પછી વિદ્યાનગરમાં પણ ભગત સાહેબને એક કાન થઈને સાંભળ્યા હતા. અમારી ઈડર કૉલેજના શિક્ષણપ્રિય અને કેળવણીકાર આચાર્ય શ્રી હરિહર શુક્લના સાન્નિધ્યમાં બાર-તેર વર્ષો સઘન રીતે શિક્ષણકાર્ય ને કાર્યક્રમો કરવાનો આનંદોત્સવ કર્યો છે. ગુજરાતના ઉત્તમ આચાર્યો, અધ્યાપકો, વિદ્વાનો, સર્જકો, કલાકારો (દિલ્હી-મુંબઈના પણ) – ને ઈડર કૉલેજના મંચ અને રંગમંચ પરથી સાંભળ્યાં છે; અભિનય કરતાં નીરખ્યા છે. પછી એ સૌની સાથે પ્રવાસો કરવાનું ને ચર્ચાઓ કરવાનું તથા ઘણાં જોડે અન્યત્ર એક મંચ પરથી વક્તવ્યો આપવાનું બન્યું છે. ગુજરાતની એ પાંચ-સાત ઉત્તમ કૉલેજોમાં જવાની અને વ્યાખ્યાનો કરવાની – જાતને સાબિત કરવાની – તકો મળી છે ને એનાં સારાં પરિણામોને લીધે, તથા મહેનત અને નિસબતને લીધે આજે અનેક સંસ્થાઓમાં વાર્તાલાપો માટે જવાનો સિલસિલો ચાલતો રહ્યો છે. નિવૃત્તિ વધુ પ્રવૃત્તિશીલ બની રહી છે.

ઉપરોક્ત સંદર્ભમાં થોડાંક નામ ગણાવું? આચાર્યશ્રી આર૦ એસ૦ ત્રિવેદી, દાઉદભાઈ ઘાંચી – ધીરુભાઈ ઠાકર – દાવર સાહેબ – યશવંત શુક્લ – ચન્દ્રકાન્ત ટોપીવાળા – દિલાવરસિંહ જાડેજા – કવિ ઉશનસ્! પ્રો૦ ભોળાભાઈ પટેલ, જયંત કોઠારી, પ્રમોદકુમાર પટેલ, રઘુવીર ચૌધરી, ચિનુ મોદી, ચન્દ્રકાન્ત શેઠ, કાન્તિ પટેલ, પ્રબોધ પરીખ, પ્રો૦ સુમન શાહ, જયંત પાઠક, સિતાંશુ યશશ્ચંદ્ર, શિરીષ પંચાલ, દિગીશ મહેતા, રાજેન્દ્ર નાણાવટી, પ્રવીણ દરજી, વિજય પંડ્યા – જેવા વિદ્વાનોની પેઢીનો અમે ઈડર કૉલેજમાં તથા પાછલા વર્ષોમાં (કેટલાકનો) વલ્લભવિદ્યાનગર ખાતે અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં પણ ભરપૂર લાભ લીધો છે. મારી પેઢીના સંનિષ્ઠ અધ્યાપકો તથા સર્જક મિત્રોને પણ અમે અમારાં વિદ્યાર્થીઓ સાથે જોડતા રહ્યા છીએ – નામ લખીએ તો કેટલાક રહી પણ જાય છતાં લખવાં જ છે તે આ રહ્યાં : સતીશ વ્યાસ, નીતિન મહેતા, જયદેવ શુક્લ, વિનોદ જોશી, રમણ સોની, અજિત ઠાકોર, વિજય શાસ્ત્રી, જયેશ ભોગાયતા, હિમાંશી શેલત અને છેક આજની પેઢીનાં શરીફા વીજળીવાળા, ભરત મહેતા, રાજેશ પંડ્યા, મહેન્દ્રસિંહ પરમાર, હેમંત દવે, હસિત મહેતા, અજય રાવલ, હર્ષવદન ત્રિવેદી, નિસર્ગ આહિર તથા અજયસિંહ ચૌહાણને જરૂર યાદ કરવા પડે. કહેવત છે કે ધરતી બીજ ખોતી નથી. બહુરત્ના વસુંધરા! ભાષાસાહિત્યના ઉત્તમ અધ્યાપકો તથા ઉત્તમ સર્જકો દરેક જમાનાને મળે એવી આપણી ઝંખના હોય છે.

પરિસંવાદો અને કાર્યશિબિરો શું કહેવાય? શિક્ષણની તાલીમ તથા ભાષાસાહિત્યનું દષ્ટાંતરૂપ અધ્યયન-અધ્યાપન શું કહેવાય? – એ જાણવાની/જોવાની અને એમાં નિસબતપૂર્વક સામેલ થવાની તકોય મને મળી છે. બે દાયકા સુધી એવી સઘન તથા

સાર્થ પ્રવૃત્તિઓમાં જોડાવાનું બન્યું એનો આનંદ છે. દાહોદની નવજીવન આર્ટ્સ કૉલેજમાં ડૉ૦ ચન્દ્રકાન્ત ટોપીવાળા યોજક આચાર્ય હતા. ને પ્રતિવર્ષ પરિસંવાદ યોજતા. ઉમાશંકર જોશી, સુરેશ જોષી જેવા મૂર્ધન્ય સર્જક વિવેચકોના અધ્યક્ષપદે યોજાતા એ પરિસંવાદોમાં બીજી ભાષાઓનાં વિદ્વાનો ય આવતા. ડૉ૦ નામવરસિંહ, શ્રી અશોક વાજપેયી, ડૉ૦ શિવકુમાર મિશ્ર જેવા વિદ્વાન વક્તાઓ સાંભળવા સાથે પછીથી વક્તવ્ય આપવાનું પણ બન્યું હતું. પરિસંવાદો કે અધિવેશન/જ્ઞાનસત્રોમાં અને ગુજરાતીનો અધ્યાપક સંઘના કાર્યક્રમોમાં ચર્ચાઓની રમઝટ જામતી તો ક્યારેક પટાબાજી ખેલાતી અને આખી રાત કાવ્યપઠન ચાલતું! એ દિવસો ખરેખર 'સાહિત્ય'ના હતા!

મોડાસા કૉલેજ અને પ્રિ૦ ધીરુભાઈ ઠાકરની વાત તો મેં પૂર્વે કરી છે... ત્યાં પણ એમ૦એ૦ના વર્ગો અને જ્ઞાનસત્રોમાં વક્તવ્ય આપવાની બહુ મજા આવતી. કાવ્યપઠન તો હોય જ. પ્રિ૦ ડૉ૦ દાઉદભાઈ ઘાંચીની મોડાસાની બી૦એડ૦ કૉલેજ તો બેઅઢી દાયકા શિક્ષણનો મહાયજ્ઞ હોય એ રીતે ચાલેલી. ત્યાં તૈયાર થયેલા સેંકડો અધ્યાપકો-શિક્ષકો-આચાર્યો આજે તો નિવૃત્ત પણ થઈ ગયા છે. એ કૉલેજમાં ને અન્યત્ર દાઉદભાઈના સાન્નિધ્યમાં સાહિત્ય શિક્ષણ વિશે વ્યાખ્યાનો આપવાનો રોમાંચ હજી તાજો છે. એ જ રીતે બીજી બે સુખ્યાત કૉલેજો ૧. એચ૦ કે૦ આર્ટ્સ તથા ૨. નલિની-અરવિંદ આર્ટ્સ કૉલેજના આચાર્યો પ્રિ૦ યશવંત શુક્લ અને પ્રિ૦ દિલાવરસિંહ જાડેજાના સાન્નિધ્યમાં વાર્તાલાપો કરવાનું ઘણીવાર બન્યું છે. પ્રો૦ સુમન શાહ સાથે મળીને – (મારા સમકાલીન બાર જેટલા અધ્યાપકો પણ ખરા) – વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો માટે 'સન્નિધાન' સંસ્થાના નેજા હેઠળ, ગુજરાતના બધા વિસ્તારોમાં જઈને, ગુજરાતી ભાષા/સાહિત્યના અધ્યયન-અધ્યાપનને અસરકારક બનાવવા ૪૫થી વધુ – 'અભ્યાસશિબિરો અને સજ્જતા શિબિરો' – યોજવાનું બન્યું એ ઘટના શિક્ષણક્ષેત્રની વિરલ ઘટના ગણાય છે. સુમન શાહ સાથે મળીને, એ જ રીતે 'સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમ' (સુજોસાફો)-ના ઉપક્રમે અનેક 'વાર્તાશિબિરો' યોજવાની પરંપરા રચાઈ હતી. જે હજીય ચાલે છે. છેલ્લા બે અઢી દાયકાથી અને નિવૃત્તિ પછી પણ, ગુજરાતી ભાષાસાહિત્ય તથા શિક્ષણ/સમાજ વિશે વ્યાખ્યાનો આપવા જવાનું સતત ચાલતું રહ્યું છે. ગુજરાતભરની (છેક મુંબઈ-કલકત્તા તથા USA સુધી) – શિક્ષણસંસ્થાઓમાં વ્યાખ્યાનો નિમિત્તે જવાનું બનતું રહ્યું છે. પ્રો૦ ભદ્રાયુ વચ્છરાજાણીના ડાઈરેક્ટરપદે (૨૦૧૫ સુધી) ચાલતી એકેડેમિક સ્ટાફ કૉલેજ (રાજકોટ)માં એક દોઢ દાયકા સુધી રિફ્રેશર અને ઓરિએન્ટેશન કોર્સમાં ૧૫૦થી વધુ વ્યાખ્યાનો આપવાનું બન્યું એ પણ એક રેકર્ડ છે. ગુજરાતની અનેક વિદ્યાસંસ્થાઓમાં પણ ૨૫૦ (છેલ્લાં



૨૫ વર્ષોમાં) –થી વધુ વાર્તાલાપો કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું – એ પણ એક વિરલ યોગ તથા સફળતાનું સૂચક છે. ખાસ તો ગુજરાતભરની અનેક કૉલેજોના, તમામ વિષયોના – વિવિધ શાખાઓના અધ્યાપકો સાથે સંવાદ કરવાની તક મળી. એ સૌની સાથે સાહિત્ય-સમાજ-શિક્ષણની વાતો કરી હતી – આજે પણ એ સૌ મિત્રો – જ્યાં મળે છે ત્યાં – ભાવપૂર્વક, એ વાર્તાલાપો યાદ કરે છે. મારા જેવા એક આજીવન શિક્ષકને માટે આથી વિશેષ કોઈ ઉપલબ્ધિ ન હોય!

○

બહુ સગવડો ન્હોતી ને ચાલીને દૂરની સ્કૂલોમાં/કૉલેજોમાં ભણવા જવું પડતું હતું એ દિવસો, એ દિવસોની મજા તથા ગુણવત્તાવાળું શિક્ષણ યાદ આવે છે. આજે પણ મારે શાળા કૉલેજો તથા યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાનો માટે જવાનું થાય છે. ત્યારે શિક્ષણની અવદશા તથા એ ક્ષેત્રમાં પ્રવર્તતી અરાજકતા અને નિસબતનો અભાવ જોઈને મન વિષાદથી ભરાઈ આવે છે. યાદ કરો એ જમાનો જ્યારે શાળાઓમાં 'હોપવાચનમાળા'નાં પાઠ્યપુસ્તકો ચાલતાં હતાં. અમે હાઈસ્કૂલમાં (ઈ૦સ૦ ૧૯૬૩થી ૧૯૬૭/ને એ પહેલાં પણ) સાહિત્ય માધુરી – સાહિત્ય રત્ન – સાહિત્ય પલ્લવ – જેવાં ગુજરાતીનાં પાઠ્યપુસ્તકો ભણતા હતા – જેના સમ્પાદકો હતા ઉમાશંકર જોશી, સ્નેહરશ્મિ, વગેરે. બીજા વિષયોમાં પણ ઉત્તમ પાઠ્યક્રમો હતા. પુસ્તકો ભૂલો વગરનાં ને પાઠ કે માહિતી સાચાં હતાં – વિવાદો તો આજે વકર્યા છે. એમ૦એ૦માં અમે એક પેપરમાં (દા૦ત૦, ચરિત્ર સાહિત્યનું સ્વરૂપ-માં) થિયરી તથા સ્વરૂપનો ઇતિહાસ ભણવા સાથે ૧૧ ટેક્સ્ટ (૧૧ કૃતિઓ : ૩ આત્મકથા ગુજરાતીની/ ૨ ભારતીય, ૨ જીવનકથા ગુજરાતીની/ ૨ ભારતીય તથા ૧+૧ આત્મકથા – જીવનકથા વિદેશી એમ કુલ = ૧૧) ભણતા! આજે તો એમ૦એ૦નાં ચાર કે પાંચ પેપર્સમાં કુલ ૮ કે ૧૦ કૃતિઓ જ ભણાવાય છે. વળી એ કૃતિઓમાં કેટલીક તો ધોરણ વગરની અન્ય કારણોથી મૂકાઈ હોય છે. શિક્ષણ જ ક્યાં છે હવે?!

શાળાનાં પાઠ્યપુસ્તકો હવે સરકાર હસ્તકનું બોર્ડ (ગુ. રા. શાળા પાઠ્યપુસ્તક મંડળ) – તૈયાર કરાવે છે. હવે એમાં પણ વર્ગ – વર્ણ – જાતિ – ધર્મ, સત્તાના આધારે સામગ્રી લેવાનાં દબાણો આવી ગયાં છે. કોઈક અપવાદ બાદ કરતાં એ પાઠ્યક્રમો નક્કી કરનારા અધ્યાપકો/શિક્ષકો અને આચાર્યો સારા વાચકો-ભાવકો નથી હોતા, ઉપરાંત એ પ્રદેશવાદ અને સગાં-મિત્ર-જ્ઞાતિવાદનો આધાર લઈને ગુણવત્તાને નુકસાન કરે છે. પુસ્તકોની ભાષા-ભાષાભૂલો- સ્વાધ્યાયસામગ્રીમાં પણ બેદરકારી વગેરેનો પાર નથી. ખરેખર તો તંત્ર જેટલું : 'અ-સરકારી તેટલું વધારે અસરકારી!'

ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે (કૉલેજો-યુનિવર્સિટીઓમાં) – અભ્યાસક્રમો નક્કી કરનારી સમિતિઓમાં હવે મોટેભાગે વર્ગમાં ગાઇડોમાંથી નોંધ ઉતરાવનારા અધ્યાપકો સભ્યો ને ચૅરમેન બનવા માંડ્યા છે. આમાંથી ઘણાં બધાંને આપણા નીવડેલા સર્જકો – વિવેચકોની કૃતિઓનાં નામ પણ સાચાં બોલતાં-લખતાં આવડતાં નથી... અધ્યયન નથી રહ્યું પછી અધ્યાપન તો દૂરની વાત છે.

શિક્ષણ અને રાજકારણ – ને વિશે ગમે તે માણસ 'મજાથી' વાત કરી શકે છે! આ આઘાતજનક છે. શિક્ષણનું કોઈ ધણીધોરી નથી રહ્યું (ને રાજકારણમાં જવાબદારી કે પ્રામાણિકતા જેવું કશું જ બચ્યું નથી.) શિક્ષણમાં અપૂરતું બજેટ ફાળવીને સરકારોએ એમાં આડેધડ પ્રયોગો કરવાનું ચાલુ જ રાખ્યું છે. શિક્ષણને રાતોરાત બદલી નાખવા અને ઊંચે લઈ જવા દરેક કક્ષાએ 'સેમેસ્ટર સિસ્ટીમ' દાખલ કરી દીધી છે. એ માટે જોઈતા શિક્ષકો, વર્ગો, નવીન રીતિના અભ્યાસક્રમો તથા સતત પરીક્ષણ (કન્ટીન્યુએસ ઇવેલ્યૂએશન) જેવી પદ્ધતિ વિશે કશી પણ વિચારણા કે તૈયારી વિના બધે જ 'સેમેસ્ટર પ્રથા અમલમાં મૂકી દીધી. વળી આટલું ઓછું હતું તે 'MCQ' મલ્ટીપલ ચોઇસ ક્વેશ્ચનની પરીક્ષા પ્રથા લાગુ કરવામાં આવી. આથી વિદ્યાર્થીની સર્જકતા, વિચારશક્તિ, વાંચવા-લખવાની અનિવાર્યતા – વગેરેને તાળાં લાગી ગયાં! શાળા-કૉલેજોમાં નિવૃત્ત થતા સ્ટાફની જગ્યાએ નવી ભરતી ન કરવી ને નવી સરકારી કૉલેજો ખોલવાનું શરૂ કરીને પણ એ કૉલેજોમાં (ને સ્કૂલોમાં) અડધો સ્ટાફ પણ મૂકવાની દરકાર સરકાર કરતી નથી. ઘણી શિક્ષણ સંસ્થાઓમાં તો કેટલાક વિષયોમાં એક પણ શિક્ષક-અધ્યાપક આખા વર્ષમાં હોતો નથી... ને છતાં એ વિષયોની પરીક્ષા લેવાય છે ને વિદ્યાર્થીઓને પ્રથમ વર્ગમાં પાસ કરાય છે. શિક્ષણની આથી વધુ અવદશા શી હોઈ શકે?!

શિક્ષણ જેવા મહત્ત્વના ક્ષેત્રમાં ઉક્ત વર્ણવી એ સિવાય પણ અનેક આઘાતક સમસ્યાઓ છે... છતાં 'સબ સલામત'-ની ગતિમાં બધું ચાલે છે. અમે પણ છેલ્લાં વર્ષોમાં આ દુર્દશા જોઈ હતી... આજે મિત્રો – જે થોડી ચિંતા કરવા સાથે કામ કરે છે તે કહે છે કે : 'તમે સુખી થઈ ગયા કે વેળાસર નિવૃત્ત થઈ ગયા! અમારી તો એકેય તરફ મુક્તિ નથી!' હું મારા મનમાં બોલું છું : 'ના. ના. અમે પણ સુખી નથી... શિક્ષણની અને એમાંય ભાષાસાહિત્યના શિક્ષણની અવદશા જોઈને પારાવાર ખેદ થાય છે. માત્ર જોઈ રહેવાની આ નિ:સહાય સ્થિતિ અંદરથી રોજેરોજ તોડતી રહે છે – એક આજીવન શિક્ષકની આ પીડા બધાંને ન પણ સમજાય એવું બને!

❑



# ૨૮

## વ્યથાપૂર્ણ વર્તમાન અને મા-માટીનો ખોળો

કવિતાની હથેલીઓમાં આપણું આકાશ છે, આપણું બહુઆયામી જીવન છે... એ હથેલીઓમાં આપણી વ્હાલી અને સૂરજની લાડકી દીકરી પૃથ્વી છે! હોવાપણાના દુઃખની કેડી પર ચાલતા જીવનને અર્થ અને આનંદથી સહજ-સરળ કરવામાં કવિતા સદાય તત્પર રહે છે. વેઠનારાંને માટે કવિતા જીવનની નોળવેલ છે... કવિતા આપણા જીવનના ઉંબર પર મૂકેલો દીવો છે – જે ભીતરને અજવાળે છે અને આંગણાનો દીદાર કરાવી દૂર સુધીની દુનિયા દેખાડે છે.

આપણી આસપાસની પ્રકૃતિમાં કવિતા છે અને કવિતામાં આપણી પ્રકૃતિ વર્ણવાતી આવી છે. કવિતા મળી છે ત્યારથી આપણે તો માલામાલ છીએ – પ્રદેશની, દેશ-વિદેશની કવિતા... એની પરંપરાઓ લઈને સમૃદ્ધ કરતી રહી છે. કવિતાને ચાહી... એ માનુની પ્રસન્ન થઈ, પછી તો આંસું, આહો, વિષાદ-વિપદાઓ, ઉદાસીઓ, આશાઓ, પીડાઓ – પ્રેમ અને વેદનાઓ વ્યંજના બનીને મને સાબદો અને સમૃદ્ધ કરતાં રહ્યાં છે. વૃક્ષો વિનાની પૃથ્વી અને કવિતા વિનાનું વેરાન જીવન હું કદી કલ્પી પણ નથી શકતો... મારે મન કવિતા સમજણ છે. એ જ આપણને સહિષ્ણુ અને શાણા બનાવે છે.

મારે મન કવિતા જીવનદાયિની છે – ભીતરનાં ભૂગોળ અને ખગોળ એના વડે જ અભિવ્યક્તિ પામે છે. પ્રત્યક્ષનો એ બહુસ્તરીય પરિચય કરાવે છે... પરિવેશને પરખાવે છે – અને વેઠવાની વાતે વ્હાલપૂર્વક તૈયાર કરે છે. રોટલા ઘડતી બાના હાથ છે કવિતા... કુંવારકા બ્હેનના ગૌરીવ્રતના જવારા છે મારી કવિતા. જેઠના તડકામાં, સીમમાં વાડે વાડે કંકોડાં વીણતી નમાઈ છોકરી છે મારી કવિતા! કવિતા ઊંડે લઈ જતી પૃથ્વી છે. કવિતા ઊંચે લઈ જતું આકાશ!'

છેક નવમા ધોરણમાં ભણતો (૧૯૬૩–૬૪) હતો ત્યારથી કવિતાના ખોળામાં રહ્યો છું. કવિતાને સમજવા મથતો અને એની આરાધના કરતો કરતો – ઉપરોક્ત

પરિચ્છેદમાં અભિવ્યક્ત કરી છે એ સમજણ સુધી આવી ઊભો છું. જીવનના કાઠા-માઠા પ્રસંગોને કવિતાએ સહ્ય બનાવી સમજણ આપી છે. કવિતા કદી પરાઈ નથી લાગી, એ સદાય ભીતરી ભોંયમાં અંકુરિત થઈને ઊગી-ઊછરી છે. કવિતાના ક્ષેત્રમાં હું અને મારા હોવાપણામાં કવિતા સદાય મુક્ત ને સ્વાયત્ત રહ્યાં છીએ. આજ સુધી ન કોઈ બંધન લાગ્યું છે ન કોઈ દબાવ! બલકે કવિતાએ સ્વાતંત્ર્યનો અનુભવ કરાવ્યો છે. પ્રકૃતિ અને માનવપ્રકૃતિ બંનેમાં હું અને મારું સાહિત્ય નિત્ય ઓતપ્રોત રહ્યાં છીએ એટલે જ સાહિત્યનાં – આજકાલ ફૂટી નીકળેલા – કહેવાતા સ્વાતંત્ર્યની વાતો કરી ડહાપણ ડોળનારા રાજકારણીઓ ગમતા નથી. હમણાં હમણાંથી સાહિત્યના જગતમાં આવી ત્રાસદી ફેલાવનારાઓની વાંઝણી બૂમો વાતાવરણ ડહોળી રહી છે – એનાથી દૂર રહેવું સારું - ભાષાસાહિત્યનું કામ કરનારાંઓ તો મુક્તપણે અને ખુલ્લા મને ભાવકો પાસે છેક પહોંચવાનું હોય છે. મને મારો મોટ્ટો ભાવકવર્ગ મળ્યો છે એનો ઘણો આનંદ અને સંતોષ છે. ભાષા-સાહિત્યની આપણી પોતાની વાત મુક્ત મને કરવા માટે, જે કોઈ મંચ આપણને મળે, મુક્તપણે નિમંત્રે તે મંચ પર જઈને નિસબતપૂર્વક વાત કરવાની મારી જવાબદારી હું હંમેશાં સ્વીકારું છું.

❍

કૉલેજકાળના એ દિવસો યાદ આવે છે. એ સમયના સજ્જ અધ્યાપકો, વિદ્વાન વક્તાઓ, રાગ-દ્વેષથી દૂર રહીને સત્ત્વશીલોને આવકારનારા તટસ્થ અગ્રણી સર્જકો-વિવેચકોનો એ સમય ગઈ સદીના છેલ્લા દાયકા સાથે જ જાણે કે આથમી ગયો છે. એ પછીના ગાળાના અગ્રણીઓનું સર્જન-વિવેચન આદરપાત્ર છે પરંતુ એમનામાંથી ઘણાબધા– (બેત્રણ અપવાદ માંડ મળે) –માં તાટસ્થ્યનો અભાવ હોવા સાથે કેટલાકમાં તો ડંખીલાપણું, રાગદ્વેષ, પક્ષપાતી વલણો વધુ જોવા મળે છે. આનાથી જૂથબંધી વધી છે અને આજના સાહિત્ય જગતમાં નિરામય વાતાવરણનો ખાસ્સો અભાવ જોવા મળે છે.

સર્જાતા સાહિત્ય પર આની વિપરિત અસરો પડે છે અને નીવડેલી કૃતિઓ વિશે તટસ્થ મૂલ્યાંકનો ઓછાં મળે છે, નવી પેઢી ગુણવત્તાની પરવા કર્યા વિના, પરસ્પરની કાચીપાકી કૃતિઓને ઘણું બધું વાંચ્યા વિના બેફામપણે વખાણવામાં વ્યસ્ત છે. સર્જાતા સાહિત્ય વિશે રઘુવીર ચૌધરી કેટલીક સારી કૃતિઓ તારવીને, ખેવનાપૂર્વક વાત કરે છે – એમાં પણ પ્રોત્સાહન આપવાનો સૂર વધારે હોય છે પણ એ જરૂરી છે. કવિતા વિશે – વ્યાપકપણે – રાધેશ્યામ શર્મા હજી નિસબતપૂર્વક અને સાહિત્યપ્રીતિથી વાત કરે છે એ ધ્યાનપાત્ર છે. એક ભાવક તરીકે એ સાંપ્રતના સાક્ષીરૂપ વાચક લેખે હું



સાહિતત્યજગતની સમકાલીન ગતિવિધિઓને હમેશાં જાણવા-માણવા તથા પ્રમાણવા ઉત્સુક રહું છું. નવોદિતોને પ્રોત્સાહન આપવા સાથે જે કોઈ સારું કામ થતું રહે છે એની હરીશ મીનાશ્રુ, જયદેવ શુક્લ, પ્રવીણસિંહ ચાવડા, રાજેન્દ્ર પટેલ, કનુ પટેલ તથા અજયસિંહ જેવા મિત્રો સાથે ચર્ચાઓ થતી રહે છે. આનાથી આપણને ય શીખવાનો આનંદ મળે છે.

❍

આપણા સમયમાં જો આપણે હાજર હોઈએ તો કેટલીક મહત્ત્વની ઘટનાઓના સહૃદય સાક્ષી બનવાનું બને છે. મારા જીવનનાં – અભ્યાસ અને અધ્યાપનનાં – પચાસ વર્ષોમાં મેં સાહિત્ય અને કલાનાં ક્ષેત્રમાં આવેલાં પરિવર્તનો જાણ્યાં માણ્યાં છે. સમાજ અને શિક્ષણમાં આવેલાં પરિવર્તનો પણ અળગાં કે આઘાં નથી રહ્યાં... આજે તો નવી ટેક્નોલોજી તથા વિજાણુ માધ્યમોને લઈને ચોતરફ ઝડપી બદલાવો જોવા મળે છે. ઘર બાંધવાથી માંડીને, ખાવું-પીવું, પ્હેરવું ઓઢવું, વિહરવું – વિચારવું = બધું જ બદલાઈ ચૂક્યું છે. ખેતીકારનું સહજ સરળ જીવન હવે ઉદ્યોગ-પ્રભાવિત થઈ ગયું છે ને શિક્ષણ તો હવે ‘બજાર’-નો ‘વેપાર’-નો વિષય બની ગયું છે. માણસો પણ બદલાઈ ગયાં છે – આ સૌની અસરોએ કલા જગતને પણ પ્રભાવિત કર્યું છે. દરેકે સમયની સાથે તાલ મેળવવા સજાગ રહેવું પડે છે.

ભણવાની અને ભણાવવાની મજા આવતી હતી એ વર્ગો તથા એ ઉત્સાહપ્રેરતાં પરિબળો મનમાંથી જતાં નથી. વર્ગમાં ગયા વિના ગમતું ન્હોતું, વર્ગમાં જવા – રજાઓ વખતે પણ – મન અજંપ થઈ જતું! આજે ય હું વર્ગો લેવા તો જાઉં છું – જવાનું પણ ગમે છે, પરંતુ વર્ગમાં આવનારાં વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા, અરે! સંવેદના પણ ભાગ્યે જ હોય છે. સજ્જ અધ્યાપક સામે વાંચીને આવતો ઉત્સાહી વિદ્યાર્થી હવે વ્યતીત બની ગયો છે! સાધનો સગવડો વધ્યાં છે પણ વિદ્યાવ્યાસંગ, સભાનતા તથા સજ્જતા માટે ખેવના જાગતી દેખાતી નથી. હોંશિયાર વિદ્યાર્થીઓ નથી એવું નથી. દાક્તરી, ઇજનેરી તથા યંત્રતંત્રની વિદ્યાઓ પ્રાપ્ત કરવા ઉત્સુક અને મહેનતુ યુવાવર્ગ છે ખરો, પણ એમનામાં ય સંવેદનશીલતા, નિસબત તથા દાયિત્વ ભાવના ઓછાં થતા જાય છે, એ માટે આપણો સમાજ, યંત્રપ્રભાવિત જીવનરીતિ તથા મૂલ્યહીન અને નીંભર નઘરોળ રાજકાજની નીતિરીતિ જવાબદાર છે. ભૌતિકતા તથા ભોગવાદે જીવનનાં બધાં ક્ષેત્રોને ભરડામાં લીધાં છે. છતાં નિત્ય નવીન પ્રકૃતિ તથા કલાઓનું – વારસામાં મળેલું – સમૃદ્ધ જગત જીવનને નિરસ થવા દેતાં નથી!

❍

ભાષા-સાહિત્યના શિક્ષણ અને સર્જનના ક્ષેત્રમાં કાર્ય કરવાનું સ્વીકાર્યું હોવાથી આપણી સાહિત્યસંસ્થાઓ તથા શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાવવાનું બન્યું હોય એ સ્વાભાવિક છે. સ્વાનુભવથી અને એક જ વાક્યમાં કહેવું હોય તો કહી શકું કે – કશા હોદ્દા કે કોઈ પદ પર રહ્યા વગર પણ સારું અને વધારે કાર્ય થઈ શકે છે. આજે નિવૃત્તિ પછી પણ શાળા-કૉલેજોનાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો અને યુવાનો સાથે, ભાષા-સાહિત્ય-સંસ્કાર-સમાજને લગતાં અનેક કાર્યો વધુ મોકળાશથી ને નિરાંતે, અસરકારક રીતે કરી શકાય છે. તુલા-સંજયના વિશ્વગ્રામ સાથે રહીને ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં સમય આપવાનો આનંદ આવે છે.

ડૉ૦ ધીરુભાઈ ઠાકર અને ડૉ૦ કુમારપાળ દેસાઈએ અનેક વિદ્વાનો તથા દાતાઓનો સાથ સહકાર લઈને 'વિશ્વકોશ' – ગુજરાતીમાં ૨૫ મહાગ્રંથોમાં – તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું એ છેલ્લા ત્રણ દાયકાની વિશેષ અર્થમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઘટના છે. આ ઉપરાંત 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' આજે તો અનેક કલા, સમાજ, શિક્ષણ, સંસ્કૃતિ અને જ્ઞાનોપાર્જનને લગતી પ્રવૃત્તિઓ કરીને ગુજરાતની અગ્રણી સંસ્થા બની રહી છે. 'વિશ્વકોશ'ના ગ્રંથોમાં ૫૦થી વધુ અધિકરણો લખવાની મને તક મળી છે. ખાસ તો સમર્થ આધુનિક સર્જક વિવેચક સુરેશ હ૦ જોષી વિશેનું અધિકરણ – (એમના નિકટતમ શિષ્ય રહેલા એવા જ બે-ત્રણ સમર્થ વિવેચકોએ એ લખી આપવાની અશક્તિ/અસંમતિ દર્શાવવાથી હશે?) – લખવાનું મારે ભાગે આવેલુ એ પળો બહુ રોમાંચક હતી. એ જ રીતે 'સ્વામીનારાયણ સંપ્રદાય' વિશે એક સુદીર્ઘ અધિકરણ જલદીથી લખી આપવાનો પ્રેમ – આદેશ ઠાકર સાહેબે કરેલો અને મેં એક મહિનામાં – બધે ફરીને, વિગતો મેળવીને – એ કામ સાનંદ પાર પાડેલું. વળી નિવૃત્તિ પછી તરત જ 'વિશ્વકોશ'-માં જોડાઈ જવાનો ઠાકર સાહેબનો આદેશ અને કુમારપાળભાઈનો પ્રેમાગ્રહ હું મારી પ્રતિકૂળતાઓને લીધે સ્વીકારી નહીં શક્યો એનો અપરાધભાવ (ગિલ્ટ) આજે પણ જતો નથી. ને એટલે તો તક મળતાં કોઈને કોઈ નિમિત્તે વિશ્વકોશ સંસ્થામાં પહોંચી જાઉં છું. વિશ્વકોશે સોંપેલા સર્જકોની જીવનકથા લખવાના (ત્રણ જેટલા) પ્રકલ્પ મેં પૂરાં કર્યાં છે... ને હજી નવા પ્રકલ્પો હાથમાં લેવાનું સ્વીકાર્યું છે.

આપણી સાહિત્ય સંસ્થાઓ સાથે સંકળાવવાનું અને એ મંચ કે એના બૅનર નીચે સાહિત્ય વિષયક કાર્યક્રમોમાં ભાગ લેવાનું બન્યું છે. કોઈ પદ કે હોદ્દાની સ્પૃહા વગર કામ કરવાનું કાયમ ગમતું રહ્યું છે. ક્યારેક આવી સંસ્થાઓએ કરેલાં – પૂર્વે વિદ્વાનો વડે થયેલાં – કાર્યોને લીધે, સંસ્થાઓ માટે લગાવ તથા આદરભાવ હતો. આજે –



છેલ્લાં દસેક વર્ષથી – સંસ્થાઓ માટે પ્રમાણમાં તટસ્થતાનો ભાવ રહ્યો છે. જ્યાં વિભિન્ન રસરુચિવાળા માણસો કાર્ય કરતા – કે ન કરતા/ન કરવા દેતા – હોય ત્યાં સમસ્યાઓ અને વિવાદો હોવાના. સંસ્થાઓને હસ્તગત કરી લેવા માટે જૂથો કે વ્યક્તિઓ વચ્ચે ટકરાવ પણ હોવાનો. પણ સંસ્થાઓ મૂળ હેતુઓ ભૂલીને, ધૂરાવાહકોનાં વાજિંત્રો બની જાય ત્યારે સમાજ પણ એ તરફ પીઠ દેખાડતો હોય છે. આ બધા સંદર્ભોમાં અનેક મિત્રો દુઃખી છે; પીડા અનુભવે છે – પણ મોટાભાગના મિત્રો-લેખકો-ભાવકો બોલવાનું ટાળે છે. હું વિનમ્રતાથી કહું છું કે : હું તો મારી રીતેભાતે, સતત શાળા-કૉલેજો-યુનિવર્સિટીઓ – તથા એવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓમાં જાઉં છું ને ભાષાસાહિત્યના ભાવન-આસ્વાદ સાથે પ્રચારપ્રસારનું કાર્ય કરું છું – 'હું સમગ્ર ગુજરાત ભમી વળ્યો છું' – એમ મારા મિત્રો કહે છે તે સાચું છે. આજે આપણી સાહિત્યસંસ્થાઓ પાસે આપણને દોડી જવાનું મન થાય એવું ખાસ કશું બચ્યું નથી – ને એવું પ્રજાલક્ષી કાર્ય થતું નથી. પાંચ પંદર માણસો – (ને એ પણ એના એ જ હોય) – આગળ પોતાની વિદ્વત્તા બતાવવા સારુ પાંચદશ વિદ્વાનો – વડીલો આજે આવી સંસ્થાઓનો કબજો લઈ બેઠા છે – ને વારફરતે વારો, તારા પછી પુનઃ મારો, એવી ગોળ ગોળ ફરવાની રમત રમ્યા કરે છે – એ જ પરંપરાગ્રસ્ત પ્રવૃત્તિઓ ને રેઢિયાળ પદ્ધતિઓએ બધું જ ખોખલું ખખડતું કરી મૂક્યું છે.

આપણી સાહિત્ય સંસ્થાઓ આજે (૨૦૧૮ સુધી) પણ પોતાની કાર્યપદ્ધતિ, પોતાનાં રૂઢિગ્રસ્ત આયોજનો બદલી શકતી નથી. શ્રોતાઓ, ભાવકો અને વાચકોનો વિચાર કરતી નથી અને એમના પ્રતિભાવો મેળવવાની કે એમની સાથે સહભાગિતા કેળવવાની જરા ય તમા દાખવતી નથી... ને એટલે જ આજે ડિજિટલ મીડિયાના જમાનામાં એ 'અપ્રસ્તુત' બની જવાને આરે આવીને ઊભી છે. લોકશાહી માળખાનું ઓથું લઈને સંસ્થાઓના વહીવટકર્તાઓ પોતાનું ધાર્યું જ કરતા-કરાવતા હોય છે. 'મામકા'–ને લાભ પહોંચાડવાનું કાર્ય કદી અટકતું નથી. જે મૂલ્યો માટે લડત કે આંદોલન કરે છે એ મૂલ્યો એ સંસ્થાઓ ખુદ નેવે મૂકીને મ્હાલે છે. જેની સામે લડવાનું છે એને 'લક્ષ્ય' કરવાને બદલે 'સાહિત્યસર્જન અને સર્જકને; ભાવકો અને શ્રોતાઓને નુકસાન થાય એવું આચરણ કરે છે. આજે ગુજરાતી સાહિત્યજગતમાં, ઉપરોક્ત વલણોને કારણે, સાહિત્યસર્જન-ભાવનને પ્રોત્સાહક એવું નિરામય વાતાવરણ રહ્યું નથી એ દુઃખની વાત છે. આપણે ઇચ્છીએ કે જલદીથી તંદુરસ્ત વલણો પુનઃ પ્રવર્તમાન બને!

○

'કાળ નિરવધિ છે ને પૃથ્વી વિશાળ છે.' કાળ કદી થંભતો નથી ને જીવન કોઈને માટે અટકતું નથી. આપણાં કાર્યો પણ કાળના પ્રવાહમાં વહી જવા માટે જ હોય છે. નિર્ભ્રાન્તિ તો મેં બહુ વ્હેલેથી જાણી અનુભવી હતી. એટલે મનમાં કોઈ ભ્રાન્તિ નથી ને એવી કોઈ અપેક્ષા પણ નથી. કારણ વગર કોઈ કોઈને મળતું નથી ને યાદ પણ કરતું નથી. પ્રકૃતિએ, ઋતુચક્રોએ આપણને ઘણું શીખવ્યું છે. ખરી જતાં પત્રો-પુષ્પોનો તરુવરો અફસોસ કરતાં નથી. મારી મા-ને જે માટીએ પોતાના ખોળામાં સમાવી ને સદા કાળ માટે સાચવી લીધી હતી; એ મા કરતાં ય મોટી મા તે માટી છે – એ માટીનો ખોળો પારાવાર પીડાઓમાંથી મુક્તિ અપાવવા સારુ તત્પર જ હોય છે. બાકી બચ્યાં છે એ વર્ષોમાં, એ માટીએ સર્જેલા આ વિશ્વને ઓળખવા સારુ સતત મથતો રહીશ.

તા. ૭.૧.૨૦૧૮ સાંજે

વલ્લભવિદ્યાનગર

❑



# પરિશિષ્ટ

## ૧

## મારું શ્હેર : ગ્લોબલ વીલેજ : વલ્લભવિદ્યાનગર

શિક્ષણનગરી વલ્લભવિદ્યાનગર! આઝાદી પ્હેલાં સિન્ધુ નદી પર સક્કરબરાજ ડેમ બાંધનાર 'ગ્રેટ' ઇજનેર ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ, એટલે કે ગુજરાત જેમને ભાઈકાકાના હુલામણા નામે બોલાવે છે – ઓળખે છે – વખાણે છે; એવા ભાઈકાકાએ વસાવેલી – ડિઝાઇન કરીને બંધાવેલી નગરી એટલે મારી-તમારી-સૌની આ વિદ્યાનગરી! તરુનગર કહેતાં તરુવરનગરી! વૃક્ષો વચ્ચે વિકસેલું આ ગામ! વલ્લભભાઈ પટેલની ઇચ્છા અને એમના પ્રયત્નોને પરિણામે સાકાર થયેલું આ વિદ્યાનગર વલ્લભભાઈને નામે ઓળખાય છે – વલ્લભવિદ્યાનગર! એની પૂર્વમાં બેત્રણ કિલોમીટરે આણંદ અને પશ્ચિમે બે કિલોમીટરે કરસમદ આવેલાં છે. ઉત્તરે વડલાત તીર્થક્ષેત્ર અને દક્ષિણે બોરસદ-બોચાસણ! ચરોતરનું આ ધબકતું હૃદય છે. સંસ્કાર નગરી નડિયાદ અને અમૂલનગરી આણંદ – બેઉની વચ્ચે વિદ્યાનગરી... એની ઇશાને રણછોડરાયજીનું ડાકોર! અમદાવાદ–વડોદરા–સુરત–મુંબાઈને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ (૪૮) તથા દેશનો નં-૧ એક્સપ્રેસ વે – આણંદ વિદ્યાનગરના પાદરેથી પસાર થાય છે. દેશના પશ્ચિમ પટ્ટાનો આ સમૃદ્ધ ઇલાકો! અહીંથી પસાર થતી – અમદાવાદ – દિલ્હી – મુંબાઈ રેલવે આખા દેશમાં સૌથી વધારે કમાણી કરી આપતી 'બીઝી' રેલવે છે. વિશ્વભરમાં પથરાયેલા પટેલ – પાટીદારોનો આ મૂળ મલક – રૂડો ને રૂપાળો!

વલ્લભવિદ્યાનગરની વચ્ચોવચ સાત એકરનું શાસ્ત્રીમેદાન આવેલું છે. એની ચારે બાજુ બારમાસી વૃક્ષોની બબ્બે હારમાળા અને વચ્ચે સડક! મેદાનની ચોતરફ શિક્ષણ સંસ્થાઓનાં મકાનો. સૌથી પ્રથમ બંધાયેલું – વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયનું ભવ્ય મકાન! ચારુતર વિદ્યામંડળનું વર્ષો જૂનું કાર્યાલય પણ ત્યાં જ બાજુમાં... ને પછી

શિક્ષણસંસ્થાઓનાં બીજાં મકાનો, એની પાછળ હોસ્ટેલો, આવાસો અને બૅંક, પોસ્ટ ઑફિસ તથા મોટું બજાર – કરમસદ રોડને ત્રિભેટે ભાઈકાકાના સાથી અને આ નગરના બીજા ઘડવૈયા ભીખાભાઈ 'સાહેબ'ની પ્રતિમા....! મોટા બજારની પૂર્વે નીકળે આણંદ વિદ્યાનગર રોડ... એ ચોરાહા પર, ધોતી ઝભ્ભો ટોપી પહેરેલા, હાથમાં લાકડીવાળા અને મૂછોવાળા ભાઈકાકાની પૂરા કદની પ્રતિમા! બાજુમાં એમની સામાધિ! જાણે પ્રવેશદ્વારે ઊભેલા શિક્ષણના પ્રહરી એવા ભાઈકાકા બધું ઝીણી નજરે જોઈ રહ્યા છે. હા.

'ભાઈકાકા સ્ટેચ્યુ'થી ઓળખાતો આ ચોક સતત અવરજવરથી ધમધમે છે – એને દક્ષિણ છેડે મોટા ચોકમાં સરદાર પટેલની ઊંચી ભવ્ય પ્રતિમા સ્વાગત કરતી ઊભી છે. એને સામે છેડે – રેલવે ઓળંગીએ એટલે – 'જનતા ચોકડી'એ વીર વિઠ્ઠલભાઈની વિરાટ કદની પ્રતિમા છે – આણંદ-સોજિત્રા રોડનો આ ભાગ વિઠ્ઠલઉદ્યોગનગર તરીકે સુખ્યાત છે. વર્લ્ડ ફેમસ એલિકોન કંપની અહીં જ છાતી કાઢીને ઊભી છે. બીજા પાંચસો ઉદ્યોગો અહીં ધમધોકાર ચાલે છે – મોગરી ગામ સુધી આ નગરી પહોંચી ગઈ છે. હવે પાછા વળીએ વૃક્ષનગરીનાં વિદ્યાલયોમાં! શાસ્ત્રીમેદાનની પશ્ચિમે બહુ જાણીતી ઇજનેરી કૉલેજ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય 'BVM'! ને ઉત્તર છેડે જ્ઞાનભંડાર સમી ભાઈકાકા લાઇબ્રેરી ને સરદાર પટેલ યુનિવર્સિટી તથા અનુસ્નાતક ભવનો! જરા પૂર્વોત્તર લેનમાં પ્રતિષ્ઠિત કૉલેજો ૧. સેમકોમ, ૨. બીજેવીએમ. ૩. નલિની-અરવિંદ આર્ટ્સ કૉલેજ, ૪. એચ.એમ. પટેલ બી.એડ. કૉલેજ (અંગ્રેજી માધ્યમ)! બહુ જાણીતી ને વિદ્યાર્થીઓથી ઊભરાતી – પ્રેમીજનોનું પ્રતીક્ષા અને મિલન કેન્દ્ર ગણાતી – નલિની (કૉલેજ) ચોકડી! ને એને અડીને નાનાબજાર! પછી સ્કૂલો-હોસ્ટેલો-બંગલા-કોલોની... ને ભોજન માટેનાં 'મેસ'! સીધા રસ્તા અને એકસરખા ચોરાહા (ચોકડીઓ)! આ નગરી સતત રંગબેરંગી વસ્ત્રો લહેરાવતી અને યુવાન હૈયાંથી ધબકતી-આકર્ષણ કરતી ઊભી છે – હાથ ફેલાવી આવકારતી!

આ નગરમાં પ્રથમવાર આવનારાંને વૃક્ષો દરેક ઋતુમાં પુષ્પોથી આવકારે છે ને તરુછાયાઓ વ્હાલથી વીંટળાઈ વળે છે... હા. આ નગર વસ્યું એ પહેલાં તો આ જગ્યા પડતર ચરો હતી... વૃક્ષોથી ગીચ... જ્યાં દિવસે ય ચોર પોતાની ચોરીઓનો માલ પરસ્પર વહેંચવા ને વિસામો કરવા મળતા હતા! પણ આજે તો અહીં ભારતભરના– બધાં જ પ્રાંતોના પ્રતિનિધિ – લોકો વસે છે. હા, અહીં કાશ્મીરી છે ને કેરાલિયન પણ છે! આસામી-બંગાળી-તમિલી-મરાઠી-મારવાડી! બધાં જ રાજ્યોના લોકો અહીં આવ્યા ને



નિરાંતે વસી ગયા છે. શાસ્ત્રીમેદાને સવારે ને સાંજે ચાલનારા, કસરતબાજો, રમતવીરો, વિદ્યાર્થીઓ/વાંચનારા/પ્રેમ કરનારાં, એકલતા વેઠતા ને એકાંત સેવનારાં : બધા જ મળે છે... એ નઝારો આ નગરનું નોખું 'વ્યક્તિત્વ' સૂચવે છે. અહીં કેનેડાના ટોરોન્ટોથી ને અમેરિકાના લાસવેગાસથી કે પછી ઓસ્ટ્રેલિયાના પર્થથી આવેલા ચરોતરવાસી NRI મેદાને મળે છે ને બે દિવસ બાદ લંડન કે નૈરોબી મળવાની વાતો કરીને છૂટા પડે છે. અમૂલ ડેરી, NDDB, ઈરમા, કૃષિ યુનિવર્સિટી આણંદમાં છે – એટલે અહીં દુનિયાભરના માણસો મળતા જ રહે છે.

અમારું વિદ્યાનગર આમ તો આધુનિક સગવડોવાળું સરસ ગામડું છે. ભાતીગળ વસતિ છતાં ચહેરો ચરોતરી છે ને લિહાજ નકરો ગુજરાતી! 'પાંણી પાજે ભૈ!' 'અલ્યા! હાંભરતો ચ્યમ નહિ', 'મારા હારા! હમજતા જ નહિ!' – આવી ભાષા યુનિવર્સિટી કાર્યાલયમાં પણ કદીક સાંભળવા મળે ત્યારે સારું લાગે છે! ૧૯૪૬ની ૩જી માર્ચે આ નગરનો પાયો નંખાયેલો... એની ઉંમર ભારતની આઝાદીની વય જેટલી ગણીએ તો યાદ રહી જાય, ભૂલ ન પડે! તળ વિદ્યાનગરનો વ્યાસ ચોતરફ ત્રણ કિ.મી.થી વધુ નથી. થોડુંક ચાલો ને બીજું ગામ, સીમખેતર, નહેર ને ચરો આવી જાય. રોજ સીમવગડે જવાય ને શાક દૂધ લેતા અવાય. વળી સૂર્યોદય ને સૂર્યાસ્ત સાથે બધી જ ચન્દ્રકળાઓ જોવા મળે છે. એ સાથે દુનિયાભરની સુખ્યાત વસ્તુ ખરીદવા માટે 'બ્રાન્ડ નેઇમ' શોપ, મોલ, ડી-માર્ટ, વેસ્ટસાઇડ, બીગબજાર મળે! દેશ દુનિયાની ખાણીપીણી પીરસતી હોટેલ્સ પણ મળે ને ખાઉધરી ગલીમાં ઇદડાં-હાંડવો તથા સુરતી લોચો ય તમને મળી જાય! એક ગામડું લાગતા આ વિદ્યાનગરમાં 'બહુ સંસ્કૃતિવાદ'નો અનુભવ મળવા સાથે સેંકડો વિષયોનાં હજારો – લાખો પુસ્તકો વાંચવા મળે... અનેક વિદ્વાનોનાં વ્યાખ્યાનો સાંભળવાં ગમે... તો ભ્રષ્ટ લાગવગિયાં લોકો; બેજવાબદાર સંચાલકો ને ખાલી ખોપરીવાળા શિક્ષકો-અધ્યાપકો પણ તમને ઘણા બધા મળી જાય એવું પણ ખરું! આ નગર નખરાંખોર હતું – હવે ડાહ્યું થતું જાય છે.

આ નગર વસ્યું ત્યારથી આજ સુધીમાં અહીં અનેક મહાન નેતાઓ, વિજ્ઞાનીઓ, વિદ્વાનો આવી ચૂક્યા છે. અહીંની ધૂળમાં સરદાર, નહેરુ, લોર્ડ માઉન્ટબેટન, ડૉ૦ સર્વપલ્લી રાધાકૃષ્ણન, ડૉ૦ રાજેન્દ્રપ્રસાદ, ડૉ૦ ઝાકીરહુસેન, ડૉ૦ એપીજે અબ્દુલકલામ, સી૦ વી૦ રામન, વિક્રમ સારાભાઈ, દાદા પાંડુરંગશાસ્ત્રી, પ્રમુખસ્વામી, ઇન્દિરા ગાંધી, રાજીવજી, મોરારજી દેસાઈ, લાલબહાદુર શાસ્ત્રી, ડૉ૦ કુરિયન, એચ૦ એમ૦ પટેલ – જેવા અનેક મહાનુભાવોનાં પગલાં પડેલાં છે. કેટલાક તો અહીં વસ્યા અને આ નગર-ઘડતરમાં રાહબર બન્યા. દા૦ત૦ શ્રી એચ૦ એમ૦ પટેલ, શ્રી વર્ગિસ કુરિયન વગેરે.

હજી દર વર્ષે સુખ્યાત વિદ્વાનો યુનિવર્સિટીમાં આવતા-જતા રહે છે. જ્ઞાનસમૃદ્ધ થવા માટે, કલાઓની ઉપાસના માટે, શાંત-નિવૃત્ત જીવન ગાળવા માટે વિદ્યાનગર ઉત્તમ ગામ છે.

માત્ર ભણવા અને ભણાવવા આવનારાં માટે જ વસાવેલું વિદ્યાનગર હવે તો બહુ ભરચક ને ગરદી-ગીચ પણ લાગે છે. આ વિદ્યાનગરીમાં ને સંલગ્ન સંસ્થાઓમાં પચાસ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભણે છે. આ સૌની તમામ જરૂરિયાતો પોષવા દુકાનો, હોસ્ટેલ, ચાની કીટલીઓ, મેસ, ધોબી, બુકશોપ્સ સમેતની સગવડો – વ્યવસ્થાઓ કરવા બીજા સેંકડો-હજારો લોકો પણ અહીં વસી ગયા છે. હવે NRI પણ અહીં વસવા આવે છે. હોસ્ટેલ્સમાં અદ્યતન સુવિધાઓ સાથે ઉત્તમ ભોજનશાળાઓ છે. પશ્ચિમી પવનની લહેરોમાં મહાલનારાં માટે હોસ્ટેલ્સ-રિસોર્ટ ઉપરાંત 'ગરમ કીટલી', 'ગોલગપ્પા', 'ભૂખહડતાળ', 'ચાય-બાર' – જેવાં મુક્તમિલન સ્થળો પણ છે – જ્યાં આખો દિવસ 'સખ્ખત ભણ્યા' પછી; બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ સાથે વાતો-મુલાકાતો કરીને 'રિલેક્સ' થવાય છે. વૃક્ષોની છાયામાં વાચન, સંગોષ્ઠિ સાથે લાગણીભીનાં પણ થઈ જનારાં પ્રેમીઓ માટે વિદ્યાનગર આજીવન-સ્મૃતિ બની જાય છે. એટલે દિવાળી પર કે મે-જૂનની રજાઓમાં વિદ્યાર્થીઓ વગરનું વિદ્યાનગર સૂનું લાગે છે. વૃક્ષોની નિઃસંગ છાયાઓ પ્રિયજનોની રાહ જુએ છે – ને અમે પણ!!

વલ્લભવિદ્યાનગરમાં સિત્તેરથી વધુ જાતનાં વૃક્ષો છે. દરેક ઋતુમાં કોઈને કોઈ વૃક્ષજાતિ પુષ્પિત બની ધ્યાન ખેંચતી રહે છે. શાસ્ત્રી મેદાનમાં વૃક્ષો પર હજારો સૂડા પોપટ વાસ કરે છે – પરોઢે કલરવતાં પંખી ટોળા ઊડી જાય છે ને સાંજે પાછાં વળે છે. પીળક, કંસારો, નવરંગ, પતરંગા, શોબિગી, હરિયલ, દૈયડ, ખેરખટ્ટો – જેવાં પંખીઓ પણ અહીં જોવા મળે છે. ઘરઆંગણાનાં ને ખેતરસીમનાં પંખીઓ તો ખરાં જ ખરાં! ખેતી માટે પ્રયોગ કરનારા ને પર્યાવરણ માટે ઝૂઝનારાં પણ અહીં સક્રિય છે. કવિ-લેખકો, ચિત્રકારો, શિલ્પીઓ ને સંગીતકારો – ગાયકો પણ આ નગરનાં ઘરેણાં જેવા છે. અમૂલ-ઈરમા-સરદાર મેમોરિયલ-શ્રીકૃષ્ણ હૉસ્પિટલ/મેડિકલ કૉલેજ – વિઝિટ કરવા જેવાં સ્થળો છે. કૃષિ યુનિવર્સિટીનું કૅમ્પસ પણ નમૂનેદાર છે. તીર્થક્ષેત્રો પણ હોય એ સહજ છે.

યુ.કે., અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, સમેત દુનિયામાં જ્યાં જઈએ ત્યાં વલ્લભવિદ્યાનગરમાં ભણેલો ઇજનેર-દાક્તર-અધ્યાપક-સીએ-વ્યાપારી મળે જ મળે! આજે વલ્લભવિદ્યાનગરનો ચહેરો બદલાવા માંડ્યો છે. આણંદ અને આસપાસનાં ગામો હવે વિદ્યાનગર સુધી આવી ગયાં છે – વિદ્યાનગરની અસ્મિતા અને ઓળખ જાળવવા



માટે પંચાયત, મંડળો, યુનિવર્સિટી, વેપારીમંડળો વચ્ચે ચર્ચા થતી નથી. સ્વાર્થ વધ્યો છે – ચિંતા કરનારા હવે લઘુમતીમાં છે.

મને તો વલ્લભવિદ્યાનગર વ્હાલું છે. હું એને છોડીને, મુંબઈ તથા અમદાવાદનાં નિમંત્રણો છતાં, ગયો નથી. આ ગામ મારું ખોળિયું છે – મારો જીવ અહીં ઠર્યો છે : વલ્લભવિદ્યાનગર વ્હાલું રે વૈકુંઠ નહિ આવું.

તા. ૧ થી ૩ નવેમ્બર ૨૦૧૭

❑

**૨**

## મણિલાલ હ૦ પટેલનાં પુસ્તકો

૧ તરસઘર (લઘુનવલ)
૨ કવિતાનું શિક્ષણ (સહલેખન)
૩ પદ્મા વિનાના દેશમાં (કવિતા)
૪ જીવનકથા (સ્વરૂપ/સાહિત્ય)
૫ ઘેરો (લઘુનવલ)
૬ ઈશ્વર પેટલીકર (વિવેચના)
૭ કિલ્લો (નવલકથા)
૮ અરણ્યોમાં આકાશ ઢોળાય છે (નિબંધ)
૯ સાતમી ઋતુ (કવિતા)
૧૦ મુખોમુખ (નિબંધ)
૧૧ નિબંધકાર સુરેશ જોષી (સમીક્ષા)
૧૨ સગાંવહાલાં (અપને લોગ) (અનુવાદ)
૧૩ અંધારું (લઘુનવલ)
૧૪ કોઈ સાદ પાડે છે (નિબંધ)
૧૫ કવિ રાવજીઃ એક ક્લોઝઅપ (કવિ પરિચય)
૧૬ કથાસર્ગ (સમીક્ષા)
૧૭ પરિષ્કૃત ગુજરાતી વાર્તા (સહસંપાદન)
૧૮ અભિમુખ (વિવેચન)
૧૯ સાહિત્યનો આસ્વાદ (સહલેખન)
૨૦ માટીવટો (નિબંધ)
૨૧ ગુજરાતી પ્રેમકવિતા (સંશોધન)



૨૨ કાવ્યસંવાદ (આસ્વાદ)
૨૩ અક્ષરને અજવાળે (સાહિત્યિક પત્રકારત્વ)
૨૪ રાતવાસો (વાર્તા)
૨૫ માટીબોલે (હિન્દી અનુવાદ)
૨૬ સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો (સહલેખન)
૨૭ લલિતા (અનુસર્જન/નવલકથા)
૨૮ તરસઘર અને કિલ્લો (લઘુનવલ/નવલકથા)
૨૯ હેલી (વાર્તા)
૩૦ ડુંગર કોરી ઘર કર્યાં (કવિતા)
૩૧ હું તો નિત્ય પ્રવાસી (પ્રવાસ)
૩૨ સ્વરૂપ સન્નિધાન (સહલેખન/સંપાદન)
૩૩ સાહિત્યમીમાંસા (સહલેખન)
૩૪ વૃક્ષાલોક (નિબંધ)
૩૫ ૧૯૯૬ની શ્રેષ્ઠ વાર્તાઓ (સંપાદન)
૩૬ ૧૯૯૭ની શ્રેષ્ઠ વાર્તાઓ (સંપાદન)
૩૭ ઓખાહરણ (સંપાદન)
૩૮ પતઝડ (હિન્દીમાં કવિતા)
૩૯ માટીનાં મનેખ (રેખાચિત્રો)
૪૦ રતિરાગની વાર્તાઓ (સહસંપાદન)
૪૧ હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ (સંપાદન)
૪૨ ભૂંસાતાં ગ્રામચિત્રો (નિબંધ)
૪૩ પરિષ્કૃતવાર્તા અને બીજા લેખો (વિવેચન)
૪૪ ગુજરાતી સૉનેટ (સહસંપાદન)
૪૫ અમર રેખાચિત્રો (સંપાદન)
૪૬ વિશ્વકક્ષાની ગુજરાતી વાર્તાઓ (સહસંપાદન)
૪૭ બાપાનો છેલ્લો કાગળ (વાર્તા)
૪૮ કાવ્યપદાર્થ (વિવેચન)

૪૯ સદાબહાર વાર્તાઓ (ચયન)
૫૦ મલકની માયા (નિબંધ)
૫૧ કલામીમાંસાસન્નિધાન (સહસંપાદન)
૫૨ ચાલ વૃક્ષને મળવા જઈએ (નિબંધ)
૫૩ સર્જક રાવજી પટેલ (હિન્દીમાં) (મોનોગ્રાફ)
૫૪ રચનાલોક (વિવેચન)
૫૫ માનવીની ભવાઈઃ એક અભ્યાસ (અભ્યાસ)
૫૬ સુમન શાહની વાર્તાસૃષ્ટિ (સંપાદન)
૫૭ વેળાવેળાની વાત (નિબંધ)
૫૮ રાવજી પટેલની કાવ્યસૃષ્ટિ (સંપાદન)
૫૯ નવી વાર્તાસૃષ્ટિ (સંપાદન)
૬૦ અંજળ (નવલકથા)
૬૧ સર્જક : રાવજી પટેલ (મોનોગ્રાફ)
૬૨ વિચ્છેદ (કવિતા)
૬૩ આડા ડુંગર ઊભી વાટ (નિબંધ)
૬૪ ગુજરાતી ભાષાસાહિત્યનું અધ્યાપન (સહસંપાદન)
૬૫ સુધા અને બીજી વાતો (વાર્તા)
૬૬ સર્જકનો સમાજલોક (સાહિત્ય વિશે)
૬૭ તરસ્યા મલકનો મેઘ (પન્નાલાલ પટેલની જીવનકથા)
૬૮ રાગ-પરાગ (સંપાદન)
૬૯ કવિતાચયન-૨૦૦૫ (સંપાદન)
૭૦ લબ્ધિ (સંપાદન)
૭૧ જોસેફ મેકવાનનાં પ્રતિનિધિ રેખાચિત્રો (સંપાદન)
૭૨ વાર્તાવિશેષ : વીનેશ અંતાણી (સંપાદન)
૭૩ વળાવી બા આવી (સંપાદન/કવિતા)
૭૪ પન્ના નાયકનો વાર્તાલોક (સંપાદન)
૭૫ ગુજરાતી નગર કવિતા (સહસંપાદન)



૭૬ કૂંચી આપો બાઈજી (કવિતાઃ સંપાદન)
૭૭ મણિલાલ હ. પટેલની વાર્તાસૃષ્ટિ (સં. માય ડિયર જયુ)
૭૮ ઉમાશંકરના મલકમાં (લેખો)
૭૯ ધૂળમાં ઊડતો મેવાડ (નિબંધ)
૮૦ જિન્દગી જીવ્યાનો હરખ (જોસેફ મેકવાન સ્મૃતિગ્રંથ)
૮૧ મગન સોમાની આશા (વાર્તાચયન)
૮૨ સોનાનાં વૃક્ષો (નિબંધચયન)
૮૩ કવિતા : કાલની અને આજની (વિવેચન)
૮૪ કવિતામાં છંદોલય (વ્યાખ્યાન/પુસ્તિકા)
૮૫ સીમાડે ઊગેલું ઝાડવું (કવિતા)
૮૬ કથા અને કલા (વિવેચન)
૮૭ કર્તા અને કૃતિ (વિવેચન)
૮૮ તરસી માટી (આત્મકથા)
૮૯ સવ્યસાચી : સ્મરણદીપનાં પ્રકાશમાં (ધીરુભાઈ ઠાકર સ્મૃતિગ્રંથ)
૯૦ તોરણમાળ (નિબંધ)
૯૧ પુસ્તક પરબ (કૃતિ પરિચય)
૯૨ વિશાળે જગવિસ્તારે (પ્રવાસ)
૯૩ ઘૂઘરા ઘમકે સેં (સહસંપાદન)
૯૪ ગામ જવાની હઠ છોડી દે (કવિતાચયન : અજયસિંહ ચૌહાણ)
૯૫ પંખીઓ ગાય છે (ગીતચયન/અન્યો દ્વારા)
૯૬ માટી અને મેઘ (કવિતા)
૯૭ અધીત (સહસંપાદન) (લેખસંચય) ૫ ગ્રંથ
૯૮ પરસ્પર (વાર્ષિક) ૧ થી ૩ (સહસંપાદન)
૯૯ મૉલ ભરેલું ખેતર (કવિ રાવજી પટેલનું જીવનચિત્ર)
૧૦૦ બોલ વાલમના (કવિ મણિલાલ દેસાઈનું જીવનચિત્ર)
૧૦૧ એકલા હોવું (આત્મકથા-૨)
૧૦૨ નોખો માણસ : નરેશ પટેલ (જીવનકથાઃ ગુજરાતી-અંગ્રેજી)